# શ્રી સંતરામ સ્તોત્રમ

## શ્રી સંતરામ સ્તોત્ર (૧૬) પુષ્પ

લેખક

**પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**

શ્રી સંતરામ મંદિર, નડીઆદ.

| | | |
|---|---|---|
| લેખક | : | **પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**<br>શ્રી સંતરામ મંદિર, નડીઆદ. |
| ગ્રંથ સેવા સહાયક | : | શ્રી રાજુભાઇ સુતરીયા<br>શ્રીમતી ઉષાબેન આર. સુતરીયા<br>શ્રી જયંતીભાઈ દેસાઈ (દાસ)<br><br>શ્રી સંતરામ ભકત સમાજ<br>પોસ્ટ બોકસ નં. ૩૨૧૫૫ નેવાર્ક,<br>ન્યુ જર્સી ૦૭૧૦૨ (યુ.એસ.એ.)<br>Web site : www.santram.info<br>E-mail : jaymaharaj@santram.info |
| પ્રકાશક | : | શ્રી સંતરામ સમાધિ સ્થાન, નડીઆદ. |
| પ્રકાશન વર્ષ | : | સંવત ૨૦૭૬, અધિક આસો સુદ પૂર્ણિમા<br>પ. પૂ. શ્રી નારાયણદાસજી મહારાજની<br>સમાધિ તિથિ નિમિત્તે |
| પ્રાપ્તિસ્થાન | : | શ્રી સંતરામ મંદિર, નડીઆદ<br>તેમજ શાખા મંદિરો |
| પ્રત | : | ૧૦૦૦ |
| મૂલ્ય | : | ગુરુ સેવા ભક્તિ |
| આવરણ ડિઝાઈન | : | હર્ષદભાઈ પ્રજાપતિ તથા આશિષભાઈ દવે |
| મુદ્રક | : | ક્રિષ્ના ઑફસેટ પ્રિન્ટર્સ, નડીઆદ. |

## જય મહારાજ

**આપને પ્રસાદીનું ભેટ આપેલ પુસ્તકનો ઉપયોગ થઈ ગયા પછી અન્યને વાંચવા આપવું અથવા મંદિરમાં પરત કરવું જરૂરી છે. આ પ્રસાદીનું પુસ્તક પસ્તીમાં વેચવા માટે નથી.**

॥ જય મહારાજ ॥

# સત્સંગ અનુક્રમણિકા


| સત્સંગ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૮૭ | પરમ અનુપમ અવધૂત | ૧ |
| ૮૮ | સુખાસ્પદ અને પ્રેમાસ્પદ આત્માનુભૂતિ | ૧૨ |
| ૮૯ | ‘શરણ તમારી આવ્યો તે સાચો’ | ૨૪ |
| ૯૦ | ‘બોલે તે સહુ સાંભળે, પણ બોલનારો ન જણાય’ | ૩૫ |
| ૯૧ | ‘યતો જાયતે–સૃષ્ટિની ઉત્પત્તિ’ | ૪૪ |
| ૯૨ | ‘‘ત્વમેવ સર્વમ્’’ | ૫૩ |
| ૯૩ | ‘‘એ આતમપદ આનંદકારી’’ | ૬૩ |
| ૯૪ | ‘તું શીદને ચિંતા કરે’ | ૭૨ |
| ૯૫ | ‘અલખ ધણીની શોધમાં...’ | ૮૪ |
| ૯૬ | ‘સબ ઘર વાસા, સંતરામ પ્રકાશા’ | ૯૫ |
| ૯૭ | ‘પરમાર્થમાં પિંડ જ ગાળ’ | ૧૦૬ |
| ૯૮ | ‘ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ’ | ૧૧૭ |
| ૯૯ | ‘સમજુ માની લે ને આ શીખ’ | ૧૨૮ |
| ૧૦૦ | ‘પોતે જોયું પોતાનું આપ રે’ | ૧૩૯ |
| ૧૦૧ | ‘દોનો હાથ ઉલેચિયે, યહિ સયાનો કામ’ | ૧૫૧ |
| ૧૦૨ | ‘તું ઓળખ તારી જાત’ | ૧૬૨ |
| ૧૦૩ | ‘ભજે તમ્ ગુરુમ્’ | ૧૭૪ |

## સત્સંગ-૮૭

# ''પરમ અનુપમ અવધૂત''

**''અનુપમાગમશાસ્ત્રરતં પરમ્**
**સુવરદાડસ્યમખંડ સુખાસ્પદમ્**
**ચરણ ભક્ત ભવાબ્ધિવિદાહકમ્**
**પરમપાવનમેવ મનો ભજ''**

પરબ્રહ્મ પરમાત્મા સ્વયં જય મહારાજના વિગ્રહમાં પધાર્યા છે. એમનું અનુપમ દર્શન, જય મહારાજના વિગ્રહનાં દર્શન, ઠાકોરજીના દર્શનમાં કોઈ ઉપમા ન આપી શકાય, શૃંગારનાં દર્શન કર્યાં હોય, આજે કેટલાં સરસ દર્શન થાય છે, શ્રૃંગાર કેટલા સુંદર થયા છે.

**''અનુપમ''**

એને ઉપમા ન આપી શકાય, કે ઠાકોરજી, એ ઠાકોરજી જ છે. બ્રહ્મત્વ, બ્રહ્મત્વ જ છે બીજું નથી. અહીં કહ્યું કે,

**''અનુપમ''**

બસ નિરખ્યા જ કરો, દર્શન કરીને જઈએ, આજે તો બહુ જ સરસ દર્શન હતાં, દર્શન કેવાં હતાં? એ ખબર નથી, પણ દર્શન બહુ જ સરસ હતાં, એને ''અનુપમ'' કહેવાય

**''અનુપમાગમ શાસ્ત્રરત્ !''**

વેદો શાસ્ત્રોના સ્વરૂપમાં અંદર જે રત છે, એ જય મહારાજનું સ્વરૂપ છે, સ્તુતિ કર્તા આપણને દર્શન કરાવે છે, જય મહારાજનો વિગ્રહ અલૌકિક છે, અને વિગ્રહનાં દર્શન, જેને દ્રષ્ટિ આપે ગુરુ મહારાજ એને થઈ શકે, જેને ગેબી કહેવાય, અલૌક્કિ કહેવાય. સ્તુતિકર્તાને તે વખતે જય મહારાજના દર્શનમાં જે પણ કાંઈ અનુભવાયું હશે, જેવાં દર્શન થયાં હશે, અહીં શબ્દોથી જય મહારાજનું સંબોધન કર્યું,

**''અનુપમાગમ શાસ્ત્રરતં પરમ્''**

શાસ્ત્રમાં પરમ રત છો, એટલે શાસ્ત્રનું જે સ્વરૂપ છે એ સ્વરૂપમાં આપ સ્વયં છો. અને કેવા છે? પરમ સુંદર, જેનું સૌંદર્ય, જેનો શૃંગાર, હવે જય મહારાજ તો અવધૂત છે, જટા હોય, ભસ્મલેપન કરેલું હોય, પગમાં બહુ બહુ તો કાષ્ટ પાદુકા હોય, હાથમાં કદાચ હોય, ખભે ઝોળી હોય, ભિક્ષાની અને વસ્ત્રોમાં એક કોપીન ધારણ કરેલું હોય, આથી વધારે બીજું હોય શું? બસ આવો જ વિગ્રહ છે. આ જ દર્શન છે. છતાંય પરમ સુંદર કહ્યા. ભગવાન શિવ ભસ્મવિલેપન કરે છે, તુલસીદાસજીએ ઉપમા આપી

**''કુંદ ઈન્દુ સમ દેહ''**

આપના વિગ્રહનાં દર્શન કેવાં થાય છે, કુંદ પુષ્પ આવે છે.

**''કુંદ ઈન્દુ સમ દેહ''**

ચંદ્ર જેવું, એમાં ભસ્મ પણ આવી ગઈ. હવે ભસ્મલેપન કર્યું છે, એને રાખોડી રંગ કહેવાય, ચંદ્રનો રંગ કેવો છે? થોડોક રાખોડી, અને ભસ્મવિલેપન પણ કર્યું છે, છતાંય આપ કેવા લાગો

છો?

**''ઈન્દુ સમ દેહ''**

ચંદ્ર જેવા, ચંદ્રમા રાખોડી રંગના છે પણ છતાંય આખો ચંદ્ર હોય, તે ખરાબ લાગે છે ખરો? તો

**''અનુપમાગમત શાસ્ત્રરતં પરમ્''**

સુંદર પરમ્, સુંદર છો આપ, એ વિગ્રહમાં કેટલું જાજવલ્ય હશે, કેટલું તેજ હશે, એ વિગ્રહમાં કેટલું ઓજ હશે, માત્ર ભસ્મલેપન કર્યું હોય, માથે તો જટા હોય, છતાય શોભે. એમની શોભા છે. આપણે એકવાર પ્રયાગરાજના કુંભમેળામાં ગયા હતા એક સંતનાં દર્શન કરવા ગયા, સંતની ઉંમર બહુ જ નાની છતાં પણ એટલું તેજ, કે બસ આપણે જોયા જ કરીએ, જોયા જ કરીએ. માત્ર ભસ્મ ચોપડી હતી, બીજું કાંઈ નહીં, એટલું શરીર સુંદર કે જાણે બસ દર્શન કર્યા જ કરીએ, જેને અહીંયાં કહ્યું પરમ સુંદર. એ જે સંતોનો વિગ્રહ છે, એની અંદરથી એમનું એ તેજ છે એ જ આકર્ષે, કે કેટલું સુંદર છે. એ તેજમાં જ આકર્ષણ હોય. ચોમાસામાં દીવો બળતો હોય, કેટલાં બધાં જીવડાં એ તરફ આકર્ષાય છે. કેમ કે દીવામાં તેજ છે, પ્રકાશ છે, એટલે કહ્યું પરમ સુંદર, ખૂબ જ તેજસ્વી છે, એને કારણે પરમ સુંદર દેખાય છે.

પાર્વતીજી પણ સાથે બેઠેલાં છે. હવે કહો સ્મશાનમાં બેઠેલા હોય, તો પણ શોભે. આ શિવ છે, કલ્યાણ છે, દરેક જીવનું કલ્યાણ સ્મશાનમાં બેઠેલા શિવ જ છે, શિવ શબ્દનો અર્થ જ કલ્યાણ. સ્તુતિ કર્તાને દર્શન થયા,

**''શાસ્ત્રરતમ્''**

જે શાસ્ત્રમાં રત છે, સ્વયં એ ડૂબેલા હોય, સ્વયં શાસ્ત્ર

સ્વરૂપ જ હોય તો, અથાણાની કેરી ગમે તેવી ખાટી હોય, પણ ચાસણીમાં નાખી દીધી અને પછી ખાવ જોઈએ, ગળી જ લાગવાની, પછી ખાટી લાગશે જ નહીં, એમ શાસ્ત્રજ્ઞ થઈ ગયા, જેમની સ્મૃતિમાં, જેમના કંઠે, જેમને જીભ ઉપર સતત શાસ્ત્રો જ રમ્યા કરતાં હોય, સતત વેદો જ રમ્યા કરતા હોય, જેને વેદમૂર્તિ કહેવાય. ભગવત સ્વરૂપ કહેવાય કે આ તો સ્વયમ્ ભાગવતનું મૂર્ત સ્વરૂપ છે. ડોંગરેજી મહારાજને શું કહીએ છીએ? પરમ ભાગવત સ્વરૂપ, વેદમૂર્તિ. અહીં જય મહારાજને કહ્યું કે,

**''શાસ્ત્રરતમ્''**

આપ સતત જ્ઞાનમાં, બ્રહ્મમાં રમી રહ્યા છો.

**''કેવલમ્ જ્ઞાનમૂતિમ્''**

જ્ઞાન તો બધુ શાસ્ત્રોમાં છે. જ્ઞાનમૂર્તિનો અર્થ જ છે કે આપ શાસ્ત્રરત છો, શાસ્ત્ર સ્વરૂપ છો. સતત જેની વૃત્તિઓ શાસ્ત્રમય બની ગઈ હોય, એનું સ્વરૂપ પણ શાસ્ત્રમય બને, એનો શ્વાસોશ્વાસ, તેમનું સ્વપ્ન, એમનો વિચાર, એમનું ચિંતન બધું જ શાસ્ત્ર જ હોય, એમને બીજું કાંઈ પણ દેખાય જ નહિ. શાસ્ત્રરત, એટલે કોઈપણ ગ્રંથ કે શાસ્ત્ર બાકી ના હોય જેમનામાં એવું પૂર્ણ જ્ઞાન, અને એને કહેવાય પરિપૂર્ણતા. એ પરિપૂર્ણતા ક્યાં છે? બ્રહ્મમાં. આત્મા એ બ્રહ્મનો અંશ છે, એટલે જ કોઈપણ શાસ્ત્ર ન ભણે, માત્ર પોતાની આત્મવૃત્તિમાં જ સ્થિર થઈ જાય, તો એ પણ શાસ્ત્રરત છે, કેમ કે પોતાના સ્વરૂપની અંદર તો આવી જ ગયો ને. ભગવાને આ જીવને મનુષ્ય દેહ આપ્યો, શાને માટે? આત્મસ્વરૂપ ને સમજવા માટે. બાકી પશુપક્ષીઓ માટે એ વિષય નથી, અને સમજવા માટેની એની કોઈ સમજણ શક્તિ જ નથી. પણ મનુષ્યને ધ્યેય આપ્યું છે, સમજણ આપી છે, છતાંય એના તરફ એનું લક્ષ્ય

જ ન હોય, એ ધ્યેય તરફ લક્ષ્ય જ નહીં. ભગવાને મનુષ્ય શરીર આપ્યું છે, જાવ આત્માનો અનુભવ કરીને આવજો, આત્માની અનુભૂતિ કરી તેના દર્શન કરી અને પછી આવજો, જાવ તમને આ આપું છું, આટલું લઈ જાઓ, કેમ કે આત્મા એ સકલ શાસ્ત્રનો સાર છે.

બધા જ શાસ્ત્રોને જાણવાવાળા આપ વિભુ છો, પરમાત્મા છો, એ જ વાતને અહીંયા આગળ ફરી કરી કે,

**''શાસ્ત્રરતં પરમ્''**

જેમ પૂજ્ય અને પરમ પૂજ્ય. આપણે એમ કહીએ, ગ્રેજ્યુએટ, એમ પરમ એ શાસ્ત્રની અંદર સૌથી ઉપરનું, પરમ્ એટલે સર્વશ્રેષ્ઠ, અને એની અંદર એ પોતે નિપુણ, સામાન્ય માણસ શાસ્ત્રનો ઉકેલ જાણવા જાય તો સામાન્ય શિક્ષક તેને બતાવી શકે, પણ જો એ શિક્ષક ને જ ઉકેલ જોઈ તો હોય તો એ પરમ શાસ્ત્ર પાસે જાય, કે આપ ઉકેલ આપો. એમ જે સર્વશ્રેષ્ઠ છે, પરિપૂર્ણ છે, શાસ્ત્રની અંદર પરમ છે, એ પ્રાપ્તિ જેણે કરી ચૂકેલી છે, અને જેણે પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરી લીધેલી છે તેમને કોઈપણ પ્રકારની ઉપમા આપી શકાય જ નહીં, આત્મા એ આત્મા.

**''પરમ શાસ્ત્રરતમ્''**

બહુ જ અભ્યાસી હોય, બહુ જ અભ્યાસી હોય, એ પોતાના વિષયની અંદર તલ્લીન રહ્યા કરતો હોય, વાંચનમાં, સંશોધનમાં, તેને પરમ રત કહેવાય. તો જય મહારાજનો વિગ્રહ, જય મહારાજનું સ્વરૂપ પોતાના આત્માની અંદર એટલું તદ્દરૂપ છે, તલ્લીન છે, કે એનાથી ઊંચી બીજી કોઈ અવસ્થા છે જ નહીં. જે આત્મા સુધી પહોંચી ગયો એને બીજે ક્યાંય જવાની જરૂર નથી,

બીજે ક્યાંય પહોંચવાની જરૂર નથી, કોઈ ઉપાસનાની પણ જરૂર નથી, અને તેવી સ્થિતિ જેણે પ્રાપ્ત કરી હોય એના માટે એ ત્રણ ગુણથી પર, રજ સત્ત્વ અને તમગુણથી પર હોય,

**''નિસ્ત્રૈગુણ્યૈ પથિ વિચરતાં કો વિધિઃ કોનિખેધ''**

અવધૂત સ્વરૂપે જય મહારાજ જ્યાં જેટલું વિચર્યા, એમને વિધિ નિષેધ કાંઈ પણ નહીં, બસ પોતાને પથારી મળી કે પથરો મળ્યો સૂઈ ગયા, ભિક્ષા મળી કે ના મળી, મળી હોય તો જે પણ કાંઈ મળ્યું હોય અવધૂતના સ્વરૂપે એ ભિક્ષા ગ્રહણ કરી લે.

**''કો વિધિઃ કો નિષેધ઼ઃ''**

બસ મુઠ્ઠીભર જોઈએ, શરીર ચલાવવાનું ભાડું આપવાનું છે એ આપી દીધું, હવે વધારે શું માગે શરીર? આ છે અવધૂતોની જીવનચર્યા, આ શરીર ભિક્ષાની એક મુઠ્ઠી કે બે મુઠ્ઠી માગે, એથી વધારે એને જરૂર શી છે? અને વધારે આપવું પણ શા માટે? વધારાનું ભાડું આપીએ છીએ આપણે કદી બસમાં કે ગાડીમાં? જો વધારાનું ભાડું આપ્યું હોય તો એ મૂરખ કહેવાય. એમ આ શરીરને પણ તમે વધારાનું ભાડું આપો છો એટલે દુઃખી થાવ છો, શરીરને જરૂર પૂરતું જ ભાડું આપો. અવધૂતસ્થિતિ છે, વિધિ નિષેધ જેને કશું પણ નથી, જે મુઠ્ઠી બે મુઠ્ઠી ભિક્ષા મળી અને પોતાની ઉદર પૂર્તિ તૃપ્ત થઈ જાય, પછી એને નહીં આપવાનું, સ્વાદ તો બાજુ એ રહ્યા. અને આજે પણ જો જો, વિરક્ત સંતો છે હરિદ્વારમાં. હાથમાં ભિક્ષા લે. પહેલી રોટી મૂકે, એની ઉપર દાળ કે શાક મૂકે, અમુક સંતો એને કપડાંમાં લઈ લે, એની ઝોળી બનાવી જે પણ કાંઈ દાળ ભાત શાક રોટલી હોય, તે ગંગાજીમાં જઈ પ્રાર્થના કરી, માં તેરા પ્રસાદ, ગંગામાં જબોળીને પછી જે રહે તે ગ્રહણ કરે, ઉદરપૂર્તિ જેને કહેવાય. ભાડું જોઈએ એટલું જ, કે શરીર ચાલે છે

ને, તેથી વધારે નહીં. આમ ગાડીમાં જો વધારે પેટ્રોલ પૂરો તો શું થાય? ઓવર ફલો થાય, પાછું બહાર નીકળે, એમ ભિક્ષામાં પણ જો વધારે અન્ન ખાય તો એ તાવમાં કે એવી રીતે પાછું આવે,

**''શાસ્ત્રરતં પરમ્''**

એટલે કોઈ વિધિ નહિ, કોઈ નિષેધ નહીં, કોઈ નિયમ નહીં, **સર્વ-તંત્ર-સ્વતંત્ર. જય મહારાજનું અવધૂત સ્વરૂપ આ છે.** ગમે ત્યાં બેસે, ગમે ત્યાં સૂઈ જાય, ભિક્ષામાં જે પણ મળ્યું તે ખાઈ લે, આ અવધૂત અવસ્થા, અવધૂત દશા છે, અને એને જ પરમ શાસ્ત્ર રત કહ્યું. એક મસ્તાનો કરીને હતો, ચાટમાં જે બધું નાખ્યું હોય એ, એકબાજુ કુતરાં ખાતાં હોય, એક બાજુ ગાય ખાતી હોય, અને સાથે સાથે એ પણ એમાંથી ખાતો હોય. સરસ મજાની રામાયણની ચોપાઈઓ પણ બોલે, અને ગીતાના શ્લોકો પણ બોલે, પણ કપડાં સાવ ફાટેલાં. નહાવું હોય તો નાહી લે, તળાવના આરા ઉપર જ સૂઈ રહેતો. ચારેબાજુ સાપોલિયાં ફરતાં હોય તો પણ, એનું નામ જ મસ્ત,

**''કો નિધિઃ કો નિષેધઃ''**

અવધૂત અવસ્થા. એમને કોઈ પણ જાતનાં બંધન નહીં, વસ્ત્રો પહેર્યાં હોય તોય શું, એક કોપિન હોય તોય શું, અને કોપિન ના હોય તો પણ શું, અવધૂત, નગ્ન અવસ્થામાં, હાથમાં ભિક્ષા પાત્ર હોય તો હોય. નહિ તો હાથમાં લઈને ખાઈ લે, આ સ્થિતિ ને અવધૂત અવસ્થા કહેવાય. એમને કોઈપણ જાતના બંધન, કોઈ નિયમો, કશું પણ ન હોય, **સર્વ-તંત્ર-સ્વતંત્ર, એ છોકરા જોડે પણ** રમ્યા કરે, કુતરાં જોડે પણ રમ્યા કરે, ગેલ કરે.

**''કો દિન ગાતો કો દિન રોતો કો સાથે નવ ભળતો રે**

**વન વડલાની શીતળ છાયા જોગી જંગલ ભમતો રે''**

બસ પોતાની મસ્તીમાં ફર્યા કરે.

**''દિન ગાળે સૂરજને તાપે રાત્રે તારક ગોષ્ઠી રે''**

એને કોઈ ઘર ન હોય, ખુલ્લા મેદાનમાં, સૂર્યના તાપે દિવસે મસ્તી લે, અને રાત્રે તારાઓ જોડે વાતો કર્યા કરતો હોય.

**''પરમ્ શાસ્ત્રરતમ્''**

જે માત્ર પોતાના આત્માની અંદર જ સ્થિર છે તે, એને શરીર સાથે જાણે કોઈ પણ સંબંધ જ નથી એમ વિચારતો હોય, શરીર છે હવે, નારાયણ હરિ કરીને ભિક્ષા કરી, મુઠ્ઠી બે મુઠ્ઠી મળ્યું કે ન મળ્યું એની ઉપર જ નિર્ભર રહેવાનું, આ અવધૂત સ્થિતિ. આ અવધૂત અવસ્થા. એવું બધું જ અવસ્થા આવતા પહેલાં એની આખી જ અવસ્થા આત્માની થઈ ગઈ. પોતાના આત્મસ્વરૂપની અંદર, કે હું માત્ર આત્મા જ છું. શરીર હું નથી, મન હું નથી, ઈન્દ્રિયો પણ મારી નથી, તો પછી ઈન્દ્રિયોના વિષયો તો ક્યાંથી હોઈ શકે? આવી અવધૂતની અવસ્થા જે છે, એને કહ્યું કે

**''પરં શાસ્ત્રરતં અનુપમાગમમ્''**

એને કોઈ બીજી ઉપમા ન આપી શકાય, લો ઉપમા શોધી કાઢો જોઈએ? અવધૂત એ અવધૂત, અને એ છે પરં શાસ્ત્રરત. આપણે કોઈ દિવસ પણ વિચાર્યું છે ખરું કે આપણને અવધૂતનાં દર્શન આવાં હશે? પરમ પૂજ્ય યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજ આપણે કહીએ છીએ, પણ અવધૂતની સ્થિતિ કઈ? અવધૂતની અવસ્થા કઈ? જ્યાં બેઠા ત્યાં બેઠા જ રહે, બેઠા જ રહે, બીજું કશું નહી, પોતાની કુદરતી હાજતો પણ ત્યાં ની ત્યાં જ થતી હોય, પોતે બેઠેલા હોય પણ એમાં દુર્ગંધ ન હોય. કેમ કે એની

બધી જ વૃત્તિઓ પોતાના નિજ સ્વરૂપમાં ઊંડામાં ઊંડી ઊતરી ગયેલી છે.

**''શાસ્ત્રરતં પરમ્''**

માત્ર રત નહીં, પરમ.

**''પરમ રતમ્''**

આવી અવસ્થા જે છે, એના સ્વરૂપમાં ભળી ગયાની અવસ્થા, સ્વરૂપમાં ભળી ગયાની અવસ્થા. એટલે જે પણ કાંઈ દુનિયામાં છે તે બધું અંદર જ ભળી જાય, કશું પણ અલગ ન રહે. જેમ રસોઈમાં બધા જ મસાલા અંદર ભળી જાય, પછી એનો સ્વાદ કંઈક જુદો જ હોય, ભલે બધા જ મસાલા અને બધી જ રસોઈ જમતા જમતા પેટમાં જાય, તો ત્યાં બધી જ એકરસ જ થઈ જવાની છે, અને એ બધી જ રસોઈ પેટમાં જઈ એકરસ થઈ જાય પછી જ એમાંથી શક્તિ મળે, તો અવધૂત સ્વરૂપે જે પણ કાંઈ આ જગત છે, આ સૃષ્ટિ છે, એ બધું જ પોતાનામાં સમાવી દીધેલું હોય, અને બધું જ એકરસ કરી નાખે.

**''એકં નિત્યં દ્વિતીયો નાસ્તિ''**

જે પણ કાંઈ ભિક્ષામાં આવ્યું હોય તે બધું જ એક કરીને સ્વાહા કરી લે. કાંઈ જુદું નહીં, કોઈ સ્વાદ નહીં, આ અવધૂતની અવસ્થા છે. જીભને સ્વાદ નહીં આપવાનો, જે પણ કંઈ મળ્યું હોય તે ભેગું કરીને ગંગાજળમાં ધોઈને ખાઈ લે, સ્વાદ નહીં માત્ર પેટને ભાડું. ઘરે રસોઈ બનાવી પછી ડોલના પાણીમાં ઝબોળીને ખાવા બેસો જોઈએ, ખાઈ શકાશે? પણ એ મહાપુરુષોને સ્વાદ નહીં માત્ર ભાડું આપવાનું છે, એટલા પૂરતું જ, કે જેમ કોઈ પ્રવાસે જવું છે તો ગાડીમાં છેલ્લે બેસી જાય ટિકિટ લઈને, અને વાતાનુકુલિતમાં બેસીને પણ જવાય, પહોંચશે તો બંને, અવધૂત

અવસ્થા.

**''પરં શાસ્ત્રરતમ્''**

જીવભાવ ના રહે, માત્ર આત્મભાવ, દેહાધ્યાસ સહેજ પણ ન રહે. સતત આત્મામાં જ રમણ કર્યા કરતા હોય, એ છે અવધૂત સ્થિતિ. એ પરમ શાસ્ત્ર રત કહેવાય. પરમ શાસ્ત્ર-રતની ભૂમિકા, પરમ શાસ્ત્ર રતની અવસ્થા જે કહેવાય. એના માટે સંબોધન કર્યું.

આપ તો પરમ અવધૂત છો, આપને સામાન્ય માણસ તો આંબી શકે જ નહીં, કારણ કે ખાવાનું તો જોઈએ જ થાળીમાં પીરસેલું, સૂવા માટે પથારી તો જોઈએ જ, કપડાં પણ વ્યવસ્થિત જોઈએ જ. માથે વાળ પણ સરખા જોઈએ જ, પણ અવધૂતી અવસ્થામાં આમાંનું કશું પણ નહીં, શરીર પ્રત્યે સહેજ પણ દરકાર નહીં, શરીરની જરા પણ દરકાર કરવાની જ નહીં, બસ પોતાના આત્માની અંદરની જ અવસ્થા, એ જ મસ્તી, એ જ સ્થિતિ કે હું શરીર ક્યાં છું, હું તો આત્મા છું, પરમ શાસ્ત્ર રત તેનું નામ. હું શરીર છું જ નહીં, આ તો રસ્તામાંથી મળ્યું છે એટલે સાથે રાખ્યું છે. શરીર પ્રત્યે સતત આવો ભાવ રહ્યા કરે, ઉપેક્ષા વૃત્તિ શરીર માટે, અને એ અવધૂતની અવસ્થા છે, અને એ પરમ શાસ્ત્ર રતની અવસ્થા છે. અને પરમ શાસ્ત્ર રતની અવસ્થા એટલે જ આત્મ સ્થિતિ, કારણ કે શાસ્ત્રનો બધો જ સાર છે આત્મા, એને પ્રાપ્ત કરવા માટે આ મનુષ્યનું શરીર આપ્યું છે, કેટલું સાથે લઈને જઈએ છીએ? જે માટે શરીર આપ્યું છે અને જે માટે મોકલ્યા છે, એ દરેકે

વિચારવાનું છે. એટલે જય મહારાજનું સ્વરૂપ આત્મસ્વરૂપ છે, આત્માની અંદર રત સ્વરૂપ છે, અને એ સૌને પણ દેહાધ્યાસ ભૂલાવીને માત્ર પોતાના નિજ આત્મસ્વરૂપની અંદર જ સ્થિતિ કરવાવાળા છે.

|| જય મહારાજ ||

## સત્સંગ-૮૮

# સુખાસ્પદ અને પ્રેમાસ્પદ આત્માનુભૂતિ

પરબ્રહ્મ પરમતત્વને હે મારા મન, તું ભજ, એ પાવન છે પવિત્ર છે, પતિતને પણ પાવન કરનારા છે.

**''પરમ પાવનમેવ મનો ભજ''**

એ અતિશય પવિત્ર છે, એથી વિશેષ પવિત્ર જગતમાં કશું પણ નથી, એટલા માટે હે મારા મન, સંબોધન કરે છે સ્તુતિકર્તા જય મહારાજનો, કે આવા જય મહારાજને મારા મન તું ભજ. મારા મન તારે શાંતિ જોઈએ છે? તારે સ્થિરતા જોઈએ છે? તારા જીવનમાં જે આ બધી વિકૃતિઓ છે એમાંથી તારે બહાર નીકળવું છે?

**''પરમપાવનમેવ મનો ભજ''**

હે મારા મન તું આ રીતે ભજ, આમ

**''અનુપમા ગમ''**

ઉપમા આપવાની કોઈ ગમ જ ન રહે, કોઈ અક્કલ જ ન રહે, માત્ર રહસ્ય સ્વરૂપ છે પોતાનો આત્મા. જેને નૂરત કહેવાય. નૂરમાં, પોતાના આત્મામાં નિરંતર રત જ રહ્યા કરે, એમાં જ એની સ્થિતિ, એની અવસ્થા, આ દુનિયાના સંસારથી પર હોય. એને

જગતના વ્યવહારની કશી પણ પડી ન હોય. માત્ર પોતાના સ્વરૂપની સ્થિતિમાં એટલો બધો આનંદ રહેતો હોય, એટલો બધો આનંદ રહેતો હોય, પોતાની સુરતાઓ પોતાના સ્વરૂપની અંદર જ, આત્માની અંદર જ નિરાંત જેને કહેવાય, અહોર્નિશ જેને કહેવાય. આ જે અવસ્થા છે તે જ આત્મસ્થ અવસ્થા છે, એ જ આત્માની અનુભૂતિ છે. **આત્માની અનુભૂતિ માટે શરીર અને મનથી પર બની જવું પડે, આ શરીર એ હું નથી અને આ મન પણ મારું નથી.**

**''શાસ્ત્રરતં પરમ્''**

શાસ્ત્રો હોવા છતાય શાસ્ત્રોથી પર છે, પોતાનું નિજ સ્વરૂપ શાસ્ત્રથી પર છે. જેને વેદો પણ નેતિ નેતિ કહીને બાજુએ હટી જાય છે એ પરમ તત્ત્વ છે. શરીરમાં પણ આત્માને શોધવા જઈએ તો ક્યાં મળશે? આત્મા કોઈ આકૃતિવાળો છે? એના કોઈ ગુણધર્મો છે? એનું કોઈ સ્વરૂપ છે? ના. આખા શરીરમાં જો પૂછવામાં આવે કે આ શું છે? આ માથું છે, આ શું છે? આ હાથ છે, આ? આંગળીઓ છે, આ શું છે? હથેળી છે, આ? કોણી છે, તો પછી આત્મા છે ક્યાં? આત્માનું સ્વરૂપ કયું?

**''અનુપમા ગમ''**

જેને કોઈ પણ જાતની ઉપમા આપી શકાય જ નહીં, અને જ્યાં નેતિ નેતિ કહ્યું છતાંય તેના અસ્તિત્વને નકારી શકાય નહીં. આપણા પોતાના શરીરમાં આત્મતત્ત્વ દેખાતું નથી, ભગવાન પણ દેખાતો નથી, ભગવાન દેખાતો નથી માટે આપણા પૂર્વજોને આપણે નકારી શકીશું ખરા? કે એ તો હતા જ નહીં. જ્યારે શ્રાદ્ધ આવે ત્યારે પૂર્વજોને યાદ કરીએ છીએ આપણા પિતૃઓને. તો

કોણે જોયા પિતૃઓને? ક્યાં હતા? તો મારું અસ્તિત્વ કેવી રીતે આવ્યું તે પૂછો જોઈએ. મૃત પિતૃઓનો સ્વીકાર નથી કરતા? અને તમારા અસ્તિત્વનો સ્વીકાર કરો છો. તમે મૂર્ખ છો. તમે છો માટે પિતૃઓ હતા જ, તમે તમારા અસ્તિત્વને તો સ્વીકારો છો, પણ પિતૃઓને જોયા નથી માટે તેનો સ્વીકાર નથી કરતા, આને શું કહેવાશે? કોઈ તમને ડાહ્યો માણસ કહેશે? પિતૃઓ હતા માટે તમે છો. એમ આત્મા નથી દેખાતો, પણ તમે છો, તમે પોતાનો સ્વીકાર કરી લીધો, પણ આત્મા દેખાતો નથી માટે એનો સ્વીકાર નથી કરતા, તો શાસ્ત્રોએ સ્વીકાર્યું છે પણ એ તત્ત્વને નિરાકાર કહી દીધું છે. જય મહારાજે કહ્યું છે કે,

**''તેને નામ રૂપ આકાર નથી, કો સંતે કહાડ્યો સભર મથી''**

આ સંસાર સાગરનું મંથન કરીને એમાંથી કાઢયું તે આત્મતત્વ. આ જીવનનું ચિંતન કરીને એમાંથી મેળવ્યું તે આત્મતત્વ. એ આત્માને જોવો છે, દેખાતો તો નથી, **આત્મા દેખાવાનો નથી, એનો અનુભવ કરવાનો છે. આત્માનુસંધાન કરવા માટે શરીર અને મન, એ બે અડચણરૂપ વ્યવધાન છે. જ્યાં સુધી વૃત્તિઓ શરીર અને મનમાં ભમ્યા કરતી હશે ત્યાં સુધી આત્માનુભૂતિ નહીં થઈ શકે.** સામાન્ય જીવન નો વ્યવહાર એવો જ છે, શરીર અને મન સાથેનો જ છે, આત્મા સુધી પહોંચવાની એનામાં સહેજ પણ હામ જ હોતી નથી, તૈયારી નથી હોતી. આત્મા સુધી પહોંચવા માટે મન અને શરીરને એક બાજુએ મૂકી દેવાં પડે, ઉપરામ. જેમ રાત્રે સૂઈ જઈએ છીએ, મન અને શરીર રહે છે ખરાં? ના, પણ એ જડતા છે, નિંદ્રામાં મન અને શરીર શાંત થઈ

જાય છે. પણ તમોગુણ તામસને કારણે આત્માની અનુભૂતિ થતી નથી, કારણ કે ઊંઘ એ જડતા છે. જડતા કેમ છે? દિવસે ઊંઘીને ઊઠો જોઈએ, પછી શું થાય છે? જડ લાગે છે ને, આત્મચેતના આ શરીરમાં છે, એની આત્માનુભૂતિ કરવી હોય તો ઊંઘમાં જે મન અને શરીરને એક બાજુએ મૂકી દઈ અને નિરાંતે ઊંઘીએ છીએ, અને ત્યારે શરીર ઉપર કદાચ સાપ પણ ચઢી જાય, બાજુમાં કૂતરાં પણ સૂઈ જાય તો પણ સમજણ ન પડે, સવારે ઉઠીને જોઈએ ત્યારે લાત મારીએ એ જુદી વાત છે, પણ ઊંઘમાં કશું પણ ભાન રહેતું નથી, એવી રીતે જાગ્રતમાં પણ અભ્યાસ કરો, અનુભવ કરો કે નિંદ્રામાં મન અને શરીર ભૂલી જવાય છે, એમ જાગ્રત અવસ્થામાં પણ એવી સ્થિતિનો અભ્યાસ કરવો પડે. મન અને શરીર હું અને મારા નથી, ત્યારે આત્માનું અનુસંધાન થવા માંડશે, આત્માની અનુભૂતિ થશે, એ જ રીતે આત્માનો સાક્ષાત્કાર પણ થશે, પણ એના માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે. ભગવાને ગીતામાં પણ એ પ્રમાણે જ કહ્યું છે,

''**શનૈઃ શનૈરુપરમેદ્ બુદ્ધ્યા ધૃતિગૃહીતયા**''

ધીમે ધીમે પોતાના સ્વરૂપમાં રમો

''**બુદ્ધ્યા ધૃતિગૃહીતયા**''

ધૈર્યથી સમજણપૂર્વક એને પકડવાનું છે.

''**આત્મસંસ્થં મનઃ કૃત્વા**''

પોતાનું મન આત્મામાં સ્થિર કરવાનું. પ્રયત્નથી, ચિત્તને સ્થિર કરીને ઈન્દ્રિયોની ક્રિયાને સ્થિર અને શાંત કરી દેવાની

આત્માનુભૂતિ અને આત્મદર્શન એ આ મનુષ્ય જન્મનો

મુખ્ય વિષય છે. જેમ ભણતા હોઈએ ત્યારે પરીક્ષા આપવાનું એમાં સફળ થવાનું આપણું લક્ષ્ય છે એમ જીવન જીવતા હોઈએ તો અનુસંધાન કરીને આત્માનુભૂતિ કરવી એ એનું લક્ષ્ય છે. જેમ વર્ષ ભણ્યા, પરીક્ષા આપી, પરિણામ આવ્યું અને પાસ થયા, આનંદ થયો, એમ જીવન જીવ્યા, અનુસંધાની કરી લીધું, આનંદ થયો, જીવનજીવ્યાનું રિઝલ્ટ પરિણામ. જે પરમ શાસ્ત્ર છે, જે પરમ તત્ત્વ છે. તે આ પરમ આત્મા છે, અને એ પરમાત્માની અનુભૂતિ કરવાનું મનુષ્ય જીવનનું લક્ષ્ય છે, ધ્યેય છે. એ જ એનો માર્ગ છે સાચો. બસ જે પણ કંઈક કરો, કમાઓ, ભલે સંસારમાં હો, સાથે આત્માનુભૂતિ કરી લેવી આવશ્યક છે. સમય આવશે, પરિપકવતા આવશે, ઉંમરથી શરીર અને મનથી, આ બધાનો સંતોષ થઈ જાય, ત્યાર પછી માણસે શું કરવું તે એક સમસ્યા થઈ જતી હોય છે, કંટાળો આવતો હોય છે. તે સમયે આ તત્ત્વચિંતન એ એનો મુખ્ય વિષય બની જવો જોઈએ, તો જ એને જીવવામાં આનંદ આવે. અત્યાર સુધી તો જે ભોગ, વૈભવ, સંપતિ એકત્રિત કરી, વ્યવહાર કરી લીધા, બધું જ પરણાવું પસ્તાવું કરી લીધું, હવે કશી પણ પ્રવૃત્તિ ન રહી. વ્યવહાર પણ બધાને સોંપી દીધો. હવે વ્યવહાર તમારે કરવાનો, મારા વ્યવહાર પૂરા થયા, પણ પછી શું? બસ ત્યાર પછી આ શરૂઆત થાય. તો એ છે જીવનની પરિપકવતા. ઈચ્છાઓ ધીરે ધીરે આપોઆપ શાંત થતી જાય, બધા જ પ્રકારની ઈચ્છાઓ શાંત થતી જાય, અને જ્યારે ઈચ્છાઓ શાંત થાય ત્યારે માણસ કંટાળી જાય, થાકી જાય, તે વખતે એમ લાગે કે આ જીવન નિરસ થઈ ગયું. પણ ના, હજુ આપણા જીવનનું લક્ષ્ય તો બાકી રહ્યું. ભલે સંસાર-દુનિયા જોઈ લીધી,

હવે ચાલો આગળ, આત્માનુસંધાન, જેને સુરત નુરત કહીશું, ત્યાં સુધી જઈને, જેમ ગીતામાં ભગવાને વાત કરી છે,

**''આત્મસંસ્થં મનઃ કૃત્વા''**

જય મહારાજ એ પણ કહી દીધું કે, આત્મતત્વ ક્યાં છે ? કે

**''મન બુધ્ધિ થી છે આઘુ''**

મન ને આત્મા નહીં જડે, બુદ્ધિ પણ આત્માને નહીં શોધી શકે, બધાને બહાર કાઢી મૂકવા પડશે. શરીર પણ આત્મા સુધી નહીં પહોંચવા દે, એના માટે તો શરીર મન બુદ્ધિ બધાને એક તરફ કરીને પોતાના સ્વરૂપની સાથે અનુસંધાન કરવાનું, આત્મા કેવો છે ?

**''અનુપમા ગમ શાસ્ત્ર રતં પરમ્''**

શાસ્ત્રથી પર. જેને શાસ્ત્રો, વેદો પણ વર્ણવી શકતા નથી એ આત્મસુખ છે, એ આત્મચિંતન છે. આત્માની પ્રાપ્તિ કરવાના આપણા જીવનનું, જન્મનું લક્ષ છે, એના માટે જય મહારાજે કહ્યું કે,

**''પરમપાવનમેવ મનો ભજ''**

જે પરમ પાવન આત્મ તત્ત્વ છે, એને તું ભજ.

કેવો છે ? સુખાસ્પદ. એ જ સુખ આપનાર છે, બીજું કોઈ પણ સુખ આપી શકનાર છે જ નહીં. સંસારનું કોઈપણ સુખ તમને થોડા સમય માટે સારું લાગશે, મીઠું લાગશે, એ સુખ દેખાશે, પણ સમય પસાર થયા પછી પાછું એ જ આવી ને દુઃખરૂપ બની જશે, પછી લાગે કે આ જાય તો સારું. દુઃખરૂપ એટલે ? બે મિત્રો સ્ટેશન

ઉપર ભેગા થયા. એક જણ ઢીલો ઘેંસ થઈ ગયો હતો, અને એક જણ હસતો હતો. એકબીજાને મળ્યા અને ખબર પૂછી, કેમ આટલો બધો ખુશ છું? તું કેમ આટલો બધો આજે ઢીલો છું? પેલો કહે કે મારી પત્ની આજે આવવાની છે એટલે હું ઢીલો છું, અને પેલો કહે કે મારી પત્ની આજે જવાની છે એટલે હું ખુશ છું. આ સંસારમાં કે શાશ્વત સુખ કોઈ આપી શકવાનું નથી, એક આત્મા જ સુખ સ્વરૂપ છે.

**''સુખ સ્વરૂપ રઘુ વંશમણિ''**

એ ભગવાનનું શરીર રઘુવંશનું છે, અને એનો મણિ એ આત્મા છે. શરીર વંશમાંથી મળ્યું છે, અને મણિ સુખ આપનાર આ એક જ છે.

**''સુખાસ્પદં પરમ પાવનમ્''**

પરમ પવિત્ર છે, સુખ આપનાર છે. મનને સમજાવ્યું કે હે મન તું એને ભજ. કેટલાં ફાંફાં માર્યા; કેટલાં હવાતિયાં માર્યાં સુખ માટે, કશાયમાંથી સુખ મળ્યું ખરું? સંસારના જીવનમાં ક્યાંયથી એક બટકું પણ મળી ગયું હોય તો? બહુ જ ભૂખ્યો માણસ હોય, એને એક બટકું રોટલો મળી જાય તો પણ મીઠો જ લાગવાનો, એમ આ આખા સંસારમાં જ્યાં લેવા ગયા અને જ્યાં શોધવા ગયા, શોધવા ગયા હતા સુખ અને હાથમાં આવ્યું દુઃખ, આ સંસાર જ દુઃખમય છે.

**''ન જાને સંસાર કિમ્ અમૃતમયમ્**

**કિમ્ સુખમયમ્ કિમ્ વિષમયમ્''**

સમજાતું નથી આ સંસાર કેવો છે? ભર્તુહરિ મહારાજ

બોલી ગયા, કે આ સંસારને સુખમય કહેવો કે દુઃખમય કહેવો સમજાતું નથી. જેમ નાના બાળકને સારું કે ખોટું કશી પણ સમજણ ન પડે, એમ માણસને પણ જીવનમાં બાળકબુદ્ધિ જેવું રહે છે, ત્યારે એને કશી પણ સમજ પડતી નથી કે કોને સુખ કહેવું. હાથમાં આવી ગયું રમકડું, બહુ જ સરસ લાગ્યું રમકડું, રમવા બેઠા એ રમકડાને, અને પછી એ રમકડું વાગી ગયું, લોહી નીકળ્યું, રડવા બેઠુ બાળક, કહો એક સમયે રમકડું સુખ આપવાવાળું બની ગયું હતું અને બીજા સમયે એ જ રમકડું વાગ્યા પછી દુઃખદાયક બની ગયું.

**''ન જાને સંસારઃ''**

આ સંસાર કેવો છે સમજાતું નથી. નાનું બાળક છે બિલકુલ અબુધ છે, રમકડું આપ્યું, રમવા માંડયું રમવા માંડ્યું, પછી કાંઈ એ રમકડું વાગી ગયું કપાળમાં, રમકડું એક બાજુ નાખીને રડવા માંડયું, બસ આ સંસારમાં સર્વની આ જ દશા છે. રમકડું બહુ જ સરસ લાગે, બહુ જ વહાલું લાગે રમવાનું પણ, બહુ જ ગમે, અને પછી રડવાનો વારો આવે, ફેંકા ફેંકી થાય.

**''ન જાને સંસારઃ''**

આ સંસાર કેવો છે, કોઈને પણ સમજણ પડતી નથી, પણ એટલું તો ચોક્કસ, જય મહારાજની સ્તુતિ કરતાં જય મહારાજનું સ્વરૂપ કહ્યું છે આત્માનું સ્વરૂપ છે, એ સર્વમાં બેઠેલું છે, અને એ સર્વમાં બેઠેલું સ્વરૂપ એક જ શાશ્વત સુખ આપવાવાળું છે.

**''સુવરદાસ્યં અખંડ સુખાસ્પદમ્''**

સુખાસ્પદ, પ્રેમાસ્પદ, એટલે પ્રેમના પ્રત્યેનો એટલો

આદર ભાવ, સુખાસ્પદ છે જય મહારાજનું સ્વરૂપ. દર્શન કરીએ ત્યારે આનંદ જ આવે. એ સુખાસ્પદ શક્તિમાંથી, તત્ત્વમાંથી માત્ર સુખ જ મેળવવાનું છે. સાચું સુખ, શાશ્વત સુખ, એ માત્ર આત્મા સિવાય બીજું કોઈ આપી શકવાનું નથી. આપણું પોતાનું આ શરીર, સર્વે ઈન્દ્રિયો સાચું સુખ કે શાશ્વત સુખ નથી જ આપી શકતી. ક્યારેય જે પણ કાંઈ સુખ હશે તે બધાં જ ક્ષણિક હશે. મીઠાઈ મોઢા ઉપર મૂકી, આ ચાર ઈંચની જીભ સુધી રહ્યું ત્યાં સુધી મીઠું લાગ્યું, નીચે ઉતર્યું એટલે તરત જ ડાયાબિટીસ પકડ્યું, કે ક્યાં જાય છે? અહીં તો હું છું. ડાયાબિટીસ છે, અંદર પ્રવેશતાં જ ઝાલ્યું, જીભે તો મોજ કરી લીધી, જાઓ ડાયાબિટીસ તરફ, સજા, સુખ કોને કહેવું દુઃખ કોને કહેવું? આ બે-પાંચ ઈંચની જીભ ઉપર તમને દસ પંદર સેકન્ડ સુધી સ્વાદ લાગ્યો, ક્ષણિક સુખ, અને પછી શરીરમાં ગયા પછી? આ સંસાર આખો જ આવા ક્ષણિક સુખ જેવો છે, અને સુખાસ્પદ એકમાત્ર આ શરીર તો નથી જ. મન પણ સુખ આપવાવાળું નથી. **જો સુખ આપનાર કોઈ હોય તો તે એકમાત્ર આત્મા જ છે. એ જ શાશ્વત સુખ આપી શકે તેમ છે, એની પાસે દુઃખ છે જ નહીં, માત્ર સુખસ્વરૂપ જ છે.** જેમ જય મહારાજને આપણે પ્રાર્થીએ.

**''શાન્તં શ્રી સંતરામમ્''**

આપનું સ્વરૂપ જ શાંત છે, એટલે એમાંથી એમને વંદન કરનાર અને ઉપાસના કરનારને શાંતિ જ મળવાની છે.

**''પ્રણતજનમનોભીષ્ટદં નિત્યમીડે''**

વંદન કરનારને આપનામાંથી આપની પરમ શાંતિ

આપજો, અને પરમ શાંતિ એટલે કઈ? આત્માની શાંતિ. મૃત્યુ પછી પ્રાર્થના કરીએ, કે હે ભગવાન, હે જય મહારાજ, એના આત્માને શાંતિ આપજો, અરે આખી જિંદગી કઢાપો કર્યો હોય, લોકોને શાંતિથી ન બેસવા દીધા હોય, એને શાંતિ ક્યાંથી મળવાની હતી? પણ જીવનમાં જીવતે જીવતાં આત્માનુભૂતિની શાંતિ કરી લેવાની. ભલે ભાવાંજલિ શ્રદ્ધાંજલિઓ ગમે એટલી આપતા હોઈએ, કે એના આત્માને શાંતિ આપજો, પણ જીવતાં જ શાંતિ મેળવી લેવાની છે, આત્મશાંતિ એને કહેવાય છે. એ આત્માનુભૂતિ, એ આત્મશાંતિ આપણા પોતાનામાંથી આપણા સ્વરૂપમાંથી જ મળશે, અને એટલા માટે જ જય મહારાજને સંબોધન કર્યું કે, આપ કેવા છો?

**''અનુપમાગમ શાસ્ત્રરતમ્''**

શાસ્ત્રસ્વરૂપ છો, શાસ્ત્રમાં રત છો, છતાંય આપની પાસે જે સુખ છે તે શાસ્ત્રથી પર છે, એથી ઉપર ઊઠેલું છે. શાસ્ત્રમાં બહુ બહુ તો વિદ્વતા હશે, જ્ઞાન હશે, પણ આત્માનુભૂતિ તો પોતાની જ છે, પોતાનામાં જ છે, પોતાનું જ સ્વરૂપ છે. આપણા આત્માથી જ આપણે પોતે અપેક્ષા રાખીએ, બીજા ગ્રંથની પણ અપેક્ષા નહીં. જ્ઞાન મેળવવું હોય તો ગ્રંથો ભણવા પડે, આચાર્યની ગ્રંથોની આશા રાખવી પડે છે. એમાંથી આપણને મળે. હા મળે ખરું કંઈક સારું, તમને અભ્યાસ મળી જાય, માનસિક વિચારોનું વાતાવરણ મળી જાય, એના વડે આત્મા સુધી પહોંચવાનું છે. શાસ્ત્રો સાધન છે સાધ્ય આત્મા છે. શાસ્ત્રો વડે આત્મા સુધી પહોંચવાનું છે, મન અને શરીરને એક બાજુ મૂકી દઈને આત્માનું અનુસંધાન કરવાનું છે, અને એટલા માટે આત્મજ્ઞાન એ જ પરમજ્ઞાન છે.

**"શાસ્ત્રરતં પરમ સુવરદાસ્યમ્"**

જેનું બોલવું સુંદર છે.

**"સુવરદાસ્યમ્"**

સારું વરદાન આપવાનું જ જેનું વચન છે, એમની વાણી ની અંદર સૌમ્યતા છે, વાણીના એક એક શબ્દની અંદર કાંઈક દાન છે, લો લઈ જાઓ. સત્સંગમાંથી પણ દાન જ દેવાતું હોય છે, વહેંચાતું હોય છે, આ લઈ જાવ, આ સમજણ લઈ જાવ, તમારા જીવન માં કામ ની છે, લઈ જાવ. સત્સંગ માં પણ દાન જ થયા કરતું હોય છે.

**"સુવરદાસ્યમ્"**

આપવા બેઠેલા છે. સત્સંગ વડે, જ્ઞાન વડે, પોતાના દર્શન વડે, પોતાના સ્વરૂપ વડે આપવા બેઠા છે, શું આપવા બેઠા છે?

**"અખંડ સુખાસ્પદમ્"**

હવે અખંડ સુખ ક્યાંથી મળશે? આ દુનિયાની વસ્તુમાંથી? સરસ મજાની ગાડી લઈ આવ્યા પંદરવીસ લાખની, ચાલે ત્યાં સુધી ચાલે, અને ક્યાંક અથડાઈ અને અંદર બેઠેલાનાં એક બે હાડકા ભાગે પછી ગાડીનું દુઃખ, આ છે. તો દુનિયાની જે પણ કાંઈ વસ્તુઓ મેળવીએ છીએ, એ ક્ષણિક સુખ ક્ષણિક આનંદ માટે છે, વૈભવ માટે છે. પણ સાચું સુખ અને આપણા શરીરનો સાચો વૈભવ શું હશે, કહો જોઈએ, સરસ આંખો, સરસ દાંત, સારો દેખાવ, સારા રૂપરંગ, શરીરનો વૈભવ કયો? આત્મા. જો આત્મા ન હોય તો ગમે તેટલું સારું, ગમે તેટલો શક્તિશાળી, ગમે એટલું પૈસાવળું હોય, શું કરવાનું? એને નાખી આવવાનું છે, સીધું

એને જઈને, એનો ઉપયોગ પણ શું? માત્રકચરો. ભગવાને બધાયને રહેવા માટે ઘર આપ્યાં છે, પણ એક જ રહી શકે બીજો નહીં, એ ખાલી કરે એટલે એનો નાશ કરી દેવાનો, એને, ઘર ખાલી થાય એટલે સિધુ ગાર્બેજ માં જાય. તો શરીર એ ક્ષણભંગુર છે, પોતાનું સ્વરૂપ એ જ શાશ્વત છે. જે ક્ષણભંગુર છે તે ક્યારેય સાચું સુખ નહીં આપી શકે, શાશ્વત એ આત્મા જ છે અને એ જ અખંડ સુખાસ્પદ છે, અને એ જ સાચું સુખ આપણા જીવનમાં આપી શકશે, એટલે

**''અનુપમાગમ શાસ્ત્રરતં પરમ્ ,**
**સુવરદાસ્યમખંડસુખાસ્પદમ્''**

|| જય મહારાજ ||

## સત્સંગ–૮૯

# ‘શરણ તમારી આવ્યો તે સાચો’

**‘‘યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્**
**જનેભ્યઃ પરં લીયતે યત્ર વિશ્વમ્**
**હૃદાતત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્**
**ભજે તં ગુરું ચાત્મનસ્તસ્ય યો વૈ’’**

હે મારા મન, તુ આવા જય મહારાજ સદ્ગુરુ પરબ્રહ્મ પરમાત્માને ભજ, એમાં જ તારું કલ્યાણ છે, એમાં જ તારું કલ્યાણ છે. જય મહારાજ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા તત્ત્વ છે, અને આદિનારાયણ પરબ્રહ્મ પરમાત્મામાંથી આ જગતની સૃષ્ટિને ચલાવવા માટે પોતાની શક્તિને ત્રણ વિભાગમાં વહેંચી, જગતની ઉત્પત્તિ, પાલન અને વિસર્જન. પણ એ અલગ અલગ ત્રણેય ક્રિયાનો માલિક તો એક જ, ભગવાન પોતે, પણ એ ત્રણ કામના નામ જુદા જુદા પડયા. સૃષ્ટિની ઉત્પત્તિ કરવાનું કામ હતું એનું નામ બ્રહ્મા પડ્યું, ઉત્પત્તિનો કામ શરૂ કર્યું. તૈયાર થયેલી આ સૃષ્ટિનું પાલન કરવાવાળી શક્તિ થઇ વિષ્ણુ, ‘‘વ્યાપ્નોતિ,’’ બધે જ વ્યાપક રહી અને આ બધાને સાંભળવાના, નિભાવવાના, અને મહેશ્વર, મહાદેવ, ત્રીજી શકિત, કે જે આ જે પણ કઇ સૃષ્ટિ છે એને થાળે પડી દે. જે પાલન કરે છે, પરમાત્મા એક જ પણ એમની

ત્રણ ક્રિયાશકિતના ત્રણ ભાગ પાડયા ને અને ત્રણેય નામ જુદા જુદા પાડયા. અને આપણે એ ત્રણેય નામ ઉપાસનામાં લઇ અને એ ત્રણેયને જુદા જુદા ભગવાન ગણ્યા બ્રહ્મા વિષ્ણુ અને મહેશ. સૃષ્ટિના સર્જન કરવાના ત્રણ વિભાગ પાડી દીધા, એના ત્રણ નામ આપી દીધા. જાયતે, પાલ્યતે અને લીયતે, ઉત્પન્ન કરે છે સર્જન કરે છે પાલન કરે છે અને વિસર્જન કરે છે આ ત્રણ ત્રણ શકિતઓની નામ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર પણ છે એક જ મૂર્ત સ્વરૂપ જગતની સૃષ્ટિનું સર્જન કરનારી શકિત એ પણ પરબ્રહ્મ છે.

**''ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ''**

સૃષ્ટિનું સર્જન કરનાર પરબ્રહ્મ છે ને, એથી જુદાં નથી, કારણ કે એ પણ ત્રણ ક્રિયા કરે છે. એ પોતે બ્રહ્મા પણ છે, વિષ્ણ પણ છે, અને શિવ પણ છે. કેવી સરસ મજાની સ્તુતિ છે, સ્તુતિની અંદર કેટલી ઊંચી સરસ ભાવના છે? અને એ સ્તવન કરવાની અંદર કેટલી બધી ભકિત રહેલી છે, કે પ્રભુ મારા ગુરુ ભગવાન, આપ બીજા કોઇ નથી આપ સાક્ષાત પરબ્રહ્મ સ્વરૂપ સ્વયં છો, બ્રહ્મા વિષ્ણુ અને મહેશ એ ત્રણ પણ તમે જ છો. બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણ જુદા તો નથી જ એક જ છે, એમ જય મહારાજ સદ્ગુરુ સ્વરૂપે આપ પણ પરબ્રહ્મ છો.

**''તસ્માદ્ સંપૂજયેદ્ ગુરુમ્''**

અને એટલા માટે બ્રહ્મસ્વરૂપ છે, કોઇ જુદા નથી, એમાં કોઇ ભેદ નથી. કોઇ અલગાવ નથી. અને એ જે સૃષ્ટિના સર્જનની અંદર પરબ્રહ્મને સ્થાન આપ્યું, એ જ સાધકના શિષ્યના, શરણાગતના જીવનમાં એ જ ભાવ આપ્યો. એ જ સ્થાન આપ્યું સદ્ગુરુને પરબ્રહ્મનું જે સાધકના શિષ્યના, શરણાગતના જીવનમાં એક જ ભાવ આપ્યો, એ જ સ્થાન આપ્યું સદ્ગુરુને. પરબ્રહ્મનું જે

સ્થાન છે સૃષ્ટિમાં, શિષ્યના સર્જનની અંદર પણ સદ્ગુરુ પર પરબ્રહ્મનો જ ભાવ છે, એ જે જ્ઞાનનું સર્જન કરે છે, એ જ્ઞાનનું પાલન કરવાવાળા પણ એ જ છે, અને જે અજ્ઞાન છે જે અંધકાર છે એને દૂર કરવાનું કામ, એને સંહાર કરવાનું કામ પણ, એ મહેશ્વર છે. ગુરુ મહારાજ આ ત્રણેય કાર્ય શિષ્યના સર્જન માટે કરતા હોય છે, અને એવું સામર્થ્ય છે. પાપનો નાશ કરવો, શિષ્યને જે પણ કાંઇ પ્રાપ્ત થયું છે એનું પાલન કરવું, એનું પોષણ કરવું, એની રક્ષા કરાવવી, અને શિષ્યના જીવનની અંદર સાચું જ્ઞાન ઉત્પન્ન કરવું, એ પણ સદ્ગુરૂ જ છે. તો આમ,

**''યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્''**

આખા વિશ્વનું સર્જન પણ એ કરે છે, પાલન પણ એ જ કરે છે.

**''જનેભ્યઃ પરં લીયતે''**

અને પાછું પોતાનામાં વિલીન કરી દે. કેટલી મોટી વાત, કેટલી મોટી શક્તિ સદ્ગુરુની? આપણે આપણા ઘરની અંદર એક નાનું સરખું ઘર બાંધવું હોય તો કેટલી તૈયારીઓ કરવી પડે, કેટલી બધી મહેનત કરવી પડે, પછી એને નિભાવવાનું તૈયાર કરવાનું, તો આખી સૃષ્ટિનું સર્જન કરવાનું, એનું પાલન કરવાનું, કેટલું સામર્થ્ય અને કેવી શક્તિ હોય? તો સદ્ગુરુ પણ શિષ્યના સર્જન અને પાલનની અંદર કેટલી બધી શકિત હશે એમની પાસે? વ્યકિત પોતાની જાતે પોતાનામાં સર્જન કરવાને બદલે વિસર્જન જ કરતી હોય છે, ઘણી વિકૃત્તિઓ ઘણા દુરાચાર, કે માણસ પોતાની જાતનું વિસર્જન જ કરતો હોય, વિસર્જન જ કરતો હોય, વિસર્જન જ કરતો હોય, સર્જન કશું થઇ જ ન શકતું હોય, એનાથી માત્ર અપરાધના માર્ગે, પાપના માર્ગે જ દોડયા કરતો હોય, એનું સર્જન

કોણ કરશે? એનું પોતાનું કોઇ સામર્થ્ય નથી, એની પોતાની કોઇ શક્તિ નથી, કે લાવ મારી જાતને હું સારા માર્ગે લઇ જાઉં. પાણી અને મન બંનેનો એક જ સ્વભાવ છે. ગમે તેટલા ઊંચા લઇ જઇ અને મૂકો તો પણ ઢળીને નીચે જ આવવાના. તો પાણીને યંત્રથી ઉપર ચઢાવો, અને મનને મંત્રથી ઉપર ચઢાવવું. મન મંત્રથી જ ઉપર ચઢે, ધીરે ધીરે સત્સંગથી ઉપર ચડશે. જેમ પાણી યંત્રથી ઉપર ચઢે છે, પણ પાણીને ગમે તેટલું ઊંચું ચડાવ્યું હશે, આકાશમાં વાદળા સુધી ઊંચું ચડાવ્યું હશે, પણ એને વિખૂટું મૂકો એટલે ધરતી ઉપર જ આવીને જ પડવાનું છે.

''**બરસત ભા ઢાબર પાણી**''

કિચડ થઇ ગયું.

''**જિમી જીવહિ માયા લપટાની**''

વરસાદનું પાણી તો ચોખ્ખુ જ હોય જયારે વરસતું હોય, પણ માટી ઉપર પડે એટલે એ બધું ડહોળાઇ જાય, ગંદુ થઇ જાય, કિચડ થઇ જાય. તુલસીદાસજી પણ કેટલી સરસ ઉપમા મૂકે છે.

''**જીમી જીવહિ માયા લપટાની**''

જેમ જીવને માયા લપેટાય, જીવ તો શુદ્ધ ચૈતન્ય આત્મા છે, વરસાદના પાણી જેવો, પણ જ્યાં આ પૃથ્વી ઉપર આ સંસારમાં પડ્યો, એની સાથે માયાની માટી વળગી, કિચડવાળો થઇ ગયો. શુદ્ધ ચૈતન્ય છે આત્મા તો, પણ સંસારમાં આવતાની સાથે એ ખરડાયો, માયાની વચ્ચે, વહે એ આખી જ વાત જે છે, કે માણસ એના જીવનમાં પોતે તો સારા માર્ગે કયારેય થઇ શકતો જ નથી, કોઇ સદ્‌ગુરુની કૃપા એને થાય અને એમાંથી બહાર કાઢી લાવે, કે ચાલ ભાઇ પાછા, અહીંથી પાછો વાળી લાવે, તો જ

કંઇક એનો ઉદ્ધાર થાય. એક રજબ કરીને હતો, રજબ એના ગુરુને ત્યાં ભણવા ગયો. ગુરુજીએ જોયું કે આ તો લાયક શિષ્ય છે. સારું ભણે છે, તેજસ્વી છે, બુદ્ધિશાળી છે, પુણ્યશાળી છે. જે આ બધું જોયું, બહુ જ સારી રીતે ભણાવ્યો, ગુરુજીને હતું કે ત્યાગી જ થઇ જશે, અને આગળ જતા ખૂબ જ મોટો સાધુ-સંત વિદ્વાન થશે એના જીવનમાં, પણ ઘરેથી મા આવ્યાં, છોકરો ઉંમર લાયક થયો હતો એટલે, ચલ બેટા ઘરે, ગુરુજીએ કહ્યું કે રહેવા દો, એનું ભાગ્ય છે, એનું પુણ્ય છે. એ તપસ્વી છે. માએ હઠ કરી અને લઇ ગયા, અમારે તો દીકરાને પરણાવવો જ છે. પણ આવું જ છે, એટલે ગુરુજીએ નાછૂટકે ના મનથી આજ્ઞા આપી, અને મા લઇ ગયાં રજબને, પણ ગુરુજીથી રહેવાયું નહીં, જે દિવસે લગ્નનો વરઘોડો હતો, અને માંડવે જવાનું હતું એ રસ્તો એમણે જોઇ લીધો, સમજી લીધો, અને પછી જયારે વરઘોડો નીકળ્યો બેન્ડવાજાં વાગતાની સાથે, ઢોલ નગારા વાગતાની સાથે, ગુરુજી દૂર ઊભા રહ્યા હતા, જોરથી અવાજ કર્યો,

**''રજબ તેં ગજબ કિયા ને શિર પર બાંધા મોર**
**આયા થા હરી ભજન કો કિયા નરક કી ઠોર''**

પેલો રજબ ઘોડા ઉપર બેઠેલો હતો હાથમાં લગામ લઇને, તેણે જોયું કે ગુરુજી બોલી રહ્યા છે,

**''રજબ તેં ગજબ કિયા ને શિર પર બાંધા મોર**
**આયા થા હરી ભજન જો કિયા નર કી ઠોર''**

બીજો કોઇ ભાઇબંધ જોડે હતો એને સાફો પહેરાવી દઇ, તલવાર હથમાં આપી દઇ દોટ મૂકી જંગલમાં, બધા શોધવા નીકળ્યા પણ એ મળે જ નહિ. સદ્‌ગુરુ સદ્‌શિષ્યને માયાના

કીચડમાંથી બહાર કાઢી આપે છે. આ વરસાદનું પાણી પડે છે ત્યારે તો શુદ્ધ હોય છે, એમ આત્મા પણ જીવ પણ જયારે આવે છે ત્યારે તો શુદ્ધ પરમાત્મા ચૈતન્ય સ્વરૂપ આવે છે. વરસાદનું પાણી જમીન ઉપર પડે ત્યારે માટી સાથે રગદોળાઇ અને કાદવ થાય એમ આ સંસારની માયાઓમાં રગદોળાઇ અને એ પણ ગંદો થતો હોય છે, સદ્‌ગુરુ એને બહાર કાઢે.

**''ગુરુર્બ્રહ્મા ગુરુ ર્વિષ્ણુઃ''**

કે જે જ્ઞાન પ્રગટાવે છે, વૈરાગ્ય પ્રગટાવે છે, ત્યાગ જન્માવે છે, એ સદ્‌ગુરુ છે. જીવનમાં ત્યાગ, સંયમ, સદાચાર પ્રગટાવે એ સદ્‌ગુરુ છે. રજબને તો જાગ્રત કરી દીધો, ઘોડા ઉપરથી ઉતરી અને બીજાને ચડાવી અને સાફો બીજાને પહેરાવીને, કે એને માથે નાખ્યું, કે તું જા હું તો આ ચાલ્યો. રજબે પણ જવાબ આપ્યો હતો પછી, ગુરુજીને ત્યાં ગયો એટલે ગુરુજીએ પૂછયું કે આવી ગયો બેટા.

માબાપ ભલે શરીરનો જન્મ આપતા હોય, પણ સદ્‌ગુરુ તો એના માં કંઇક નવીન જ્ઞાનનો જન્મ આપે છે, કે લે આ તારો નવો જનમ, એના પર સંસ્કાર થતા હોય, જેમ દ્વિજ કહેવાય, બ્રાહ્મણને દ્વિજ કહેવાય, એમ સાધુ પણ દ્વિજ છે. પહેલો જન્મ આપે માતા પિતા અને બીજો જન્મ આપે સદ્‌ગુરુ. એટલે દરેક સંત પણ દ્વિજ છે, એને દીક્ષિત કરી અને શિષ્ય બનાવ્યો. જન્મ આપી અને એને પુત્ર બનાવ્યો હતો. મા-બાપે, માતાપિતા એ એને પુત્ર બનાવ્યો અને ગુરુ અને શિષ્ય બનાવ્યો, આ છે સદગુરુની સર્જનશકિત , કે માણસના જીવનની અંદર સંસ્કારનું સર્જન કરવું, જ્ઞાનનું સર્જન કરવું, ત્યાગ અને વૈરાગ્યનું સર્જન કરવું. કે એનામાંથી અંદર સાધુ જાગ્રત થાય, સાધુ જન્મે, માણસ તો છે જ,

પણ માણસની અંદર સાધુ જન્મે, ભાઇ હવે તો તમે સાધુ થયા, તમે તો સાધુ છો, તમે કોઇ માણસ નથી. એવી રીતે સદ્‌ગુરુ દેવ સદ્‌ગુરુ ભગવાન તો શિષ્યનો જન્મ આપવાવાળા છે, મા-બાપ છે.

**''ત્વંમે માતા પિતા મે સ્વજનકુલકુટુમ્બં ચ બંધુસ્ત્વમેવ''**

આપ મારા સ્વજના છે, આપ મારા કુટુંબ પણ છો, મા-બાપ પણ આપ છો, મારા ભાઇ પણ આપ છો, મારું કુટુંબ પણ આપ જ છો.

**''સ્વજન કુલ કુટુમ્બં ચ બંધુસ્ત્વમેવ''**

બધું જ આપ મારું છો. તો જય મહરાજની સ્તુતિ કરતાં કરતાં લક્ષ્મણદાસજી મહારાજએ ત્વમમે માતા-પિતા મે કહ્યુંને પછી કહે છે કે,

**''કલેશ હંતાસિ ભોમત્વમ્''**

અમારા કલેશ પણ આપ દૂર કરવાવાળા છો. ત્યાં કોણ આવી ગયું?

**''લીયતે''**

ત્યાં ગુરુ મહારાજની અંદર ભગવાન શિવની શકિત આવીને બેસી ગઇ. સર્જન શકિત તો છે જ ગુરુ મહારાજમાં, સંહાર શકિત પણ રહેલી છે, કે માણસના જે દુષ્પ્રારબ્ધ જે છે, એના દુષ્કર્મો જે છે, એનો પણ સંહાર કરવાની શકિત સદ્‌ગુરુમાં, ભગવાન શિવની માફક જેમ ભગવાન શિવ ત્રીજું લોચન ખોલી અને કામદેવ અને વાસનાઓને બાળી શકે છે, એવી રીતે સદ્‌ગુરુ પણ, સદ્‌ગુરુ ભગવાન પણ શિષ્યની અંદર રહેલી જે દુરાચારની વૃત્તિઓ છે એને બાળીને ખાખ કરી નાખે.

**''લીયતે યત્ર વિશ્વમ્''**

દુરાચારનું વિશ્વ એની અંદર વિલીન થઇ જાય, ફેંકી દેવાનું, નાશ પામે. સદ્‌ગુરુની અંદર આવી મહાન શકિત, સર્જનશક્તિ, પાલન શક્તિ અને વિસર્જન શક્તિ પણ એટલા માટે કહ્યું કે,

''ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુદેવો મહેશ્વરઃ''

ત્રણેય શક્તિઓનું આરાધન થયેલું છે એમાં, પછી કહ્યું કે,

''ગુરુરેવ પરબ્રહ્મ''

આપ તો સાક્ષાત પરબ્રહ્મ છો. જેના જેના સારા સંસ્કાર હોય, ત્યાગ સંયમ સદાચાર જેના માં આવે ને, એનાથી એમનો આવિર્ભાવ થાય, આવિર્ભાવ થાય. સદ્‌ગુરુમાં પણ પરમાત્મ તત્ત્વનો આવિર્ભાવ થયો, સર્જન પાલન અને વિસર્જનનો, અને એને લીધે જ કહ્યું કે,

''સાક્ષાત્ પરબ્રહ્મ''

સદ્‌ગુરુ ભગવાન એ સામાન્ય માણસ નથી જ, સદ્‌ગુરુ સદ્‌ગુરુ એ પાંચ ભૌતિક શરીર નથી જ.

''જ્ઞાનસ્વરૂપં કેવલં જ્ઞાનમૂર્તિમ્''

સાક્ષાત આપ જ્ઞાનની મૂર્તિ છો. ભલે દુનિયાની દ્રષ્ટિ એ પાંચ ભૌતિક શરીર, આ માણસ જેવા લાગતા હોય, પણ એ માત્ર એ નથી. એમનો પરિચય જેને થાય એમને જ થાય, બીજા બધાને ન થઇ શકે, પ્રાપ્ત ન કરી શકે છે. સદ્‌ગુરુનો પરિચય સદ્‌શિષ્ય જ પ્રાપ્ત કરી શકે છે. જય મહારાજ વરાડ સુધી ગયા, ભજન મંડળીમાં બેઠેલા લાખા ભગતને દર્શન થયા, કે આ સંતે મંડળીમાં બેઠેલા આવી દિવ્ય વિભૂતિ એમને કૃષ્ણની મોરલીનો નાદ

સંભળાવ્યો, કેવો આવિર્ભાવ એમણે કર્યો હશે? ત્યાંથી જ ઊભા થઇને અને પાછળ પાછળ શોધવા માટે નિહાળી ગયા, કયાં ગયા? કે આ કયાં ગયા? તો શિષ્ય સદ્ગુરુને પણ ઓળખી શકે છે. સદ્ગુરુ પણ સદ્શિષ્યને શોધવા માટે નીકળતા હોય છે, કે જે અધિકારી હોય એને લઇ આવે.

**''અધિકારી હોય તેને પદ કહેજો''**

છતાં પણ આપણી પાસે સામર્થ્ય ન હોય તો કહી દઇએ,

**''અધિકારી કેમ હટે પાછો,**

**આવ્યો શરણ તમારે તે સાચો''**

આ તમારે ઉંબરે, અને તમારા દ્વારે આવ્યો અને એ જ મારું સાચું છે, એ મારું સાચું સ્થાન અને એ જ મારી સાચી અવસ્થા બસ,

**''શરણ તમારી આવ્યો તે સાચો''**

તમારા દરવાજામાં પેઠો ને એટલે એ મારો હક, અમારો અધિકાર થઇ ગયો, હવે તમારો વારો આવ્યો.

**''અધિકારી કેમ હટે પાછો''**

મારો અધિકાર કેટલો? કે આ દરવાજામાં પેઠો એટલો જ. દરવાજામાં પેઠાં પછી અધિકારી કહી દીધો, પણ એક વસ્તુ છે, પછી મહારાજ પાછો બહાર ન નીકળવા દે, જય મહારાજ પાછો બહાર ન નીકળવા દે, જય મહારાજ પાછો બહાર ન નીકળવા દે. ''અધિકારી કેમ હટે પાછો''

બોલતા તો બોલી નખાય કે આવ્યા છીએ, પણ પાછા નહીં જવાની તૈયારી છે? ના બાપજી, ઘરે તો જવું જ પડે ને. તો સદ્ગુરુ સદ્શિષ્યને હંમેશાં જાગ્રત રાખે, અને સદ્શિષ્યને પણ

એમ થાય, કે હવે પાછા આ સંસારમાં, આ દરવાજાની બહાર કયાં જવું હવે ?

**''પુરાયા છે મન મંદિરમાં મહારાજ હવે કયાં જાશો પાછા''**

કેટલો સરસ ભાવ છે? પણ આ ભાવ સતત રહેવો જોઇએ, તો સદ્‌ગુરુ સદ્‌શિષ્યનું સર્જન કરી શકે, અને એટલા માટે જ એમને કહ્યું કે,

**''ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ''**

વાત ત્યાં હતી,

**''કલેશહંતાસિ ભો ત્વમ્''**

આપ કલેશને દૂર કરવાવાળા છો, કયા કલેશો? બીજા નહિ, જે માનસિક કલેશ છે જીવનની અંદર. સાંસારિક કલેશોની જરૂર નથી, અંદર કોઇપણ રાગ-દ્વેષ ન થવો જોઇએ, મનની અંદર કોઇ કલેશ ના આવે, મનની અંદર કોઇપણ વિકૃતિ ન પેસે, કોઇના પ્રત્યે કોઇની ઈર્ષા ન થાય, આ કલેશો છે જબરજસ્ત કે આપણને આપણા આત્મતત્ત્વના માર્ગમાં જવા માટે મોટામાં મોટો વિક્ષેપ કરવાવાળા છે, માનને અપમાન, રાગદ્વેષ, ઈર્ષા, મા-બાપ થાય છો ને, તો છોકરામાંથી આ મેલ કાઢો.

''કલેશહંતાસિ ભો ત્વમ્''

બીજી રીતે ભલે અમે ગંદા રહીશું તો વાંધો નહિ, ભલે બીજું કંઇ ન મળે તો વાંધો નહિ, પણ આ કલેશ કાઢી આપો, મનમાં કયારેય ખેદ ના રહે, ઉદ્વેગ ના રહે, ચિંતા ના રહે, વાસના ના રહે બસ એટલું મળશે તો બહુ થઇ ગયું.

**''ત્વં મે માતા પિતા મે કલેશહંતાસિ ભો ત્વમ્''**

જેમાંથી આ શિષ્યની સૃષ્ટિનું સર્જન કરે છે સદ્‌ગુરુદેવ

શક્તિ વડે. ગુરુ તત્ત્વ જે છે, જે શકિત છે, આ બધાનું નિર્માણ કરી શકે છે, અને એ શક્તિ આ બધાનું નિર્માણ કરી શકે છે. ગુરુતત્ત્વ શકિત ન હોય તો કેવી રીતે સર્જન કરી શકવાના હતા? તમારી પાસે જો કમાણીની આવક ન હોય, તમે ઘર કેવી રીતે ચલાવી શકવાના હતા? એમ સદ્‌ગુરુ થાય એટલે સદ્‌ગુરુ પાસે પોતાનું સામર્થ્ય હોય તો જ શિષ્યના જીવનને એ બનાવી શકે, તૈયારી કરી શકે, એનું નિર્માણ કરીશ કે. જેમ હાથમાં કશી પણ આવક ન હોય, તો ઘર કેવી રીતે ચાલે? એમ સદ્‌ગુરુ પાસે જો સર્જનશકિત ન હોય તો શિષ્યને કેવી રીતે તૈયાર કરી શકે? પણ એ શકિત અને સામર્થ્ય છે, એટલે અહીંયા આગળ સ્તુતિના શબ્દોમાં કહ્યું કે,

**''યતો જાયતે''**

જેનામાંથી સર્જન થાય છે શિષ્યનું, પરંપરા જ છે. જેમ વંશ પરંપરા છે પુત્ર પૌત્ર દાદા વડદાદા, એમ, શિષ્ય પ્રશિષ્યની શૃંખલા, એની પેઢીઓ સદ્‌ગુરુમાંથી તૈયાર થતી હોય છે, એ પણ નિર્માણ કાર્ય છે. પણ સદ્‌ગુરુ આ રીતે પોતે બ્રહ્માની માફક સદ્‌શિષ્યોનું સર્જન કરવાનું સામર્થ્ય એમની પાસે, એમના તપમાંથી એમના જ્ઞાનમાંથી, એમના સદાચારમાંથી મળી શકે છે, અને એટલે જ જય મહારાજને અહીંયા સ્તુતિ કરતાં કરતાં કહ્યું કે,

**''યતો જાયતે''**

જેમાંથી આ બધું જન્મે છે.

|| જય મહારાજ ||

## સત્સંગ-૯૦

# 'બોલે તે સહુ સાંભળે, પણ બોલનારો ન જણાય'

પરબ્રહ્મ તત્ત્વ યોગીરાજ અવધૂત જય મહારાજનું સ્વરૂપ ત્રણેય કાળમાં છે, ત્રણેય સ્થિતિમાં છે, ત્રણે અવસ્થામાં છે, તે જય મહારાજ સ્વયં જે પરમ તત્ત્વ છે, એમાંથી નીકળેલા બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણે ને એકમાં જ સમાયેલા છે. શિષ્યનું જીવન પણ સદ્‌ગુરુમાં રહેલું છે, કે જે શિષ્ય સદ્‌ગુરુમાંથી ઉત્પન્ન થયેલો છે, સદ્‌ગુરુથી જ પલવાયેલો છે, અને સદ્‌ગુરુમાં જ વિલીન થઇ જાય છે, જેને કહ્યું કે,

**''તત્ત્વમસ્યાદિવાક્યૈઃ''**

**''જનેભ્યઃ પરં લીયતે''**

જે પરમમાં વિલીન થઇ જાય છે, એ પણ પરમપદ. પરમ પણ પરમપદ આત્માનું છે, પરમ તત્ત્વનું છે, અને પરબ્રહ્મ એ સ્વયં જય મહારાજ છે, એટલે શિષ્યનું સર્જન, પાલન અને વિસર્જન, એ ત્રણેય ક્રિયાઓ સદ્‌ગુરુમાં રહેલી છે, અને આખરે શિષ્ય સદ્‌ગુરુમાં જ વિલીન થવાનો છે.

**''લીયતે યત્ર''**

પોતાનું આત્મસમર્પણ, પોતાનું સર્વસ્વ, જય મહારાજના ચરણે મૂકી દીધું. જેમ દ્રવ્ય, વસ્ત્રો, ફળ ઇત્યાદિ ગુરુ મહારાજના,

જય મહારાજના ચરણે મૂકી દઇએ, એટલે એમની સેવામાં એમને સમર્પિત કરી દીધું, એમ જીવન પણ શિષ્યનું સદ્‌ગુરુના શરણમાં સમર્પિત થઇ જાય, એ સમર્પિત થયેલું એટલે પછી એમાંથી આપણું કશું પણ નહીં, ગુરુ મહારાજને જે દક્ષિણા આપી, બધો જ હક ગુરુ મહારાજનો, એમ સદ્‌શિષ્ય ઉપર સદ્‌ગુરુનો સંપૂર્ણ અધિકાર, અને કહ્યું કે,

**''પરં લીયતે યત્ર''**

કે જયાં આગળ બધું જ વિલીન થઇ જાય. જન્મ પણ સદ્‌ગુરુ, જીવન પણ સદ્‌ગુરુ, અને આખરે જીવનનો અંત પણ સદ્‌ગુરુમાં, બીજી કોઇ ગતિ નહીં, બીજી કોઇ મતિ નહીં, માત્ર સદ્‌ગુરુ જ, અને એ પરમતત્ત્વ છે. અને એ જે પરમ તત્ત્વ જે છે, તે આપણા પોતાનામાં છે જ, ''અસિ'', કાંઇ બહાર શોધવા જવાનું નથી, એને મેળવવા કાંઇ ઉપાય પણ કરવાનો નથી, સમય પણ લાગવાનો નથી, તું છું જ પોતે જ, જે પરબ્રહ્મનું સ્વરૂપ છે એ, તું અન્ય છું જ નહિ, પરંતુ આત્માને સમજી શકતો જ નથી. જીવ ભાવમાં જીવતો હોય પણ આત્માભાવમાં નથી જીવતું, કારણ ત્યાં આગળ અનેક વિકૃત્તિઓ, અને કર્મો, અનેક આસકિતઓ એટલી બધી કામ કરતી હોય છે, કે આત્મભાવ ભૂલી જાય ને ચાર પગથિયાં આત્મભાવથી નીચે ઉતરી જઇને જીવ ભાવ તરીકે જીવવા માટેની તૈયારી હોય છે, આત્મભાવથી નીચે ઉતરી જાય. જેની આટલી ઊંચાઇ છે દરેકમાં, અને આ શરીરને જ આટલી સગવડ મળી છે, એક માત્ર માણસને છે. માણસને અધિકાર મળ્યો છે, છતાં એનો ઉપયોગ નથી કરતો. ગુરુ મહારાજની એ શકિત, એમનું એ સ્વરૂપ, આ જે અનુભવ કર્યો અને અનુભવની વાતને આપણા માટે મૂકી ગયા, તમે સમજો.

''જનેભ્યઃ પરં લીયતે યત્ર વિશ્વમ્''

એ પદ તત્ત્વમસિ તું પોતે જ છું.

''શિષ્યાન્સંબોધયન્તમ્''

આવશે આગળ, કહેવાનું તાત્પર્ય કે તુ પોતે સ્વયં છું જ, પણ તારી જાતને ભૂલી ગયો છું.

**''સ્વરૂપ ગયો વિસરી સિંહ અજાની પ્રીત,**

**ચટકો દઈ ચેતન કરે જો તે સાન માં સમજાય**

**હરિ ગુરુ સંત કૃપા થકી પૂરણ પદ પ્રિછાય''**

આવો વિશેષ બોધ આપવાવાળા છે જય મહારાજ, સામાન્ય નહીં, તો એ વિશેષ બોધ કયો? તત્ત્વમસિ, વેદ વાક્ય છે. ચાર વેદના ચાર મહાવાક્ય છે, તત્ત્વમસિ, અહં બ્રહ્માસ્મિ, પ્રજ્ઞાનં બ્રહ્મ, અને અયં આત્મા બ્રહ્મ. આ આત્મા પોતે જ બ્રહ્મસ્વરૂપ છે, પણ એવું જ છું અહં બ્રહ્માસ્મિ, આ ચાર વાકય ચાર વેદના, એમાંનું એક આપણને મંત્ર તરીકે આપ્યું.

''તત્ત્વમસ્યાદિ વાક્યૈઃ''

લે આ વાક્ય લઇ લે. તો કેટલો સરસ ભાવ આપી દીધો, કે વેદનું વાકય અહીં જ આપણા માટે સર્વોપરી છે, તો આ જે આખું એક સ્વરૂપ આપી દીધું.

''તત્ત્વમસ્યાદિ વાક્યૈઃ શિષ્યાન્સંબોધયન્તમ્''

તો તત્ત્વમસિ વાક્ય છે, એને લીધે તો શરીર આટલું સુરક્ષિત છે. જો શરીરમાં એ આત્મચેતના પરબ્રહ્મની, એનું અસ્તિત્વ મિટાવી દો જોઇએ, શરીરમાં શું રહ્યું? કશું જ નહીં. એ હતો ત્યાં સુધી જ બધાની કિંમતી હતી, અને એ છે ત્યાં જ બધી કિંમત છે, નીકળી ગયો શરીરમાંથી પછી શરીરમાં શું રહ્યું?

ઉપાડો, કચરાનો નિકાલ કરો, સમય થઇ જાય છે, મોડું થાય છે, અલ્યા હમણાં તો ઘરમાં સાચવતાં હતાં, મારો દીકરો મારો બાપ મારી પત્ની મારો પતિ ના ના ના ના, અને હવે? તો કિંમત કોની હતી? સંબંધ કોની સાથે હતો? શરીર સાથે? શરીર તો અહીંયા પડ્યું છે. ભગવાન રામે વાલીને માર્યા પછીથી તારા રોતી કકળતી આવી, કે ભગવાન તમે આ શું કર્યું. તો ભગવાને એને આશ્વાસન આપતા કહ્યું કે, જો આ શરીર તો તારી આગળ પડ્યું છે, તું કોના માટે રડે છે? અને જે ગયો છે તે તો કયારેય પણ મરતો નથી, તું શરીર માટે રડું છું તો શરીર તો પાંચ ભૌતિક છે.

**''ક્ષિતિ જલ પાવક ગગન સમીર!**

**પંચ રચિત અતિ ય અધમ શરીરા**

**જીવ નિત્ય કેહ લગી તુમ રોવા''**

શા ના માટે રડું છું, આત્મા માટે? તો આત્મા તો ક્યારેય પણ મળતો નથી, આમ કરી ને,

''દિન્હ જ્ઞાન''

જ્ઞાન આપી દીધું, અને એ જ્ઞાન આપ્યા પછીથી એને આશ્વાસન આપી દીધું. તો એમ શરીર સાથેનો સંબંધ આત્માને કારણે જ છે, આત્માને લીધે જ છે, જો આ તત્ત્વ શરીરમાં ના રહે તો એ શરીરને કોઇ પણ ઘરમાં સંગ્રહવા તૈયાર નથી, બહુ બહુ તો આસકિતને કારણે તમે એક કે બે દિવસ ઘરમાં રાખો, અને પછી ગંધ મારવા લાગે એટલે ઊભું ન રહેવાય, આખરે એને વિદાય આપવી જ પડે. તો જય મહારાજે કહ્યું કે તું કોઇ જીવ નથી, તું કોઇ આ શરીર પણ નથી, શરીર ઇન્દ્રિયો પણ તું નથી, મન પણ તું નથી, માત્ર મન જ હું હું કર્યા કરે છે. મન પોતાની જાતને

અહંકારથી આ શરીરની સાથે, એની ઇન્દ્રિયો ના ભોગો વિષયોને હું હું જ કર્યા કરે છે, પણ એ હું નથી, પણ આપણા માની બેઠા છીએ, અને એ મનની સાથે શરીર અને ઈન્દ્રિયોના ભોગભાવમાં, એટલે આપણે આત્માને બદલે જીવ તરીકે ઓળખાઇએ છીએ, પણ જો એમાંથી ઉપર ઉઠીને આવે તો જય મહારાજ તો કહે છે કે,

**''તત્ત્વમસિ''**

તમે તત્ત્વ મસિ છો, પરબ્રહ્મ સ્વરૂપ છો.

''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમમ્''

અમે એ જય મહારાજને ભજીએ છીયે,

''હ્યાત્મનસ્તસ્ય યો વૈ''

આ વેદાંત છે. વેદોનું તત્ત્વ છે જેને સાર કહેવાય, નિચોડ કાઢ્યો હોય તે, બધું ભેગું કરી અને ઉકાળવું અને પછી પાણીમાંથી કાઢીયે, અને એનું નામ તત્ત્વ કહેવાય. તો તત્વમસિ એમ કહ્યું, આપણા જીવનમાં શું કે આખા શરીરનો નિચોડ, આખા શરીરનો સાર જે આપણને મળે તે તત્વમસિ, તે જ તું છું. આખા શરીરનો નિચોડ શું કાઢીશું? લોહી કાઢીશું? હાડકાં કાઢીશું? અત્મા, જે ચૈતન્ય સ્વરૂપ અંદર છે જેના વડે આ બોલીએ છીએ.

**''બોલે તે સહુ સાંભળે પણ બોલનારો ન જણાય''**

બોલીએ છીએ તો બધા જ સાંભળે છે, પણ બોલનારો કોણ છે? અંદર બેઠો છે. તો એ કયાંથી મળશે?

**''હરિ ગુરુ સંત કૃપા થકી પુરણ પદ પ્રીછાય''**

બસ એ સદ્‌ગુરુ આપે છે.

**''ભજે તં ગુરું ચાત્મનસ્તસ્ય યો વૈ''**

બસ એટલા માટે માત્ર સીધો જ એને બોલાવી લીધો, તત્ત્વમસિ, તે જ તું છું, બીજો નહીં. તું શરીર નથી, મન પણ તું નથી, આ સંસાર પણ તું નથી. જેમ ગાડીની અંદર ચાલકની બેઠક ઉપર કોઇ વ્યકિત બેસી, એ એમ કહેશે કે આ ગાડી હું છું? એ તો ચલાવનારો છે, એ ગાડી નથી. એમ શરીર પણ હું નથી, હું શરીરરૂપી ગાડીની ચાલકની બેઠક ઉપર બેસીને ચલાવનારો હું તો એનો ચાલક છું.

''તત્ત્વમસિ''

તું આ છું, બીજો નહીં. તો જય મહારાજને માટે સ્તુતિ કરતાં લક્ષ્મણદાસજી મહારાજ કહે છે કે,

**''યતો જાયતે પાલ્યતે''**

ત્યાં વિલીન થઇ જવાનું છે, આપણું અસ્તિત્વ જ વિલીન થઇ જવાનું છે, એ તત્ત્વ આપણે છીએ, અને એનો બોધ, વિશેષ બોધ કરાવી રહ્યા છે, કે આ ને સમજો, ભલે વ્યવહારિક જીવન છે, પરિવાર અને બધું જ છે, પણ એ બધાની સાથેના વ્યવહારમાં રહીને ઉપરામ વૃત્તિ રાખીને આ છે, જેમ મોટા શહેરના અતિ ભીડવાળા રાજમાર્ગની ઉપર તમારું ઘર કે તમારું કાર્યાલય છે, તો ત્યાં આગળ અંદર બેઠા તમે ઘણા બધા કામ કરો છો, અને એ રસ્તા ઉપર ચોવીસ કલાક ધમધમાટ અવરજવર ચાલ્યા જ કરતી હોય, અવિરતપણે વણથંભી, પણ જેમ તમે તમારા એ કાર્યાલયની અંદર તમારું કામ કરી જાઓ છો ઘરે, જે પણ કંઇ કરવાનું હોય તે, કેટલા કલાક કરવાનું હોય, એટલા કલાક એ કામ કરતી વખતે બહારની પરવા થાય છે? જુએ છે કે કેટલું આવ્યું ને કેટલું ગયું? કોણ આવ્યું ને કોણ ગયું? સ્પીડ કેટલી છે અને ટ્રાફિક કેટલો રોકાયો છે? ટ્રાફિક કેટલો અટવાયો છે એ જોવા કોઇ બહાર

નીકળ છે? એમ આપણે આપણા જીવનની અંદર પણ, આપણા નીજસ્વરૂપના કાર્યાલયની અંદર લાગ્યા રહીને સંસારની બહારના જેટલા હોય એ બધા છો ને આવીને જાય, આપણે એનાથી અલિપ્ત, ઉપરામ વૃત્તિ. આપણા જીવનની અંદર પણ ઉપરામ વૃત્તિ એવી હોય કે અનુસંધાન અચૂક થાય. આપણે પણ આપણી અંદર આપણા કાર્યાલયની અંદર બેસી, ઓફિસમાં બેસી આપણું કામ કર્યા કરતા હોઇએ નિજ સ્વરૂપનું, અને ઘરનો પરિવારનો કુટુંબનો વ્યવહાર ચાલ્યા કરતો હોય, જેમ કે ટ્રાફિક ધમધમતો હોય, કામ એમનું એમ કરવાનું, છતાં પણ સાંજના ટાઇમે આપણે આપણું કામ પતાવી અને સંતોષ માની અને ઘરે જઇએ બધો કારોબાર સંભાળીને ફરી પાછા, એ જ રીતે આપણા ઘરે સફળ થઇને જવાનું કે હાશ આજે ઓફિસમાં મેં આટલું કામ પૂરું કરવાનું કર્યું.

**''યતો જાયતે પાલ્યતે''**

બસ જયાં જન્મ્યા છે, જયાં પોસાયા છીએ, સંસ્કાર જ્યાંથી મળ્યા, અહીંયા, જય મહારાજને આંગણે, બીજે જવાનું છે કયાં? હવે તો જયાંથી મળ્યું છે આ સમજણનું ભાથું, સાથે લઇને જીવન જીવતા શીખીએ, અને એટલા માટે કહ્યું કે,

**''યતો જાયતે''**

અમે તો અહીંયા આગળ જ જન્મ્યા છીએ. એક સરસ નાનું એકઝોરાનું ઝાડ હતું, એની ઉપર એક માળો હતો બુલબુલનો, પક્ષી આવી અને બેસી જાય મારી આગળ, જોડે. પછી તો રોજનો આ નિયમ થઇ ગયો, જમીને નીકળીએ, બપોરે બગીચામાં આવીએ, બહારની બાજુએ એક સરસ મજાનું એકઝોરાનું ઝાડ હતું એની ઉપર માળો બાંધ્યો હતો, ત્યાં જઇને

ઊભા રહીએ એટલે પક્ષી આવી જાય, કયો પરિચય હશે? પછી એમાં ઇંડા મુકયા એમણે, જાણે કે આ તો અમે એક જ છીએ, અમે પણ મંદિરમાં રહીએ છીએ અને મહારાજ પણ મંદિરમાં રહે છે. પછી બચ્ચા થયા, એટલે બંને કંઇક લઇને આવ્યા હોય, બચ્ચાના મોઢામાં મૂકે થોડું થોડું, તો પાછો વૃત્રાસુરનો સ્તુતિનો શ્લોક યાદ આવે.

**''અજાતપક્ષા ઇવ માતરં ખગાઃ''**

કેમ કે બચ્ચા રાહ જોતા બેઠા હોય, કે હમણાં મારી મા આવશે. પેલા બચ્ચાને જોયા કરીએ અને ફરી પાછો એ જ શ્લોક યાદ કરીએ. પછી બચ્ચા થોડા મોટા થયાં એટલે એને ઉડતાં શીખવા માંડ્યું, ઊભા રહીને એ જોઇએ. તો ઉડતા ઉડતા બે બચ્ચા તો આમતેમ દોડતા હતા, પણ એક બચ્ચું નીચે પડ્યું, તે ઉપર ના ચડે, એ પક્ષી બોલે કે આ ડાળી એ આવ ડાળી એ આવ. આપણને પક્ષીનો અવાજ ખબર પડે, આ ડાળીએ આવ છું, બીજી ડાળીએ છે આવ પણ પેલું બચ્ચું ત્યાંથી નીચેથી ઉપર આવે જ નહીં, પછી આપણે એ બચ્ચાને ઉંચકી અને એના માળામાં મૂકયું, બંને પક્ષીઓમાંથી કોઇને કશો પણ શોરબકોર કે કકળાટ નથી કર્યો, મૂકયું એટલે એને સંતોષ શાંતિ થઇ ગઇ. પછી બચ્ચાં ઉડતા થઇ ગયાં, તો ગુલમહોરનું વૃક્ષ હતું એની ઉપર બેસે, તુલસી કયારા ઉપર આવે અને બેસે, ખુલ્લામાં ફરવા માંડે. પછી મંદિરની ધજાની લાઇટની ટોચ ઉપર બેસે. તો એની જોડે વાતો કરવાનો એટલો જ આનંદ આવે. પછી તો જમવા બેસીએ ને તો જમો જમો હુમલો આજુબાજુ જ ફરતા હોય અને જોતા હોય, જમીને બહાર નીકળી એટલે સૂઇ જાવ સુઇ જાવ સુઇ જાવ સુઇ જાવ, સુઇ જઇએ પછી બોલ્યા કરે હિંચો હીચો, તો એમાં એટલો બધો લગાવ થઇ

જાય, એમાંથી છૂટવાની ઇચ્છા ના થાય કે આ તો અમારું જ છે. એમ જય મહારાજમાં આપણે છીએ અને આપણામાં જય મહારાજ છે. સદ્‌ગુરુમાંથી જ જન્મ્યા છે, એમણે જ પાળવ્યા છે અને એમાં જ વિલીન થઇ જવાનું છે. બસ, જો પક્ષીઓને પણ આટલો બોધ જય મહારાજના સાનિધ્યમાં મળતો હોય, કે અમે તો જય મહારાજના છીએ, જય મહારાજ અમારા છે, મંદિરોમાં આ શબ્દો સાંભળવા મળે એમના અવાજમાંથી તો આપણને પણ જય મહારાજનો એક બોધ મળ્યો. લક્ષ્મણદાસજી મહારાજે સ્તુતિ કરી છે, એને જો આપણે આત્મસાત કરી શકીએ એ પક્ષીઓની માફક,

**''યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્''**

આખું વિશ્વ જન્મે છે આખું વિશ્વ એમાં જ પળવાય છે, અને વિશ્વ એમાં જ વિલીન થઇ જાય છે, અને આપ્યું છે શું?

**''તત્ત્વમસ્યાદિવાક્યૈઃ''**

આવો તત્વમસ્યાદિ ઉપદેશ બોધ વડે, વિશેષ બોધ આપવાવાળા એવા જય મહારાજને અમારા પ્રણામ.

**''ભજેહમ્''**

અમે એ જય મહારાજને ભજીએ છીએ, જે અમારા સાચા સ્વરૂપનું દર્શન કરવાવાવાળા છે. આવા સુંદર ભાવ સાથે આપણે પણ લક્ષ્મણદાસજી મહારાજની સ્તુતિને આત્મસાત કરીએ પક્ષીઓની માફક.

।। જય મહારાજ ।।

## સત્સંગ-૯૧

# 'યતો જાયતે-સૃષ્ટિની ઉત્પત્તિ'

સ્વયં સદ્‌ગુરુ પરબ્રહ્મ તત્ત્વ, જે પરમનું બ્રહ્મનું તત્ત્વ છે, પરમ આત્માનું પણ તત્ત્વ છે, એ સદ્‌ગુરુ પાસે પરમાત્માનું પરિપૂર્ણ સામર્થ્ય હોય છે. સદ્‌ગુરુ જે પણ કાંઇ બોલે છે, જે કાંઇ વિચાર આપે છે, એ પરમાત્મા તરફથી આવેલું છે કે, બોધ એ વાણી હોય છે, સદ્‌ગુરુની વાણીમાં સ્વયં પરમાત્મા જ હોય છે, સ્વયં પરમ તત્ત્વ છે, કે જેમાં આપણને વિશ્વાસ છે. જેણે આપણું સર્જન પાલન કર્યુ છે, એ સદ્‌ગુરુ સત્સંગ દ્વારા જ સર્જન કરે છે, સત્સંગ દ્વારા જ પાલન કરે છે. મનની અંદર સારા વિચારોનું પોષણ સદ્‌ગુરુના સત્સંગ દ્વારા જ થાય છે. જો ગુરુ મહારાજ પ્રાપ્ત ન થયા હોય, તો એના સંસ્કારનું પોષણ કેવું હશે? નબળું હશે, તેમાં કુસંસ્કાર હશે, વ્યસન હશે, વિકૃત્તિઓ હશે, વાસનાઓ હશે, જીવનમાં સ્થિરતા નહીં હોય. માણસ જીવનમાં ગતિ કરી શકશે. પણ પ્રગતિ નહીં કરી શકે. ગતિ ભલે તમને આપી હોય, તમારા જીવનમાં મળી હોય, પણ પ્રગતિ તો સદ્‌ગુરૂ જ કરાવી શકશે. કેમ? સાચી સમજણ સાચું જ્ઞાન, એમનું ઉદ્‌ભવ સ્થાન માત્ર સદ્‌ગુરુ જય મહારાજ જ છે. જય મહારાજના સ્વરૂપને આપણે જેટલા પામી શકીશું, ઓળખી શકીશું, જે પણ કાંઇ સમય મળે એ સમય દરમિયાન જેટલા એમની સાથે સત્સંગથી પરિચય કરી

લઇએ એમના વિચારો નો, આપણા વ્યવહારનો, અને સત્સંગના વિચારો પ્રાપ્ત થતા થતાં આપણા વ્યવહાર અને વર્તનમાં પરિવર્તન આવે, તેનું નામ છે સંબંધ, એનું નામ છે નાતો. તો સદ્‌ગુરુ આ રીતે દરેક વ્યકિતના જીવનમાં માત્ર સત્સંગ દ્વારા સર્જન થતું હોય છે, અને એ સર્જન વડે એનામાં ઘણું બધું નિર્માણ થતું હોય છે, કે જેના વડે તે પોતે પોતાના જીવનને સાચી રીતે જીવી શકે, અને પોતાના જીવનને સાચી રીતે સાચવી રાખે. જીવન સાચવવું એટલું બધું સહેલું નથી, સમયનો સદુપયોગ કરવો એટલો બધો સહેલો છે? એટલો બધો અઘરો છે, કે માણસ એ જલ્દી મેળવી શકતો નથી, કરી શકતો નથી. સમયના સદ્‌ઉપયોગ માટે સદ્‌ગુરુના સાનિધ્યમાં સદ્‌ગુરુના શરણે જવું પડે છે. સમય કેવો છે, કેવો કિમતી છે, એનું જ્ઞાન સદ્‌ગુરુ સત્સંગ દ્વારા આપશે, ત્યાર પછી જ સમયની કિંમત સમજાવશે. આ બધું અજ્ઞાન દૂર કરી અને સાચી સમજણ જય મહારાજ આપે ત્યારે આપણે આપણા જીવનની અંદર આપણું કલ્યાણ કેમ થાય એનો સાચો અનુભવ થશે, પરિચય થશે. તો અહીં કહ્યું કે,

**''યતો જાયતે''**

જયાંથી આ જગતની આ સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે, કયું તત્ત્વ છે? એ સદગુરુતત્ત્વ છે. માણસના જીવનની અંદર આટલું બધું સર્જન કરાવનારા એક સદ્‌ગુરુ, એક વ્યકિત, એ માત્ર સામાન્ય વ્યકિત નથી. સદ્‌ગુરુમાં સામર્થ્ય છે, અને એ સામર્થ્ય વડે કેટલાય જીવોનું સર્જન થતું હોય છે, કે જેને કારણે આ સંસારમાં સારા માણસો ઉપલબ્ધ થઇ શકે છે.

**''જો ના હોત સંત તો જલ મરતાં સંસાર''**

જો સંતો મહાપુરુષો આ સંસારને ન મળતાં હોત ને તો આ

સંસારની આગની ભઠ્ઠીમાં બધા જ લોકો બળી જાત. પણ સદ્‌ગુરુનું સર્જન છે, કે માણસને એટલો સરસ ઘડે છે, એટલો સરસ ઘડે છે સદ્‌ગુરુ, કે સંસારના લોકોને એમની પાસે જવાનું મન થાય, એમના દર્શન કરવાનું મન થાય, એમની પાસે બેસવાનું મન થાય, કે ચાલો આ તો બહુ જ સારા છે, પણ એ કયાંથી થયા? કોઇક વિભૂતિના શરણે રહ્યા હશે, એમની પાસેથી કાંઇ પામ્યા હશે, કંઇક મેળવ્યું હશે, ત્યારે એ જીવન ઘડાયું છે. વ્યકિત તરીકે માણસ જન્મે છે તો ખરો, પથરા જેવો, પણ એનું ઘડતર થાય, અને એ ઘડતર દ્વારા એક સજ્જન એમાંથી બહાર આવે, રાક્ષસ નહીં, રાક્ષસ તો અણઘડ પથ્થર જેવો છે, ગમે તેને ઠોકરે ચડાવતો હશે, કોઇને વાગશે. જયારે અનગઢ જેવા રાક્ષસને પથ્થરમાંથી સદ્‌ગુરુ એમાંથી મૂર્તિ કાઢે, એને કંડારી નાખે, ઓહો, આનું વ્યકિતત્વ કેટલું સાત્ત્વિક છે, કેટલું સજ્જનતાવાળુ છે, કેટલી સૌમ્યતા છે, કેટલો સંયમ છે. આ બધા સદ્‌ગુણ જે પથ્થરમાં હતા ને, સદ્‌ગુરૂએ એને બહાર કાઢયા, જીવનને એમણે વિકસાવ્યું, ત્યારે એ સરસ દર્શનીય પૂજનીય મૂર્તિ બની છે. માણસ જ છે, સામાન્ય માણસની માફક એને પણ હાથપગ હોય, મોઢું હોય છે, માથું હોય છે, પણ એમાં સદ્‌ગુરુનું ઘડતર છે. અને ગુરુ મહારાજ એને જે પણ કાંઇ સત્સંગ આપે, જે પણ કાંઇ શિક્ષા આપે, જે પણ કાંઇ શિક્ષણ આપે, એ બધું જે એના ઘડતરમાં કામ લાગતું હોય છે, એનું ઘડતર કરાય છે, એક આદર્શ વ્યકિતત્વ ઉપસી આવે એમાંથી જેમ પથ્થરમાંથી સરસ મૂર્તિ ઉપસાવી શકે કલાકાર, એમ સદ્‌ગુરુ એક વ્યકિતમાંથી, એક માણસમાંથી સરસ મહાપુરુષનું સર્જન કરે છે, કે તેની આ સંસારને જરૂર છે એવા મહાપુરુષ મળે છે. તો સદ્‌ગુરુમાં આટલી મહાન શક્તિ છે.

**"અલબ્ધશાણો..."**

કોલસાની ખાણમાંથી નીકળેલો હીરો, સાફસુફ કરીને તેનો આકાર આપી અને મુકયો હોય, તો એવી કિંમત અબજો થઇ જાય, એમ માણસને પણ સદ્‌ગુરુ જયારે સરસ રીતે એને આકાર આપે, જયારે તેને ભણાવે ત્યારે ખૂબ કડકમાં કડક વલણ રાખે. એક વિદ્યાનંદજી કરીને સંત હતા, જન્મથી પ્રાજ્ઞાચક્ષુ, અંધ, પણ એટલા બધા વિદ્વાન એટલા બધા વિદ્વાન, તમે હિન્દીમાં કે ગુજરાતીમાં કંઇક બોલો તો તરત જ એ સંસ્કૃતમાં શ્લોકો બનાવી અને બોલે. કહે કે જયારે ગુરુ મહારાજ પાસે ભણતા ત્યારે આકરામાં આકરી સજા. આટલું તૈયાર કરવું જ પડે. અને અહીંયા પાછળની બાજુએ એક ઉમરાડાનું વૃક્ષ હતું, પોતે અંધ હતા, એટલે ગુરુજી તેમને સોંપીને જાય કે આટલું તૈયાર કરો, તો ઉમરાડાની પ્રદક્ષિણા કરતા જાય બધા સુત્રો ગોખતા જાય, અને ફરતા જાય, પણ તૈયાર ન થયું હોય અને કોઇક પજવવાવાળો આવે, વિદ્યાનંદ તેરા ગુરુ આયા, તો ધ્રુજે આમ, આ તૈયાર કર્યુ નથી ને.

**"પરુષાક્ષરાભિઃ તિરસ્કૃતાઃ"**

સહન કરવું પડે. જેમ પથ્થર ઉપર ટાંકણા ચાલે, હથોડા ચાલે, કે ટાંકણા અને હથોડા વાગે, એ છોતરા ઉડે ત્યાર પછીથી એમાંથી આદર્શમૂર્તિ બને, એમ ગુરુજનો પણ શિષ્યને તૈયાર કરવા માટે આટલા બધા કડક રહેતા હતા. ત્યારે એમાંથી આદર્શ પુરુષો તૈયાર થતા હતા. તો એવા સદ્‌ગુરુ માટે કહ્યું કે,

**"યતો જાયતે"**

પણ સાચું જીવન અને એના જીવનની અંદર સાચો માર્ગ એ માત્ર સદ્‌ગુરુ જ બતાવી શકશે, એનું જીવન પણ એ જ કંડારી શકશે. તો આમ તો હીરાને સારણે ચડાવ્યો અને પછી એને ખૂબ

ગમશે ત્યારે એનો આકાર અને પહેલ નીકળે. પણ સારણે ચડતાં અંદર ફાટી ગયો તો એની કિંમત ખલાસ થઇ ગઇ. ટુકડા થઇ જવાનો, અને બહુ જ અંદર ફાટી ગયો તો હિરાભસ્મ તરીકે વૈદ્યને ત્યાં જતો રહે, એમ સદ્‌ગુરુ જયારે શિષ્યની આટલી બધી આકરી તપસ્યાની અંદરથી પસાર કરાવે, અને તે વખતે જો તતડી જાય મગજથી તો એની કિંમત પતી ગઇ. જા ભાઇ તારે ઘરે, એ કંઠસ્થ કરવા આપે અને પેલા ફરતા-ફરતા તૈયાર કરે, તૈયાર કરવામાં જો મોડા પડી જાયને તો શું કહે? જા તારા ઘરે જતો રહે. પણ જો તતડયા વગર, અકળાયા વગર, ગુસ્સે થયા વગર, નિરાશ થયા વગર તરત એકદમ જલદી તૈયાર કરીને, આ તો તેજસ્વી છે, બહુ જ ચમકે એવો હિરો છે, સદ્‌ગુરુ એને ચમકાવી પણ દે. તો સર્જનાત્મક શક્તિ સદ્‌ગુરુ પાસે છે, સદ્‌ગુરુ એનું સર્જન કરતાં હોય છે જુદી જુદી રીતે. તો આ બધી જ શક્તિ સદ્‌ગુરુ પાસે હોવાને કારણે કહી દીધું કે,

**''ગુરુર્બ્રહ્મા''**

ગુરુ મહારાજ આપ સાક્ષાત્ બ્રહ્મા જ છો. બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરે છે, તો સદ્‌ગુરુ સત્યનું સર્જન કરે છે. માતાપિતા છે, તે વંશનું, કુટુંબનું સર્જન કરે છે, પણ સદ્‌ગુરુ! સદ્‌ગુરુને બ્રહ્મા કહ્યાં, પણ કોઇ ગૃહસ્થને બ્રહ્મા નથી કહ્યું, કે તમે તમારા કુટુંબનું સર્જન કરો છો, છતાં એને બ્રહ્મા નથી કહેતા. જે પણ કાંઇ શકિત છે, વિદ્યા છે, તપ છે, અંદર રહેલી જે ઊર્જા છે એમાંથી જે તૈયાર થાય શિષ્ય, ત્યારે સદ્‌ગુરુને બ્રહ્મા તરીકે એના મનની અંદર એક સ્થાન મળી જાય, કે સદ્‌ગુરુ એ તો એક બ્રહ્મા સ્વરૂપ છે, સર્જન કરનારી એક શક્તિ છે. તો સદ્‌ગુરુ એક સર્જનાત્મક શકિત હોવાને કારણે અહીં કહી દીધું કે,

**"યતો જાયતે"**

સદ્‌ગુરુ કે જેમાંથી આ જગત જન્મે છે. બ્રહ્મા આખી સૃષ્ટિનું સર્જન કરે છે. સદ્‌ગુરુ પણ વૈચારિક સાત્ત્વિક સૃષ્ટિનું સર્જન કરે છે. સત્સંગ વડે એ એમના વિચારોનું સર્જન દરેકના માનસ સુધી, મન સુધી, પહોંચે બધા ના મનની અંદર એની અસર થાય, એટલે એક સર્જનાત્મક શક્તિ બની ગઇ. તો આ સર્જનશક્તિને અહીંયા આગળ લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજનો પરિચય આપ્યો કે જય મહારાજ શું છે? જયાંથી આ બધી ઊર્જા સર્જન થાય છે, ઉત્પન્ન થાય છે, જનરેટ, કે જયાં આગળથી બધું ઉત્પન્ન થયા કરે છે, એ સર્જનાત્મક શક્તિ જયાં સદ્‌ગુરુની અંદર ઉદ્‌ભવે છે, એને કારણે આ જગતના અનેક જીવોનું કલ્યાણ થાય, સાચી સમજણ મળે, એને સદ્‌ગતિ મળે. એનો આ લોક અને પરલોક બંને સુધારી આપે એ સદ્‌ગુરુ છે. તો સદ્‌ગુરુના આવા ભાવો શિષ્યના મનમાં કેળવાય, અને શિષ્ય સદ્‌ગુરુનો પરિચય આપે, કે જુઓ સદ્‌ગુરુ મહારાજ કેવા હોય. કરેલા ઉપકાર વિષે ગુરુ મહારાજ તો કોઇ દિવસ બોલવાના નથી તમારે જેવી રીતે ઓળખવો હોય અને જેવી રીતે જોવો હોય તેવી રીતે જુઓ, એ પોતે તમને એમ ના કહે કે હું જ્ઞાની છું, હું ત્યાગી છું, તમને દેખાય તો જુઓ. એ કદી પોતાનો પરિચય કોઇને પણ નહીં આપે, પણ શિષ્ય દ્વારા સદ્‌ગુરુનો પરિચય થાય, ભકત દ્વારા ભગવાનનો પરિચય થાય. ભગવાન કોઇ દિવસ એમ નહીં કે કે હું ભગવાન છું, કૃષ્ણએ કહ્યું કે હું ભગવાન છું? રામે કહ્યું કે હું ભગવાન છું? પણ ભકતોએ ઓળખાવ્યા કે આ ભગવાન છે, એમનામાં આ સામાર્થ્ય આ શકિત છે. એમ સદ્‌ગુરુની અંદર પણ જે શક્તિ રહેલી છે સર્જનાત્મક, એનો પરિચય સદ્‌શિષ્યને થાય, કે જય મહારાજનું

સ્વરૂપ જય મહારાજની શક્તિ, એ આવી છે, એમ લક્ષ્મણદાસજી મહારાજે આપણને પરિચય કરાવ્યો કે,

**''યતો જાયતે''**

એમાંથી ઉદ્‌ભવે છે આખું જગત આખી સૃષ્ટિ, આ કોઇ સામાન્ય વસ્તુ નથી. સદ્‌ગુરુ, એ મહાપુરુષોના શ્રીમુખ દ્વારા જે પણ કાંઇ વિચારો નીકળે છે, જે વાણી નીકળે છે, તે એ બધી જ વાણી કયાંક ને કયાંક આ જગતના સંસારના લોકોને જરૂર પડવાની છે, અને એટલા માટે,

**''યતો જાયતે''**

શું નહીં બનતું હોય ? કયું જ્ઞાન નહીં અપાતું હોય, કયું માર્ગદર્શન નહિ મળતું હોય. જાવ મહાપુરુષો પાસે, સંતો પાસે. રામકૃષ્ણ પરમહંસ, એમની પાસે જેવો માણસ જે જાય એવો જ એમની સાથેનો વ્યવહાર, એની સાથેનો સત્સંગ, એને ન સમજાય તેવી કોઇપણ વાત નહીં કરવાની, એને અનુરૂપ જ વાતો થાય એને બોધ મળે અને સત્સંગમાં એને પુરેપુરો સંતોષ થાય, એ લઇને જાય, એને પોતાને એમ થાય કે હાશ હું કંઇક મેળવીને આવ્યો, હું કંઇક લઇને આવ્યો, કંઇક સર્જન કરીને આવ્યો, મારા પોતામાં સદ્‌ગુરુ પાસેથી, એટલે જેનામાંથી જન્મે છે,

**''યતો જાયતે''**

સંસારની અંદરની જે શાંતિ છે, સાચી સમજણ છે, એ કયાંથી ઉત્પન્ન થઇ? કોણે ઉત્પન્ન કરી? સદ્‌ગુરુએ, અને એટલા માટે સદ્‌ગુરુ, સર્જનાત્મક સાત્ત્વિકતા જેની પાસે છે એને સદ્‌ગુરુ કહેવામાં આવે છે, અને સદ્‌ગુરુ નિર્માણ કરે છે, વ્યકિત નિર્માણ કરે છે, બીજું નહીં. વ્યકિત નિર્માણની શક્તિ આપણામાં કયાં છે

એટલે કે માણસ કયાંક ભટકતો હોય, કયાંક સંયમ વગરનો હોય, કયાંક દુરાચારી હોય, એને સીધો કરવા પ્રયત્ન કરવો જોઇએ, તમારા ઘરના છોકરાને સદાચારી બનાવવા માટે પ્રયત્ન કરો જોઇએ, કેટલી મહેનત થાય છે ? કેટલો બધો કલેશ થાય છે ? તો જો એમાં આટલી શક્તિ વપરાતી હોય, છતાં સંતોષ ન થતો હોય પોતાના બાળકો માટે, તો એ સર્જન શક્તિમાં કઈ કચાસ છે ગૃહસ્થી તરીકેની, તે બાળકોને આપણે કરી શકતા નથી. પણ સદ્‌ગુરુ એને કેળવી શકે છે, એના જીવનમાં સાચો પ્રાણ ઊર્જા પૂરી શકે છે, અને ત્યાંથી આ બધું ઉત્પન્ન પેદા થાય છે એટલા માટે,

**''યતો જાયતે''**

સદ્‌ગુરુ મારામાં છે અને એમનામાં હું છું. ગુરુ મહારાજના વિચારો આપણામાં આવે અને આપણી વૃત્તિઓ જય મહારાજનામાં રહે, એ તો ઓતપ્રાતતા જ થઇ ગઇ. જેમ ઘી ગોળ અને લોટ ભેગા કરો જોઇએ, એટલા લાડુ જ થઇ જવાનો છે, એમાંથી એક પણ જુદા રહેવાના નથી, તો સદ્‌ગુરુ પણ જુદા રહેતા નથી અને શિષ્ય પણ જુદો રહેતો નથી. એમાંથી સર્જન થાય છે એનું નામ છે જ્ઞાન, એ સર્જનાત્મક શક્તિ જ આ જગતની અંદર સાધુતા બનાવે છે, અને એ સાધુતા સૌને ઉપયોગી થઇ પડે છે, એટલા માટે સદ્‌ગુરુમાં બ્રહ્માની શક્તિ રહેલી છે, બ્રહ્મતત્ત્વ સદ્‌ગુરુની પાસે છે, અને એ બ્રહ્મશકિત છે એટલા માટે કહ્યું કે એ સર્જનશક્તિનું બીજું નામ આપ્યું.

**''યતો જાયતે''**

ત્યાર પછી પ્રવાહ વધે એમ સદ્‌ગુરુનું ઉદ્‌ગમ થવું, જેમ જેમ એને આપવા માંડે શિક્ષણ તેમ તેમ એ ઉદ્‌ગમસ્થાનમાંથી નીકળી અને જીવંત નદી, પ્રવાહિત નદી,જેવું જીવન જીવી શકે છે,

અને એટલા માટે સદ્‌ગુરુને આ બ્રહ્માંડમાં પદ આપ્યું છે, અને એક બ્રહ્મત્વ એટલે જે પરમ તત્ત્વ પરમાત્મા છે, આખી સૃષ્ટિનું કેન્દ્રસ્થાન બ્રહ્મ, એ પરબ્રહ્મના કેન્દ્રમાં સદ્‌ગુરુનું સ્થાન રહેલું છે. પરબ્રહ્મના કેન્દ્રની જે શક્તિ છે, એની અંદર જે સર્જનશકિત છે, એવી ને એવી સર્જનશકિત સદ્‌ગુરુમાં પડેલી છે. અને સદ્‌ગુરુ શિષ્યના હૃદય અંતઃકરણ સુધી પ્રવેશ કરીને, એનામાં જે કાંઇ સર્જન કરે છે ઉત્પન્ન કરે છે, એ પણ એક દુનિયા એક સંસાર છે ગુરુ-શિષ્યનો આપણી સંસ્કૃતિનું, ઋષિઓનો પરંપરાનો વારસો છે, કે જે સર્જન આપણી સંસ્કૃતિનું સંસ્કાર બની ગયું, અને એની પરંપરા આજે પણ, એ સદ્‌ગુરુની ભાવના, ગુરુ તત્ત્વ, ગુરુપૂર્ણિમા, આ બધું શું છે? કે એમાં 'યતો જાયતે'ની ભાવના છે. જ્યાંથી આટલું બધું મળે છે, ચાલો ને એમની પાસેથી, એમને શરણે જઇએ, એમની પાસેથી મળશે. એમ આવા મહાપુરુષોના વહેતા પ્રવાહની નજીકમાં જઇશું તો દુઃખ અને અશાંતિ દૂર થવાના જ છે, સાચી સમજણ મળવાની જ છે, એટલા માટે આ જીવનની અંદર સદાય સંસ્કારોનું ઉદગમ સ્થાન તો એ સદ્‌ગુરુ છે, એટલા માટે એમને બ્રહ્માનું નામ આપ્યું છે.

|| જય મહારાજ ||

## સત્સંગ-૯૨

# "ત્વમેવ સર્વમ્"

પરમ અવધૂત યોગીરાજ પરમતત્ત્વ અતિ કૃપા કરવાવાળા છે, શરણે આવેલા સહુને જય મહારાજ માત્ર સુખ જ આપે છે. સ્વયં સુખનો ભંડાર છે, સુખનો સાગર છે. જેમ સમુદ્રના કિનારે જઇએ એટલે અથાગ જલ પાણી હોય, એમ જય મહારાજ સુખના સાગર છે, ત્યાંથી તાપ પણ છૂટે અને તરસ પણ મુકત થાય. તો જય મહારાજ સૌને માટે તત્પર છે. જે પણ કોઇ જીવ અતિ પાપી હોય, તો પણ પાપીમાં પાપી જીવનો પણ જય મહારાજ ઉદ્ધાર કરે છે, એનામાં સાત્વિકતાનું સર્જન કરે છે. જય મહારાજની વાણીમાં એટલું તેજ છે, એટલું ઓજ છે, એને એમાંથી નવો જન્મ મળે છે, નવો સંસ્કાર મળે છે, નવો વિચાર નવી શાંતિ મળે છે, અને જે નવું પ્રાપ્ત થાય છે, જે નવું જન્મે છે, એની માટે કહ્યું કે,

**"યતો જાયતે"**

સદ્‌બુદ્ધિ, સદ્‌સંસ્કાર, સંયમ, સદાચાર, આ બધું જ જય મહારાજના સાનિધ્યથી જ આપણામાં પ્રગટે છે, જન્મે છે, જય મહારાજ એના પિતા છે. આપણામાં જે પણ કાંઇ સત્કર્મ જન્મે છે, એ બધાના જય મહારાજ પિતા છે, એ બધાના જનક છે. એટલા માટે કહ્યું કે,

**''યતો જાયતે''**

જય મહારાજના શ્રીમુખની એ સૌમ્ય મધુર વાણી અંતઃકરણને શાતા આપે, સંસ્કાર આપે, શાંતિ આપે, સંયમ આપશે, સદાચાર આપશે, અને એમાં દરેક સત્સંગીના મનની અંદર સત્સંગ વડે એવા સંસ્કાર જન્માવશે, એવા સંસ્કાર આપશે, તો એમ થાય કે બસ આપણે બીજે કયાં જવું, બીજા કોને બાપ કહેવા, બસ જય મહારાજને જ કહીએ કે,

''ત્વમેવ માતા ચ પિતા ... ત્વમેવ સર્વમ્ મમ દેવદેવ''

તો જય મહારાજના સ્વરૂપમાં જ સાક્ષાત્ ભગવાનના દર્શન થાય. ગુરુ ભગવાન સ્વયં છે, કારણ જે શરણે આવ્યો છે, સત્સંગી છે, સદાચારી છે, એને જય મહારાજ બધું જ આપતા હોય છે. તો જય મહારાજનું સામર્થ્ય દરેકના જીવનને આકાર આપવાનું છે. માટી પડી હોય પણ એ માટીને આકાર આપવો એ કુંભારનું કામ છે, પ્રજાપતિનું કામ છે. બ્રહ્માને પણ પ્રજાપતિ કહ્યા છે. તો માટી એ માટી છે, એ માટીના ઢેફાને કોઇ માથે લઇને ફરશે ખરું? બજાર વચ્ચે લોકો એને મૂર્ખ કહે, પણ એ માટીમાંથી સરસ મજાનું માટલું ઘડાયું હોય, એની ઉપર સરસ રંગોળી થઇ હોય, વરઘ હોય, તો કેટલા બધા ઘરેણા અને સરસ કપડાં પહેરી સજીને, એ માટલી માથે મુકાય, બહુ જ સરસ શોભે છે. ત્યારે એ માટીમાંથી ઘડતર થયું ત્યારે પ્રજાપતિએ માટલાને જન્મ આપ્યો, એની ઉપર સરસ મજાનો આકાર ચિતરામણ થયું, ત્યાર પછી અવસરે માથે મૂકીને ભર બજારે બેન્ડવાજા સાથે ગાતા ગાતા નીકળે, અને એમાં એની શોભા. પણ જો માટીનું ઢેફું માથે લઇને નીકળે બેન્ડવાજા વગાડતા નીકળે તો? તો જય મહારાજ તો ઘડતર કરનાર છે, અને ઘડતરની શોભા હોય, એની કિંમત હોય, તો

જયાંથી ઉદ્ભવ્યું છે આ જીવન, જીવનની અંદર સાધુતા ઉદ્ભવી, જીવનની અંદર સંસ્કાર ઉદ્ભવ્યો, જયાંથી જીવનને સંયમ અને સદાચાર અને સાત્ત્વિકતા મળી, એ સ્થિતિ જેણે અપાવી, જેણે આપી, એ કેવા શક્તિશાળી હશે? તો

**''યતો જાયતે''**

આ બધું જયાંથી મેળવાય છે, જયાંથી પ્રાપ્ત થાય છે, જન્મે છે, જેનાથી આ વિશ્વ ઉત્પન્ન થયું છે, બસ માત્ર શિષ્ય એકલો જ નહીં સમસ્ત વિશ્વ એમાંથી ઉત્પન્ન થયેલું છે. જે જે જય મહારાજના, ગુરુ ભગવાનના શરણે આવ્યા અને એમની પાસેથી જે પણ કાંઇ બધું મળ્યું, એમાંથી એક જ ભાવ જાગે, કે ઓહો મારું તો સર્વસ્વ જય મહારાજ છે,

**''મમ દેવદેવ''**

આપ મારું બધું જ છો, અને મારા ભગવાન પણ આપ જ છો, કેટલો ઊંચો ભાવ છે? તો પછી જેને આ બધું પ્રાપ્ત થયું છે એને માટે તો, પ્રભુ મને તો મારી આખી દુનિયા આપનામાં જ દેખાય છે. જેમાંથી વિશ્વ ઉદ્ભવ્યું છે એ પરમ તત્ત્વ છે, ગુરુ મહારાજ પણ શિષ્યના જીવનની અંદર આ બધું પ્રગટ કરાવે છે, સમગ્ર વિશ્વ અને વિશ્વનું દર્શન કરાવે છે, કે જો આ, એટલે એમ થાય કે,

**''ત્વમેવ સર્વમ્''**

એટલે સર્વનો ભાવ છે કે, મારી આખી દુનિયા આપણામાં જ છે. જે ગણો તે મારી આખી દુનિયા, જય મહારાજથી દૂર જવું નથી કયાંય, તો સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ જયાંથી થતી હોય, એમનું સામર્થ્ય કેટલું હશે? અને એ જ શક્તિ ભગવાનની, ગુરુ

ભગવાનના સ્વરૂપે આવતી હોય છે. ગીરનારના સમૂહને ખૂબ સરસ રીતે સજાવી અને જે શરણે આવ્યા છે જે સત્સંગી છે એનામાં ઉતારી દેવાનું,

**''પાલ્યતે''**

સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર પણ આપ છો, અને અને એનું પાલન કરનાર પણ આપ જ છો, અને એ તત્ત્વ જે છે તે તત્ત્વ પણ આપ જ છો, પાલન કેવું કરે? સારું જ્ઞાન આપીને, તને પોતાનો સ્વજન બનાવીને, સારા સજ્જન બનાવીને આપેલા જીવનને શાંતિથી જીવો, સદાચાર પૂર્વક જીવન જીવો, આનંદથી જીવન જીવો, કોઇ કલેશ નહીં, કોઇ દુર્વ્યવહારથી પણ દૂર રાખવા માટે સતત માતા પિતાની માફક આપણું જતન કરતા હોય,

**''યતો જાયતે પાલ્યતે''**

કે આ વિશ્વનું પોતે સદાચારી થઇને હંમશને માટેનું પાલન કરતા હોય છે. જેમ માળી પોતાના બગીચાને ખાતર આપી પાણી આપે, એને ખોદે, એને સાચવે, એની માવજત કરે, એમ ગુરુ મહારાજ પણ લાલન પાલન કરે છે. કયાં બધાને સાચવવાના છે, એમના જીવનને સફળતા પ્રાપ્ત થાય, એમનું જીવન સદાચારી બને, અને એ પ્રમાણે ગુરુ મહારાજ એનું માર્ગદર્શન કરતા હોય છે. રોજ બોધ સ્વરૂપે, સત્સંગ સ્વરૂપે એને એવું ભોજન આપે, એને રોજનું ભોજન આપે, આહાર આપે, કે એના વડે એનું પોષણ થાય, એના વિચારો ખીલે, એનામાં જીવન જીવવાની સાચી સમજ અને સંયમ પ્રાપ્ત થાય, અને એ રીતે સદાયને માટે શરણે આવેલા શિષ્યનું પાલન કરવાવાળા આપ જ છો.

**''યતો જાયતે પાલ્યતે''**

એટલો સરસ ભાવ છે, કે જેમ પરમ ભરણપોષણ,

‘‘યોગક્ષેમમ્ વહામ્યહમ્’’

ગીતમાં ભગવાને કહ્યું કે, જે ભગવાનને અનન્ય ભાવથી ભજે છે, ને એનું યોગક્ષેમ બધું જ હું પુરું કરું છું, ભરણપોષણ, જીવનની બધી જ જરૂરિયાતો પહોંચાડી આપે. એક પરિવાર હતો, ચાર ભાઇઓ હતા, બ્રાહ્મણ હતા, બિલકુલ સામાન્ય સ્થિતિનું ઘર હતું, અને સંયુકત કુટુંબ હતું, ત્રણ ભાઇઓ કાંઇ વ્યવસાય નોકરી ધંધો કરતા, અને એક ભાઇ હતો, મોટો, તે રોજ ગીતાનો જ પાઠ કરે, સવારે ઊઠીને નદી કિનારે જાય, સ્નાન કરી અને એક વૃક્ષ નીચે બેસે, ત્યાં ગીતાજીનો પાઠ કરી ભગવત સ્મરણ કરે, જાપ કરે ધ્યાન કરે, અને બપોરે જમવા આવે. જમીને થોડો આરામ કરી અને ફરી પાછા નદી કિનારે જઇ વૃક્ષ નીચે બેસી ભગવાનનું ધ્યાન, ગીતાનો જેનો અર્થ છે એ સત્સંગ વાંચવા માંડે, સાંજ પડી ઘેર જાય, આ એમનો નિત્યક્રમ થઇ ગયો હતો. વર્ષો સુધી. કુટુંબ મોટું થયું, ત્રણ ભાઇઓ ધંધો કરી કમાય, છતાં પણ પુરું થતું ન હતું પરિવારનું, પછી ચારે ભાઇઓ એ સાથે બેસી અને કહ્યું કે મોટાભાઇ આપ તો મોટા છો, ઘરનું પૂરું થતું નથી, મોંઘવારી વધતી જાય છે, તો તમે પણ કંઇ થોડું કામ કરો, ઘરમાં ટેકો થાય, બે ત્રણ વાર આ વાત નીકળી, પણ મોટાભાઇ એ કાંઇ લક્ષમાં લીધું નહિ બસ પોતાનું કામ કર્યા કરે, રોજનો નિત્યક્રમ, જ્ઞાન, જાપ પૂજા પાઠ નિત્યનિયમ. પછી ફરી એક વખત ચારે ભેગા થયા, પેલા ત્રણ ભાઇઓ થાકીને કહ્યું કે મોટાભાઇ હવે આપણે જુદા થઇ જઇએ, કારણ કે મોંઘવારીમાં આ સંયુકત કુટુંબ નથી પલવાતું, નથી સચવાતું, તો મોટાભાઇ એ કહી દીધું કે સારું, તમારે જે પણ કાંઇ જોઇએ તે લઇ લેજો, અને બાકીનું મારા માટે

જે પણ કાંઇ રાખવું હોય તે રાખી મુકજો, તે હું જોઇ લઇશ, ઉદાસીનતા, તમારે જે જોઇએ તે તમે વહેંચી ને લઇને જજો, મારે ભાગ જે પણ કાંઇ આવશે તે હું લઇશ, આમ જુદા થઇ ગયા. મોટાભાઇનો તો એ નો એ જ નિત્ય ક્રમ ચાલુ રહ્યો, કોઇ નોકરી ધંધો ખેતી કશું પણ નહીં, રોજ સવારે ઊઠીને નદી કિનારે જઇ, સ્નાન કરી વૃક્ષ નીચે બેસી અને પોતાનું નિત્ય કર્મ કર્યા જ કરે, સવારથી સાંજ સુધી. થોડો વખત આ રીતે ચલાવ્યું, પછી એક દિવસ બપોરે બ્રાહ્મણ ઘરે ગયો, કહ્યું કે જમવાનું બનાવ્યું છે? તો કહે કે આજે તો કાંઇ જ નથી, ઘરમાં કશું જ નથી, શું બનાવવું? તો પેલા બ્રાહ્મણને એમ થયું કે, અરે મારો ભગવાન ગીતામાં એમ કહે છે કે

અનન્યાશ્ચિન્તયન્તો મામાં યે જનાઃ પર્યુપાસતે ।

તેષાંમ્ નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ।।

જે અનન્ય ભાવથી મારી ઉપાસના કરે છે, મારું ભજન કરે છે, એમનું યોગક્ષેમ એટલે કે આખું ઘર હું ચલાવું છું એમ કહ્યું છે. બ્રાહ્મણ કહે કે બ્રહ્મ ભગવાન જૂઠું બોલે જ નહીં, આજે મારા ઘરમાં ખાવાનું કેમ નથી, એટલે પાછો જતો રહ્યો, અને ગીતાનો ફરી પાઠ કરવા બેઠો. ગીતાનો નવમો અધ્યાય આવ્યો, અને એમાં બાવીસમો આ શ્લોક આવ્યો, ‘‘યોગક્ષેમં વહામ્યહમ્’’ એટલે બ્રાહ્મણે એ શ્લોક ઉપર કાળી સહીથી લીટો મારી દીધો, ચેકો મારી દીધો. એ બ્રાહ્મણ પોતે અપરિગ્રહી હતો, કોઇનું એમ ને એમ લેવું નહીં, કોઇની પાસે માંગવુ નહીં, તો એણે એની પત્નીને પણ કહી દીધું હતું કે કોઇ આપવા આવે ને તો લેવું નહીં, દાન-દક્ષિણા, અપરિગ્રહ અયાચક, માંગવાનું નહીં એટલું જ નહીં પણ કોઇ આપે તો પણ લેવાનું નહીં, એટલે આટલી સૂચના તો કડક

આપી દીધી હતી. હવે આ બાજુએ એ બ્રાહ્મણે શ્લોક ઉપર ચેકો માર્યો, ખૂબ વિચાર કર્યો કે ભગવાનું વાકય સાચું જ હોય, ભગવદ્ વાકય તો સાચું જ હોય, આજે આમ કેમ બન્યું? આમ વિચારતા વિચારતા એણે ગીતાનો પાઠ કર્યો. હવે આ બાજુ એના ઘરે એક ઘોડેસવાર દાળ ચોખા મીઠું મરચું ઘી તેલ, એ લઇ અને પહોંચ્યો યુવાન, ઘોડેથી ઉતરી અને કહે છે, કે લો માં આ ઘર માટે સીધુ લાવ્યો છું. પેલા બ્રાહ્મણની પત્ની કહે છે, કે ના ભાઇ મને ના પાડી છે કે કોઇનું લેવાનું નહીં, તો પેલા યુવાને કહ્યું કે એમ કરજો, તમે એમને કહેજો હું એમનો શિષ્ય છું, અને આજે તમે જેનું મોઢું કાળું રંગી નાખ્યું ને, એ જાતે આવીને આપી ગયો છે, તમારો શિષ્ય. એ બધું સીધુ ઓરડીમાં મૂકી અને જતો રહ્યો. પણ તેની પત્ની સીધુને અડી નહીં. એ બ્રાહ્મણ સાંજે આવ્યો, ઘરમાં બધુ જ જોયું, તરત પૂછયું કે કોનું લીધું તે, કેમ લીધું? તો તેની પત્ની કહે કે ઊભા રહો, હજુ અડી પણ નથી હું, એક યુવાન આવ્યો હતો ઘોડા ઉપર બેસીને, એણે કહ્યું કે હું એમનો શિષ્ય છું, અને આ બધું એમની સેવામાં હું લાવ્યો છું, તેનો સ્વીકાર કરો, એમણે કહ્યું છે, પેલા બ્રાહ્મણે વિચાર કર્યો કે આ કંઇક ખોટું થઇ ગયું છે, પછી પતિને કહ્યું કે એણે કહ્યું છે કે ફરી રાત્રે હું પાછો આવીશ. એટલે બ્રાહ્મણને એમ થયું કે ચોકકસ જેનું મોઢુ કાળુ કર્યું એટલે કોણ? પેલા શ્લોક ઉપર,

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાંમ્ નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ।।

એની ઉપર કાળો લીટો માર્યો હતો, એટલે ચમકારો થયો, કેવો હતો એ, જાતે જ આવ્યો, પત્ની કહે કે શ્યામ વર્ણનાં હતા, આવવાનું કહ્યું છે, હા ભલે આવે, પેલો આવ્યો ઘોડે સવાર, ઘોડા

ઉપરથી ઉતર્યો પગે લાગ્યો, કહે કે આ હું લાવ્યો છું, મેં આપ્યું છે, આજે બપોરે તમે જેની ઉપર કાળો લીટો માર્યો હતો ને, તે જ હું પોતે છું.

''યોગક્ષેમં વહામ્યહમ''

એ હું છું. પેલા બ્રાહ્મણને ખૂબ જ પસ્તાવો થયો, પછી તો તેની પત્નીને કહ્યું કે તું બનાવ જમવાનું, એને પણ જમાડ્યો, ત્રણેય જણ સાથે જમ્યા, અને પછી માફી માગી કે પ્રભુ એક બટકા રોટલા માટે મેં આપનું મોઢું કાળું કર્યું, મેં આપને કલંક લગાડ્યું, આપ કયારેય અસત્ય હોવ જ નહીં. એટલે ભગવાને કહ્યું કે આ તને ગીતાના શ્લોક ઉપર શંકા ગઇ એટલે મારે જાતે જ આવવું પડ્યું. ભગવાને એના ઘરની અંદર બધી જ વ્યવસ્થા કરી દીધી, યોગક્ષેમં વહામ્યહમ્. અનન્ય ભાવથી એ ભકિત કરતો હતો, પાઠ કરતો હતો, તો ભગવાનને એની ચિંતા થઇ, તેનું ભરણપોષણ ઘી તેલ મીઠું મરચું બધું જ મૂકી દીધું ઘરમાં, એણે પણ જોયું કે ભગવાનનો આશ્રય છે જ. તો અહીંયા આગળ પણ ગુરુ મહારાજ ગુરુ ભગવાન સ્વયં શિષ્યનું પાલન પોષણ કરે છે, તો આમ

**''પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

એ જ આપ છો એટલે કહ્યું,

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

જે જગતનું પાલન કરવાવાળો છે, ભરણપોષણ કરવાવાળો છે એ, એ જ ભગવાન બ્રહ્મત્વ, એ જ જય મહારાજનું જ સ્વરૂપ છે, લક્ષ્મણદાસજી મહારાજને અનુભૂતિ થઇ જય મહારાજમાં, ત્યારે આ સ્તુતિના શબ્દોથી નવાજ્યા કે મારા જય મહારાજ મારા ગુરુ મહારાજ આટલા સિદ્ધ, આટલા સમર્થ છે.

**''યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્''**

એ જય મહારાજ છે. જો એમણે મને આ સદ્‌ગુણ, સદાચાર, આ ઉપદેશ, આ જ્ઞાન મને ન આપ્યું હોત તો મારી દુનિયા કયાંક જુદી જ ભટકવાવાળી હોત, ક્યાંક કોઇક જગ્યાએ નાના ઘરમાં બેઠા હોત, અને પરિવારના બે ચાર જણા ભેગા થઇ અને રોકકડ કરતા હોત, માથાકૂટ કરતા હોત, પણ મને જાગ્રત કર્યો, મારું નવું જગત સર્જન કર્યું, મારી નવી સૃષ્ટિનું પાલન કર્યું અને પોષણ આપ્યું, ત્યારે આજે હું જય મહારાજ થકી મારા આ વિશ્વમાં રમી રહ્યો છું.

**''પાલ્યતે''**

જય મહારાજ મારું પાલન કરી રહ્યા છે. આશ્રયથી, જ્ઞાનથી, દર્શનથી, સેવાથી, ભક્તિથી, સત્સંગથી જય મહારાજ દરેકનું પાલન કરતા હોય છે, જેને જે જોઇએ તે આપે, કે લે આ જોઇએ છે, લઇ જા. જેમ ઘરમાં મા-બાપ નાના બાળકની બધી જ જરૂરિયાતો પૂરી પાડે, અને એ પાલ્યને એનું પોષણ કરે, એમ ગુરુ મહારાજ જય મહારાજ પણ બધાનું પાલન કરવાવાળા છે. કોઇને ભૂખ્યો ન રાખે, કોઇને દુઃખી ન રાખે, સત્સંગ પરિવાર જય મહારાજનું છે, અને જય મહારાજનું જે વિશ્વ છે તે વિશ્વનું બધું જ ભરણપોષણ, બધા જ સત્સંગીઓનું, બધા જ શરણાગતનું પાલન કરવાવાળા એ સદ્‌ગુરુ છે. તો આમ સર્જન કરવું. એનું પાલન કરવું, આ બે બાબતો જય મહારાજ એ આપણને આ સત્સંગમાં સમજાવી, પણ કહ્યું કે

**''લીયતે યત્ર વિશ્વમ્''**

જય મહારાજ કે જે તત્ત્વમસિનું જ્ઞાન આપ્યા કરે છે હંમેશાને માટે, કે તુ આ છું બીજો નહીં, અને એ અને હું જુદા નથી.

**''ભજે તં ગુરૂ ચાત્મનસ્તસ્ય યો વૈ''**

એ અને હું જુદા જ નથી. તો સદ્‌ગુરુ શિષ્યનું સર્જન કર્યા પછી, પાલન કર્યા પછી પોતાનામાં જ સમાવી લે. એને પોતાનામાં સમાવી લીધો એટલે એ જ તત્ત્વ છે, બીજું છે જ નહીં. એમ જ સર્વસ્વ છે, હું પણ એની અંદર છું. એટલે એવા ગુરુ મહારાજ, કે જેમણે તત્ત્વમસિ આદિ વાકય વડે તત્ત્વમસિ બોધથી આપ્યો, વેદના વાક્યોથી આપ્યું, કે ભાઇ તું પોતે સમર્થ એ જ છું, કે જે મારામાં છે.

**''તસ્ય યો વૈ''**

અને એવા ગુરુ મહારાજને હું ભજું છું, હું એમનું અનુસંધાન કરી રહ્યો છું, એનાથી મને અનુભૂતિ થઇ રહી છે.

**''યતો જાયતે પાલ્યતે''**

મારો સત્સંગી તરીકેનો જન્મ જય મહારાજે આપ્યો છે.

**''યતો જાયતે''**

એ સદાચારી સાત્ત્વિક, એ સજ્જન માણસનું સર્જન કરનાર જય મહારાજ છે. ગુરુ મહારાજ છે, અને એ સજજનતાનું પાલન પોષણ પણ જય મહારાજ કરે, એને ખોટે માર્ગે નહીં જવા દે, હંમેશા એનું સત્યના માર્ગે જ પાલન પોષણ થાય, એની શ્રદ્ધા વધે, એની ભકિત વધે, એનામાં સંયમ અને સદાચાર વધે, એ પ્રકારના અનેક ભાવો એનામાં ભર્યા જ કરે ભર્યા જ કરે, સર્જન કર્યા જ કરે. એટલે એક સજ્જન એક સાધુ જીવનનું સર્જન કરનાર ગુરુ મહારાજ છે.

**''યતો જાયતે''**

|| જય મહારાજ ||

## સત્સંગ-૯૩

# ''એ આતમપદ આનંદકારી''

જગતના પાલનની શક્તિએ વિષ્ણુ છે, અને ગુરુ ભગવાન જય મહારાજને પણ ગુરુ વિષ્ણુ કહ્યા, સમસ્ત સૃષ્ટિનું સર્જન કરનાર એ બ્રહ્મ શક્તિ છે, અને જે પણ કોઇ જન્મેલી અસ્તિત્વમાં સૃષ્ટિ છે એ બધા અને એ સૃષ્ટિને પાલન પોષણ કરનાર ભગવાન છે, એ શક્તિને વિષ્ણુ કહેવાય છે. બધાયનું ભરણપોષણ કરનાર હોય, એણે આખી દુનિયામાં બધે જ છેડે પહોંચવું પડે, એટલે કહ્યું કે,

''વ્યોપ્નોતિ ઇતિ વિષ્ણુઃ''

જે સર્વત્ર વ્યાપક છે. કારણ કે એમણે બધાનું પાલન કરવાનું છે, એટલે સર્વત્ર પાલન કરવાની શક્તિનું નામ છે વિષ્ણુ. ગુરુ મહારાજને પણ ભગવાન વિષ્ણુની જ શક્તિ પ્રાપ્ત થયેલી છે, જે શક્તિ વડે જે સદ્‌શિષ્યો, જે શરણે આવેલા છે, એ બધાને સાચી સમજણ, સાચું જ્ઞાન, આપીને એમનું પોષણ કરે છે. પાલન કરે છે, એમના અધ્યાત્મ અને એમની ભક્તિને વધારનાર છે. ભગવાન વિષ્ણુ; જેમ છોડ વાવ્યો છે, એનું પાલન પોષણ કરનાર છે ખેડૂત, ખાતર પાણી સાચવણી, એમ સદ્‌ગુરુ પણ શિષ્યોને સાચવનારા છે, એનું વર્ધન કરનાર છે. એના ત્યાગનું વર્ધન કરે એના ઉત્સાહનું વર્ધન કરે, એના સંયમમાં વધારો કરે, તેની

સાત્ત્વિકતાને આગળ લઇ જાય અને પરિપૂર્ણ કરે તે શિષ્યને, હંમેશાં એને પોષણ આપ્યા કરે, એનું પાલન કર્યા કરે, એટલે

''ગુરુઃ વિષ્ણુઃ''

અને વિષ્ણુ વ્યાપક છે, તો ગુરુ મહારાજની શક્તિ પણ વ્યાપક છે. જયાં જયાં શરણાર્થીઓ છે, શિષ્યો છે, એ બધાની ઉપર એમની કૃપા, એમની આશીર્વાદ શક્તિ કામ કર્યા કરતી હોય, ભલે એ કોઇપણ એક સ્થળે જ બેઠા હોય, પણ એમના કલ્યાણના સ્પંદનો પોતાનો શિષ્ય જ્યાં જ્યાં બેઠો હોય, ત્યાં સુધી એ પહોંચતાં હોય છે, અને એના વડે પણ પોષણ મળે છે, જાગૃતિ આવે છે, કાંઇક ઊર્જાનું સંપાદન કરે છે શિષ્યો. અને એ આખી જ પ્રક્રિયા છે, એના વડે સદ્‌ગુરુ ભગવાન પણ વિષ્ણુ નારાયણની જેમ સર્વત્ર વ્યાપક ભાવ રાખીને દરેક શરણાગતનું પોષણ કરે છે, એનું પાલન કરે છે, શેનાથી, જ્ઞાનથી, સાચી સમજણથી, સત્સંગથી, અરે સંયમથી પણ. ગુરુ મહારાજના સ્મરણના સાંનિધ્યથી, ગુરુ મહારાજના સ્વરૂપનાં સાંનિધ્યથી, સ્મરણથી એને સંયમ સદાચાર મળ્યા જ કરતો હોય, મળ્યા જ કરતો હોય, ગુરુ મહારાજ એનું પોષણ અવ્યકત રીતે કર્યા કરતા હોય, જયાં હોય ત્યાં, કે એનું શુભ થાવ, એનુ કલ્યાણ થાવ, એનું ભલું થાવ, એના જીવનની અંદર એ શાંતિ મેળવી શકે એના જીવનમાં આધ્યાત્મિક પ્રગતિ મેળવી શકે, એવી પ્રાર્થના સદ્‌ગુરુની હોય જ, કે જેથી દરેક આશ્રિત દરેક શિષ્યને એ જ્યાં હોય ત્યાંથી એમનો આશીર્વાદ એમના સ્પંદનો એની પ્રગતિ કરાવે છે, એની ઉન્નતિ કરાવતા હોય છે. તો આ જે અનુભવ છે તે દરેકને થાય, અને એના હૃદયની અંદર પણ પ્રેરણા થાય, ગુરુ ભગવાનની કૃપા છે, ગુરુ મહારાજ દયાળુ છે. રાત્રે સુતાં સવારે ઊઠતાં યાદ કરે ગુરુ

મહારાજને, એના પરિણામ સ્વરૂપ એની વૃત્તિઓ જય મહારાજમાં કેન્દ્રિત થશે, ગુરુ ભગવાનમાં, જેમ એક બહિર્ગોળ કાચ સૂર્યના કિરણોને ઝીલે, અને એમાંથી પસાર કરની જેમ એની નીચે પડેલી વસ્તુઓને સળગાવી દે છે કેન્દ્રિત કરીને, એમ એ જે ઊર્જા છે ગુરુ મહારાજની, એ સદ્‌શિષ્યની સુધી પહોંચાડી દઇને એમાં ઉર્જા પ્રગટાવે છે, એમાં એવી શક્તિ ઉજાગર કરે છે, કે જેને કારણે એનામાં પણ અગ્નિની માફક પવિત્રતા આવે. એટલુ યાદ રાખજો અગ્નિ ગમે તેટલો કચરો ખાય, છતાં પણ એ પવિત્ર છે. દરેકને પવિત્ર કરે છે, મૃતદેહોને પણ જો પવિત્ર કરતો હોય તો અગ્નિ કરે છે, તો અગ્નિ એક તેજ છે. બહિર્ગોળ કાચમાંથી સૂર્યના કિરણોને એકત્રિત કરી, જે એમાંથી ઉર્જા નીકળે છે, એ જેમ કોઇપણ ચીજ-વસ્તુમાં અગ્નિ પ્રગટાવી દે છે, એમ સદ્‌ગુરુની પણ એ બધી જ શક્તિઓને કેન્દ્રિત કરી અને શિષ્ય જ્યાં છે ત્યાં સુધી એ હુંફ એ ઊર્જાને પહોંચાડી દે છે, એટલા માટે લક્ષ્મણદાસજી મહારાજ અહીંયા આગળ ગુરુ ભગવાનને કહ્યું કે,

**''યતો પાલ્યતે''**

પ્રભુ ગુરુ મહારાજ આપ તો આ સમગ્ર સંસારનું, સૃષ્ટિનું પાલન કરવાવાળા છો, એટલે જે જે આશ્રિત છે એ બધા જ આશ્રિતોને સાચવવાવાળા જય મહારાજ ગુરુ ભગવાન છે, તેમનું ભરણપોષણ કરવાવાળા છે. આ જે આખો ભાવ છે એને લીધે આપ સર્વત્ર છો, સર્વવ્યાપક છો, પૂર્ણબ્રહ્મ છો, અને પૂર્ણબ્રહ્મના ભાવથી ગુરુ મહારાજ સ્વયં વિષ્ણુનો આવિર્ભાવ, વિષ્ણુની પાલનશક્તિની ઊર્જાનો સાક્ષાત્કાર ગુરુ મહારાજને થયેલો હોય છે, અને એમનામાં આવી શક્તિ હોય છે સર્જનશક્તિ, કે શિષ્યની અંદર ઘણું બધું સર્જન કરે, ઘણું સર્જન કરે, અધ્યાત્મનું સર્જન કરે,

જ્ઞાનનું સર્જન કરે, સાચી સમજણનું સર્જન કરે, જેના વડે એની અંદર પણ સાધુતા પાંગરે, આ જે પાલન-પોષણ કરવાનું કામ છે એ વિષ્ણુ ભગવાનનું છે, અને વિષ્ણુ ભગવાનના સ્વરૂપે ગુરુ ભગવાન જય મહારાજ પણ સર્વનું પોષણ કરતા હોય છે, પણ જ્ઞાનથી, દુઃખના સમયે પણ જય મહારાજ સાંભળે, અને એમની જે આજ્ઞાઓ છે, જે શ્રીમુખની વાણી છે, એમનું સ્મરણ થાય.

**''ટળ્યા ને કંઇ ટળી જશે રાવ રાણાને રાજપૂત,**

**જોગી જતી તપસી મુનિ મહા મોટો અવધૂત.**

**આ કાયા વાડી કમળની કાળ કુંજર નિત્ય ખાય''**

કુંજર એટલે હાથી, કાળ ખાધા કરે છે, કાળ કેટલાયને ચાવી જાય છે, કેટલાય ને ચાવી જાય છે. આ બધું ક્યારેક સમજાય છે?

**''હરિગુરુ સંત કૃપા થકી પુરણ પદ પ્રિછાય''**

ગુરુ મહારાજમાં પરમાત્માની શક્તિનો આવિર્ભાવ છે, એ કયારેક સમજાય છે? સદ્‌ગુરુ સાક્ષાત શ્રીહરિ જ છે, અને એમની પૂર્ણ કૃપા થાય.

**''હરિગુરુ સંત કૃપા થકી પુરણ પદ પ્રિછાય''**

પૂર્ણ પદ કયું? આતમ પદ.

**''એ આતમ પદ આનંદ કારી''**

આત્માની જે સ્થિતિ છે એ જ સુખદાયક છે. સદ્‌ગુરુના સાનિધ્યમાં શિષ્ય આ બધું પ્રાપ્ત કરે છે, ત્યાર પછી એનામાં શિષ્યત્વ આવે, સાધુતા આવે, અને એ પ્રકારની ગુરુ મહારાજ સાથેની જીવનયાત્રામાં સાથે રહીને ચાલેને, તો ગુરુ મહારાજ પોતાની બધી જ વિદ્યા, બધી જ શક્તિ, બધી જ ઉર્જા શિષ્યમાં

આધાન કરી દે, આ તને આપું છું, બધી જ એને આપી દે. આધાન કરી દેવું એટલે એનામાં સ્થાપિત કરી દેવું, એટલે એ સ્થાપિત થયેલી આખી સમજણ એનામાં ગુરુ મહારાજની કૃપાથી વિકસે. ગુરુ મહારાજ જય ગુરુ મહારાજે પોતે જે ઊર્જા ચેતના અર્પણ કરેલી છે, એને વિકસાવે, એ ખૂબ પાંગરે એ ખૂબ પાંગરે... પછી પ્રાપ્ત કરે છે. આત્માની અનુભૂતિ સિવાય સદ્‌ગુરુનું સ્થાન પ્રાપ્ત કરી શકાતું નથી, જેને અપરોક્ષાનુભૂતિ કહેવામાં આવે છે. પરોક્ષ એટલે જોઇ શકાય તેવું અને અપરોક્ષ એટલે નથી જોઇ શકાતું. આત્મા દેખાય છે? મન દેખાય છે? દેખાય છે ખરું? પણ એની અનુભૂતિ તો કરીએ છીએ ને મનની? અનુભવ તો કરીએ છીએને મનનો? તો એ મનની અનુભૂતિ થઇ અપરોક્ષાનુભૂતિ. મન નથી દેખાતું, નથી દેખાતું છતાં આપણે આપણા જીવનમાં મનનો અનુભવ કરીએ છીએ, આ મારું મન છે, મારું મન ના પાડે છે, કે મારું મન કહે છે, મારું મન અત્યારે સ્થિર નથી. મારું મન એકાગ્ર છે, આ બધું મનને છે અને બધી જ આખી ક્રિયાઓ મન દ્વારા જ થતી હોય છે. તે મનની સ્થિતિ છે, આપણે પોતે અનુભવીએ છીએ કે કેવી હોવી જોઇએ અને કેવી હોય છે? તો જેમ આપણા મનનો આકાર નથી દેખાતો, છતાં અનુભવીએ છીએ મનને, એનું નામ મનની અપરોક્ષાનુભૂતિ છે. જો મન અનુભવાય છે, આકાર નથી, નથી દેખાતું, શરીરમાં કોઇ એની જગ્યા નથી, સ્થાન નથી, એને કોઇ રૂપ નથી આકાર નથી, છતાંય એનો અનુભવ કરીએ છીએ, એટલે આપણી પાસે એક અભ્યાસ છે મનની અપરોક્ષાનુભૂતિ નો, જો એ જ રીતે મંત્ર અને મનથી એને આપણે સ્વીકારીએ છીએ પણ અનુભૂતિ થતી નથી, મન થાય છે, મનની અનુભૂતિ તો થાય છે, જલેબી કે ગુલાબ જાંબુ ખાવાનું મન થયું કે પીઝા ખાવાનું મન થયું. પછી એ વસ્તુ ખાવાની મળી ગઇ એટલે

એ અનુભવ થઇ ગયો. મનની જે સંકલ્પ શક્તિ છે, એ ક્રિયામાં આવી ગઇ અને એનો અનુભવ કરી લીધો, કે હજુ વધારે ખાવું છે, તો આમ છે મનની જે અપરોક્ષાનુભૂતિ છે કોઇપણ પ્રવૃત્તિ માટે. આટલો બધો અભ્યાસ મન દ્વારા, મન નથી દેખાતું, આકાર-પ્રકાર નથી, છતાંય એનો અનુભવ વારંવાર કરવામાં આવે છે, કરીએ છીએ આ ભૌતિક રીતે, તો અધ્યાત્મની રીતે, જેમ મનના અભ્યાસી છો એમ આત્માના અભ્યાસી કેમ ન થઇ શકાય? નિર્બળતા આપણી. મનનું અતિશય પ્રાધાન્ય આપણા જીવનમાં અપાયેલું છે, આખું જીવન, એટલે લગભગ મોટાભાગનું નહીં પણ આખું જીવન મન દ્વારા જ જીવાંતું હોય છે. નોકરીમાં નથી જવું આજે મૂડ નથી, મન નથી, મન નથી માનતું, મને કહ્યું કે આજે સ્કૂલે નથી જવું, આ મને કહ્યું અને એને અમલમાં મૂકી દીધું. આત્માની અનુભૂતિ કરવા માટે એની આતુરતા કયાં રહી? આપણે એને પકડી રાખીએ છીએ... મનને પકડી રાખીએ પછી મન ભૂતની માફક ધુણાવે આપણને, દરેક વ્યકિતને ધુણાવે છે. એમ આત્માની અપરોક્ષાનુભૂતિ થાય જો એમાં લાગીએ તો જય મહારાજે કહ્યું કે

**''સરત સમાવો ''ૐ'' અક્ષરમાં એમાં રહેજો લાગી''**

તો આગળ શું?

**''સુખ સાગર''**

જય મહારાજ પોતાના શ્રી મુખે કહે છે,

**''સુખ સાગર જયારે સરત ઠરી''**

એટલે એકાગ્રતા આવી

**''ત્યારે ચોટ નિશાને વાગી રે''**

લાગ્યું રહેવું પડે એની અંદર. જેમ સામાન્ય કામ કરવા માટે એક એક લક્ષ, કે જે એક થઇ જાય, સારું કે ખોટું કે ગંદુ કાર્ય મને નકકી કર્યું. નિર્ધારિત કર્યું. એ થઇ જ જાય. એ જે કામ થયું. જેવું થયું એનું નામ મનની અનુભૂતિ. તમે કોઇનું ખિસ્સું કાપવાનું નકકી કર્યું, અને ખિસ્સું કાપીને લાવ્યા, વસ્તુ મળી ગઇ, તમે તમારા મનની તાકાતનો અનુભવ કરી લીધો, એમ આત્માની શક્તિનો અનુભવ કરવાનો, એનું નામ છે આત્માની અપરોક્ષાનુભૂતિ. અપરોક્ષાનુભૂતિ માટે તો મોટો ગ્રંથ લખાયેલો છે, એને અપરોક્ષાનુભૂતિ કહેવાય, હવે અપરોક્ષાનુભૂતિ શું છે, જય મહારાજની સ્તુતિમાં પણ છે,

''અપરોક્ષસુખાભિલીનમ્''

તો જય મહારાજની સ્થિતિ એ અવસ્થા છે, કે જેમણે આત્માની અનુભૂતિ કરી લીધી છે. હવે આત્માની અનુભૂતિ મનની માફક જ કરવાની, મનનો કોઇ આકાર પ્રકાર નથી, મનનું કોઇ સ્થાન નથી, છતાં મન છે, એમ આત્માને પણ કોઇ આકાર પ્રકાર નથી.

**''એને નામરૂપ કોઇ આકાર નથી''**

કે આનું નામ આત્મચેતના છે, અપરોક્ષ છે, અવ્યકત છે, સૂક્ષ્મ છે, નથી દેખાતું છતાં પણ છે. હમણાં એક જણનો પત્ર આવ્યો હતો, પોસ્ટ કાર્ડમાં લખ્યું હતું એમાં, કે ભગવાન, એની મશ્કરી શા માટે કરો છો? ઇશ્વર નથી તેને દેખાતો, નથી તેનો આકાર, તો પછી છે જ નહીં, તો શા માટે એની માટે શક્તિનો દુરુપયોગ કરવો, આવો કાગળ હતો, અપરોક્ષાનુભૂતિ હોવી જોઇએ ને. જો ઇશ્વરને નકારે છે તો આત્માને પણ નકારી નાખે છે, કેમ કે આત્માની અનુભૂતિ થતી નથી, કયાં છે આત્મા? મન છે

શરીર છે, અમે તો એનો સ્વીકાર કરીએ છીએ, આ કયો વાદ આવ્યો? ચાર્વાકવાદ, આવું સત્ય કોણ સમજાવે? તો અવ્યકત છે, આત્મસ્થિતિ નથી દેખાતી, છતાં પણ આપણે એનો સ્વીકાર કરીએ છીએ. પાપડ છે, એની અંદરનો સ્વાદ દેખાતો નથી, છતાં પણ એનો આકાર દેખાય છે, એટલા માટે કહ્યું કે આ પાપડ આ સ્વાદવાળો છે, ફળ છે સરસ, એને ઓળખે છે, એનો સ્વાદ દેખાતો નથી, પણ એ અંદર રહેલો છે. દૂધની અંદર નજર નાખીએ પણ તો ઘી દેખાતું નથી, પણ અંદર છે, જે દેખાતું નથી, છતાં પણ દુધમાં ઘી તો છે જ, સાહજિક છે, એમ આપણા પોતાના શરીરની અંદર મનનું, ઇન્દ્રિયોનું, શરીરનું, ભૂખ-તરસનો બધો જ અનુભવ થાય છે, પણ આત્માનો અનુભવ નથી થતો, એને ચાખો તો થાય ને, આત્માનુભૂતિનો સ્વાદ પણ ચાખવો પડે. અવ્યકત છે છતાં તેને નકારી શકતા નથી, કે આ શરીરમાં ચેતના નથી, ત્યારે તો અનુભવ થાય કે મારામાં ચેતના આત્મતત્ત્વની છે, અને આ મૃતદેહમાં આત્મચેતના નથી, આ શરીર આખું પડ્યું છે, એને આંખો છે, હાથ-પગ છે, મોઢું નાક કાન બધું જ છે, છતાં પણ એ કશું નથી કરી શકતું, અને હું કરી શકું છું, કારણ? એનામાં નથી આત્મા કે ચેતના, અને મારામાં છે, આનું નામ આત્માનુભૂતિ. આત્માનુભૂતિનો અર્થ આપણામાં ન દેખાવા છતાં એ આત્મતત્ત્વ પ્રત્યક્ષ છે, એ અપરોક્ષ કહ્યું, અપરોક્ષ હોવા છતાં આપણે પોતે જ છીએ, આપણા પોતાનામાં જ છે, આવા જ્ઞાનનું સર્જન કરાવે એ સદ્ગુરુ છે, એટલા માટે કહ્યું કે,

**''ગુરુઃ વિષ્ણુઃ''**

ગુરુ ભગવાન પાલક છે, આ રીતે સદ્શિષ્યની જ્ઞાનની

આંખ ઉઘાડીને એને આ જીવનનું, આ જગતનું સત્ય શાશ્વત તત્ત્વ સમજાવવા બેઠેલા છે સદ્‌ગુરુ મહારાજ. તો ગુરુ મહારાજની આ શક્તિને આપણે કહીશું પાલન શક્તિ. જેણે પોતાના જીવનની અંદર જે કાંઇ પણ ઉપલબ્ધ કર્યું છે, એ જ સદ્‌ગુરુ તરીકે પ્રસ્થાપિત થાય છે લોકમાનસમાં, અને એવી જ દિવ્ય ચેતનાઓ અનેક જીવાત્માઓને એના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર અનુભૂતિ કરાવે છે, કે તું માત્ર આ શરીર સ્થૂળ શરીર નથી, ગાડીમાં કે ગાડી ઉપર બેઠેલો ચાલક, એ આખી ગાડી નથી બની જતો, એને ચાલક કહેવાય પણ ગાડી ન કહેવાય, એમ આ આખા શરીરનો ચાલક ડ્રાઇવર તે તે હું છું, શરીર હું નથી, પણ જો કોઇ ચાલક ડ્રાઇવર એમ કહે કે ગાડી જ હું છું, તો કહેશે કે આતો ગાંડો થયો, અલા તું ડ્રાઇવર છું તો ચાલક છું આ આખું વાહન તું કયાં છું? બસ એ જ રીતે હું આત્મા છું પણ કહે કે હું શરીર છું તો પછી એ મૂર્ખ. આત્મા તરીકે ચાલક અને ડ્રાઇવરની સીટ ઉપર બેઠેલો છું, અને એ આખા શરીરનું સંચાલન કર્યા જ કરે છે, કર્યા જ કરે છે, અને એ જે સમજાય આત્માનું સ્વરૂપ એનું નામ છે અપરોક્ષાનુભૂતિ, તો અપરોક્ષાનુભૂતિનું પોષણ, એનું પાલન કરવાવાળા સદ્‌ગુરુ છે, માટે એમને ગુરુ વિષ્ણુ કહી અહીં આગળ કહ્યું કે,

**''યતો પાલ્યતે''**

|| જય મહારાજ ||

## સત્સંગ-૯૪

# 'તું શીદને ચિંતા કરે'

**''યતો પાલ્યતે યેન વિશ્વમ્''**

જય મહારાજની અનુભૂતિ કરી રહ્યા છીએ. આ સત્સંગમાં આ સ્તુતિના શ્લોક વડે જય મહારાજનો સાક્ષાત્કાર થઇ રહ્યો છે.

**''યતો પાલ્યતે''**

સમગ્ર વિશ્વનું જે ભરણપોષણ પાલન કરે છે, કેવું સામર્થ્ય હશે? આપણા ઘરમાં આપણા પરિવાર કુટુંબમાં, આ મોંઘવારીમાં ભરણ પોષણ કરતા કેટલા સાંધા છૂટા પડે છે? જય મહારાજનું સામર્થ્ય તો,

**''યતો પાલ્યતે યેન વિશ્વમ્''**

તો જય મહારાજનું સ્વરૂપ કયું હશે? જય મહારાજનું સામર્થ્ય કેવું હશે? કોણ હશે? સદ્‌ગુરુમાં ત્રણ સ્વરૂપ બતાવ્યા, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, અને ત્રણેય પાછા એકમાં

**''ગુરુરેવ પરબ્રહ્મ''**

બસ, ગુરુ મહારાજ કઇ સામાનય નથી, કોઇ માણસ નથી, એ કોઇ પાંચ ભૌતિક શરીર માત્ર નથી.

**''ગુરુરેવ પરબ્રહ્મ''**

સાક્ષાત આ શરીર ધારણ કરીને આપણા સહુનો ઉદ્ધાર કરવા માટે આવ્યા છે. આપણું સૌભાગ્ય છે, આપણા પૂર્વના પુણ્ય છે, અને ભાગ્યશાળી તો તે કહીએ કે જય મહારાજને સેવી રહ્યા છીએ

**''એવું સમજી સેવે તેને ધન્ય છે''**

કેટલો ભાવ આપ્યો ભકતોએ,

**''ધન્ય ધન્ય ધન્ય સતગુરુ સ્વામિ''**

ગુરુ મહારાજ આપને ધન્ય છે. અમે તો ધન્ય છીએ જ,

**''કિરતારથ કીધો જન ને રે''**

મને આપે કૃતાર્થ કરી દીધો, કેટલો સરસ ભાવ છે, અને આપ ધન્ય છો.

**''મારી શબ્દ તણી ચોંટો''**

એવી લપડાકો માર માર કરીને સમજાવી શાન શાનમાં મને સમજાવ્યું, મને શાન આપી, કહીએ છીએ ને કે શાન ઠેકાણે છે?

**''આપ્યું ભકિત તણું દાન''**

જય મહારાજ આપે છે, લો વાપરો, ખાવ, આરામ કરો, ભજન કરો. પોષણ કરે છે જય મહારાજ, શરીરનું નહીં, આપણી ભકિતને પોષે છે, આપણી ભક્તિનું પાલન કરે છે, આપણામાં રહેલા સદાચારનું જય મહારાજ પાલન કરે છે.

**''યતો પાલ્યતે યેન વિશ્વમ્''**

અને આખા જગતમાં જેને જોઇતું હોય એ બધાને આપે છે, લો સત્સંગ લઇ જાવ, જીવનમાં શાંતિ લઇ જાવ, લો સુખ લઇ જાવ, સંયમ લઇ જાવ, સદાચાર લઇ જાવ, લઇ જાવ તમે.

જય મહારાજ થેલીઓ ભરી ભરીને તો પ્રસાદ આપે છે. તો જય મહારાજ આપણું આટલું બધું પાલન પોષણ કરી રહ્યા છે.

**''યતો પાલ્યતે યેન વિશ્વમ્''**

આપ જય મહારાજ આટલી મોટી દિવ્ય ચેતના છો! સ્વયં ભગવાન પોતે બ્રહ્મતત્ત્વ છે! અને બ્રહ્મતત્ત્વમાંથી જ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર છે, અને બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર એ એક જ પરમાત્માની બ્રહ્મતત્ત્વની જ એ શક્તિ છે, અને એટલે ત્રણેયને જુદા જુદા ઓળખાવીને 'ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વર' એમ કહ્યું આ ત્રણ, પણ છતાંયે કહ્યું કે

**''ગુરુર્ દેવઃ પરબ્રહ્મ''**

મારા જય મહારાજ તો એક

**''અનુપમાગમ શાસ્ત્રરતમમ્''**

બધા જ શાસ્ત્રોમાં એ જય મહારાજ જ છે, અને બધા શાસ્ત્રો જય મહારાજની અંદર જ છે.

**''અનુપમાગમશાસ્ત્રરતમ્''**

શાસ્ત્ર રત થઇ જાય, જેને સુરત કહેવામાં આવે છે જેને deeply concentration કહેવાય, શાસ્ત્રની અંદર પણ સુરત. તો એ શાસ્ત્રનું સ્વરૂપ પોતે છે, શાસ્ત્રોની અંદર એ પોતે છે તો એ છે જય મહારાજનું સામર્થ્ય, એને માટે કહ્યું કે,

**''અનુપમાગમ''**

જય મહારાજને કોની સાથે સરખાવશો? બ્રહ્મા, વિષ્ણુ, મહેશ. એ ત્રણેયની શક્તિ પણ એમનામાં છે, બ્રહ્મતત્ત્વ પણ પોતે સ્વયં છે, અને એટલા માટે જ જય મહારાજ માટે લક્ષ્મણદાસજી મહારાજે કહ્યું કે આપ અનુપમાગમ છો, આપને કોઇની સાથે ન

સરખાવી શકાય, કે મધ, મધને કોઇની સાથે ન સરખાવી શકાય? તુલસીદાસજીએ ભરતજીની ભક્તિ જોઇ, તો કવિ તરીકે તુલસીદાસજીને ભરતજીને ઉપમા આપવાની ઇચ્છા થઇ કે, ભરતજી ને કોની ઉપમા આપવી?

**''સાદર ઉપમા સકળ ઢંઢોળી''**

સરસ્વતીમાં પાસે જઇ અને બધી જ ઉપમાઓ શોધી જોઇ, જેને કહેવાય કે ફેંદી જોઇ, પણ અંદરથી કશું પણ ન મળ્યું, ત્યારે તુલસીદાસજીએ ચોપાઇમાં લખ્યું કે,

**''ભરત ભરત સમ અહહી''**

ભરત, ભરત ના જેવા જ,

**''અનુપમાગમ''**

એમ જય મહારાજ પણ. આપણા જય મહારાજ, કોઇની સાથે એમની તુલના થઇ શકે જ નહીં, એમને ઉપમા આપી શકાય જ નહીં, તો એવા આપણા બધાનું પાલન-પોષણ કરવાવાળા આપણા દાદા કહો કે આપણા બાપ કહો,

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

પાલન પોષણ કરે છે આપણા બધાનું, બોલો શું જોઇએ છે? ભકિત જોઇએ છે, સંયમ જોઇએ છે, સદાચાર જોઇએ છે, એ વહેંચવા માટે તો બેઠા છે જય મહારાજ. લઇ જાવ. તો આવી એક ઊંચી અવસ્થા જેની, ઊંચું સ્વરૂપ જ છે જેનું, અને એટલા માટે પરમાત્મા વિષ્ણુની શકિત પણ જય મહારાજ પોતે જ છે.

''ગુરુર્ ગુરુતમો ધામ સત્ય સત્યપરાક્રમઃ''

વિષ્ણુનું સ્વરૂપ એ જ ગુરુની અંદર પરમ સત્ય છે. એટલે સુધી કહ્યું કે,

**''યોગો યોગ વિદામ્''**

જેમાં વિષ્ણુ સમાયેલા છે. જય મહારાજ તો યોગી છે,

**''પાલ્યતે''**

આપ ભોજન સ્વરૂપે પણ છો, ભોજન લેનાર પણ આપ છો, અને એને પચાવવાવાળા પણ આપ જ છો.

**''ભ્રાજિષ્ણુર્ભોજનં ભોક્તા''**

અન્ન પણ આપ છો, અને ભોકતા પણ આપ જ છો, એટલે જગતનું પોષણ કરનાર,

અહમ વૈશ્વાભૂત્વા ...

એ બધું જ હું સાચવું છું, તો પછી થયા કે નહીં પાલન કરવાવાળા? તો જય મહારાજને કયાં શોધવા જશો? વિષ્ણુનું સ્વરૂપ પણ જય મહારાજમાં સમાયેલું છે, ગુરુ મહારાજમાં સમાયેલું છે.

''પ્રાણી નામ્... દેહમાશ્રત''

જેમ ભગવાનને કહ્યું કે....

બધાના હૃદયમાં હું બેઠેલો છું, કયાં શોધવા જશો? જય મહારાજ આપણા પોતાનામાં પણ બેઠેલા જ છે, દૂર શોધવાની વાત કરશો જ નહીં, જય મહારાજ આપણાથી જુદા છે જ નહીં, બૂમ પાડવાની પણ જરૂર નથી, ફકત અંદર જઇ અને બેસી જવાની જરૂર છે. આપણા પોતાનામાં જઇને બેસી જાવ. જય મહારાજની પ્રાર્થના છે ને,

''પ્રભુ મારા રૂદિયા કમળ વચ્ચે રહો છો રે''

કયાં શોધવા જઇએ, જયારે પણ શોધવા હોય તો અંદર

બેઠેલા છે પણ આપણે ભૂલી જઇએ છીએ શોધવા જઇએ છીએ, જય મહારાજ યાત્રા કરવા જઇએ છે, ચાર ધામની,

**‘‘તને મે મંદિરે શોધ્યો પહાડ અને પથ્થરે શોધ્યો,**

**હતો તું દિલમાં જ બેઠો ખબર મને એની મને ન્હોતી’’**

જય મહારાજ આપણામાં જ બેઠેલા છે. બહુ વર્ષો પહેલાં એક વાર પ્રયાગરાજના કુંભના મેળામાં જવાનું હતું, તો મહારાજે પ્રતીતિ કરાવી આપી. કરમસદથી આવીને અહીં નારાયણદાસજી મહારાજને પગે લાગીને રજા માંગી, કહ્યું કે પગે લાગીને નીકળો, પછી જેવા પગે લાગવા ગયાને એવું ત્યાં ભજન ગવાતું હતું.

**‘‘સકલ તીરથ ગુરુને ચરણે ગુરુ સમાન નહીં કાંઇ’’**

**‘‘મારી શબ્દ તણી ચોંટ’’**

મહારાજ અહીં નથી બેઠા? બાપજી બધા સંતોની સાથે સંબંધ સાચવવા પડે; તો જઇએ ને આપ તીર્થ જ અમારી જોડે છો, આમ જય મહારાજને ત્યાં સમજાવી નીકળ્યા. પછી કુંભના મેળામાંથી પાછા આવ્યા અને સીધા કરમસદ ગયા, સાંજનો સમય હતો, થેલો એક બાજુએ મૂકી જયારે દંડવત કર્યા ત્યારે એ જ ચોટ બીજા ગાલે મારી, એ જ ભજન ત્યાં ચાલતું હતું. કયાં શોધવા જાવ છો તમે? આ અનુભૂતિ કહેવાય, કે આપણા ઇષ્ટદેવ આપણા જ ભગવાન આપણને પ્રતીતિ કરાવી દે કે હું તારામાં જ બેઠો છું, તું કયાં શોધવા જાઉં છું? કયાં બહાર જાઉં છું? જુઓને કેવી કૃપા થઇ ગઇ, જય મહારાજે શરીરથી ફરતા બંધ કરી દીધા, બેસી જા, કયાં ફરું છું? પછી આપણે જય મહારાજને પ્રાર્થના કરી કે બાપજી શરીરથી ફરતો બહાર બંધ કરી દીધો, હવે મનથી પણ બહાર ફરવાનું બંધ કરાવી દો ને, મનથી પણ બહાર ફરવાનું બંધ કરાવી

દો, બસ પછી પતી ગયું, નિરાંત શાંતિ. કયાં શોધવાના પછી જય મહારાજને? જય મહારાજ આપણી સાથે બેઠેલા છે, અને આપણે જય મહારાજની સાથે બેઠેલા છીએ.

**''ગુરુજીએ આપ સરીખા કરી દીધા રે,**

**દેહ ધર્યાના ફળ લીધા રે''**

**આ જીવન સાર્થક કરી દીધું**

**''દેહ ધર્યાના ફળ લીધા રે''**

જેને માટે જન્મ મનુષ્યનો મળ્યો છે, એનું ફળ મળી ગયું.

**''આપ સરીખા કરી દીધા રે''**

પોતાના સમાન બનાવી દીધા. બહુ વર્ષો પહેલાં જાનકીદાસજી મહારાજ અહીં બેઠા હતા ને પૂનમ હતી, અને દર્શનાર્થીઓ ગામડાના બધા આવે. તો એક પિતા એ નાના બાળકને આમ ઉચકી અને કહે, જો પેલા બેઠા છે ને એ સંતરામ મહારાજ છે, જો પેલા બેઠા છે ને ગાદી ઉપર એ સંતરામ મહારાજ છે, પગે લાગ.

**''આપ સરીખા કરી દીધા રે,**

**ધન્ય ધન્ય ધન્ય સદ્‌ગુરુ સ્વામી''**

ગુરુ મહારાજ પાલન-પોષણ કરે, જુઓ પૂરેપૂરી એમની કૃપા અને દયા થઇ જાય, એ પૂરા આપણને અપનાવી દે ને, તો એ પોતાના સ્વરૂપ કરી દે.

**''યતો પાલ્યતે યેન વિશ્વમ્''**

આપણી ઉપર, આપણો કેટલો ઉત્સાહ છે, કેટલો ભાવ છે સમર્પણનો, એ પ્રમાણે જય મહારાજ અપનાવી લઇને એનું

પાલન પોષણ કરવાવાળો છે. આપણા હ્દયની અંદર શ્રદ્ધા-ભકિત જે હોય, જેટલું હશે, એ જોઇને તમારો સ્વીકાર કરી લેશે, આવો. સારું ભણવાવાળો દીકરો હોય, તો બાપ તેને સારી રીતે ભણાવે, પૈસા હોય તો ખર્ચીને, અને પેલાને ભણવાની રુચિ ન હોય તો તેને કહેશે કે જા આ કામ કર

**''આપ સરીખા કરી દીધા રે''**

એને આગળ લઇ જાય, કે ચાલ, સાથે રાખે બધાને, કોઇ સાથે ભેદભાવ ન રાખે, પણ જેવી જેની ક્ષમતા એ રીતે એને આપતા જાય, કે તું લે. આમ જે જેની પાત્રતા હોય, લક્ષ્મણદાસજી મહારાજની પાત્રતા હતી,

**''ઘણી ભાવ ભરી સેવા કીધી**

**ત્યારે ગુરુજીએ ઉરમાં લીધી''**

અને પછી જય મહારાજે પોતાના શ્રીમુખેથી કહ્યું

**''ધન્ય લક્ષ્મણદાસ બડભાગી''**

કેવા ભાગ્યશાળી અને કેવું ભાગ્ય હશે, કે ગુરુ મહારાજ કહે કે તું સફળ થઇ ગયો, જા, સેવાનો સ્વીકાર કરી લીધો.

**''ઘણી ભાવ ભરી સેવા કીધી''**

સેવાથી સંતોષ થયો. ઘરમાં કોઇ ઘરડા વડીલ હોય, સાજા માંદા હોય, અને તમે એની સેવા કર્યા કરો, ખૂબ સેવા કરો, એ સેવાથી એનું હૈયું ઠરે, તમને કહેશે કે બહુ મારી સેવા કરી, એની આંતરડી ઠરી જતાં જતાં એ કહે કે તમે સુખી થશો હો બેટા, બહુ જ સેવા કરી, સુખી થજે. આમ પોતાના અંતઃકરણના આશીર્વાદ આપી દે કે લે. તો જય મહારાજ પણ લક્ષ્મણદાસજી મહારાજની સેવાથી એટલા બધા પ્રસન્ન થયા એટલા બધા પ્રસન્ન થયા,

**''ગુરુ સંતરામ બોલ્યા રીઝી''**

સેવાથી કેટલા રિઝાયા, કેટલી સેવા કરી હશે? કેટલા ખડે પગે ઊભા રહ્યા હશે? જય મહારાજ લગભગ ચાલીસ વર્ષ બિરાજ્યા છે અહીંયા, જય મહારાજ વહેલા બ્રહ્મમુહૂર્તમાં ઉઠેને તો એમના માટે નાહવાનું જળ, દાતણ પાણી, વસ્ત્ર, સાફસૂફી ચોકાની, એમના અખંડ ધૂણા માટે કાસ્ટ-લાકડા, બધુ વાળી ઝુડી અને સાફ કરવાનું, આસાન બિછાવવાના, **''ઘણું ભાવ ભરી સેવા કીધી''**

ભિક્ષા લઇ આવવાની, ભિક્ષા કરાવે, બધી જ આજુ બાજુ ની સેવા ખૂબ કરી ત્યારે,

**''ગુરુજીએ ઉરમાં લીધી''**

એટલો સંતોષ થયો, એટલો સંતોષ થયો, કે આપણને તો એમ લાગે છે કે જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજનો બરડો થાબડીને કહ્યું હશે,

**''ઘણી ભાવભરી સેવા કીધી''**

ધન્ય ધન્ય,

**''ગુરુજીએ કિરતારથ કીધા**

**આપ સરીખા કરી દીધા રે**

**દેહ ધર્યા ના ફળ લીધા રે**

**ધન્ય ધન્ય ધન્ય સદ્‌ગુરુ સ્વામી''**

દેહ ધર્યાના ફળ લીધાં. બાપજીએ આપ્યાં અને આપણે લીધા. શિષ્યનુ સંવર્ધન કરે, પોષણ કરે, પાલન કરે, એ સદ્‌ગુરુ છે, અને વિશ્વનું પાલન પોષણ કરે છે એટલે, શિષ્યનું આખું

જગત એટલે જય મહારાજ, મારા માટે જે ગણો તે મારા જય મહારાજ, મારું સર્વસ્વ, એટલે એ શિષ્યને માટે આખું વિશ્વ જય મહારાજ. તો જય મહારાજને વિશ્વસ્વરૂપ કહી દીધા, કે મને તો આપનામાં જ વિરાટ સ્વરૂપ દેખાય છે, લક્ષ્મણ દાસજી મહારાજે કહ્યું. જેમ અર્જુનને શ્રીકૃષ્ણે વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા, મા જશોદાને કૃષ્ણએ મોઢામાં વિશ્વના દર્શન કરાવયા, એમ લક્ષ્મણદાસજી મહારાજને પણ એ જ વિરાટ વ્યાપક સ્વરૂપના દર્શન કરાવી દીધા, અને જોયું કે, ઓહો... આવી વિભૂતિ મારા જીવનની અંદર

**''દેહ ધર્યાના ફળ લીધા''**

બસ,

**''સદ્‌ગુરુ સાચા રે મળ્યાં,**
**તેના તન ના તાપ ટળ્યા''**

તેને બધા જ તાપ શાંત થઇ જાય. તો ગુરુ મહારાજ આવા જ સદ્‌ભાવપૂર્વક શરણે આવેલા, સમર્પિત થયેલા સદ્‌શિષ્યને બધી જ રીતે પોષવા માટે, પાલન માટે તૈયાર બેઠેલા છે. આપણામાં સામર્થ્ય કેટલું છે જય મહારાજનું પોષણ સ્વીકારવા માટે. જેમ એક નાનું બાળક હોય, મા એનું લાલનપાલન પોષણ બધું જ કર્યા કરે, બધું પોતાનામાંથી જ કર્યા કરે, કેટલો પ્રેમ કેટલું વાત્સલ્ય, તો ગુરુ મહારાજ પણ મા તરીકે,

''ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ''

અમારા મા-બાપ આપ જ છો, અમારા સ્વજન પણ આપ જ છો, અમારું કુટુંબ સર્વ આપ છો, આવી રીતે સમર્પિત થઇ શરણે ગયા હોઇએ તો પછી કશું પણ બાકી રાખે? મા બનીને

પોતાના છોકરાઓને ઊંચકીને ફરે, એને દૂધ આપીને પોષણ કરે, જ્ઞાન. જો આટલા બધા ઉદાર અને આટલું બધું આપવાવાળા છે, પણ શું કરું મહારાજ, મારી આપની પાસેથી લેવાની લાયકાત સ્વીકારી નથી, પ્રાપ્ત કરી નથી. આપ તો આપવા બેઠા છો, ઉદાર છો, લઇ લો. અરે નવડાવી ધોવડાવી બધું જ, જેમ બાળક એ પોતાનો અધિકાર મેળવી લીધો, હું બાળક છું ને તું મા છું, મારો અધિકાર છે, એમ ગુરુ મહારાજ પ્રત્યે સમર્પણની ભાવના, કારણ કે બાળકનું શું હોય છે કે, એને મા સિવાય આ જગતમાં બીજુ કશું પણ દેખાતું જ નથી, અને સતત, કંઇ પણ હોય તો મા, કાંઇ પણ હોય તો મા. બીજું કોઇ પણ ઉપાડે, પણ જ્યાં સુધી એની મા ન ઉપાડે ત્યાં સુધી એનું રડવાનું બંધ થાય જ નહીં. હવે આવડું નાનું બાળક, એને કયાંથી ખબર પડતી હોય, કોણે બતાવ્યું કે આ મારી મા નથી, અને આ મારી મા છે, એની પોતાની ગોદમાં એની સોડમાં જતાની સાથે જ ચૂપ, એ અકકલ કોણે આપી? કોણ શીખવાડવા ગયું? પરાઇ કોઇ પણ સ્ત્રી કે માસી હાથમાં લે ને તો રડે, પણ જ્યાં મા એ લઇ લીધું, ઉંચકી લીધું એટલે તરત ચૂપ થઇ જાય. આટલો અધિકાર મેળવી લીધો છે ને, કે આ મારી મા છે, એમ મારા જય મહારાજ છે, મારા જ છે બીજા ના નહીં. તો એનું પાલન પોષણ કરવાવાળા જય મહારાજ કયારેય પાછું વળીને નહીં જુએ, ગમે તે હશે. કૃષ્ણ ભગવાન જેવા ભગવાન હતા ને, તો સૂરદાસની પાસે જાય, ભજન સાંભળવા બેસે, પણ મારો છે ને, લાકડી પકડી અને આમથી આમ મૂકી આવે, એની સેવા કરે. હવે દુનિયા આખી ભગવાનની સેવા કરે, અને ભગવાન છે તે આ સૂરદારસની સેવા કરે, કેમ?

**''યતો જાયતે પાલ્યતે''**

વિશ્વનું પાલન કરવાવાળા છે.

**''વિશ્વંભરને સર્વની ચિંતા તું શીદ ને ચિંતા કરે''**

આ ભાવ સતત રુદિયામાં બેઠેલો હોયને, તો ગુરુ મહારાજ એનું ભરણપોષણ કરે જ, એ બેઠો છે, બધાયની દરકાર રાખે છે. તો એની માટે એટલું જ, કે જય મહારાજ સર્વને પોષે છે સર્વ રીતે પોષે છે, બધે જ, શાસ્ત્રગ્રંથોમાં, ગીતામાં, બધે જ આ વાતનું પ્રતિપાદન કરેલું છે કે ગુરુ મહારાજ પણ સર્વનું પાલન પોષણ કરવાવાળા, એ એમનું જગત છે. તો બસ, આપણને પણ આ શ્લોકના આત્માની અંદરથી આપણું ભરણ પોષણ થાય એવી આપણામાં શ્રદ્ધા આવે, ભકિત આવે, જય મહારાજ આપણી ઉપર રાજી થાય.

**''ગુરુ સંતરામ બોલ્યા રીઝી ધન્ય''**

|| જય મહારાજ ||

## સત્સંગ–૯૫

# ‘અલખ ધણીની શોધમાં...’

આ જગત જેના વડે જેમાંથી ઉત્પન્ન થયું છે, જેના વડે પાલન પોષણ થયું છે, એ જીવન એની અંદર જ પાછું વિલીન થઇ જતું હોય છે.

**‘‘યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્**

**જનેભ્ય પરં લીયતે યત્ર વિશ્વમ્’’**

જ્યાંથી ઉત્પન્ન થયું છે ત્યાં જ વિલીન થવાનું છે, એમાં કોઇ આપત્તિ કોઇ દુઃખ કોઇ પીડા હોતી જ નથી. એક ક્રમ, સૂર્ય ઊગે, માથે આવે સાંજ પડે અને આથમી જાય, એમ જીવન પણ જન્મે સવાર થાય, બપોર થાય થાય અને અસ્ત થાય. તો જે સાહજિક ક્રિયા આપણે આપણા જીવનની અંદર દરરોજ અનુભવીએ છીએ, એમ આ જીવન પણ, ઉદયથી માંડીને અસ્ત સુધીના બધા જ ભાવો એમાં વ્યકત થતા હોય છે, અનુભવાતા હોય છે, આની અનુભૂતિ જે કરાવે તે સદ્‌ગુરુ છે. સ્વયં પોતે પણ અનુભૂતિ કરે છે, શિષ્યને પણ એ પ્રમાણેની અનુભૂતિ કરાવે છે. **જન્મ જીવન અને મૃત્યુ એક સીધી લીટીની ત્રણેય પ્રક્રિયાઓ જ છે, એ સહેજ પણ વાંકીચૂકી થઇ શકતી જ નથી, એટલે સદ્‌ગુરુ ભગવાન જય મહારાજ આપણા સહુ ના માટે એક માર્ગદર્શક છે**, એ અવસ્થા સ્વયં

પોતાની પણ છે, પોતે અનુભવેલી પણ છે, એ ત્રણેય અવસ્થાના નિયંતા એટલે કે સંચાલક પણ એ પોતે જ છે. એ સદ્‌ગુરુ આપણને આ પરિસ્થિતિમાંથી પસાર થતા એટલું જ સમજાવે છે, કે જુઓ કાળ જે છે, સમય છે, એ તો એનો એ જ છે, પણ એનું કર્મ છે, કાળક્રમ જેને કહેવામાં આવે છે, એના ઉપરથી કાર્યક્રમ આવ્યો, જીવન પણ એક કાર્યક્રમ જ છે. અને જીવનનો એક કાર્યક્રમ છે, આના પછી આ, આના પછી આ, આના પછી આ, જે વ્યવસ્થિત રીતે ગોઠવાયેલો હોય અને એ પ્રમાણે ચાલ્યા કરે એનું નામ કાર્યક્રમ. તો જીવનના કાર્યક્રમને સમજાવતા જય મહારાજ સ્વયં એ કાર્યક્રમના ઉદ્‌ભવસ્થાન પણ પોતે જ છે, નિયંતા પણ પોતે છે, અને એનો ઉપદેશ બોધ આપનાર સદ્‌ગુરુ પણ એ પોતે જ છે. શિષ્યને આપે છે બોધ, જેમાંથી ઉત્પન્ન થયા છીએ એમાં જ જીવવાનું છે અને એમાં જ વિલીન થવાનું છે, એમાં હર્ષ શોખ કે દુઃખ એ કોઇ અનુભૂતિ થાય જ નહીં, કેમ કે જે એ જ છે, મૃત્યુ પણ એ છે, જીવન પણ એ જ છે, અને જન્મ પણ એ જ છે. તો એ જે વાસ્તવિકતાનું એક સ્વરૂપ છે. ભલે આપણને જન્મ મૃત્યુ ને જીવન જુદા જુદા દેખાતા હોય ત્રણ, પણ એ બધાની અંદર એક અવ્યકત અવ્યય શાશ્વત ચેતના જે છે, એ તું છું. જન્મ મરણના સુખદુઃખ આદિ પણ તું નથી, પણ તું છું એ પરબ્રહ્મનું, આત્મસ્વરૂપનું તત્ત્વ તું પોતે જ છું, અને કહ્યું કે,

**''તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

જે છે તે આ સંસારનો, આપણા જીવનનો અનુભવ અને જે ક્રમ છે, સામાન્ય છે, એ તો સામાન્ય છે, એને બધા જ માણસો સમજે છે.

**''જાયતે પાલ્યતે લીયતે યેન વિશ્વમ્''**

એ પણ એક ક્રમ બતાવી દીધો, હવે એ ક્રમની અંદર ભલે, ક્રમમાં ત્રણ ચાર પાંચ વિભાગ હોય, પણ કાર્ય તો, કાર્યક્રમ તો એક જ ગણાય. એમ સમય છે એની અંદર જે પણ કાંઇ પ્રક્રિયા થવાની છે, એ પ્રક્રિયામાં તારા કોઇ વિભાગ નથી, તું સળંગ આખો એક જ અખંડ છું.

**''તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

અખંડ સ્વરૂપે આ વિશેષ જ્ઞાન, આ વિશેષ બોધ કરાવનાર એ સદ્‌ગુરુ છે. વિશેષ બોધ એટલે, તું જન્મ નથી તું મૃત્યુ નથી. તું જીવન પણ નથી, જીવનમાં આવનાર જે સુખ દુઃખ અને ઉપાધીઓ, એ તું નથી અને તારા પણ નથી, તત્વમસિ, તું તે જ છું. તત્ત્વ નીકળી ગયું એટલે ત્વમ જતું રહ્યું માત્ર અસિ જ રહ્યું. આત્મા સ્વરૂપે પરમાત્માનો અંશ હું પોતે જ છું. જેમ સમુદ્ર વિશાળ અગાધ છે, એમાં પાણી અગાધ છે, એમાંથી એક ટીપુ, એને વાચા મળે અને બોલવા માંડે, તો એ શું કહેશે? આ સમુદ્ર એ જ હું છું, અલ્યા છું નાનું ટીપું, એ દરિયો તો અગાધ અને વિશાળ છે, કેવી વાત કરું છું? કહે કે હા હા સાચે જ, આ સમુદ્ર તે હું છું, એ પાણીનું ટીપું સમુદ્રમાં જઇ અને પડ્યું પછી એને જુદું શોધી કાઢો જોઇએ? કેટલાય એના અણું પરમાણુઓ સાગરની અંદર કયાંક કયાંક વિખેરાઇ ગયા. તો એ ટીપા પાણીનું સ્વરૂપ શું થઇ ગયું? સાગરમાં વિલીન થઇ ગયું, આમ ઉછળ્યું અને તેમ ઉછળ્યું. ઘરમાં લોટ બાંધવાનો હોય, કે શાકની અંદર મસાલાને એ બધું નાખી દીધું. પછી હલાવી નાખ્યું, શોધો જોઇએ પછી જુદુ કશું પણ મળશે? તમે જે મીઠું મરચું હળદર રાઇ નાખી એ જુદી રહેશે, કે આ જ શાક આ જ ખીચડી અંદર મીઠું નાખ્યું હતું તે શોધી કાઢો, હવે ના મળે, એમ આત્મતત્ત્વ હું પોતે જ છું, પરમાતમાના અંશ

સ્વરૂપે. જુદો હતો ત્યાં સુધી અલગતા દેખાતી હતી, પણ જયારે એની અંદર પડી ગયો, દાળ ઓગળી ગઇ પછી એક પણ દાણો છૂટો તમારા હાથમાં નહિ આવે, પણ બધી જ દાળ શેની બનેલી હતી? આટલા બધા દાણાની પણ બધા જ અંદર ઓગળી ગયા, એક જ દાળ રહી, એમ સમસ્ત જગતના સમસ્ત સૃષ્ટિના જે પણ કાંઇ જીવમાત્ર છે, એ બધા આ જે અલગ-અલગ ભલે દેખાતા હોય, જુદી જુદી માપતોલ નામ બધું જ અપાતું હોય, પણ એ બધા જ જયારે વ્યાપકની અંદર વિલીન થઇ જાય, શરીર ભાવ છોડીને, ત્યારે જેમ પેલું પાણીનું ટીપુ સાગર બની ગયું, બધા જ રસ મસાલા રસોઇ બની ગઇ, એમ આપણે પણ એમાં વિલીન થઇ ગયા, પછીથી જુદાપણું રહેતું નથી. ગુરુ મહારાજ જય મહારાજ આપણને એ સ્વરૂપ બતાવે છે.

**''તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

વિશેષ છે. સંસારનો, જીવનનો, એ તો જુદો જુદો બોધ છે જ, પણ જે વધારે અગત્યનું છે, વેરી વેરી ઇમ્પોર્ટન્ટ જેને કહેવામાં આવે, વધારેમાં વધારે અગત્યનું, એમ વિશેષ જ્ઞાન આપ્યું શું? કે તું માત્ર માણસ નથી, તું માત્ર શરીર નથી, તું માત્ર એકલો જીવ નથી, તું સમસ્ત વિશ્વનો જ એક અંશ છે, પરમ તત્ત્વ છે, વ્યાપક બ્રહ્મ છે, એ સર્વત્ર છે એ જ તું છું. જેમ એક હોળી સળગતી હોય અને બાજુમાં ઊભા રહીએ, એમાંથી અસંખ્ય તણખાઓ નીકળતા હોય, અસંખ્ય તણખા નીકળતા હોય, ગણી જ ન શકાય, પણ એ તણખાઓ થોડા થોડા ઊંચે જઇ અને બુઝાઇ જાય, એમ આ સકલ વિશ્વમાં જે પણ કાંઇ છે તે પરમાત્માની વ્યાપક હોળીના તણખાઓ છે, સ્ફૂલિંગ છે, એમાંથી નીકળ્યા થોડું જીવ્યા અને પાછા ટપ થઇ ગયા, જીવ્યા અને અને ઓલવાઇ

ગયા, જીવ્યા અને ઓલવાઇ ગયા. પણ એમાં હોળીના જેવી શક્તિ કયાં છે? ઓલવાઇ જાય, પણ એક તણખો એવો શકિતશાળી હતો, નજીકમાં એક ઘાસની ગંજી કે રુ હતું એમાં જઇ અને પડ્યો, હતો તો એક નાનો તણખો, પણ પછી થોડીવારમાં જોતાજોતામાં એ પણ વિશાળ હોળી જેવો થઇ ગયો, અરે આટલો જ નાનો તણખો હતો ને? આત્મતત્વ આત્મચેતના એ વ્યાપકમાં ભળે છે ત્યારે સર્વરૂપ બની જાય છે, અને પોતે પણ વ્યાપક બ્રહ્મ સ્વરૂપ ધારણ કરી લે છે, તત્ તમ્ અસિ, એ તું પોતે જ છું, બ્રહ્મ, ભગવાન, એનાથી આપણે જુદા નથી. એ આપણાથી દૂર નથી, આપણે બધા એના જ સ્વરૂપો છે. જેમ માટી એક છે, અનેક રમકડાં બનાવે, અંદર રહેલી માત્ર માટી જ છે, એમ જે આ સૃષ્ટિ દેખાય છે એ બધામાં બેઠેલો તો એ જ છે. જેમ માટીના રમકડાં જુદા જુદા દેખાતા હોય, એમ પરમતત્ત્વના જુદા જુદા આકાર દેખાઇ રહ્યા છે, પણ જયારે શરીર સમાપ્ત થઇ જાય ત્યારે મૃત્યુ નથી આવતું, એ પોતાના નીજસ્વરૂપની અંદર પાછો ચાલ્યો જાય છે, મૃત્યુનું દુઃખ કયારે થાય છે?

**''પરં લીયતે યત્ર વિશ્વમ્''**

ઓહો.... પરમની અંદર વિલીન થવાનું છે? ચાલો ચાલો ચાલો. જેમ પ્રવાસમાં જવાનું હોય અને બધી જ તૈયારીઓ કરી દઇએ, કે ચાલો નીકળવાનું છે, સમય થઇ ગયો છે, ટ્રેન આવી જશે, બરાબર છે ને? એમ, પરમની પાસે જવાનું છે? ચાલો ચાલો. તે વખતે દુઃખ ન હોવું જોઇએ. જેમ પ્લેન પકડવાનું હોય અને એરપોર્ટ પર જવાનું હોય તો કેટલો ઉત્સાહ હોય? ટિકિટ ખિસ્સામાં લઇ લીધી હોય અને બૂટ પહેરી લીધા હોય, હાથમાં બેગ પણ લઇ લીધી હોય, જવાનું છે જવાનું છે, કેમ કે

સમય થઇ ગયો છે, એમ મૃત્યુ એ બીવાની વસ્તુ નથી, ચાલો ચાલો પરમ સુધી પહોંચવાનું છે, પરમમાં જવાનું છે, જલ્દી કરો ઉતાવળ કરો, તો જો તે વખતે એમાં દુઃખ થાય છે, એ દેહાધ્યાસ છે, પરસ્પર આ બધાની વચ્ચે રહેલી આસક્તિ છે. આપણા શરીરની અંદર રોગ થઇ ગયો, પીડા થાય છે આંગળીની અંદર, ડોકટરે કહ્યું કે કાપી નાખવી પડશે, તો કાપી નાખી, એ અલગ થઇ ગઇ, હવે એ આંગળીમાં કશું પણ રહ્યું? શરીરમાં કોઇ પીડા રહી હવે? આંગળી આપણી હતી, એ વિલીન થઇ ગઇ પછી એની સાથે આપણે કોઇપણ લેવાદેવા ન રહી. એમ આ શરીર પણ, જયારે એક અંગ છે, આંગળી પણ એક અંગ છે, એ વિલીન થઇ ગયું એટલે પછી એ પોતાના સ્વરૂપની અંદર પાછો નિરાંતે જઇ અને ભળી ગયો. જેમ ઘરની બહાર પ્રવાસે નીકળ્યા હોઇએ, ઘણા સમય સુધી ફરી ફરી અને પાછા આવીએ, પ્રવાસ પૂરો થાય એટલે હાશ, એમ જન્મથી મરણ, જીવન આખું જ એક પ્રવાસ છે, અને એની અંદર ફરી આવ્યા ફરી ફરી અને પાછા,

''**પરમ લીયતે**''

આપણે આપણા ઘરમાં પાછા ગયા, હાશ... મૃત્યુ એ દુઃખ નથી. જય મહારાજ સૃષ્ટિની ઉત્પત્તિ પણ કરે છે, એનું પાલન પણ કરે છે, અને એ જય મહારાજમાં જ પાછા આપણે વિલીન થઇ જવાનું, ઓહો! અરે એવું છે? તો તો બહુ સારું, જીવનમાં જય મહારાજ મળ્યા છે,

''**યતો જાયતે પાલ્યતે લીયતે યેન વિશ્વમ્**
**ભજે હમ્ ગુરુમ્**''

સદ્ગુરુમાં આટલી બધી શક્તિ છે, કે સૃષ્ટિનું સર્જન કરવાનું પાલન કરવાનું, અને પછી એમાં ને એમાં જ વિલીન કરી દેવાનું.

**''પરં લીયતે''**

દુઃખ હોય ત્યાં કલેશ હોય, ત્યાં શરીર તો બાળવાવાળા જઇ અને બાળી મૂકે. એમાં આપણે શું લેવાદેવા. પડ્યા છીએ, તમારી ગરજ હોય તો ઉઠાવો નહિ તો તમને મુશ્કેલી, એને કશી મુશ્કેલી છે? તો આ ભાવ છે,

**''પરં લીયતે''**

એ પરમમાં વિલીન થઇ જવાનું છે. આપણું સરસ મજાનું, બધી જ સુવિધાઓવાળું, કોઇપણ દુઃખ અને કોઇપણ આપત્તિ નહીં, કોઇપણ હેરાનગતિ નહીં, અને એ ઘરમાં રહેવા જવાનું હોય તો? વહેલામાં વહેલા દોડી જઇએ કે નહીં? તો આ તો જીવનયાત્રાના પ્રવાસમાં અનેક મુશ્કેલીઓ, અનેક ઉપાધિઓ, અને જીવનયાત્રા પૂરી થાય એટલે, ચલો આપણા ઘરમાં, ત્યાં બધી જ સુવિધાઓ અને બધું જ છે, નિરાંત છે, કોઇ દુઃખ નહિ કોઇ આપત્તિ નહીં, કોઇ જન્મ નહીં, કોઇ મૃત્યુ નહીં.

**''પરં લીયતે''**

ચાલો ને આપણે ઘરે જ જઇએ, આ દુઃખમાં શું છે? તો જય મહારાજના સ્વરૂપને કેવું માણ્યું હશે, કેવા દર્શન થયા હશે, કે અનુભૂતિના શબ્દો વડે જય મહારાજની સ્તુતિમાં, પરં લિયતે, તેનો અર્થ ખૂબ જ સમજવા જેવો છે. મૃત્યુથી દુઃખી થવાની, મૃત્યુથી ડરવાની કોઇ આવશ્યકતા નથી, હસતા મોઢે જઇએ, બસ, આવ્યા હતા, પ્રવાસ પૂરો થયો, હવે મારા પોતાના ઘરે જવું છું.

**''પરં લીયતે''**

મારા પરમને મળવા માટે જાઉં છું. જેમ પરમ પૂજ્ય, પરમ આદરણીય, એમ પરં લિયતે, કેટલો આદર હોય છે પરં

આદરણીય, પરમ પૂજય, એમ એનો પણ એટલો જ આદર, પરં લિયતે, એ બસ પરં લિયતે, જાઉં છું, જે કોઇને કંઇ પૂછવું, જે કોને કાંઇ વાંધો કંઇ વાત કરવી છે? કાંઇ જોઇએ છે? પરં લિયતે, જઇ રહ્યો છું, આનંદ આનંદ.

''વિબોધમ્''

એનો વિશેષ બોધ, એટલે એ વિશેષ જ્ઞાન છે. બીજા બધા જ્ઞાન અને બીજી સમજણ કરતા આ જ્ઞાન વિશેષ પ્રકારનું છે. એટલે એમાં કોઇ પણ લાગણીમાં ખેંચાયા વગર, કોઇપણ દુ:ખથી દુ:ખી થયા વગર, ચાલો ચાલો ચાલો નંદઉત્સવ ઉજવવાનો છે, આનંદ આવશે, કરો તૈયારી. સાધુ સંતો વિદાય થાય ને ત્યારે બેન્ડવાજા આગળ વાગે, એમની પાલખીને લઇ જતા હોય ત્યારે પૈસા ઉછાળાતા હોય, પ્રસાદ વહેંચાતો હોય, કેમ? આ તો પરં લિયતે થઇ ગયા છે. જીવનભર કાશાય વસ્ત્ર પહેર્યા હોય, કાશાઇ વસ્ત્ર એટલે અગ્નિનો રંગ છે, જ્યારથી સંન્યસ્ત દિક્ષા લીધી, સાધુ સંન્યાસી થયા, ત્યારથી એણે પોતાના શરીરને ભગવાં કપડાંના રંગની અંદર અગ્નિને જ સોંપી દીધું છે. અને જયારે વાસ્તવિકમાં, એમાં પ્રવેશ થવાનો થાય ત્યારે એમ થાય કે બ્રહ્મમાં લીન થઇ ગયા, બ્રહ્મલીન. પોતે બ્રહ્મ અંશ હતા, પરમતત્ત્વ, પણ એની અંદર વિલીન થઇ ગયા. એટલે કહ્યું કે મહારાજશ્રી બ્રહ્મલીન થઇ ગયા, પણ એ તરફની યાત્રા લઇને તો બેઠા જ હતા, એ યાત્રા વડે ત્યાં સુધી પહોંચવાનું હતું, અને પહોંચી ગયા, માટે એનું દુ:ખ નહીં, રુદન નહીં, એનો ઉત્સવ મનાવવાનો, પુષ્પહાર ફુલ સુગંધી, તો આ છે. જય મહારાજની સમાધિનું શું છે? સાકરવર્ષા થઇ, એટલે પોતાના સ્વરૂપની અંદર વિલીન થઇ ગયા.

**''પરં લીયતે''**

લો મોઢું મીઠું કરો, બધા સાકર ખાવ, ભલે આપણા વ્યવહારિક જીવનની અંદર પણ બારમુ કે પંદર કે સોળમુ, જે પણ કાંઇ કરતા હોય અને એની અંદર જમાડતા હોય, તો એની પાછળ પણ આ જ ભાવ છે, જમો. એ જીવ ચેતના તો પોતાના સ્વરૂપની અંદર ભળી ગઇ, એની મુકિત થઇ, માટે એનો આનંદ, જમો બધા સાથે બેસીને, ના અમે તો બારમું નથી જમતા, અરે એનો આ દુનિયામાંથી, આ શરીરમાંથી છુટકારો થયો. કહો જોઇએ આ જીવનની ચાલ કેવી છે ? કેટલી સજાઓ અને કેટલી શિક્ષાઓ છે, કેટલા દુ:ખને કેટલી હેરાનગતિ છે, કેટલી અશાંતિ છે, બોલો જોઇએ છે કે નથી ?

**''જગ બંધન ની જેલ જીવની તોડવી મુશ્કેલ**

**આ તો જગ બંધનની જેલ છે,**

**એ જેલને તોડવી ખરાખરીનો ખેલ છે''**

જેણે પણ લખ્યું હશે એણે કેટલું વિચારને લખ્યું હશે, કેટલું સમજણપૂર્વક લખ્યું હશે, ''પરં લીયતે''ના ભાવને આ રીતે સમજવાનો છે. ભલે રોજ સવારમાં પાઠ કરતા હોઇએ, પણ શું છે જુઓ, જય મહારાજને શરણે બેઠા છીએ, અને જય મહારાજ આટલા વ્યાપક બ્રહ્મ સ્વરૂપ છે, અને એ આપણને આટલે સુધી લઇ જવા માટે તૈયાર હોય તો પછી આપણે મૃત્યુથી બિવાની શી જરૂર છે ?

**''પરં લીયતે''**

ચાલો,

**''મોજમાં રહેવું મોજમાં રહેવું મોજમાં રહેવું રે**

**અલખ ધણીની શોધમાં રહેવું રે''**

કેટલો ઊંચો ભાવ છે, કે મૃત્યુને માટે સહેજ પણ મનની અંદર વેદના નહીં, હાય હાય મૃત્યુ આવશે, મૃત્યુ આવશે, એવું નહીં. પણ મૃત્યુથી તો આ શરીરની જેલમાંથી છૂટી ને આપણું પરમ ઘર છે ત્યાં પહોંચવાનું છે, ત્યાં જવાનું છે. પણ થાય શું? આકાર મટી જાય છે અને વ્યાપકમાં જતા રહીએ છીએ, પણ આકાર મટે છે એનું દુઃખ રહે છે, હાય હું ખલાસ થઇ જઇશ? મારું અસ્તિત્વ ખલાસ થઇ જશે? અને અસ્તિત્વ ખલાસ નથી થઇ જવાનું, જે વ્યાપકનું પરમ અસ્તિત્વ છે, અખંડ શાશ્વત, એમાં જઇને ભળવાનું છે, એમાં શું?

''**તમે બ્રહ્મમાં ભેળા ભળ્યા, પહોંચ્યા તે પાછા ન વળ્યા**''

કેટલો સરસ ભાવ છે? આવી એક ઉચ્ચ અવસ્થાની વાત અહીંયા આગળ આ સ્તુતિના શ્લોકની અંદર બસ,

''**યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્**''

બસ આખું જગત, જેમ ભગવાને ગીતાના અગ્યારમાં અધ્યાયની અંદર બતાવ્યું કે

''**યથા નદીનાં બહવોમ્બુવેગાઃ**''

સમુદ્રની અંદર જઇ અને ભળી ગયા. નદીઓ તો ઘણી બધી આવે, પોતપોતાના જીવન, પોતાના જન્મસ્થાન, પોતપોતાના રહેવાના ક્ષેત્રો બધાય, તે વહેતાં વહેતાં વહેતાં, જુદા નામવાળા આવ્યાં, કંઇક નામની નદીઓ જુદી દુનિયાની બધી જ નદીઓ જઇ અને સમુદ્રમાં ભળી ગઇ, પછી અસ્તિત્વ સમાપ્ત થઇ ગયું, કોઇ નદી રડવા બેઠી ખરી?

''**પરં લીયતે**''

આખરે એ ભવસાગરમાંથી વહેતા વહેતા પહોંચવાનું ત્યાં છે.

''અમે પહાડેથી નીકળી જગતમાં વહેતા શીખ્યાં,
સમુદ્રમાં મળી જગતમાં રહેતા શીખ્યાં,
વહેતા વહેતા સહુને કહેતા
જીવન તો અમારું ય છે ને તમારું ય છે.''

|| જય મહારાજ ||

## સત્સંગ-૯૬

# ‘સબ ઘર વાસા, સંતરામ પ્રકાશા’

પરબ્રહ્મ ગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીરાજ અવધૂત જય મહારાજનો આશ્રય આપણા સહુના જીવન માટે અમૃત છે, એમનાથી આપણને અમરત્વ પ્રાપ્ત થઇ રહ્યું છે, જે સર્વસ્વ શકિતમાન છે, સર્વ શકિતમાન છે, એ સ્વયં આપણને પ્રાપ્ત થયા છે.

‘‘ગુરુદેવઃ પરબ્રહ્મ’’

પરમબ્રહ્મ પરમાત્મા એ જય મહારાજનું સ્વરૂપ શાશ્વત છે, અનંત છે, અવ્યય છે, અમર છે, એટલે એમાંથી જ ઉદભવવું, એમાં જ રહેવું, અને એમાં જ સમાવવું, એટલે આ સમગ્ર જગતનો પ્રાદુર્ભાવ, લય અને વિલય, બધું જ એક જ સ્થાનની અંદર છે, બીજે કયાંય નથી. જેમ શરીર અન્નમય કોષ છે, આપણે અન્ન રોજ જમીએ છીએ, અન્ન શરીરમાં જાય છે, એના વડે શરીર પોષાય છે, પણ આખા શરીરમાં અન્ન શોધી આપો જોઇએ? આટલા વર્ષોથી ખાવ છો, અને એનાથી જ શરીર બનેલુ છે, એનાથી શરીર પોસાયેલું છે. આખું શરીર અન્નથી બનેલું હોવા છતાં પણ શરીરમાં કયાંય પણ અન્ન હાથમાં આવતું નથી, એક કોળિયો પણ હાથમાંથી કે છાતીમાંથી કે મોઢામાંથી કે માથામાંથી

પગમાંથી મળે છે? તો જે અન્નનો વિલય આખા જ શરીરમાં થાય છે, અને શરીરમાં ઉત્પન્ન થઇ જાય છે, એ અન્નમય કોશ છે, એમ સમસ્ત જગત ભગવતમય છે. અન્નમય કોશ છે છતાં પણ અન્ન દેખાતું નથી, એમ સમસ્ત સૃષ્ટિ જગત પરમાત્માની અંદર જ લય પામે છે. તો પરમાત્મામાં સમાઇ ગયેલો જીવ દેખાતો નથી, જુદો પડતો જ નથી, કેમ? અન્નમય કોશની માફક પ્રભુમય જગત છે.

**''સિયારામ મય સબ જગ જાની''**

કેમ કે પ્રભુમય જગત થઇ ગયું. બધું જ એમનામાં સમાઇ ગયેલું છે, એમનાથી કશું પણ જુદું પડી શકતું જ નથી, તો જેને લયયોગ કહેવામાં આવે છે. લયયોગ એટલે એમાં વિલીન થઇ જવાનું. જેમ પાણીમાં મીઠું નાખીએ કે દૂધમાં સાકર નાખીએ, એ ઓગળી અને એની અંદર લય થઇ જાય, એ જુદું ન મળે, સમગ્ર પાણીની અંદર એ મીઠું અને એ મીઠાની અંદર પાણી ઓતપ્રોત થઇ ગયા, એમ જીવ અને ઇશ્વર. એ જે સંબંધો છે એ લયયોગ છે. ઓતપ્રોત થઇ જાય છે.

**''યતો જાયતે લીયતે''**

જેમાં બધુ જ ભળી જાય છે. જેમ સમુદ્રમાં બધા જ પાણી, બધી જ નદીઓ મળી જાય, પછી કોઇ નદીનુ નામ રહેતું નથી, માત્ર સમુદ્ર બની જાય છે, એમ આપણું આ જીવન પણ જીવતા જીવતા, વહેતા વહેતા જીવનની જીવનયાત્રામાં આખરે પણ એનો વિલય, નદીઓ અને સમુદ્રની માફક, જીવ ઇશ્વરમાં લય પામી જાય છે, તો કેટલો સરસ ભાવ આપ્યો,

**''જાયતે પરં લીયતે''**

નદીને જઇને કયાં જવાનું છે? એટલે જવાનો એનો કોઇ માર્ગ, એનો કોઇ છેડો સમુદ્રમાં ભળી ગયો, કયાંય છેડો નહી જડે, સમુદ્રનો છેડો કયાં? એમ પરમાત્માનો પણ એટલો બધો વ્યાપકભાવ છે, કે એનો પણ છેડો નહી જડે. તો લયયોગ એટલે આપણે પોતે જ પોતાનામાં ભળી જવું, આપણે આપણા શ્વાસોશ્વાસની અંદર લય થઇ જવું. હવે પોતાનામાં જ તત્ત્વ છે. તત્ત્વમસિ કહ્યું,

''તત્ત્વમસ્યાદિવાક્યૈ શિષ્યાંન્સંબોધયંતં''

આમ તત્વમસિ એટલે તે જ તું છું, તું પોતે જ છું, બીજું કોઇ નથી. તો ઇશ્વર આપણા પોતાનામાં આપણામાં છે.

**''સબ ઘટ વાસા સંતરામ પ્રકાશા''**

**''ઘટ ઘટ વ્યાપી છો ગુરુ મહારાજ''**

**''પૂર્ણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

આટલું બધું ઠોસ રીતે સમજાવ્યું છે, કે વ્યાપ્ય અને વ્યાપક બંને જુદા નથી. સૂર્ય છે, સૂર્યના કિરણો છે, અને એનો પ્રકાશ છે, આટલે દૂર સુધી આવે છે અને રોજ આપણે મેળવીએ છીએ, તો સૂર્ય અને સૂર્યનો પ્રકાશ અને એનું અજવાળું એ જુદા નથી જ, એના જ અંગ અને એના જ અંશ છે, એટલે આપણામાં રહેલી ચેતનાને જય મહારાજના સ્વરૂપની અંદર ભેળવી, પુષ્પદંત પણ એમ કહે છે કે,

**''નમો નેદિષ્ઠાય''**

નજીકમાં નજીક સુપરલેટિવ ડીગ્રી આપી દીધી, નેદિષ્ઠાય, એ આપણા પોતાની અંદર નજીકમાં નજીક આપણે પોતે જ છીએ. હવે જો આત્મચેતના હૃદયમાં જ હોય, કેટલો સરસ ભાવ,

**''પ્રાતઃ નમામિ હૃદિસંસ્થિતમ્ આત્મતત્ત્વમ્''**

હું સવાર ના પહોરમાં ઉઠીને મારા આત્મતત્ત્વને વંદન કરું છું.

**''પ્રાતઃ નમામિ હૃદિસંસ્થિતમ્ આત્મતત્ત્વમ્''**

આ ઋષિઓનો રણકાર છે,

**''ઈશાવાસ્ય ઈદમ્ સર્વમ્''**

બધામાં પ્રભુનો વાસ છે, આ ઉપનિષદનો અવાજ છે. તો,

**''પરં લીયતે યતો જાયતે પાલ્યતે''**

આ બધું જ એક જ જય મહારાજના સ્વરૂપની અંદર જ? તો જય મહારાજ તો પરબ્રહ્મ સ્વયં છે, તો એમના અંશ, બ્રહ્મ ના અંશ, પરમાત્માના અંશ તરીકે આત્મા હોઈએ, તો આત્મા તો આપણી અંદર જ બેઠો છે. તો બધા જ મહાપુરુષો, દરેક ધર્મશાસ્ત્ર કહે છે કે... તો અહીંયા બેઠેલા આત્માનું અનુસંધાન કરવું કેવી રીતે? તો કહે છે કે શ્વાસોશ્વાસથી. વિષ્ણુદાસજી મહારાજ કહે છે કે,

**''અહોનિશ અખંડ કીજીએ સ્મરણ શ્વાસોશ્વાસ,**

**પંડ છતે પરબ્રહ્મમાં સુરતી જઈને સમાય''**

આપણી બધી જ વૃત્તિઓ સુરત બનીને એ પરબ્રહ્મ સ્વરૂપની સાથે એક થાય, પણ કયારે?

**''અહોનિશ અખંડ કીજીએ સ્મરણ શ્વાસોશ્વાસ''**

તો શ્વાસોશ્વાસ વડે આત્મા સુધી પહોંચવાનો માર્ગ છે. આત્મા સુધી પહોંચવું હોય તો શ્વાસોશ્વાસના માર્ગે જ પહોંચાય, અને એને પામવા માટે સતત, દરેક શ્વાસે શ્વાસે સોહમ્ સોહમ્

''સોહમ્ સોહમ્ આત્મારામ''

સોહમ્ સોહમ્ રૂપી આત્મારામ તું પોતે જ છું,

ત્યાર પછીથી આ શરીરનો

**''જન્મ અને મરણનો ફેરો ઠામ''**

થામી દીધો. તો પરં લીયતે નો ભાવે એ છે, કે આપણા પોતાની અંદર આપણે આત્મસ્વરૂપનું અનુસંધાન કરીને, શ્વાસોશ્વાસથી, શાંત બેસી એકાગ્ર બેસી એકાંતમાં બેસી અનુભવ કરો, અભ્યાસ કરો,

**''શરત સમાવો ''ૐ'' અક્ષર માં,**

**એમાં રહેજો લાગી''**

સતત,

**''અહોનિશ અખંડ કીજીએ સ્મરણ શ્વાસોશ્વાસ''**

**''એમાં રહેજો લાગી''**

બધા મહાપુરુષો દરેક સંતો પોતપોતાની અનુભૂતિ બતાવી રહ્યા છે, અને જય મહારાજના સ્વરૂપ સુધી પહોંચવાની વાત કરી રહ્યા છે, ચાલો ને જઇશું. તો જે લયયોગ છે, કે એમાં ભળી જવાનું અંદર જ, જેમ ધ્યાનમાં બ્રહ્મમુહૂર્તમાં એકાંતમાં એકાગ્ર થઇ, ધીરે ધીરે શરીર અને મનથી શાંત બની, નિજ સ્વરૂપ સાથેનો ધીરો ધીરો સંબંધ, તો એ સંબંધ બંધાતા એની અંદર,

**''શનૈઃ શનૈસપરમેદબદ્ધ્રયા ધૃતિગૃહીતયા''**

ધીરે ધીરે ધૈર્યથી સમજણપૂર્વક એની સાથેનો સંબંધ કરવાનો છે. તો

**''યતો જાયતે પાલ્યતે યને વિશ્વમ્''**

જો આ બધું એ પોતે જ છે, તો મારે બીજે કયાં બહાર શોધવા જવું? તો એ છે, લય થઈ જવું છે, એની અંદર વિલય થઇ જવું, એની અંદર પોતાની જાતને અંદર ભેળવી દેવી, આ વાત છે લયની. તો એ લય પોતાની વૃત્તિઓને જ આત્મામાં થઇ જાય, ઇન્દ્રિયોનો લય મનમાં, મનનો લય અંતઃકરણમાં, અંતઃકરણનો લય આત્મામાં, અને આત્માનો લય પરમાત્મામાં,

''પરં લીયતે યત્ર વિશ્વમ્''

આખું વિશ્વએ પરમાત્માની અંદર વિલીન થવા માટે જ સર્જાયું છે. જેમ પાણીની અંદર પડેલો એક કાંકરો, તળાવમાં એના તરંગો ઉઠશે, કિનારે અથડાશે અને ફરી પાછા જ્યાંથી ઉદભવ્યા હતા ત્યાં પાછાં સમાઇ જશે, એમ આ જગત પણ જ્યાંથી ઉત્પન્ન થયું છે ત્યાં જ પાછું વિલીન થવાનું છે, એનું નામ છે લયયોગ, આપણા પોતાની અંદર આપણે વિલીન થઇ જઇએ, શ્વાસોશ્વાસથી અનુસંધાન કરો.

**''મારા રુદિયા કમળ વચ્ચે રહો છો''**

આપ ત્યાં જ છો, તો શરીર નો, આ જીવનનો આખો જ કાર્યભાર વહન એમનો, હૃદયની લાગણીઓ વડે જ થતો હોય છે. હૃદયની લાગણીઓ મગજને ખબર આપે, અને મગજ પછી ઇન્દ્રિયો અને મનને ખબર આપે, અનુભવ કરી જુઓ. શાંતિથી બેસો અને જુઓ, કે કેવી રીતે થાય છે, આપણા જીવનનો વહીવટ કોણ કરે છે? તો એ મન દ્વારા ઈન્દ્રિયો અને ઇન્દ્રિયોથી વિષય સુધી પહોંચવાનું વિષયોમાંથી ઇન્દ્રિયોમાં આવો, ઇન્દ્રિયોથી મનમાં આવો, અને મનમાંથી આત્મામાં આવી જાઓ પાછા. એટલે જયારે પણ અનુસંધાન કરવા બેસીએ, કે ચાલો મારે મારા વિષયોને ઇન્દ્રિયોમાં, ઇન્દ્રિયોને પ્રાણમાં, પ્રાણને મનમાં, અને

મનને આત્મામાં ભેળવી દેવો છે, એને લયયોગ કહે છે. આખરે બધી જ વૃત્તિઓ શાંત થઇ જાય સુરત નૂરત અને એ પણ શબ્દો દ્વારા સુરત ને નૂરત સુધી પહોંચવા માટે શબ્દ એ એનો પુલ-માર્ગ છે એટલે આપણી વૃત્તિઓ એકાગ્ર કરીને શબ્દના રસ્તે પુલ ઉપર ચાલી નૂર એટલે આત્માની અંદર રત થવાનું છે તો આમ નૂરત એટલે આપણે આપણા પોતાનામાં લય પામી જવું વિલીન થઇ જવું છે તો એ એજ દિશા છે એ માર્ગ છે આપણા અંતઃકરણમાં આપણા હૃદયમાં કે જે આગળ શ્વાસોશ્વાસ વડે આપણા મનને પરોવીને આત્મા સુધી લઇ જવાનું છે. મનને શ્વાસોશ્વાસમાં પરોવો સમય લાગશે. અભ્યાસ કરવો પડશે શ્વાસ લેતા હોઇએ મૂકતા હોઇએ જયારે એની સાથેનું મનનું અનુસંધાન સતત રહેવું જોઇએ. શ્વાસોશ્વાસ ચાલે છે એમ ચાલ્યા કરશે અત્યારે પણ શ્વાસોશ્વાસ ચાલ્યા કરે છે મન ઊંઘી જાય છે છતાં પણ શ્વાસોશ્વાસ ચાલ્યા કરે છે એટલે એ મન બીજે ભમે છે એના કરતાં

**''શ્વાસે શ્વાસે સમરણ કરતાં પાંચે પાતક જાય''**

તો એમ પ્રીતમ સ્વામીએ કહ્યું છે પાંચ ઇન્દ્રિયોના પાંચ પાપ છે એટલે એને શ્વાસની સાથે મનનું અનુસંધાન કરી દઇએ તો પાંચેય ઇન્દ્રિયો શાંત થઇ જશે પાપ કરતી અટકી જશે ભમતી રખડતી અટકી જશે, મન ઇન્દ્રિયોને લઇ અને બહાર જાય છે પણ મનનેજ અંદર બેસાડી દીધું હોય ઇન્દ્રિયો કયાં જવાની હતી ? ઇન્દ્રિયો જડ છે એટલે મનનું અનુસંધાન શબ્દની સાથે થાય મનને સુરત કરવું પડે. એકાગ્ર કરવું પડે પછી એને શબ્દોમાં જોડીએ એ શબ્દ વડે પોતાના આત્મા નૂર સુધી પહોંચે જ્યાં અનુસંધાન થાય ત્યાં ધીરે ધીરે સ્થિતિ આવે

**''પંડ છતે''**

છતા શરીરે

**''પરબ્રહ્મમાં''**

પેલું કહે છે ને કે બ્રહ્મલીન થઇ ગયા, એ તો શરીર છૂટયા પછી બ્રહ્મલીન થયા પણ આ તો જીવતે જીવતા બ્રહ્મલીન થવાનું છે શરીર એમનું એમ હોય શરીર ત્યાંનું ત્યાં જ રહે

**''સુરતીજઇનેસમાય''**

આપણા મનની બધી જ વૃત્તિઓ પરબ્રહ્મમાં સ્થિર થઇ જાય પછી ઈન્દ્રિયો પણ શું કરવાની હતી મનથી શું થવાનું હતું શરીર તો જડ છે જયારે એ સુરતાઓ પાછી ફરે પછી શરીરમાં આવે ત્યારે મન જાગ્રત થાય, મન જાગ્રત થયા પછી ઇન્દ્રીય જાગૃત થાય, ઇન્દ્રિયો જાગ્રત થયા પછી, વિષય જાગ્રત થાય. આ

''પરં લીયતે યત્ર વિશ્વમ્''

આખી સૃષ્ટિ એમાં વિલીન થઇ જાય છે અને તે પરમ છે સામાન્ય નહીં એટલે પરમ લય થવાનું શરીરના લયને મૃત્યુ અવસ્થા કહીશું એ શરીર પાંચ ભૌતિકતામાં ભણી ગયું પણ આત્મા ચેતના છે.

''પરં લીયતે''

એ પરમની અંદર વિલીન થઇ ગયું disappear from અર્થ એન્ડ બોડી આ શરીરથી સંપૂર્ણ મુકત થઇ ગયું તો વિલીન તેનો ભાવ કેટલો સરસ ઊંડો છે. આપણે પણ જાગ્રત જીવંત શરીર અવસ્થાની અંદર પણ જો આપણી ભક્તિ આપણી ઉપાસના આપણું સ્મરણ આપણું ચિંતન બધું જ જય મહારાજમય બની જાય સેવા ઉપાસના બધું જ તો ધીરે ધીરે આપણી વૃત્તિઓ એમાં લય પામી જવાની છે બધું જ સર્વસ્વ એમના મય થઇ જાય સતત આ

પ્રમાણેની વૃત્તિઓ જો બન્યા કરતી હોય તે તો સ્વપ્નમાં પણ જય મહારાજ આવે કે મારે ત્યાં જય મહારાજ આવ્યા હતાં દર્શન આપ્યા હતાં. અમારે ત્યાં ઓસ્ટ્રેલિયામાં પણ આવ્યા હતાં, અમેરિકામાં પણ આવ્યા હતા, મહારાજ; બોલો પાસપોર્ટ વગર આવી જાય છેક પહોંચી જવાનું આ શું છે

**''પરં લીયતે''**

વૃત્તિઓ આપણા મનની જો સતત એમાં રમ્યા કરતી હશે તો એ જાણે કે આપણી સામે જ છે આપણી નજીક જ છે અને સ્વપ્નમાં પણ દર્શન આપશે; એ છે વૃત્તિઓનો એની તરફનો લગાવ; સતત લગાવ રહેતો હશે ને તો એ સ્વપ્નમાં આવી જશે દુરાચારની વૃત્તિઓ લગાવ તો સતત રહેતો હશે તો દુરાચાર સ્વપ્નમાં આવી જશે. જય મહારાજ સાથેનો લગાવ છે વિષ્ણુ-સહસ્ત્રના પાઠની અંદર હોય તો એ ઊંઘમાં ને ઊંઘમાં પણ બોલાતું હોય સ્વપ્નમાં બોલાયા કરતું હોય ઉઠ્યા ત્યારે જોઇએ કે આ તો ચાલુ જ છે આ છે એની અંદરની આપણી એકાગ્રતા ઊંડાણ સુધી પહોંચી ગયા એમ શ્વાસોશ્વાસ વડે આત્માનું અનુસંધાન કરો સોહમ્ હું એટલે એ જ હું છું એ જ હું છું હું જ છું સોહમ્ સોહમ્ જે શ્વાસોશ્વાસની અંદર છે તો એ છે

**''અહોનિષ અખંડ કીજીએ સ્મરણ શ્વાસોશ્વાસ''**

**''પંડ છતે પરબ્રહ્મમાં સુરતી જઇને સમાય''**

ત્યાં જ પહોંચવાનુ છે જેટલું અનુસંધાન શ્વાસ વડે આપણી અંદર રહેલી ચેતનાનું કરીશું ને એટલી જ એકાગ્રતા, એટલું જ ઊંડાણ; એટલી શાંતિ મળશે અને માળા ફેરવવા જેવું બેસીએ માળાની અંદર એટલી બધી સ્થિરતા આવતી જાય કે મારા હાથમાંથી ફરતી અટકી જાય પણ મંત્ર જાપ ચાલુ રહેતો હોય એક

એવી સ્થિતિ આવશે પછીથી જપ કરતાં કરતાં એ મંત્ર પણ ત્યાં જ સ્તબ્ધ થઇ જશે માત્ર તમારા મનને તમે સ્થિર કરી દીધું જેમ પતંગ ઉંચે ચઢવતો કોઇ છોકરો હોય, પતંગ નીચે ગઇ અને સ્થિર પવન હોય પછી એણે કશું પણ ન કરવું પડે એ લઇ બેસી જ રહે કે આ તો બહુ જ સ્થિર પતંગ છે.

**''જૈસે ગુડિયા ગગન માહી એસી ચઢી મોઇ સુરતી''**

એકાગ્ર થઇને

**''સત્‌ગુરુ મોએ આન મિલે તબ હોય રહા એક નરતી''**

સ્થિરતા આવી ગઇ એની અંદર મન પર સ્થિર થઇ જવું જોઇએ; પતંગની માફક પોતાના સ્વરૂપ આત્માની અંદર સતત અનુસંધાન માટે મનને શ્વાસોશ્વાસની સાથે પકડી રાખવું પડે ઘણા અભ્યાસ પછીથી એ અવસ્થા આવી શકશે, મેળવી શકાશે પણ બ્રહ્મમુહુર્તમાં એકાંતમાં બેસી શાંતિથીની અનુભવ કરજો આનંદ આવશે એટલે સુધી એ બ્રહ્મત્વ ગુરુ મહારાજનું સ્વરૂપ જાણે આપણામાં આવી એકાગ્રતા કયાંથી આવવાની છે, સ્થિરતા કયાંથી આપવાની છે, અનુસંધાન કયાંથી આવવાનું છે જય મહારાજનો આવિર્ભાવ થાય ત્યારે એમ થાય કે હવે મારામાં સ્થિરતા જય મહારાજ મારામાં પધાર્યા છે, ત્યારે તો તમને ધ્યાનમાં અંતર્મુખ કરી દે, આત્મા અનુસંધાન કરાવી દે અને એ સ્થિરતા એવી હોય મનને પણ કશી ખબર ન પડી, મન પણ પોતાના સ્વરૂપ આત્માની અંદર જ વિલીન થઇ જાય. શ્વાસો શ્વાસની સાથે ઓમકાર કરતા કરતા આત્મા અનુસંધાન એવું થઇ ગયું કે મન મન ના રહ્યું, એ પોતે પણ આત્માના સ્વરૂપમાં ભળી ગયું. શું બાકી રહ્યું આને લયયોગ કહેવામાં આવે છે કે પરમાત્માની અંદર આત્મા એના પોતાનામાં લઇ થઇ જવું.

**''ક્ષર મતી મેલી''**

ક્ષર એટલે આ શરીર જે નાશવંત છે

**''અક્ષર મતી ઉર ધાર''**

હું શરીર છું એ એક બાજુએ મૂકી દે હું આત્મા છું, અક્ષર છું, મરવા વાળું નથી તો એથી આગળ જે છે

**''ક્ષરમતી મેલી પરી અક્ષર મતી ઉર ધાર**

**અક્ષરાતીત અલખ ધણી''**

એ આત્માથી અલક્ષ એ ત્યાં છે પરમાત્મા, ત્યાં સુધી પહોંચવા માટે મનને પોતાના પ્રાણમાં પ્રાણને પોતાના આત્મામાં લઇ કરી દેવાનો અને અને આત્માને પરમાત્મામાં લય કરી દેવાનું છે, આ લય યોગ છે અને એને માટે કહ્યું કે જય મહારાજ પોતે જે લય સ્વરૂપ છે.

''હૃદા તત્ત્વમસ્યાદિજન્યમ્ વિબોધમ્ ભજે હં ગુરુમ્''

હું એવા ગુરુ મહારાજને ભજું છું કે, જે મારા નિજ સ્વરૂપ સુધી લઇ જાય છે.

|| જય મહારાજ ||

## સત્સંગ-૯૭

# 'પરમાર્થમાં પિંડ જ ગાળ'

સમર્થ જય મહારાજનું સ્વરૂપ ત્રિદેવ સમાન છે, ત્રણેય દેવતાઓની શક્તિ અને સામર્થ્ય એક સદ્‌ગુરુમાં રહેલું છે. જય મહારાજ સમસ્ત સૃષ્ટિના સર્જક, પાલક અને વિસર્જક પણ છે, કે જે પોતાનામાં વિલીન કરી દે છે. ભકિત વડે, સેવા વડે, ઉપાસના વડે, સત્સંગ વડે આપણી વૃત્તિઓને જય મહારાજમાં વિલીન કરી દે. ખૂબ નામ સ્મરણ કરો, ધ્યાન કરો, જય મહારાજની સેવા કરો, જય મહારાજનું સ્મરણ કરો, એટલે બધી જ વૃત્તિઓનો લય વિલય જય મહારાજનામાં જ થઇ જશે, એટલે પ્રેમભક્તિથી પણ ભગવાનમાં ભળી જવું. સતત સેવા કરીને પણ, એમની જીવન લીલાનું ગાન કરીને, જીવનલીલાનાં સ્મરણ કરીને, જય મહારાજની અંદર વિલીન થઇ જવું, લય પામી જવું. એનું નામ છે.

''લીયતે યત્ર વિશ્વમ્''

જયાં બધું જ સ્થિર થઇ જાય છે, સમાય જાય છે. આપણા મનની વૃત્તિઓ, આત્મામાં, એમ જય મહારાજની અંદર આપણી બધી જ વૃત્તિઓ ભક્તિભાવથી, ખૂબ જ પ્રેમથી વાત્સલ્યથી એમાં મળી જાય, જેમ વાછરડું ગાયને ધાવતું હોય તો એના મય બની

જાય, એના મય બની જાય, ગાય પણ એના મય બની જાય. વાછરડું ધાવતા ધાવતા માથું મારે, ગોથું મારે તો પણ બધું જ સહન કરી લે, કેમ કે તે આ પ્રેમ છે, સમર્પણ છે, વાત્સલ્ય છે. એમ ગુરુ મહારાજની અંદર પણ ભળી જવા માટે માત્ર ભકિત પ્રેમભક્તિની જ જરૂર છે. પ્રેમલક્ષણા ભક્તિ વડે પણ, ગોપીઓ એવી ભગવાનમાં લીન થઇ ગઇ, અને એમાં કેટલો સરસ ગોપીભાવ આવ્યો, કે દરેક ને એમ થયું કે કૃષ્ણ અમારી સાથે જ છે, અમે કૃષ્ણની સાથે જ છીએ, કયાંય જુદા નથી, એવાં ભાવ, જય મહારાજથી હું જુદો નથી અને જય મહારાજ મારાથી જુદા નથી. સતત અને સતત એ સ્મરણ રાખીએ, એ ભાવ કરીએ, પ્રાર્થના કરીએ, કે જય મહારાજ સદાય અમારી સાથે રહેજો અને અમને સાથે રાખજો, બસ આપણું જીવનનું કાર્ય પૂર્ણ થઇ ગયું હવે, અને એટલે સુધી આવ્યું કે,

**''દેહ ધર્યાના ફળ લીધાં રે''**

બસ, જનમ્યા મનુષ્ય શરીર મળ્યું, સાર્થક થઇ ગયું કે, જય મહારાજે અપનાવી લીધા. અમારી વૃત્તિઓ બધી જ જય મહારાજમાં વિલીન થઇ ગઇ, કે બીજું કશું પણ વિચારવા માટે કરવા માટે તૈયાર નથી. ગમે તે પ્રવૃત્તિમાં બેઠા હોઇએ, પણ આપણી વૃત્તિ આપણું મન એ આપણા જય મહારાજથી અંદર જ હોય, જેથી સંયમી રહે, સાત્ત્વિક રહે, સદાચારી રહે, કયાંય વિકૃત્તિઓ આપણને હેરાન ન કરે, સતત સ્મરણમાં રાખીએ.

**''અહોનિશ અખંડ કીજીયે સ્મરણ શ્વાસોશ્વાસ''**

જે અખંડ સ્મરણ શ્વાસોશ્વાસ કરવાની વાત છે, એને કારણે આપણું મન બીજે કયાંય પણ વિષયાકાર વૃત્તિઓ તરફ ભટકવાની ઇચ્છા જ ન કરે, ઇચ્છા થાય નહીં. સારામાં સારું

ભોજન જમવાનું મળી જતું હોય, અને ક્યાંક બે દહાડાનો વાસી રોટલો અને છાશ ખાવા મળવાની હોય, તો ત્યાં જશો? કે રોજ સારું જમવાનું મળે છે ત્યાં જશો, બસ એમ આપણી વૃત્તિઓને આવું જ સરસ જય મહારાજની ભક્તિનું ભોજન મળે છે તો ત્યાં જ જઇએ, આ સંસારના સૂકા છાસથી રોટલાના ટુકડા ખાવા શા માટે જવું ત્યાં,

**''લીયતે યત્ર વિશ્વમ્''**

બસ એ રીતે સદભાવ. જયાં જયાં સદ્ભાવ હોય ને એના પ્રત્યે પ્રેમ જાગ્રત થાય, અને એની સાથેના ખૂબ સારા ગાઢ સંબંધો બંધાઇ જાય, પશુઓ જુઓ પક્ષીઓ જુઓ, જુઓ તમે પ્રેમ આપશો ને તો એમનામાં ઓતપ્રોત તા આવી જશે, તમે એકબીજા માં ભળી જશો, જુદા નહીં પડો, કે આ પણ મારા જ છે. આ જે પોતાના અસ્તિત્વનું વિલીનીકરણ, સમર્પિત ભાવ જેને કહેવાય, બસ સોંપી દીધું,

**''માથું તારે ખોળે મૂકયું રે શામળિયાજી**
**તું જીવાડે જીવવાનું તું મારે તો મરવાનું''**

આ ભાવ રહે. એટલે મારા સમગ્ર અસ્તિત્વને ભગવાનની અંદર, જય મહારાજની અંદર અર્પિત કરી દઉં છું, મારા જુદા અસ્તિત્વને હું સહેજ પણ સ્વીકારવા તૈયાર નથી. જય મહારાજ મારામાં છે, અને મારી બધી જ વૃત્તિઓ જય મહારાજની અંદર જ છે, બીજે કયાંય નથી બસ. દુઃખદ પરિસ્થિતિ આવી પડે, પરિવાર છે, ઘર છે, વ્યવહાર છે, સંબંધ છે, છતાંય આપણી વૃત્તિઓ દુઃખની અંદર એટલી બધી એકાગ્ર થઇ ગઇ હોય, કે બીજું કશું પણ છે જ નહીં રડવા સિવાય, ખેદ વ્યાકુળતા, બરાબર છે ને? ઘરમાં કોઇ મૃત્યુ થઇ ગયું હોય, પછી જુઓ જોઇએ એની

વૃત્તિઓ, ઘર બધું જ સ્મશાન વેરાન લાગશે, કોઇ ચુલો પણ નહીં સળગાવે, કોઇ કામ કરવા પણ તૈયાર નથી, બસ વૃત્તિઓ કયાં ગઇ? એ વ્યકિતની પાછળ, જેમ થોડા દિવસ સુધી આપણી દુઃખની સ્થિતિ એમાં લય પામી જાય, દુઃખ દુઃખ દુઃખ. તો સ્વરૂપને પણ એ જ રીતે એકાગ્ર કરી કેન્દ્રિત કરીને, જય મહારાજની અંદર એવું ડુબાડી દીધું હોય, ઉતારી દીધું હોય, કે પાણીની અંદર ડુંબાળેલું વાસણ, એ વાસણની અંદર પાણી અને એની આજુબાજુ ચારે બાજુ પાણી, આ અવસ્થા એનું નામ છે,

**''યત્ર લીયતે વિશ્વમ્''**

બસ એમાં તરબોળ થઇ જવાનું, એમાંથી પોતાની જાતને સહેજ પણ જુદી પાડવાની જ નહીં, ઘડો ઉપર ખેંચીએ તો બહારનું પાણી દૂર થઇ જાય ને? આપણી વૃત્તિઓને જયારે કોઇક દુન્યવી કે સંસારીક તરફ ખેંચવા માંડીએ તો ભગવાન દૂર થાય ને? એટલે ભગવાન છે એ અંદર બહાર દેખાવો જોઇએ.

**''તુલસી ભીતર બાહેરહુ''**

અંદર-બહાર બધે જ મારા ભગવાન છે, જય મહારાજ છે, અને એવું જે લયતત્ત્વ છે, લય સ્વરૂપ જેને કહેવાય, એની અંદર કાંઇ બાકી ન રહે, કાંઇ જુદું ન રહે, અલગતાનું નામોનિશાન મટી જાય. હું અલગ છું, હું જુદો છું, એવો અંદર સહેજ પણ વિચાર કે ભાવ સરખો રહે જ નહીં આ છે,

**''યત્ર લીયતે''**

અને પાછું આપણા જીવનની આખી દુનિયા, આપણા મનનું આખું જગત, એની અંદર વિલીન થઇ ગયું, વિસ્મૃત થઇ ગયું, જગત રહ્યું જ નહીં.

**''યત્ર વિશ્વમ્ લીયતે''**

વિચાર કરો કે શિષ્યની મનોવૃત્તિઓને એટલી સુંદર રીતે કેળવે, એકાગ્ર કરે, અને દુનિયા આખી ભૂલી જઇને માત્ર,

**''યત્ર લીયતે''**

ત્યાં આગળ વિલીન થઇ જાય. વિલીન થઇ જાય એટલે? કોઇ વિચાર નહિ, કોઇ મનની ઇચ્છા નહીં, કોઇ સંકલ્પ નહીં, કોઇ વિકલ્પ નહીં, માત્ર એક જ, હું અને મારા જય મહારાજ.

**''યત્ર લીયતે''**

એનું આખું જગત, એની આખી દુનિયા જ વિલીન થઇ ગઇ, એટલે સાચા શબ્દોમાં કહીએ તો, સાધકના મનની અંદર રહેલી દુનિયાને સંસારને એ મારી રાખે છે, પછી એકલા તમે અને જય મહારાજ, જે હૃદયમાં બેઠેલા છે, કયાં શોધવા જવાના? અને હૃદયમાં બેઠેલા જય મહારાજને મેળવવા કેવી રીતે? તો કહે છે, કે શ્વાસોશ્વાસથી અંદર પહોંચો, પ્રયત્ન કરો, સતત એમાં લાગેલા રહો.

**''એમાં રહેજો લાગી**

**સુખસાગર ત્યારે ચોટ નિશાને લાગી''**

મહારાજશ્રી અવશ્ય મળશે, આ જય મહારાજના શ્રીમુખની વાત છે, પણ એક વાર પ્રયત્ન કરો. જય મહારાજની આજ્ઞા છે, જય મહારાજના આશીર્વાદ છે, ચાલો આ માર્ગે આપણે જવાનું છે, અને ત્યાંથી જ સ્વરૂપના દર્શન આપણને મળશે જ. તો એ છે આખું જગત ભુલાવવું, અને માત્ર પોતાના સ્વરૂપ દ્વારા જય મહારાજમાં જ વિલીન થઇ જવાનું, તેથી બીજું કશું પણ નહીં. જેમ માણસ પોતાના જીવનની અંદર બધાથી પર બનીને બિલકુલ એમાંથી અલગ થઇને, વિશેષ પ્રકારે બોધ આપે છે. અને જેનામાં વિશ્વ લય પામે છે, લોકોથી પર એટલે આ જે

પણ કાંઇ સંબંધો છે, એ બધા જ સંબંધોથી ઉપર ઉઠીને આગળ. કેટલી બધી ઊંચી વાત છે? આપણી સ્થિતિ આપણી અવસ્થા આ દુન્યવી સંબંધોના કીચડની વચ્ચેથી ઉપર ઉઠાવી લેવાની બહાર કાઢી લેવાની, જેમ કાદવમાંથી બહાર નીકળેલો માણસ કહે કે, હાશ, એટલે વૃત્તિઓથી પર થવું, અને એને કારણે પછી આગળ ક્યાં ગયા? જયાં આગળ વિશ્વ લય પામે છે. આખું જગત નાશ પામી જાય, કોનું? શરણાર્થીનું, સાધકનું, એની માટે રહેતું જ નથી જગત. લક્ષ્મણદાસજી મહારાજને જય મહારાજે જાગ્રત કર્યા, વરાડ આખું છોડી અને નીકળી ગયા, એટલે એમનો સંસાર, એમની દુનિયા લોકોથી પર, અને લય પામી ગઇ બધી જ વૃત્તિઓ, અને વસ્તુ પણ સાચી છે, વધારે પડતો વ્યવહારની અંદર ગૂંચાયલો રહે, અને સહેજ પણ સમય ન રહે ધ્યાન ભજન સાધન માટે, તો એ માણસ કયારેય પણ અંતર્મુખ ન બની શકે. થોડો પણ સમય કાઢીને, એ આ બધાથી બહાર નીકળી જાય, નિત્ય નિયમથી અનુસંધાન કરી લે, પણ એકવાર આ બધા જ સંબંધોથી પર થઇને,

**''યતો લીયતે''**

એ એની અંદર બધું જ લય પામી જાય, કશું પણ બાકી જુદાપણું રહે જ નહીં, અને એ રીતે કહે છે કે,

**''હૃદા તત્ત્વમસ્યાદિ જન્યમ્''**

એ રીતે એવા તત્ત્વની જેમણે તત્ત્વમસિ વાક્ય વડે ઉત્પન્ન થયેલો બોધ આપ્યો છે આપણને, જે તત્ત્વ છે એ જ તું છું, આ જગતનું તત્ત્વ, વલોણું વલોવીએ પછી અંદરથી માખણ ઉપર આવી જાય, એ આખા જ વલોણાનો સાર કહેવાય, એને તત્ત્વ કહેવાય, અને એ ઉત્પન્ન શેમાંથી થયું? એ વલોણામાંથી જ, પણ

છાશ નીચે રહી અને તત્ત્વ ઉપર આવી ગયું, માખણ ઉપર તરી ગયું, એમ સંસાર નીચે જ રહે અને બોધરૂપી જ્ઞાનરૂપી જે પોતાનું આત્મસ્વરૂપ છે, એ માખણના સ્વરૂપે છેક ઉપર આવી ગયું છે, બહાર આવી ગયું, લઇ લો એને, એ છે જીવનનું માખણ, કે જે સદાયને માટે સાચું તત્ત્વ આ છે, પછી તમારે જે કરવું હોય તે કરોને. પહેલાના જમાનામાં તો છાશ તો ઉકરડે ઢોળી દેવામાં આવતી હતી. માખણ કાઢી લીધા પછી, આજે પેલા છાશના ગ્લાસની કિંમત દસ રૂપિયા છે. સાર, જેમ વલોણાનું માખણ એમ જીવનનો સાર શું? આત્મતત્ત્વ, તત્ ત્વમ્ અસિ, તે આત્મતત્ત્વ હું છું, આ શરીર તું નથી, શરીર તો છાસ જેવું છે ખાટું છે, અને એ તો માત્ર પાણી જેવું છે, બહુ બહુ તો એનો ઉપયોગ શું પણ? માખણ બધા જ ઉપયોગમાં આવે છે, છેક ઘી સુધી પહોંચે છે, તો એ છે વલોણાનું તત્ત્વ એ આત્મતત્ત્વ, એ આ જીવનનું તત્ત્વ છે. શરીરમાંથી આત્મતત્ત્વને બહાર કાઢી લો જોઇએ શું રહેશે? કશું જ નહીં, રાખ માટી. તો જય મહારાજ બોધ આપે છે કે આ જે લૌકિક દુનિયાના જે સંબંધો છે, એનાથી ઉપર ઉઠીને, એટલે એનો વ્યવહારથી નહીં પણ મનથી વિલય કરી નાખવાનો છે, છતાં નથી જવું. આપણે ગાડીમાં બેઠા હોઇએ, ગાડી ચાલતી હોય, છતાં એમ લાગે કે આપણે નથી ચાલતા, ચાલે છે ગાડી આપણે તો બેઠા છીએ, બસ એ જ રીતે આપણા જીવનની અંદર ગતિ તો છે જ, પણ આ રીતે જ છે, સંસાર ચાલે છે છતાં નથી ચાલતો એવો વ્યવહાર રાખી અને રહેવાનું, ગાડીમાં બેસવાનું ખરું, પરિવારમાં આ બધાની વચ્ચે રહેવાનું બેસવાનું ખરું, ચાલે છે અને અમે સાથે છીએ, પણ એનાથી ઉપર ઊઠીને, હું તો તત્ ત્વમ્ અસિ, ગુરુ મહારાજે મને બોધ આપ્યો, મને મારા સાચા સ્વરૂપનું દર્શન કરાવ્યું કે તું કોણ છું કે હું તત્વ છું, છું જ.

''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્ ભજે તમ્ ગુરુમ્''

એ સદ્ગુરુ ને જય મહારાજને હું ભજુ છું બીજા નહીં. જેની પાસે જ્ઞાન છે, જેની પાસે શાસ્ત્ર છે, જેની પાસે આત્મસ્થ સ્થિતિ છે, એવા સદ્ગુરુ એવા જય મહારાજને અમે ભજીએ છીએ, જેની પાસે અધૂરાપણું છે જ નહીં, જે માત્ર લૌકિક અને ભૌતિકની અંદર જ ગોથા માર્યા કરે છે એ નહિ. મારા સદ્ગુરુએ તો મને જાગ્રત કર્યો છે, કે તું કોણ છું, આ શરીર તું નથી, આ નામરૂપાત્મક આ પાંચ ભૌતિકતાનું માટીનું પૂતળું એ તું નથી, તારું પણ નથી, તું છું માત્ર તત્ ત્વમ્ અસિ, તું તત્ત્વ સ્વરૂપ છું, તું આત્મસ્વરૂપ છું, તું ચેતનાસ્વરૂપ છું, આ બોધ સ્પષ્ટપણે આપી દીધો અને એમાં,

**''આત્મનસ્ત્સ્ય યો વૈ''**

તે અને હું જુદા નથી. પોતાના આત્મસ્વરૂપને પરમાત્મા ની સાથે ઓળખાવ્યું, અને પરમાત્માને પોતે પણ ઓળખ્યું.

**''આતમ ધન લાધ્યું રે**
**ગુરુ એ ઉપદેશ આપ્યો રે**
**સોહમ્ બ્રહ્મ રૂપ તારું''**

તું બ્રહ્મસ્વરૂપ છું, આ જગતના ભૌતિક વ્યવહારોથી ગૂંચવાયેલું અટવાયેલું આ શરીર, એ ભલે વ્યવહાર અને સંસારની અંદર રહ્યું, પણ તારી સમજને, તારા જ્ઞાનને, ઉપર ઉઠાવીને એટલું સમજ કે,

**''એ તો નહિ હું મારું''**

આ હું પણ નથી અને મારું પણ નથી, તો શું છે ? હું નથી અને મારું પણ નથી, એક વસ્તુ યાદ રાખજો, તે જે જન્મતાની

સાથે બાળકનું નામ આપી દેવામાં આવે છે, અને એ નામ સાથે એટલી બધી આસક્તિ થઇ જાય છે, કે આ નામ તે જ હું, અને આખી દુનિયાની અંદર પોતાનું સરનામું મોકલી આપે, આ સરનામે મારો સંપર્ક કરજો, કેટલી બધી આસક્તિ નામની અંદર જ? આટલા બધા પક્ષીઓ ફરે છે, આટલા બધા જીવડાં છે, પશુઓ છે, કોઇને પણ નામ હોય છે, છતાં પણ બધા જ જીવે છે કે નથી જીવતા? તો માણસને એક એની ઓળખ એનું સ્પેસિફિકેશન આપી દીધું, કે આ એટલે ફલાણાં જ, આ નામ વાળા, અરે હા ઓળખ્યા એ તો પેલા ને? તો એ રીતે નામ આસકિત પહેલી આવી જાય, જો કોઇ ગાળો બોલે એ નામ દઇને, તો સામે પાછું સંઘર્ષ, મને ગાળો બોલી? તને નહીં તારા નામને ગાળો બોલી છે, ના એ નામ તો મારું જ છે, છતાં પણ ગુસ્સો આવી જાય, એ નામ દઇ અને પ્રશંસા કરી, કે તમે બહુ સારો છો, તમે રોજ સત્સંગમાં જાવ છો, તમે ભજન સરસ ગાવ છો, હા એ જ હું, પણ એ તો તમે ગાવાવાળા અને સમજવાવાળા જુદાં છો, પણ નામની સાથે એટલી બધી આસક્તિ થઇ ગઇ કે, ના બરાબર છે, તમે મને ઓળખી ખરી, મારું નામ તમને ખબર છે, પણ આ નામ આસક્તિ થઇ ગઇ. એ શરીર જીવતું હતું ત્યાં સુધી નામ રહ્યું, **''મિલ ગયે જબ ખાખ મેં તો સબ બરાબર હો ગયે,''** પછી એ રાખને ઓળખાવો જોઇએ, કે આ તારા નામ વાળી રાખ છે, મળશે? અરે હાડપિંજર ઊભું હોય તો પણ કાંઇ એની ઉપર નામ છે? પુરું થઇ ગયું. એટલે જે નામનો અધ્યાસ છે, આસક્તિ છે, એના પછી દેહાસક્તિ આવે છે. આ શરીર હું છું, મારું છે, ચલો એ નામ એટલે હું, મને ગાળો કેમ બોલી? તરત ઉંચા નીચા થઇ જઇએ છીએ. તો આ બધા અવરોધો છે, અને એ બધા અવરોધો તો આપણને આપણા સ્વરૂપ સુધી કયારેય પણ પહોંચવા દેવાના

નથી, હું હું હું

**''હું મારું રુદિયેથી ટાળ**
**પરમાર્થમાં પિંડ જ ગાળ''**

બસ પરમ અર્થ થયો, આપણા આત્માને સ્વરૂપને જાણવું તે પરમ અર્થ છે, તો તારું આ શરીર એની અંદર ઓગાળી લે પરમ અર્થની અંદર.

**''પરમાર્થમાં પિંડ જ ગાળ''**

તો જ્યાં સુધી પોતાના નિજ સ્વરૂપની સાથેનો સંબંધ જડતો જ નથી, પરિચય મેળવાતો જ નથી, ઓળખાતું જ નથી કે આત્મા એ જ કહું છું, મારું સ્વરૂપ છે, મને તો ખબર જ નથી, હાડકા ચામડાનું આ જે કલેવર એ હું છું એમ કહી દઇએ છીએ. આ મારું નામ છે, તમારે જાણવું હોય તો જાણી લો, અને જયારે મળવું હોય ત્યારે આ નામથી પૂછીને આવજો, પણ રાખોડી કે માટી થઇ ગયું હોય પછી એ નામને શોધવા નીકળવું જોઇએ, એ ભાઇનું આ નામ હતું ને, તો રાખોડીમાં છે ત્યાંથી મળે તો શોધી લો, તો નામરૂપાત્મક આસકિત એ માત્ર ભ્રમણા જ છે, પોતાના આત્મસ્વરૂપને જ સાચું ઓળખી અને એની સાથે સંબંધ માણીએ, કે આ હું છું. ગુરુ મહારાજે પણ કહી દીધું કે તત્ ત્વમ્ અસિ, તે પરમાત્મા તે જ તું છું, એનો વિશેષ બોધ કર્યો.

**''ભજે તમ્ ગુરુમ્''**

એ સદ્ગુરુને હું ભજી રહ્યો છું, અને એ જ સાચો આત્મબોધ છે. આત્મબોધ એટલે? જેમ ગ્રંથનો બોધ કરીએ એટલે આ ગ્રંથને, ચોપડીને સમજીએ, એનું જ્ઞાન મળે, એમ આત્મબોધ એટલે પોતાના સ્વરૂપને જાણવું, એનું નામ છે આત્મબોધ.

**''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

ગુરુ મહારાજ આ વિશેષ જ્ઞાન કરાવે છે, અને વિશેષ જ્ઞાન કરાવતાં જે આત્માનું સ્વરૂપ ઓળખાવ્યું, તે જ હું છું.

**''મારું આપ ઓળખાવ્યું રે ત્રિવિધના તાપ ટાળ્યા''**

મારી જાત ઓળખાવી, શરીરને પછી જે થવાનું હોય તે થાય, ને શરીરની એક પીડા સરખી પણ પોતાના આત્માને સ્પર્શે નહીં, એ શરીરના ભાવો છે, દેહ છે તો તે ભોગવ્યા કરે, હું તો એમાં રહેવાવાળો આત્મા છું, આપણા ઘરની પાટડીને કે બારણાને સડો પેસી ગયો, લાકડું બોદાયું કે ભોંય તળિયાની એક બે ટાઇલ્સના પથ્થરો પડ્યા કે તૂટયા, એમાં આપણને કશું પણ થાય છે? આપણે એ જ ઘરમાં રહીએ છીએ છતાં પણ, તે તો ઘરનું તૂટયું છે, એમ એટલે સુધીનો ભાવ રહે. શરીરમાં જે પણ કાંઇ ભાંગ્યું તૂટયું છે, તે ઘરમાં ભાગ્યું તૂટયું છે, હું તો ઘરમાં રહેવાવાળો છું, એના પ્રત્યે એટલી જાગૃતિ, એટલી સાચી સમજણ, કે જેને કારણે જય મહારાજ માટે કહ્યું કે આપ કોણ છો,

**''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

હું એવા જય મહારાજનું ભજન કરી રહ્યો છું, કે જેમણે મારું આતમ ઓળખાવ્યું.

**''મારી જાત જણાવી રે તે તો નહિ હું મારું,**
**જીવ ઇશ્વર કેરું રે મૂળ ઘર લાધ્યું**
**પૂર્વ જન્મના પુણ્યે રે પુરા ગુરુદેવ મળ્યા''**

બસ એ સદ્‌ગુરુ એ મને મારી જાત ઓળખાવી.

|| જય મહારાજ ||

## સત્સંગ–૯૮

# 'ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ'

પરબ્રહ્મ પરમાત્મા સ્વયં જગતના જીવોના ઉદ્ધાર માટે અવધૂત રૂપે જય મહારાજ સ્વરૂપે પધાર્યા. આપણે સહુ એમના આશ્રિતો છીએ, જેમણે આપણને આશ્રય આપીને આપણો ઉદ્ધાર કર્યો. જેમનું સ્વરૂપ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા છે, જે સ્વયં આ સૃષ્ટિની ત્રણ શક્તિઓ છે, સર્જન, પાલન અને વિસર્જન, એ ત્રણેય શક્તિઓના એ સ્વયં ધારક છે, અને ત્રણેય શક્તિઓ એકમાં જ બિરાજતી હોવાથી, માત્ર બ્રહ્મા કે માત્ર વિષ્ણુ કે માત્ર શિવ નહીં, પણ એમના સ્વરૂપે જય મહારાજ સ્વયં પરમાત્મા પ્રગટ થયેલા છે. જગતનું આખું જ સર્જન, સમગ્ર સૃષ્ટિનો કાર્યભાર સદ્‌ગુરુને માથે છે, અને સદ્‌ગુરુ એ જ્ઞાન દ્વારા સહુને આપે છે, સૌને સમજાવે છે. ગુરુ મહારાજ અત્યંત કૃપાળુ છે, દયાળુ છે, ઉદાર છે, કે આપણા જેવા શરણે આવેલા જીવાત્માને નિજસ્વરૂપના દાન આપી, જ્ઞાનની સરવાણી દ્વારા, જ્ઞાનના સત્સંગ દ્વારા આત્માના સ્વરૂપનું દર્શન કરાવે છે, અને એને માટે કહ્યું કે તત્ત્વમસિ, ઉપનિષદોમાં પણ આ જ વાત કહી છે, ઉપનિષદના ઋષિ પણ કહે છે કે અરે શિષ્ય, તત્ત્વમસિ, તે તું જ છું, હું પણ જુદો નથી અને તું પણ જુદો નથી, તારા સ્વરૂપને જો, તને તારા સ્વરૂપની અંદર તું જ દેખાય છે, બીજું નહિ દેખાય.

ભગવાનને ભજવા જઇએ તો ભગવાન જુદો દેખાશે, પણ તત્ ત્વં અસિ દ્વારા તારા સ્વરૂપને તું જો, તું સ્વયં દેખાઇશ એમાં

**''તું તો જોઇ લે ને તારા રૂપને રે**

**ખોળી જોતાં તુજ ખોવાય**

**બીજો તે નથી બોલતો**

**કુંડળ ઓથે કનક ઢંકાય''**

ઘરેણા જુદા જુદા હોય પણ અંદર શું છે? સોનું જુદા જુદા ઘરેણા દેખાય પણ સોનું ન દેખાય, ઘરેણાનો બહુ જ સરસ આકાર છે, કેટલાનો આવ્યો? કયાં ઘડાવ્યો? કયો કારીગર હતો? કયાંથી લાવ્યા? ઘરેણા તો ઘાટ બહુ સરસ છે, અરે પણ અંદર સોનું છે એ તો જો, પણ સોનું ન દેખાય.

''કુંડળ ઓથે કનક ઢંકાય''

ઘરેણાની ઓથે, એના આકારની પાછળ સોનુ રહેલું છે, એમ આ બધા ઘાટની પાછળની બાજુ એ સુવર્ણસ્વરૂપ આત્મા રહેલો છે. જો ઘરેણાને સોનાનો આધાર ન મળે તો પછી ઘરેણાનું અસ્તિત્વ કેટલું? એ ઘરેણાની કિંમત કેટલી? એ આકાર રહેવાનો જ ક્યાં હતો? એમ આ બધા જ શરીરના જે જુદા જુદા આકાર છે, એની પાછળ આત્મતત્ત્વ રહેલું છે, અને જો આ બધા આકારની પાછળ આત્મતત્ત્વ ન હોય તો શરીરનો આકાર કયાં રહેવાના હતા?

**''મન તું અલગુ ક્યાં અથડાય''**

**કયાં ભટકયા કરું છું જો જો,**

**''બીજો નથી બોલતો''**

**''બોલે તે સહુ સાંભળે બોલનારો ના જણાય''**

એ તત્ત્વ છે, તત ત્વમ્ અસિ તું આ છું. તો આવું જે આપણું સાચું સ્વરૂપ છે, અને કિંમત શરીરની નથી થતી, ઘરેણાની નથી થતી, એની અંદર કેટલું સોનું છે, કેટલા ટચ છે, એ સોનામાં આટલું ભેગ છે એટલે એની કિંમત આટલી ઓછી મળશે, એમ આત્મતત્ત્વ પણ જેટલું શુદ્ધ, આપણે આપણા આત્મતત્ત્વને જોઇએ, જેટલો એ વધારે તેજસ્વી બને, સૌની વચ્ચે આદર પામે અને વધારે કિંમત પ્રાપ્ત કરે, કેમ કે આ તો બહુ જ પવિત્ર આત્મા છે, આ મહાત્મા તો બહુ જ સાત્ત્વિક છે. આ રીતે જે આત્માનું તેજ છે, એના દ્વારા જ વ્યકિતનો પ્રકાશ, વ્યક્તિનો પરિચય થતો હોય છે. એલીડીની નાની નાની બત્તીઓ પણ બળતી હોય, ઘરમાં જોવા માટે રાત્રીના નાનો દીવો બળતો હોય, અને ગરબા ઉત્સવ હોય અને બહારની બાજુ એ મોટા મોટા પ્રકાશના ફ્લડ પણ મૂકયા હોય. પેલો એક ઓરડાને અજવાળું આપે આટલું, અને પેલો આખા મેળાને અજવાળું આપે, હજારે માણસ એના અજવાળા નીચે હોય, એમ આત્મા છે તેનામાં પણ જેટલી જાગૃતિ હશે, શરીરમાં ઘરના રાત્રિના દીવા જેટલી શકિત હોય તો ઘરના ઓરડાને ટમ ટમ ટમ કરતું આછું આછું અજવાળું આપે, ઝાઝું અજવાળું નહીં, આ સામાન્ય જીવોની વાત છે. સામાન્ય માણસનો જીવ, એનું અજવાળું એના ઘર પૂરતું હોય, અને પેલો મોટો દીવો મુક્યો હોય ૧૦૦૦નો ગોળો હોય, અને એના પ્રકાશરની અંદર કેટલા હજારો માણસો બેઠા હોય, અને જો એ ઓલવાઇ તો જાય તો, હજારો માણસો માટે, અંધારું થઇ ગયું, એમ મહાપુરુષો પણ જયારે પણ આવી રીતે પોતાના સ્વરૂપમાં બ્રહ્મસ્વરૂપમાં પાછા વળેને તો ઘણું બધું અંધારું દેખાય લોકોને, અરે અંધારું થઇ ગયું, અને ઘરમાં એક રાત્રીનો દીવો ઓલવાઇ જાય તો અરે ઘરમાં અંધારું થયું. જે આત્માની શક્તિ છે, જે

આત્માનું તેજ છે એ તેજથી જ વ્યકિત પ્રકાશતી હોય છે, એટલે કહ્યું કે તત્ત્વમસિ.

**''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

વિશેષ બોધ કરી પરિચય આપ્યો. વિશેષ બોધ એટલે વિશેષ પરિચય, કે કોણ આ? તો અમુક ભાઇ છે, અમુક જગ્યાના બહુ મોટા માણસ છે. એટલે વિશેષ બોધ શું છે? કે આટલા બધા બેઠા છીએ, આમના હાથની દાળ ખાવ તો ઓહો, એ વિશેષ બોધ છે, એ દાળ બહુ જ સરસ બનાવી છે એને વિશેષ કહેવાય, વિશેષ પરિચય કહેવાય, કે આ ભાઇનો વિશેષ પરિચય તમને કહું તો આ પ્રમાણે ના છે, અહીંયા કહ્યું કે,

**''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

આત્માના સ્વરૂપનો વિશેષ બોધ. તો આ જે આગવો પરિચય છે તેનું નામ છે વિબોધ, વિશેષ પરિચય, આગવો પરિચય, તત્ ત્વમ્ અસિ છું, તું આત્મા છું, એ આત્માનો વિશેષ પરિચય આપનારા સદ્ગુરુ છે, અને જો આ જ આત્માની પાસે વિશેષ પ્રકારની શક્તિ પ્રાપ્ત થાય, તો એ પણ પોતાની આજુબાજુ સહુની સાથે સત્સંગ કરી, એનામાં જ્ઞાનનું સર્જન કરી શકે, રોજને રોજ એની સાથે સત્સંગ કરીને એના સાત્ત્વિક વિચારોનું પાલન કરે અને રોજના એ સત્સંગ દ્વારા એનામાં રહેલા જે કલમશ છે, પાપ છે, વિકૃતિઓ છે, વાસનાઓ છે, એનો નાશ કરે, બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર બસ,

''ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ''

જેને આશ્રય મળ્યો, જેમણે એમની ભક્તિ કરી એમની માટે તો એ પરબ્રહ્મ છે, કેમ કે સદ્ગુરુની પાસેથી પ્રાપ્ત થાય છે શું? મોહ દુઃખ પીડા એ બધું જય મહારાજ દૂર કરી આપે છે,

એટલે મારો સંસાર ગણો મારી દુનિયા પણ, મારું વિશ્વ ગણો, તે બધું જ મારા જય મહારાજ.

**"ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ"**

મારા માટે તો જય મહારાજ એ મારા ભગવાન

**"ગરીબ લોક જાણે ભગવંત છે જો**

**સુખ સાગર જી એક સત છે જો"**

તો પરમ સત્ય કયું? આત્મતત્ત્વનું સત્ય બતાવી દીધું, કે જે સત્સંગના આશ્રિતો છે એમને લાગે કે, નહીં જય મહારાજની પાસેથી અમને ઘણો જ સંતોષ છે, અમને અમારા જીવનની અંદર ઘણી બધી સાચી સમજણ મળી રહી છે, અને એ સત્સંગના આધારે શ્વાસોશ્વાસની માફક, જેમ શ્વાસોશ્વાસથી ટકી શકીએ છીએ એમ એ સત્સંગથી ટકી શકીએ છીએ. શ્વાસોશ્વાસ વગર જીવાય નહીં, એમ સત્સંગ વગર સાચું જીવાય નહીં. જીવન ખરું સત્સંગ વગરનું ! પણ એ સાચું ન હોય, નકામું હોય, વ્યર્થ હોય, જુગાર રમવા પણ જતા રહે, ગપ્પા મારવા પણ બેસી રહે, ટીવીની પાસે પણ બેસી રહે, રખડવા પણ જતા રહે, ઉંઘ્યા જ કરે, આ છે બધો સમયનો દુર્વ્યય, જીવનનો નાશ. તો જીવનને સારી રીતે વાપરવું, એનો સદ્પયોગ કરવો, એ સદગુરુ શીખવે છે, એને વિશેષ પ્રકારનો બોધ પરિચય આપે, કે જો જીવનનો વિશેષ પરિચય આ છે, આત્મા એ જ સર્વસ્વ છે અને સર્વ શક્તિમાન છે. આપણા શરીરની અંદર આત્માચેતના છે તો જ તો જ શરીર છે, તો જીવન છે, તો જ સગા સંબંધીઓનો પરિવાર છે, એટલે આવા બોધ દ્વારા, આ વિશેષ બોધ દ્વારા જય મહારાજ આપણી પોતાની જાતને ઓળખાવે છે.

## ''મારી જાત જણાવી રે સોહમ્ બ્રહ્મ રૂપ તારું''

તું કોણ છું? બ્રહ્મસ્વરૂપ છું, સો અહમ્, તત ત્વમ્ અસિ, એ જ હું છું, હવે સાચો પરિચય કરાવે કોણ? બીજા પાસે જાય ને કહે કે ભાઇ હું બ્રહ્મ છું, તો કહે કે તું ભગવાન શાનો, તારી જાતને ભગવાન માની બેઠો છું? ખેર એ અજ્ઞાનનું સ્વરૂપ છે, અણસમજ છે, પણ વાસ્તવની અંદર ગુરુ મહારાજે આપણને એટલા બધા શિક્ષિત કર્યા છે, સત્સંગના સંસ્કારથી એટલા બધા સજાવ્યા છે, કે આપણને પોતાને એમ થાય કે અમે સત્સંગના સંસ્કારમાંથી સાચું જીવન શીખવા માટેની કાંઇક વસ્તુ મેળવીએ છીએ, જેનાથી અમને સંતોષ છે. સત્સંગમાંથી જે પણ કાંઇ મળે છે, જીવન જીવવાની બાબતો, એનાથી અમને આનંદ છે, સંતોષ છે, કેમ કે જીવન જ આખું સારે માર્ગે જઇ રહ્યું છે, ખોટે માર્ગે જવાની ઇચ્છા થતી નથી, થાય તો પણ અંદરથી જ જય મહારાજ પ્રેરણા કરતા હોય કે ના જવાય, આ રસ્તે પાપ લાગશે, અપરાધ થશે, જય મહારાજ આપણા નારાજ થશે. ભલે ને ગમે ત્યાં દૂર બેઠા હોઇએ પણ આપણી સાથે જ જય મહારાજ તો છે જ, આપણી સાથે જ છે, અને એ જાણશે ને તો આપણી ઉપર કેટલો પ્રેમ રાખશે? ઘરમાં ખોટું જ કર્યા કરતા હોઇએ, તો માબાપનો પ્રેમ કેટલો રહે, રહે ખરો? તો એમ આ જીવનની અંદર પણ, જો ખોટું જ કરતા રહીશું, તો પછી ગુરુ મહારાજનો, જય મહારાજનો, ભગવાનનો પ્રેમ તમને મળશે જ નહીં. એ તો આપવા જ બેઠા છે, પણ તમે લેતા નથી.

## ''પૂરણ પ્રેમ દયાળની મૂર્તિ છો તમે''

જય મહારાજ તો સ્વયં પ્રેમ સ્વરૂપ છે, પ્રેમ જોઇએ એટલો લઇ લો, જય મહારાજ તો આપે જ છે, પણ આપણને પ્રેમ લેતા

આવડવું જોઇએ. આપણી પાસે પ્રેમ હશે તો જ પ્રેમને ઓળખી શકીશું, અને મેળવી શકીશું. જય મહારાજના સ્વરૂપને જાણવા માટે સત્સંગની આવશ્યકતા છે, આ સ્તુતિ, આ જે સ્તવન છે, એનો શ્લોક છે, એમાં પણ જય મહારાજનો પરિચય છે, પણ એ શ્લોક સમજાતો નથી, અને જય મહારાજનો પરિચય અનુભવ થતો નથી. નિત્યનિયમ તો રોજ કરીએ છીએ પણ,

**''વિબોધમ્ ભજે તમ્ ગુરુમ્''**

અમે એવા જય મહારાજ, એવા સદ્‌ગુરુને ભજીએ છીએ કે, એ અમારા આત્મામાં છે, અમારા આત્મસ્વરૂપ તરીકે પોત જ બેઠેલા છે, બીજા નથી.

**''તસ્ય યો વૈ''**

તે અને અમે બધા કયાંય જુદા છીએ જ નહીં. સદ્‌ગુરુનું સ્વરૂપ સત્સંગ દ્વારા ધીમે ધીમે ધીમે આપણામાં આવતું જાય, કયું? સમજણનું, જ્ઞાનનું સ્વરૂપ. સદ્‌ગુરુનું જ્ઞાનનું સ્વરૂપ, સમજણનું સ્વરૂપ આપણામાં જાય તેમ તેમ જય મહારાજનો આપણામાં અવિર્ભાવ થાય, આપણામાં પ્રેમ સૌમ્યતા, દૃષ્ટિ પણ એટલી જ પ્રેમાળ બને, સંયમ સદાચાર એ બધું આવતું જ જાય, આવતું જ જાય. જેના દીકરા થઇ અને રહ્યા એ બાપનો વારસો કોને મળે? એના દીકરાને મળવાનો જ છે. પણ એમની સમીપે એમના સાનિધ્યમાં એમના સત્સંગના ભાવોમાં, સતત મનથી એમની નજીક રહીએ, તો જરૂર એ બધો જ વારસો આપોઆપ મળ્યા જ કરે, ભણવા પણ નહીં જવું પડે, વિદ્વતા પણ નહિ જોઇએ ત્યાં આગળ આ બધું, વાંચવા પણ નહીં ગયા હોઇએ ને તો પણ એ જય મહારાજના જ્ઞાનનો ખજાનો આપણને મળી જવાનો છે. અને એ જ્ઞાનનો ખજાનો, જેમ દક્ષિણમાં પેલું વિષ્ણુ

ભગવાનનું મંદિર ઉઘાડ્યું એમાં એક જ ખજાનો ખુલ્યો, બાવીસ ચોવીસ ખજાના છે, પણ એક ખજાનાની અંદર જ કરોડો છે, બાકીનામાં કેટલું હશે? તો સદ્‌ગુરુને શરણે આ ખજાનો આપણને ખોલી જ આપે, આ એક જ ખજાનો છે સંયમનો, સદાચારનો, સાત્ત્વિકતાનો, પવિત્રતાનો, આ બધા જ, અને જો એ બધા જ ખજાના ખુલ્લા થઇ જાય તો ગાંડા થઇ જઇએ આપણે, એટલે ધીમે ધીમે આપે કે, લે આ ખજાનો, પછી કહે કે બીજો આપોને, તો બીજો આપે, એમ અંદર લઇ જાય કે આ છે ખજાનો, સૌમ્યતા છે, સંયમ છે, સદાચાર છે, સાત્ત્વિકતા છે ગુરુભકિતની અંદર, એ સમર્થ છે આપવા માટે, પણ લેવાની આપણી શકિત ન હોય. આપણે લેવા ગયા હોઇએ, અને આટલું જ રૂમાલ હોય અને કહે કે જેટલું ભરવું હોય એટલું બાંધી લે, તો રૂમાલની કેટલી પોટલી બંધાતી હશે? પણ ઊભા રહો, મારી જોડે તો ઓઢણી છે, ઓઢણીનું પોટલું જોયું તો કેટલું બંધાય? ઓઢણીનો પનો કેટલો હોય? પછી એ બંધાય કેટલું આપણું સામર્થ્ય હોવું જોઇએ. જય મહારાજ તો આપવા જ બેઠા છે, પ્રેમ આપવા બેઠા છે, જ્ઞાન આપવા બેઠા છે, પણ આપણે આપણી પછેડી હોય, જેટલું તગારું હોય, એવું ભરી અને લઇ જવાય, ભર્યા પછી પણ ઉચકાવું જોઇએ ને પાછું. મહારાજે તો બહુ જ ભરી દીધું છે, ઉચકાતું જ નથી ને, તો કહે કે થોડો ભાર ઓછો કરી નાખ. સત્સંગનો ભાર તો લાગે જ નહીં કોઇ દિવસ, પણ એ સત્સંગને ઉપાડે કોણ? આટલું બધું એનું સામર્થ્ય હોય તો,

**''ભજે તમ્ ગુરું ચાત્મનસ્તસ્ય યો વૈ''**

એમના અને અમારા વચ્ચેના જે સંબંધો છે એ આ સંબંધો છે. તો આમ ''તસ્ય યો વૈ'' કહ્યું, તો એ જ છે, ત્યાં પ્રાપ્ત

કરવાની એની ક્ષમતા કેટલી હશે, અને કેટલું લઇ શકશે. તો આવડા મોટા જય મહારાજ સદ્‌ગુરુ સ્વરૂપે જગતનું સર્જન કરી શકવાની શક્તિ છે, જગતનું પાલન કરવાવાળ જે છે એમની પણ શક્તિ એમની પાસે છે, અને જગતનું વિસર્જન કરવાની મહાદેવની શક્તિ પણ એમની પાસે છે, આ બધી જ શક્તિઓ સદ્‌ગુરૂ પાસે છે, આટલી બધી શક્તિઓ જ્યાં એક જ જગ્યા એ એકત્ર થયેલી હોય મહાસાગરની માફક, તો એ મહાસાગર છે, અફાટ અગાથ છે, એમ સદ્‌ગુરુની શક્તિ સ્વરૂપ પણ અફાટ અનંત અને અમાપ ભરેલી છે, એનો કોઇ અંત નથી, તમે કેટલી એને ઓળખી શકો છો, તમે કેટલી એને જોઇ શકો છો. દરિયો તો અગાધ છે, પણ દરિયા કિનારે ઊભા હોઇએ તો આપણી દૃષ્ટિ છે એમાં કેટલો દરિયો આવે, એટલાથી આપણને સંતોષ. તો જય મહારાજનું સ્વરૂપ આપણને જેટલું અનુભવાયું એટલાથી જ આપણે સંતોષ માની લઇએ. આટલા મોટા જય મહારાજ છે, આટલા શકિતશાળી જય મહારાજ છે, અરે જય મહારાજ તો અનંત છે, એ અનંત છે, એ અનંત સ્વરૂપની અનુભૂતિ કરવાની આપણામાં ક્ષમતા હોય તો, કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું કે મારે તને વિરાટ સ્વરૂપ બતાવવું છે, વ્યાપક બ્રહ્મના દર્શન કર, પણ તારી દૃષ્ટિમાં એ ક્ષમતા નથી, તારી આંખોએ નહીં ઝીલી શકે, એટલા માટે કહ્યું કે,

**''દિવ્યં દદામિ તે ચક્ષુઃ''**

લે હું તને દિવ્ય દૃષ્ટિ આપું છું, તેના વડે મારા વિરાટ સ્વરૂપને. તો ગુરુ મહારાજની વ્યાપકતાના દર્શન કરવા માટે પણ એક જ્ઞાનની દિવ્ય દૃષ્ટિ જોઇએ.

''જ્ઞાનાંજનશલાક્યા ચક્ષુરુન્મીલિતં યેન''

જ્ઞાનના આંજણથી ગુરુ મહારાજની ચરણ રજનું અંજલ લઇએ ત્યારે દૃષ્ટિ ખુલે,

આંખો બંધ રહે, કેમ? પશુઓના બચ્ચાં જન્મે ત્યારે એમની આંખો બંધ હોય, બે ચાર પાંચ દિવસે ખુલે ત્યારે એ જગતને જોઇ શકે, કે ઓહો આવું જગત છે, એમ જય મહારાજના સ્વરૂપને પણ જોવા માટે પણ, જય મહારાજ આંખ ઉઘાડી આપે ત્યારે દેખાય. તો જેનો આટલો મોટો વૈભવ છે, દેખાય નહીં, કાંઇ સંપત્તિ અને નોટો અને મોટા મકાનો, કોઇ સંપત્તિથી એ વૈભવ નથી દેખાવાનો, એ વૈભવ તો.

''પ્રચ્છન્નં ગુપ્તં ધનમ્''

પ્રચ્છન્નમ્ છે એ મોટો કોઠાર, પણ ગુપ્તમ છે, ગુપ્ત છે. એટલા માટે કહ્યું

**''વિબોધમ્ ચાત્મનસ્તસ્ય યો વૈ''**

''આત્મનસ્ય'' એટલે પોતે આત્મા, ગુરુ મહારાજ આ બંનેના સ્વરૂપની અંદર અમી દૃષ્ટિ બતાવી દીધી લક્ષ્મણદાસજી મહારાજે, કે જુઓ, સાચે જ ગુરુ મહારાજના પ્રત્યેની એટલી બધી ઊંડાણવાળી ભાવના હોય તો અદ્વૈત આવીને ઊભું થઇ જાય, કોઇ ભેદ નહીં, સ્વરૂપની અંદર એમાં ભળી જાય, વિસર્જન થઇ જાય, પછી કશું પણ બાકી ન રહે,

**''સુરત શબ્દમાં ભળી ગઇ ત્યાં નથી રહેતી જુદી જાત''**

આપણી જાત પછી અલગ નથી રહેતી,

**''ગુરુને વચને જે વળગ્યા તે વૈષ્ણવ''**

એ ભગવાનના થાય છે, કે જે સદ્‌ગુરુના વચનની જ્ઞાનની અંદર, સતત લાગેલા રહે, તો જ એને અંદરથી સદ્‌ગુરુનું એ સાચું સ્વરૂપ દર્શન થાય.

## ''ગુરુ ના વેણનો રાખો વિશ્વાસ સદ્ગુરુજી પધાર્યા''

આપણામાં જ આવે પછીથી, આપણા પોતાનામાં જ આવી અને બેસે, જયારે પણ સારા વિચારો આવે, સત્સંગની વાતો મનમાં ચાલ્યા કરે, ત્યારે સમજી લેવાનું કે જય મહારાજ આપણામાં આવ્યા છે. બેસો, શાંતિથી, કોઇની જોડે બોલવાનું નહીં, કોઇની જોડે વાત નહીં કરવાની. જયારે જયારે પણ સત્સંગની વાત મનમાં રમતી આવી જાય ને, તો બસ કેવો આનંદ, ઘરે જય મહારાજની પધરામણી થઇ ગઇ આજ તો, પધરામણી થાય ત્યારે કેટલો આનંદ થાય, કે ઓહો જય મહારાજના સંતો આવ્યા, કેટલો બધો આનંદ થાય? જયપુરમાં એક લક્ષ્મીનારાયણ પંડિત હતા, એમને ત્યાં આપણે ગયા હતા, તો એટલા બધા રાજી થયા, એટલા બધા પ્રસન્ન થયા, કે ઓહો આજે મારું ઘર પાવન થઇ ગયું, મારા ઘરમાં સંતરામ મહારાજ પધાર્યા, જાનકીદાસજી મહારાજ પધાર્યા, એક અહોભાવ. તો જો એક પંડિત જેવી આવડી મોટી વ્યકિત, એને અહોભાવ થાય, તો આપણા મનની અંદર પણ જયારે જયારે જય મહારાજના વિચારો આવે, સત્સંગની વાતો મનમાં આખો અધિકાર જમાવી દે, મનમાં સત્સંગ જય મહારાજનો સત્સંગ પથરાઇ જાય, ત્યારે સમજવાનું કે આજે મારે ઘેર જય મહારાજ પધાર્યા છે, જય મહારાજની આજે મારે ઘેર જય મહારાજ પધાર્યા છે, જય મહારાજની આજે મારે ઘેર પધરામણી થઇ છે, આવો ભાવ થઇ જાય.

''ચાત્મનસ્તસ્ય યો વૈ''

બસ આ ભાવથી જય મહારાજ સદાય આપણી પાસે જ છે.

॥ જય મહારાજ ॥

## સત્સંગ–૯૯

# ‘સમજુ માની લેને આ શીખ’

પરબ્રહ્મ પરમાત્મા સદ્‌ગુરુ મહારાજ જય મહારાજ, પરિપૂર્ણ રીતે એ અવસ્થા જેમણે પ્રાપ્ત કરી છે, પરબ્રહ્મમાં લય પામી જવાનું છે, અને છતાં પણ કહ્યું, તત્ત્વમસિ, ભૌતિક સ્થૂલ જગતની અંદર શરીરનું પ્રાધાન્ય છે, આ સઘળો સંસાર શરીર સાથે જોડાયેલો છે, એટલે શરીરની અંદરનો દેહાધ્યાસ અને એની પાછળ આવતી પીડા, કલેશ, દુઃખ, બધું જ સહન કરતા હોય છે. જય મહારાજ પણ એ ‘‘પરં લીયતે’’ થવાનું એક સ્થાન છે, એક સ્થળ છે. શરીરના વિસર્જન પછીથી આ આત્મચેતના જય મહારાજમાં જ ભળી જવાની છે, પછી મૃત્યુનો ભય શા માટે રાખવો? સંત જીવન ભગવાનમાં સમર્પિત હોય છે, જયારે એ શરીર છોડીને વિદાય લે ત્યારે એ પોતાના જીવનના લક્ષ્યબ બ્રહ્મમાં ભળી જાય છે.

**‘‘ત્યારે બ્રહ્મમાં ભેળા થયા પહોંચ્યા તે પાછા નવ વળ્યા’’**

જો બ્રહ્મસ્વરૂપ હોય, અને જય મહારાજ આપણને બોલાવતા હોય, પછી મૃત્યુની બીક શી? ભગવાનની ખૂબ જ ભાવથી પૂજા કરીએ, વંદન કરીએ, ચંદન કરીએ, પુષ્પહાર કરીએ, સેવા કરીએ, પ્રણામ કરીએ, પ્રદક્ષિણા કરીએ, એમને મેવા મીઠાઇ ધરાવી રાજી અને રાજી કરીએ, એ ભગવાન એમ કહે કે,

''કાલોસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃદ્ધઃ''

હું કાળ છું. કોણ કહે છે? ભગવાન કહે છે. તો કોઇ રિવોલ્વર લઇ આવીને ઊભો હોય, બસ છોડુ છું ગોળી અને મારી નાખું છું, તો કેટલા બધા બી અને દૂર ભાગી જઇએ છે, ભાગો ભાગો, આ માણસ મારવા માટે આવ્યો છે, તો એક વ્યકિતથી ભાગી જઇએ છીએ, પણ ભગવાન કહે કે હું કાળ છું તમારા બધાનો

''કાલોસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃદ્ધઃ''

હું બધાને મારામાં સમાવતો જાઉં છું કાળ સ્વરૂપે,

''પરં લીયતે યેન વિશ્વમ્''

તો ભગવાન કહે છે કે હું મૃત્યુ છું, હું કાળ છું, છતાં પણ ભગવાનની બીક લાગે છે? કેમ ? કે મૃત્યુ છે, કાળ છે, મૃત્યુનું કારણ છે છતાં પણ એમનાથી બીવાનું નહીં. એટલે યાદ રાખવાનું, મૃત્યુ એટલે ભગવાનની પાસે પહોંચવાનો દિવસ, આનંદ કરવાનો હોય. મૃત્યુની બીક રાખવાની જ ના હોય, ચાલો આ જૂનું ઘર છોડી અને હવે તો ભગવાન પાસે જવાનું છે. ઘરે રોજ રમતા હોઇએ અને મોસાળમાં જવાનું હોય, તો કેવો આનંદ આવે? ત્યાં જઇશું, મળશે, ફલાણા મળશે, આનંદ, એમ આ તો ભગવાનને ઘરે જવાનું હોય

**''યતો લીયતે યત્ર વિશ્વમ્''**

એની અંદર ભળવા માટે જવાનું છે. જો પોતાના સ્વરૂપની અંદર, જય મહારાજની અંદર ભળવા જવાનું હોય, તો પછી બીક શાને માટે રાખવી? જગતની ગતિ એકધારી છે, જેમ ભગવાને ગીતાની અંદર કહ્યું કે બધાયનો આખો પ્રવાહ,

**"યથા નદીનાં બહવોમ્બુવેગાઃ**

**સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ"**

જેમ નદીની અંદર પૂર આવ્યું હોય, અને ધસમસતા પાણી દોડતા હોય, ક્યાં જવાનાં? દરિયામાં, એમ આખી સૃષ્ટિ જન્મતાની સાથે દોટ મૂકે છે, કઇ બાજુએ? મૃત્યુના મુખ તરફ. જન્મે એની સાથે જ એની દોટ મૃત્યુ તરફ શરૂ થઇ જાય. નદીને ક્યાં જવાનું છે? તો દરિયામાં, તો મારે જન્મી ને ક્યાં જવાનું છે? મૃત્યુના મુખમાં, પણ કેવું? કહે છે 'જેમ નદીના ધસમસતા પૂરની માફક, એને બીજે કયાંય વિલય પામવાનું નથી, માત્રને માત્ર નદીને સમુદ્રમાં અને જન્મેલાને મૃત્યુમાં "યતો લીયતે" જેની અંદર આખું વિશ્વ સમાય જાય છે. દરિયો કોઇ દિવસ ઉભરાય છે ખરો? છલકાય છે ખરો? આટલી બધી નદીઓ ચોવીસે કલાક યુગોથી પાણી ઠાલવ્યા જ કરે છે, ઠાલવ્યા જ કરે છે, છતાંય દરિયો છલકાતો નથી. છીછરો માણસ હોયને તે જલ્દી છલકાઇ જાય બધી વાતે, સંપત્તિમાં, સત્તામાં, પૈસામાં, બુદ્ધિમાં, ભણતરમાં પોતાની જાતને અહંકારી બનાવે, પણ દરિયો અગાધ છે, કયારે છલકાતો નથી, એમ પરમાત્મા પણ અગાધ છે. આખી સૃષ્ટિ એમનામાં સમાવા દોડતી જાય છે, પણ ભગવાન ક્યારેય છલકાતો નથી, ધીર ગંભીર, કેમ? એ તો પરબ્રહ્મ તત્ત્વ છે.

**"ગુરુરેવ પરબ્રહ્મ"**

તો જો ભગવાન સ્વયં કાળસ્વરૂપ છે એવું પોતાના મુખે કહેતા હોય, છતાં પણ આપણે મૃત્યુથી બીતા હોઇએ, પણ એનાથી બિલકુલ નિર્ભય થઇ જવું પડે, કાંઇ વાંધો નહીં, ભગવાનની પાસે જ જવાનું છે ને,

**''જબ સે સુના હે મોત કા નામ જિંદગી હૈ**

**કફન બાંધ કર શિર પર કાતિલ કો ઢૂંઢતા હું''**

કાતિલ એટલે કોણ? ભગવાનને શોધુ છું, હે ભગવાન જો તું મૃત્યુ સ્વરૂપે હોય તો આવને, કફન ઓઢાડી દેવાનું છે, શોધવા પણ નહીં જવું પડે, ભગવાનને કાતિલ કહી દીધા, એને શોધું છું. બીક રાખ્યા વગર, મૃત્યુને જયારે આવવું હોય ત્યારે આવે,

''મૃત્યુ સમાવીશ તું યદી ગચ્છતુ''

મોતને હમણાં આવવું હોય તો આવે, અને જતું રહેવું હોય તો જતું રહે, હું તો શાંતિથી બેઠો છું, મારા સ્વરૂપમાં બેઠો છું, સ્વરૂપની અનુભૂતિ, તત ત્વમ અસિ, એ જ કહું છું, એમ કહી દીધું.

**''હૃદા તત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

એમાંથી ઉત્પન્ન થયો, તત્ત્વમસિમાંથી જન્મતો એ વિશેષ બોધ, તત્ ત્વમ્ અસિ, એમ કહ્યું. ચાર વાક્યો છે એટલે, તત્ત્વમસિને પ્રથમ મૂકી, અને બીજા ત્રણ વાક્યો પણ એની અંદર આવી જાય છે, પછી ના શ્લોકમાં આવશે. કેટલો સરસ ભાવ છે, કે જે જ્ઞાનસ્વરૂપ છે અને આપે છે શું? વેદવાક્યોમાંથી અજ્ઞાનનો નાશ કરવાવાળો બોધ આપે છે. તો આ જય મહારાજનું સ્વરૂપ પછી મૃત્યુનો ભય ટાળી જ દે, મોતની બીક લાગે જ નહીં, આવે મોત જયારે ઇચ્છા હોય ત્યારે, બીક કેટલી લાગવાની હતી? શ્વાસ બંધ થઇ જાય એટલી જ બીક લાગવાની હતી, આંખ બંધ થઇ ગઇ પછી શાની બીક લાગે? કોની બીક લાગવાની હતી? શરીરમાંથી નીકળી ગયા પછી આખુંને આખું લાકડાની વચ્ચે મુકી દઈ અગ્નિ ચાંપી દેવામાં આવે, કશો હરફ પણ બોલે છે ખરો?

એટલે મૃત્યુનો ભય કેટલો? એક સેકન્ડ જેટલો, પતિ ગયું પછી કશું પણ નહીં. તો એટલા માટે કહે છે,

**''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

અહમ્ બ્રહ્માસ્મિ, તત્ત્વમસિ, પ્રજ્ઞામ્ બ્રહ્મ, અયં આત્મા બ્રહ્મ, આ ચાર મહાવાક્યો છે, એટલે પહેલું તત્ત્વમસિ મૂક્યું, પછી બાકીના ત્રણ સૂચવે છે. તો,

''અજ્ઞાનં ચ નિહત્ય વેદવચસા દીપપ્રકાશઃ કૃતઃ''

અજ્ઞાનને નષ્ટ કરવાવાળા છો, ને વેદના આ વાક્યો વડે દીવો પ્રગટાવી ને અજવાળું કરવાવાળા છે.

**''અજ્ઞાનં ચ નિહત્ય''**

અજ્ઞાનના અંધારાને કાઢી નાંખે. અંધારું ઓલવી નાખે તો શું થાય? અજવાળું થાય, અને અજવાળુ ઓલવી નાખીએ તો અંધારું થાય. તો જય મહારાજની સ્તુતિ કરતાં કરતાં જે ભાવો વ્યકત કર્યા છે,

''નિહત્ય વેદવચસા દીપપ્રકાશઃ કૃતઃ''

અજ્ઞાન છે, તે અંધકાર છે, દૂર કરી નાખ્યો.

''અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા''

અજ્ઞાનનો ભયંકરમાં ભયંકર અંધકાર, એને જ્ઞાનની સળીથી આંખમાં આંજી નથી કે અંધારું ગયું નથી. તો તત્ ત્વં અસિ દ્વારા પણ ગુરુ મહારાજ, જય મહારાજ એક સાચો બોધ આપે છે, જાગ્રત કરે છે, કે જાગો, ઊંઘમાં ન રહેશો. ઊંઘમાં તો ઘણાં બધાં સ્વપ્ન દેખાતાં હોય, શાંતિ મળશે, કાંઇ વાંધો નહીં સ્વપ્નની શાંતિ છે, જયારે મળે ત્યારે લઇ લેજો, પણ સંસારની અંદરની શાંતિ શોધવા જશો તો કયારેય નહીં મળે. આ

અજ્ઞાનજન્ય અંધકારને દૂર કરવા માટેના આ વેદના દીવાનો પ્રકાશ એ જ આપણને જાગૃત રાખશે, ઊંઘવા નહીં દે. અંધકારમાં ઊંઘી ગયા અને જો મોત આવ્યુંને, તો બીક લાગશે, પણ એ જ્ઞાનના અજવાળામાં સુતેલા હોય શું અને મોત આવે તો, આવ કાળ, મહાકાળ આવ, સ્વાગત કરવાના છીએ, તૈયાર છું ચાલો, તો આ વિશેષ પ્રકારનો બોધ એવો દ્રઢ થઇ જાય, કે મૃત્યુની પરવા રહે જ નહીં. મીરાબાઇ એ કેટલી સરસ વાત કરી, બસ મારી જાત સમર્પિત કરી દઉં તો મારા ભગવાનને, એટલે મૃત્યુનો ભય રહે જ નહીં ને, મીરાંબાઇ એ કેવી ભક્તિ કરી હશે કે ભક્તિની સાથે સાથે જ્ઞાન વેદાંત પણ પચાવી દીધું. વાત કરી કૃષ્ણભકિતની અને સિધ્ધાંત બતાવ્યો વેદાંતનો, બસ મારી વૃત્તિઓને પરણાવી દઉં ફકત પરમાત્માની સાથે, કયારે મૃત્યુનો ભય નહીં રહે, મારી વૃત્તિઓને એ સાચવવાવાળો છે, સાચવશે.

**''પરણું તો પ્રીતમ પ્યારો રાંડવાનો ભય ટાળ્યો''**

કેટલો સરસ ભાવ છે? ભક્તિની અંદર પણ વેદાંત જ્ઞાન, એમ જય મહારાજની ભક્તિ કરવા આવીએ છીએ, જય મહારાજની ભક્તિ સેવા કરીએ છીએ, જય મહારાજનું સાનિધ્ય અનુભવીએ છીએ, એની અંદર એ જ ભાવ, કે ભાઇ અમે તો જય મહારાજને વરેલા છીએ, અમે પાર ઉતરી ગયેલા છીએ, અમારે મૃત્યુની બીક કયાં રહી? તત્ ત્વમ્ અસિ, એ પરમાત્માના અંશ છે તું પોતે જ છું, તું પોતે જ પરમાત્માનો અંશ છું. જેમ અગ્નિની અંદરનો તણખો એ અગ્નિનો જ અંશ છે, એવી રીતે આ બધા જ જીવાત્મા એ પરમાત્માના જ અંશ છે, બીજું કોઇ નથી, અને એટલા માટે જ કહ્યું જય મહારાજે શિષ્યોને તત્ત્વમસિ, કહ્યા એવા જય મહારાજને આપણે ભજીએ છીએ, એ આપણને જાગ્રત કરી

દીધા છે, બીક જરા પણ રાખવાની નથી. મોત આવવાનું નિશ્ચિત છે, સામે આવીને ઊભું રહ્યું હોય તો પણ કાંઇ વાંધો નહીં, ઘડીભરમાં હમણાં પુરું થઇ જશે જીવન, કેટલી વાર લાગવાની હતી? દીવો સરસ પ્રકાશ આપતો હોય અને હવાનું ઝોકું આવ્યું, દીવો ઓલવાઇ ગયો, એમ કાળના પવનનું એક જોરદાર ઝોકું આ, જીવનદીપ સાહજિકતાથી બુઝાઇ જાય, એમ મૃત્યુ વખતે કોઇપણ પીડા થતી જ નથી, કારણ કે જેના વડે સુખ દુઃખનો અનુભવ કરવાનો છે એ ચેતના તો બહાર નીકળી ગઇ, સુખ દુઃખનો અનુભવ કરનાર શરીર છે, એનાથી પેલો તો અલગ થઇ ગયો, હવે સુખ દુઃખનો અનુભવ કોને થાય? સળગતી ચિતામાં બૂમો પાડશે કે દાઝયો દાઝયો, આખું બળી જાય છતાં પણ સહેજ પણ હાલે પણ નહીં. બાકી આપણને ઊંઘમાં પણ કોઇક માણસ અડે તો પણ તરત જ હાલે, કાન આગળ પીછું આમ સહેજ ફેરવે એટલે હાથ તરત જ ત્યાં જાય, પણ આખો ને આખો ચિંતામાં મૂકી દીધો હોય તો પણ હરફ સુદ્ધા બોલે નહીં, કેમ કે એમાં રહ્યું છે શું? જે હતું તે તત્ત્વમસિમાં હતું, જે તું છું એ તો શરીરમાં રહ્યો નહીં, અને એ શરીર તું નથી. તું કોણ છું? તું પોતે છું, તે એટલે કોણ? પરમાત્મા. આત્મા એ પરમાત્માનો તણખો છે, એનો અંશ છે, એટલું જ યાદ રાખવાનું, અગ્નિમાંથી જેમ તણખો છૂટો પડયો છે, એમ પરમાત્મામાંથી આત્મા છૂટો પડયો છે, તણખો પડે તો પણ અગ્નિનો ગુણધર્મ તો ન છોડે ને, એમ પરમાત્મામાંથી છુટો પડેલો આત્માએ પરમાત્માના ગુણધર્મને છોડતો નથી. પણ આત્મભાવ છોડીને જયારે આપણે આ બધામાં લપેટાઇ રગદોડાઇએ ત્યારે આત્મભાવ ભુલાઇ જાય અને કાદવ ચઢેલો જીવ ભાવ આવી જાય આત્માને ભૂલી ગયા અને જીવભાવથી રડવા બેઠા દુઃખી થયા પછી બધી જ ઉપાધિઓ કેમ આવી ? સંસારનો કાદવ ચડ્યો તે

જીવભાવ આવી ગયો. હું તો આનો સગો છું આ મારી મા છે આ મારો ભાઇ છે ને આ મારી પત્ની છે. આ બધું જ રહેતાં કીચડ શરીરે લાગ્યું, દેહાધ્યાસ આવ્યો અને શરીરના સંબંધો છે, આ બધાનું શું થશે કેમ થશે ? પણ સાંસારિક સંબંધો તો શરીર સુધી આત્મા સુધીના નથી. જ્યાં શરીર પૂરું થયું ત્યાં સંબંધો પૂરા થશે, કોઇપણ સંબંધો નહીં રહે, પતી ગયા પછી આ તો અમારા ફલાણા હતા, અમુક હતા, પણ જયારે શરીરમાં ન રહે, શરીરભાવ પૂરો થઇ ગયો, એ જતા રહ્યા, હતા ખરા પણ ગયા, છે એમ કેમ નથી કહેતા? જયારે આત્માને માટે તો તત્ ત્વમ્ અસિ, તે તું જ છું, તું હતો એમ નહીં. આત્માનું સ્વરૂપ કયારેય બદલાતું નથી. એના સંબંધોમાં પણ કયારેય કોઇ પણ વિકૃતિ આવતી નથી, જે છું તે આત્મા છું જ, શરીરમાં બેઠેલો હતો ત્યારે પણ તું આત્મા જ છું, શરીરમાંથી બહાર નીકળી ગયો એટલે આત્મા પરમાત્મામાં ભળી ગયો, એટલે એ પરમ આત્મા થઇ ગયો, તો આ જે ભાવ છે એ જય મહારાજએ આપ્યો, દરેકને આપ્યો, કે લો અને સાથે રાખો, કયારેય કશાયની બીક નહીં લાગે. આ દુનિયામાં સંસારની પણ બીક નહીં લાગે, દુશ્મનની પણ બીક નહીં લાગે, મૃત્યુની પણ બીક નહીં લાગે. તત્ત્વમસિ જેવા અનેક જ્ઞાનના વાકયો વડે એટલો સરસ વિશેષ પ્રકારનો ઉપદેશ બોધ આપ્યો, સાચી સમજણ આપી, કે કયારેય પણ કશાયની બીક ન લાગે.

**''નિર્ભય નારાયણનો વાસ પ્રેમ ધરીને રાખો પાસ''**

પોતાની પાસે જ છે, એને જ રાખોને.

**''સમજુ માની લે ને આ શીખ''**

આ શિખામણ છે, સમજુ છો તેને પકડી લેજો, અને તે ઠેકાણું કયાં છે? જયાં બેઠેલા છો ત્યાં જ,

એટલે દરેકને

**''ઠેકાણું છે ઠીક''**

આ જે છે ને, એ જ ઠીક, એ જ સાચું ઠેકાણું છે તત્ત્વમસિ, તે તું પોતે જ છું, બીજો નહીં. કેટલો મોટો ભરોસો આપી દીધો? શરીરનો ભરોસો કેટલો, કોને ખબર છે કે એક શ્વાસ બહારન નીકળી ગયા પછીથી બીજો શ્વાસ અંદર જશે,

**''ક્યા ભરોસા હૈ ઇસ જિંદગી કા''**

એનો ભરોસો કેટલો? શરીરનો કોઇ વિશ્વાસ નહીં, કોઇ ભરોસો નહીં. શરીરની જોડે મન, તો મનનો પણ કોઇ ભરોસો નહીં, એની ઉપર વિશ્વાસ ન રખાય. મન ઉપર વિશ્વાસ મૂકો જોઇએ, તો પછી ઇન્દ્રિય ઉપર કેટલો વિશ્વાસ રખાશે? જરા પણ નહીં. જો મન ઇન્દ્રિયોને પત્ની તરીકે લઇ અને બહાર નીકળ્યું, એ પછી બધા જ સ્વાદ ચાખવા માટે ભટકવા માંડશે, ચાહે આંખ હશે, ચાહે નાક હશે, ચાહે જીભ હશે, નીકળી પડવાનું. તો આત્મસ્વરૂપ છે, એ શાશ્વત છે અને આપણું પોતાનું જ છે, પૂરે પૂરો ભરોસો પૂરેપૂરો વિશ્વાસ રાખવો હોય તો આત્મા ઉપર રાખજો, શરીર ઉપર નહીં મન ઉપર નહીં, સગાવહાલા ઉપર નહીં.

**''મારો સાચો સગો એક શામળીયો''**

બસ એ જ મારો સાચો સગો છે. એવો ભાવ જો જીવનમાં હશે તો નિર્ભય થઇ અને રહેવાશે.

''અભયં સત્ત્વસંશુદ્ધિઃ''

ભગવાને ગીતાના સોળમાં અધ્યાયની અંદર જે દૈવી સંપત્તિના છવીસ ગુણો કહ્યા છે, તેમાં સૌથી પહેલો અભય કહ્યું,

''અભયમ્ સત્ત્વસંશુદ્ધિઃ''

પહેલાં તો અભય કેળવો જીવનમાં, નિર્ભયતા, એક ભગવાન સિવાય કશાથી પણ બીવાનું નહીં, ભગવાન મારી જોડે જ છે, આમ નિર્ભયતા. જય મહારાજે આપણને આપી કહ્યું,

**''લીયતે યત્ર વિશ્વમ્''**

જેમાં વિલીન થવાનું સાચું પૂરેપૂરું ઠેકાણું,

**''પરં લીયતે''**

એમાં જયાં અંદર પેઠા પછીથી, અંદર વિલિન થયા પછી, જેમ સમુદ્રમાં પડેલું પાણીનું ટીપુ છુટું પડી અને જાતે કયારેય પણ એ બહાર આવી શકે? ના, એમ આત્મતત્ત્વ પણ, એકવાર પરમાત્મામાં ભળી ગયા, પછીથી એનું એ જ પાછું નહીં આવે, એના સ્વરૂપમાંથી ગમે તે તણખો ગમે ત્યાંથી આવશે. અસ્તિત્વ અલગ હતું ત્યાં સુધી જ જુદાપણું પોતાનું લાગતું હતું, પણ જ્યાં અસ્તિત્વ સમાપ્ત થઇ ગયું, ત્યારે અગ્નિમાં ભળી ગયો, આમ આત્મા સ્વયં પરમાત્મામાં વિલિન થઇ ગયા પછીથી કોઇપણ પ્રકારની બીક નહીં, જુઓ અહીં કહ્યું કે,

**''પરં લીયતે યેન વિશ્વમ્''**

જય મહારાજનું આ સ્વરૂપ છે, બોલો બીક રાખવી છે? મૃત્યુનું સ્વરૂપ પણ જય મહારાજ જ છે, ભગવાન શિવ, પાલન કરનાર, જ્ઞાન વડે પાલન કરી સાચી સમજણથી પાલન પોષણ કરનાર પણ એ જ છે, વિષ્ણુ, એ તો અમારે ચાલશે, રોજ સત્સંગ કરીશું સાચી સમજણ માટે, પણ કહે કે,

**''યત્ર પરં લીયતે''**

તો, હેં ! ત્યાં આંચકો નહિ અનુભવવાનો, કંઇ વાંધો નહીં, જેણે જીવાડયા છે એ મારશે, પછી અમારે શું વાંધો છે ?

**“તું જીવાડે જીવવાનું તું મારે તો મારવાનું”**

આ ભાવ રહેવો જોઇએ. તમારામાં મારું મન રમી રહ્યું છે, જે રીતે કરવું હોય એ રીતે છુટ્ટી છે, આવો ભાવ, ભક્તિભાવ, જ્ઞાનભાવ સદાય બનેલો રહે ને, તો જય મહારાજ આપણા સાચવવાવાળા છે.

।। જય મહારાજ ।।

## સત્સંગ–૧૦૦

# ‘પોતે જોયું પોતાનું આપ રે’

પરબ્રહ્મ સ્વયં પરમાત્મા યોગીરાજ અવધૂત જય મહારાજના સ્વરૂપમાં આપણને સહુને ભજવા માટે પ્રાપ્ત થયા છે, જેમનું સ્મરણ માત્ર અનેક બંધનોને કાપી નાખવાવાળું છે.

**“જન્મસંસારબંધનાત્ વિમુચ્યતે”**

જય મહારાજનું સ્વરૂપ આપણા માટે તો આરાધ્ય છે, ઉપાસ્ય છે, શરણ છે પરબ્રહ્મ પરમાત્માનું, અને એ સ્વયં આપણને આપણા પોતાના આત્માના અનુસંધાન વડે, એ પરમ તત્ત્વ પરમાત્મા સુધી લઇ જવા માટે સુરત શબ્દ વડે જય મહારાજ આપણા સહુની ગતિ–પ્રગતિ આપે છે. અહીંયા કહ્યું કે,

**“યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્**
**જનેભ્યઃ પરં લીયતે યત્ર વિશ્વમ્”**

આખું વિશ્વ જયાં વિલીન થઇ જાય છે. આપણે કેવા સદ્ગુરુને ભજીએ છીયે?

**“ભજે તં ગુરુમ્”**

કેવા સદ્ગુરુ છે જય મહારાજ?

**“ભજે તં ગુરું ચાત્મનસ્ત્સ્ય યો વૈ”**

એથી આગળ,

''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''

આ સદ્ગુરુ છે, બોધ આપે છે વિશેષ બોધ આપે છે, કયો? તત્ ત્વમ્ અસિ, એ પરમાત્માનું સ્વરૂપ તું પોતે જ છું, બીજો નથી, એ સદ્ગુરુ એ જય મહારાજને આપણે ઉપાસીએ છીએ, કે જે આપણને પોતાના નિજ સ્વરૂપ તરફ લઇ જાય છે. ઉપાસના કોની? તો આત્માની, જે અવ્યકત છે, જેનું મૂર્ત સ્વરૂપ નથી, છતાંય ત્યાં સુધી પહોંચાડી દે છે. અવ્યકત છે, અમૂર્ત છે અને છતાંય કયાં લઇ જાય છે? પોતાની આત્મચેતના સુધી. આ શરીર જે છે એ શરીરથી જે આપણે જીવી રહ્યા છીએ, એની ઉર્જા, એની ચેતના જે છે ત્યાં સુધી આપણને લઇ જવા ઇચ્છે છે, કે ચાલો મારી સાથે તત્ત્વમસિ વિશેષ બોધ આપીને, તો ક્યાં જવાનું છે આપણે? આપણું લક્ષ ક્યાં છે? તત્ ત્વમ્ અસિ, તે તું છું, બીજો નહીં. આ જે બોધ-ઉપદેશ જેને કહીએ, એના દ્વારા જય મહારાજ આપણું પોતાનું સ્વરૂપ ઓળખાવે છે, આત્મદર્શન કરાવે છે, આત્મસાક્ષાત્કાર કરાવી રહ્યા છે, અને તત્ત્વમસ્યાદિ વિબોધમ્ આપી દીધું, એમાંથી ઉત્પન્ન થતી, તત્ત્વમસિ સમજ, એ જ્ઞાન આપણને આપી રહ્યા છે. પોતે ઇશ્વરથી જુદો છે, પરમાત્માથી અલગ છે એ ભાવ જ કાઢી નાખવા માંગે છે. તમે સહુ પરમાત્મામાં છો અને પરમાત્મા તમારી અંદર જ છે. આપણી વૃત્તિઓ વડે આપણે જય મહારાજમાં અને જય મહારાજએ ભક્તિ અને ઉપાસના વડે આપણામાં. પરસ્પર જ્યાં આ એકબીજાની સાથેનો એક નાતો થઇ ગયો કે જે એકબીજામાં સમરસ થઇ જાય. સમરસ થઇ જવું એટલે તત્ત્વમસ્યાદિ, તત્ત્વમસિમાંથી જે સમજણ ઊભી થાય તે, અને એ બધાનું એક જ સ્વરૂપ બનાવી દીધું અને

એમાંથી અલગ થવાય જ નહીં. જુદા છીએ જ નહીં અને હતા પણ નહીં, જે છીએ તે એની અંદર છે. એમનામાં જ છીએ અને એના જ છીએ, એ જ છીએ, સમરસતા. જીવ જીવ ન રહે એ ઇશ્વર જ બની જાય, આત્મા માત્ર આત્મા જ નહિ પણ એ પરમાત્માની અંદર વિલીન થઇ જાય, એનું નામ છે સમરસતા. જેમ દૂધની અંદર સાકર ભળી જાય, એમ આત્મા પરમાત્માની અંદર સંપૂર્ણ રીતે એવો ભળી જાય કે એમાંથી પાછો જુદો પડે જ નહીં, જેમ વરસાદના પાણીનું ટીપું છાંટો સમુદ્રમાં પડ્યું, પછી એક ટીપુ શોધવા જાવ જોઇએ, જુદું મળશે? એમ આત્મા પરમાત્મામાં ભળી ગયો,

**''તત્ત્વમસ્યાદિજન્યં''**

એમાંથી જે ઊભી થતી સમજ જ્ઞાન, એનાથી આપણને સહુને શણગારે છે, એનાથી આપણને પરિપૂર્ણ કરવા ઇચ્છે છે, તો કેવા સદ્ગુરુને ભજીએ છીએ? એ સામાન્ય સદ્ગુરુ નથી, જય મહારાજનું સ્વરૂપ જય મહારાજનું સામર્થ્ય, એમનો વૈભવ એટલો બધો અગાધ અને વિશાળ છે, એટલા માટે કહ્યું કે,

**''તમ્ ગુરુમ્''**

તે સદ્ગુરુ. એવા સદ્ગુરુ આખી સૃષ્ટિનું સર્જન કરવાવાળા છે, પાલન કરવાવાળા છે, અને પોતાની અંદર સમાવી લેવાવાળા છે. આપણા બધાનાં સ્વરૂપને જય મહારાજે પોતાના સ્વરૂપમાં સમાવી લીધા છે, અને આપણે પણ મનથી ભક્તિથી ચિંતનથી સેવાથી જય મહારાજમાં ભળી ગયા છીએ, કે અમે કોણ? તો જય મહારાજના, અને બહાર જઇએ તો, આ કોણ? આ જય મહારાજવાળા, પરિચય થઇ ગયો આખો, હવે જે છીએ તે તો છીએ જ, જય મહારાજ અમારામાં છે, અને અમે જય

મહારાજવાળા જ છીએ બીજા નથી, કેમ? એ તત્ત્વ આપણી અંદર આવી ગયું, આપણને સમાવિષ્ટ કરી લીધા, એની અંદર જુદા શોધવા કયાં જવાના? એક વસ્તુ યાદ રાખજો, જય મહારાજ આપણા પોતાનામાં છે, આપણા પોતાના સ્વરૂપની અંદર જ છે, આપણે તો કહીએ છીએ સ્વપ્નમાં કેમ આવ્યા છે? કેમ કે તમારા મનની અંદર અને તમારા પોતાની અંદર જય મહારાજ છે, એટલે સ્વપ્નમાં આવે છે. જો તે તમારા મનમાં હોત જ નહીં તો સ્વપ્નમાં કયાંથી આપવાના હતા? એટલે જય મહારાજ તમારાથી જુદા છે જ નહીં, તમારાથી દૂર છે જ નહીં, તમારી જોડે જ છે, તમારી સાથે જ છે, નહી તો સ્વપ્નમાં આવે ખરા? મનમાં હતા, મનમાં છે તો સ્વપ્નમાં આવે છે, મળી ગયા, જય મહારાજનો સાક્ષાત્કાર થઇ ગયો, તો જે પોતાનું નિજ સ્વરૂપ છે, જીવમાત્રનું નિત્ય સ્વરૂપ લક્ષ્મણદાસજી મહારાજ તો સ્તુતિ કરતા કરતા સંબોધન કરે કે આપ તો

**''ચૈતન્યમ્ શિષ્યમધ્યે''**

આપણા મહાપુરુષો પણ કહે,

**''પ્રાતઃ નમામિ હૃદિ સંસ્થિતમાત્મત્ત્વમ્''**

આપ આત્મતત્ત્વ સ્વરૂપે અમારા હૃદયમાં આપ જ બિરાજેલા છો, કોઇ જુદા નથી, કોઇ બીજા નથી. માણસ ભગવાનને આખો શોધવા જાય તો તીર્થે પણ જવું પડે, અને મૂર્તિ પાસે પણ જવું પડે, પણ પોતાની પાસે પોતાની સ્વરૂપની અંદર પોતે છે જ, પછી ક્યાં શોધવા જવાના? હું સુઇ જાવ તો સ્વપ્નમાં રાત્રે મારી જોડે જ આવે છે, મને દર્શન આપે છે, એટલે

**''પ્રાતઃ નમામિ હૃદિ''**

સવારના પહોરમાં ઉઠીને સૌથી પહેલા હૃદયને પ્રણામ કરો, કે મારા જય મહારાજ મારા ભગવાન મારા હૃદયની અંદર જ બેઠેલા છે, અને કયાં શોધવા જાઉં? આંખ કયાં ઉઘાડું દુનિયાને કયાં પહેલી જોવું? આંખ બંધ કરી અને હૃદયમાં બેઠેલા જય મહારાજને પ્રણામ કરો, પછી આંખ ખોલો. એટલા માટે તો કહ્યું કે,

**''પ્રાતઃ નમામિ''**

સવારમાં ઉઠતાની સાથે જ નમન વંદન કરી લઉ, ફોટો ક્યાં હશે ? ક્યાં હશે મંદિર? અરે કશું પણ શોધવાની જરૂર નથી.

**''હૃદિ સંસ્થિતમ્''**

આત્મતત્ત્વ સ્વરૂપે આપ જ બિરાજેલા છો, એમના દર્શન કર્યા પછી ઉઠ્યા, આપણો દિવસ શરૂ થઇ ગયો. જાગ્રત થતાની સાથે આંખો બંધ રાખીને હૃદયમાં જય મહારાજના દર્શન કરી લો, ક્યાંય દૂર જવું પડશે ખરું? ક્યાં શોધવા પડશે ખરા? લાઇટ કરવી પડશે? ના, પોતે જ પ્રકાશ સ્વરૂપે હૃદયમાં બેઠેલા છે, મારી હૃદયની ઊર્જા એ જ છે, મારા અંતઃકરણનો પ્રકાશ એ જ છે, મારા જીવનનું તત્ત્વ એ છે, મારા શરીરની ચેતના એ છે, કયાં શોધવા જશો?

**''તત્ત્વમસ્યાદિજન્યં''**

તે તું જ છું, તેનાથી ઉદ્ભવતી સમજ, એનાથી પ્રાપ્ત થતું જ્ઞાન, એ બીજે ક્યાંય દૂર નહીં જવા દે, આપણને ધર્મનું જીવનનું લક્ષ્ય અને હેતુ શું ? કે ભલે તીર્થોમાં જાવ, મંદિરોમાં જાવ, ફોટા મૂર્તિઓનાં દર્શન કરો, પગે લાગો, એમની ભક્તિ કરો, એની ઉપાસના કરો, એમની સેવા કરો, એ બધું જ સાચું છે, પણ એ બધામાંથી ફરતાં ફરતાં ફરતાં આખરે એ મૂર્તિમાં બેઠેલા, એ

તીર્થમાં બેઠેલો, એ મંદિરમાં બેઠેલો એ મારામાં છે, આ સમજણ કેળવવાની છે, ભલેને અહીં બેઠા હો, બદ્રીનાથ ભગવાનના પણ અહીં છે દર્શન થઇ જાય, રામેશ્વર ભગવાનના પણ દર્શન થઇ જાય, જગન્નાથ ભગવાનના પણ અહીં જ દર્શન થઇ જાય, દ્વારકાધીશના પણ દર્શન થઇ જાય, એ બધા જ મારામાં જ બેઠેલા છે ને, હું એટલે બધે તીર્થયાત્રા કરવા માટે શા માટે જાવ? બસ આ ભાવ સતત બન્યો રહે, આંખ બંધ કરો ને એની સાથે દર્શન થાય,

**''જે રામેશ્વર દર્શન કરહિ''**

સરસ મજાના દર્શન અહીં બેઠા જ થઇ જાય, અભિષેક થતો હોય, બ્રહ્મમુહૂર્ત હોય આરતી થતી હોય, એ દર્શન કર્યા છે આપણે. બદ્રીનાથની અંદર પણ વહેલા ચાર વાગે ભગવાનનું ઉત્થાપન થાય, સ્નાન કરાવે, શૃંગાર થાય, એ બધા જ અહીંયા બેઠા બેઠા જ દર્શન થઇ જાય, કેમ? મારી જોડે મારા પોતાના અંતઃકરણમાં જ બેઠેલા છે, હું બીજે ક્યાં શોધવા જાઉં? પણ પહેલા તીર્થોમાં જોઇ લેવા જોઇએ, ભગવાનના દર્શન કરી લેવા જોઇએ, અને પછીથી એ બધાને આપણા પોતાનામાં પધરાવી દો.

**''તત્ત્વમસ્યાદિજન્યં''**

એ બધા જ સત્સંગ કર્યા પછીથી, એ બધા જ ગ્રંથોને સમજ્યા પછીથી, તત્ત્વમસિ એ છે, વેદ વાક્ય મહાપુરુષોનું ઋષિઓનું વેદોનું, એને ધારણ કરી લેવાનું, કયાં? જેમ ભગવાન કૌસ્તુભમણિ ધારણ કરે છે ને, વક્ષસ્થલ ઉપર, એમ આપણે ભગવાનના સ્વરૂપનું વક્ષસ્થલ ઉપર એ કૌસ્તુભમણિ ધારણ કરીએ, એમ જ દર્શન થયા કરે. હૃદયનો આકાર કેવો છે? મણિ આકારનું જ છે ને? તો એ જ ભગવાનનું, જય મહરાજનું સ્થાન છે, એ જ કૌસ્તુભમણિ છે, અને એટલા માટે તો મનુષ્ય શરીરમાં

ભગવાને હૃદયમાં જ મૂકી આપ્યું છે, કયાંય પણ આગળ પાછળ કે ઉપર નીચે નથી મૂકયું હૃદય, એ જ કૌસ્તુભમણિ છે, એટલે એ કૌસ્તુભમણિ એ જ આપણી ચેતના છે, એ જ આત્મા છે, એ જ ભગવાનનું સ્વરૂપ ઝગમગી રહ્યું છે.

**''હીરા મોતી માણેક મણિઓ મહાપદમાં મળશે''**

આત્માનું સ્વરૂપએ મહાપદ છે, એ આત્માપદ મહાપદ એ જે બ્રહ્મપદ છે, એ અહીંયા જ છે, એ આપણા હૃદયની વચ્ચે વક્ષસ્થળની અંદર કૌસ્તુભમણિ સ્વરૂપે જ બિરાજેલા છે, અને એનો જ પ્રકાશ છે આખા શરીરમાં, આખા શરીરમાં અજવાળું શું છે? હૃદયમા તત્ત્વમસિ તરીકે આપણા પોતાની અંદર આપણા પોતાના સ્વરૂપે બેઠેલો છે, એને લીધે તો શરીરમાં અજવાળું છે, અને એ જે મણિ છે કૌસ્તુભમણિ એ ઓલવાય ગયો, એની સાથે આખા શરીરમાં અંધારું, આંખ હોય તો પણ કશું જોઇ શકાય નહીં, ખુલ્લી આંખ હોય તો પણ કશું પણ ન દેખાય, બધે જ અંધારું, આખું જગત અંધારું થઇ જાય. તો એ પ્રકાશ કોનો હતો? તત્ ત્વમ અસિ, આ શરીરની અંદર જે આખો પ્રકાશ છે, એ ઓજ છે, તેજ છે, તે કોનું છે? તત્ત્વમસિ, એ આત્મચેતના તું પોતે જ છું, પરમાત્મા સ્વયં તારામાં બિરાજી રહ્યા છે, તું પોતે જ આત્મા- પરમાત્માનો અંશ છું. એક તણખો હોય અગ્નિનો, ભલે મોટા અગ્નિમાંથી છૂટો પડી ને આવ્યો હોય, પણ એ જ નાનો સરખો તણખો ક્યાંય ફરી પણ મહાન મોટો અગ્નિ બની શકે છે, જંગલનો દાવાનળ પણ બની શકે છે, દિવસોના દિવસો સુધી મહિનાઓના મહિનાઓ સુધી ઓલવાય જ નહીં, વાંચો છો ને? એક નાનો સરખો તણખો કેવડો મોટો વિરાટ બની ગયો, એમ આપણુ આત્મતત્ત્વ પણ ભલે એક નાના સૂક્ષ્મ પ્રમાણે આપણા

શરીરમાં હોય, પણ એ એક વ્યાપક બ્રહ્મનું જ સ્વરૂપ, પછી એનામાં પણ એ જ શક્તિ છે. જેમ તણખો વડવાનલ બની શકે છે, એમ આત્મા પણ પરમાત્મા બની શકે છે, અને છે જ, એટલા માટે જય મહારાજ જેવા સમર્થ સદ્ગુરુ પરબ્રહ્મ પોતે,

**''ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ''**

તો એ પરબ્રહ્મ સ્વરૂપ, એ પોતે સ્વયં આપણને સહુને પરબ્રહ્મના સ્વરૂપ સુધી લઇ જવા ઇચ્છે છે, ચાલો મહારાજ સુધી તો આવો, પછી તમને તમારામાં બેઠેલા છે એના પણ દર્શન થઇ જશે, તત્ત્વમસિ, ઋષિઓ પણ ભણાવે છે અને કહે છે શું નામ છે એનું? અરે જાબાલ, તત્વમસિ, બહુ જ સરસ વાક્ય છે, વેદ વાક્ય, તત્ ત્વમ્ અસિ, તે તું જ છું. આમ એ ગુરુજનો પોતાના શિષ્યોને પણ આ જ જ્ઞાન આપતા હતા, અને આ તત્ત્વમસિ મહાવાક્ય એટલે એ વેદાંત, વેદનો અંત, વેદનો સાર, તો જય મહારાજ આપણને આખા વેદો ભલે ન પણ આપે, પણ તત્ત્વ ત્વમ્ અસિ તો કહી દીધું ને? જય મહારાજ બધું જ ભણી અને પછી ભણાવે.

**''ભણી ને ભણાવે રામ બે અક્ષર માં લાવે રે''**

બસ એ પોતે બધું જ ભણી લે, પછી, વર્ગમાં જેમ બધું જ શીખવાડવામાં આવે કહે, કે લો આ આટલું વધારે અગત્યનું, અતિ અગત્યનું, એમ કહી દે, એમ જય મહારાજ પણ આપણને સત્સંગ કરાવે, તત્ત્વમસ્યાદિ વાતો કરાવડાવે, પછી કહે કે લખી લો, આ અતિ અતિ અગત્યનું કે,

**''તત્ત્વમસ્યાદિ જન્યમ્''**

આ તત્ત્વમસિ છે, તે તું પોતે જ સ્વયં છું, તું બીજો છું જ

નહીં, તારામાં જ તું છું.

**"તત્તા તારું આપ તપાસ**

**કયાંથી આવ્યો કયાં તું જાસ"**

એકલો અમદાવાદથી નહીં,

**"ક્યાંથી આવ્યો ક્યાં તું જાસ**

**ખેપ કરીને ખોળી કાઢ"**

કેટલો સરસ ભાવ છે? ખેપ કરવા નીકળ્યો છું આ મનુષ્ય જન્મનો, શોધી કાઢ. જેમ વેપારની ખેપ કરવા નીકળીએ અને કમાઇ આવીએ, એમ આ ખેપમાં ખોળી કાઢ, એ જ કમાણી અને એ જ મૂડી છે આપણી.

આ તો પૂછયું, તો જય મહારાજ કહે છે કે,

**"તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્"**

એનો જવાબ આપી દીધો, કે હું એમાંથી જ આવ્યો છું.

**"યતો જાયતે"**

"યતઃ પાલ્યતે"

એ જ મારું પાલન કરે છે.

"પરં લીયતે યત્ર વિશ્વમ્"

અને એમાંને એમાં પાછું સમાવવાનું છે, વાંધો શું છે? જય મહારાજે આપણને જાગ્રત કર્યા છે, વિશેષ બોધ, આપણને આહાર આપીને આપણું પોષણ કરી રહ્યા છે, પછી એમના પોતાનામાં જ સમાવી દેશે, તો અમારે તો આનંદ આનંદ આનંદ, એથી બીજું શું વધારે જોઇએ છે? અમારે આ તો ઘરે આવવું જ પડે, અહીં તો સીધા મહારાજ પોતાનામાં સમાવી લે, પછી ક્યાં

બીજું કશું પણ બાકી આવવા જવાનું પણ ન રહ્યું.

**''જન્યમ્ વિબોધમ્''**

આ બોધ સ્વરૂપ પોતાના આત્માનું દર્શન, અનુભૂતિ પોતે જાતે જ કરી લે, એનું નામ

**''વિબોધમ્ તત્ત્વમસ્યાદિ''**

હા તું પોતે જ છું, તું બીજો નથી,

**''બીજો નથી બોલતો**

**તું તો જોઇ લેને તારા સ્વરૂપને**

**ખોળી જોતા તું જ ખોવાય''**

એટલે તત્ત્વમસિ કહ્યું,

**''પોતે પોતામાં ભળી રહ્યા પોતે જોયું પોતાનું આપ રે''**

આપણે પોતે જ આપણા પોતામાં ભળી જઇએ, અને આપણા પોતાના અલગ અસ્તિત્વને સમાપ્ત કરી દીધું, હું અલગ છું જ નહીં, હું તો છું જ નહીં, હું પરમાત્માનો જ અંશ છું, પરમાત્મા મારામાં જ છે, કેટલો સરસ ભાવ આપે છે?

**''નમઃ સ્વર્વસ્મૈ તે તદિદમિતિ શર્વાય ચ નમઃ''**

આ બધું જેમાંથી જન્મ્યું છે તેને વંદન કરું છું,

અને બધામાં એ જ બિરાજેલો છે, એને હું વંદન કરુ છું, કેટલો સરસ ભાવે છે? શિવસ્તુતિની અંદર પણ પુષ્પદંત પણ આ જ વાત કરે છે, સર્વે એનામાંથી જન્મેલું છે.

''યતો જાયતે''

અને એમાં જ વિલીન થઇ જવાનું છે,

''લીયતે પરં''

પરમની અંદર વિલીન થઇ જવાનું છે, પણ કેટલું અને શું?

''વિશ્વમ''

આખું વિશ્વ એની અંદર આજે નહીં તો કાલે, પણ વિલીન એમાં જ થવાનું છે, અને એ સ્વરૂપ છે એ આપણું પોતાનું, તત્ત્વમસી, તો તત્ત્વમસિને જાણીએ છીએ, જય મહારાજે આપણને જાગ્રત કર્યા. અત્યાર સુધી દેહાસક્તિમાં ઊંઘતા હતા, આ દેખાવ છે હાડ માંસ ચામડાવાળુ એ જ હું છું, એ જ હું છું, એ જ હું છું આ નામવાળો જ હું છું, પણ જય મહારાજે કહ્યું કે ના ના ના, તું એ નથી, આ તો આત્મા તરીકે પહેરેલાં તારાં કપડાં છે, જેમ ઘરે જઇ અને કપડા ઉતારી નાખશો અને બીજા પહેરશો એમ આત્મચેતના પણ પાછી ઘરે જઈને નવા કપડાં પહેરીને આવશે, પછી ક્યાં ઓળખશો કે ભાઇ આ તો તમે પહેલાં મનુષ્ય કપડાવાળા હતા, અને આ શરીર એ સાચું સ્વરૂપ નથી. તો એ જ શોધવાનું છે, અને ગુરુ મહારાજ જય મહારાજ આપણને જેને માટે જાગ્રત કરે છે. તે આપણું સ્વરૂપ, અને એ આપણા પોતાના સ્વરૂપ માટે આપણને સતત જાગ્રત રહેવા માટે કહે છે. અને સતત જાગ્રત રહેવા માટે હંમેશા આપણા જીવનની અંદર સત્સંગની આવશ્યકતા છે. સત્સંગની આરાધના હોવી જ જોઇએ, તો જ સતત જાગ્રત અવસ્થા બની રહે, જો સત્સંગની અંદર સતત વ્યસ્ત ન રહીએ, એમ આ સંસારની અંદર જો સત્સંગ વગર એમ ને એમ બેઠા, તો સંસારના આ બધા ગૂંચવાડાની અંદર એક ઝોકું આવી જશે ને તો આત્મસ્વરૂપ ભુલાઇ જશે, એટલે સતત જાગ્રત રહેવાનું કહ્યું છે.

''સતતમ્ વિધેયમ્''

સતત જાગ્રત રહો તો,

**''જાગ્રતિ કો ?''**

જાગ્રત કોણ છે ? એમ શિષ્યએ શંકરાચાર્યજીને પૂછયું, તો જે પોતાના આત્માને જાણે છે એ જ જાગ્રત છે, પોતાના સ્વરૂપને સમજે છે એ જાગ્રત છે. તો સુતેલુ કોણ? એનો પણ બહુ જ સરસ જવાબ આપ્યો છે, આ સૂતેલો છે અને આ જાગ્રત છે. તો આમાં ગુરુ મહારાજ જય મહારાજનો સત્સંગ, એ આપણને હંમેશા જાગ્રત રાખવાવાળું તત્ત્વ છે, ઊંઘવા નહી દે. અને ઊંઘવું એ અવિદ્યા છે, જડતા છે, તામસ છે, અને એમાંથી જાગ્રત થઇ બહાર આવવું એનું નામ સત્ત્વ પ્રધાન છે, એ જ સાત્ત્વિકતા છે, એ જ સ્વરૂપ છે, એ જ પરમાત્મા છે બ્રહ્મ છે. તો જય મહારાજ પરબ્રહ્મ સ્વરૂપ છે.

**''ગુરુદેવઃ પરબ્રહ્મ''**

અને પરબ્રહ્મ આપણને પરબ્રહ્મની અંદર વિલીન કરવા માટે બોલાવે છે એમને શરણે, પણ આપણે એટલા માટે આવ્યા છીએ જય મહારાજને શરણે, કે અમારે તો જય મહારાજમાં લીન થવું છે, જય મહારાજ તો બ્રહ્મસ્વરૂપ છે પરબ્રહ્મ છે, તું પણ ચાલ, પરબ્રહ્મની અંદર જ પહોંચી જાવ, એમ કરતાં

**''ભજે તમ્ ગુરુમ્''**

અમે એવા જય મહારાજને ભજીએ છીએ, કે જે અમને અમારા આત્મસ્વરૂપ સુધી લઇ જઇ રહ્યા છે.

|| જય મહારાજ ||

## સત્સંગ-૧૦૧

# ‘દોનો હાથ ઉલેચિયે, યહિ સયાનો કામ’

પરમાત્મા પરમ તત્ત્વ છે, અને પરમતત્ત્વ એ જ જય મહરાજનું સાક્ષાત્ સ્વરૂપ છે, જે સર્વ શક્તિમાન છે, જેમાં સર્વસ્વ સમાયેલું છે. બધું જ જય મહારાજમાં જ સમાયેલું છે, દુનિયમાં ક્યાંય શોધવા જવાની જરૂર નથી. તો એ પરમતત્વ કેટલું શક્તિશાળી કેવું મહાન, કે જેમાં સૃષ્ટિની સર્વ શક્તિઓ આધાન થઇ હોય. અને એ સર્વ શક્તિઓના ધારણકર્તા હોય એવી વિભૂતિ જગતમાં કેવી દિવ્ય હશે, કેવી દૈદિપ્યમાન હશે, કે જેમાં આ સર્વ શક્તિઓનું આધાન થઇ ગયું હોય. કોઇપણ એક જ ચીજની અંદર બધી જ શક્તિઓને એકત્રિત કરવી કંઇ સહેલું નથી, જુદી જુદી અલગ અલગ થઇ શકે વિભાગવાર, પણ બધાને એકમાં જ સમાવિષ્ટ કરવી એ બહુ જ કઠણ છે. ઘરમાં, એક જ ઘરના એક જ પરિવારના સભ્યો હોય, તો ઘરમાં બધાને સમાવવા માટે કેટલું બધું જોઇએ અને કેવી રસોઇ બનાવી હોય કે બધાએ આ જમવાનું, કેમ? મને આ નહીં ફાવે, મને તો આવું જોઇએ, મને આ નથી ભાવતું, આપણા પરિવારમાં જ આપણે બધાને એકસાથે સમાવિષ્ટ નથી કરી શકતા, ઘરમાં બધાનો સમાવેશ નથી થતો તો આખી સૃષ્ટિનો સમાવેશ,

‘‘વિશ્વં પરં લીયતે’’

કેવું સામર્થ્ય હશે, કેવી દિવ્ય એ ચેતના હશે, કે જે સમગ્ર વિશ્વને

''પરં લીયતે યતો જાયતે, પાલ્યતે યેન વિશ્વમ્''

બધાનું ભરણપોષણ કરવાનું. આટલી મોંઘવારીમાં એક કુટુંબનું ભરણ-પોષણ કરવું હોય, એક કુટુંબ નિભાવવું હોય તો કેટલી મહેનત કરવી પડે? તો આ તો સમગ્ર વિશ્વનું ભરણપોષણ કરવાવાળા છે. આ મોંઘવારી જ જોઇએ તો શું થાય? પણ મોંઘવારી એમને નથી સ્પર્શતી, એ સર્વસ્વનો ભંડાર છે, બધું જ એમની પાસે છે, અને ત્યાગી અને વિરકત હોવા છતાં બધા જ ભંડાર એમની પાસે ભર્યા છે. એટલે કોઇ મકાન નથી, કઠોર નથી, છતાંય આપને ત્યાં તો ભંડાર ભરેલા છે, આપને ત્યાં શી ખોટ છે? ઘરની અંદર તો ડબલા કે પીપડા કે પવાલીઓ ભરેલી હોય, તો કહે કે તમારા ઘરમાં તો છે, પણ આ તો ત્યાગી છે અવધૂત છે, એમની પાસે ક્યાંથી લાવવું? તમારે ત્યાં તો ભંડાર ભરેલા છે, પણ એ ત્યાગના ભંડાર છે, એ ત્યાગની અંદર પણ અનંતતા છે, દિવ્યતા છે, ભવ્યતા છે, અને એ જ એની સંપન્નતા છે ત્યાગની જગમાં, તો બધું જ આપી દેવાનું હોય ત્યાં સંપન્નતા કયાં રહી? પણ ત્યાં એ જ સંપન્નતા છે. ઇશાવાસ્ય ઉપનિષદના ઋષિ કહે કે,

''તેન ત્યકતેન ભુંજિથાઃ''

ત્યાગી અને ભોગવો, આનંદ આવશે.

''મા ગૃધઃ કસ્યસ્વિદ્ ધનમ્''

કોઇના પણ ધનની આશા ન રાખશો, અને તમારી પાસે જે પણ કાંઇ છે તે બધાને વહેંચ્યા કરો, આપ્યા કરો, ખવડાવ્યા કરો, અને એનાથી તમને આનંદ આવશે, ઓહો કેટલી બધી મજા

આવી, કેટલા બધાને ખવડાવ્યું, કેટલા બધાને આપ્યું. જે લઇ ગયા તે કેટલા બધા રાજી થયા, નાના બાળકો હાથમાં લઇ અને કેવું કૂદતાં હતાં, ઓહો અમને મળ્યું મળ્યું અમને આપ્યું આપ્યું, અને એ જોઇ અને આનંદ થાય આપણને, ઓહો આ તો કેટલું બધું, તો

''તેન ત્યકતેન ભુંજિથાઃ''

ત્યાગમાં જ ભોગો વસેલા છે, ભોગોમાં તો ભોગ છે જ નહીં. ભર્તુહરિ મહારાજે કહ્યું કે,

''ભોગે રોગભયમ્''

જો ભોગોની પાછળ દોડયા તો તેની પાછળ રોગો આવવાના જ. જો તમે શરીરની અંદર આશકત રહ્યા તો,

'કાલેન કૃતાંદ્ ભયમ્'

કાળનો ભય આવશે. મૃત્યુનો ભય આવી ને ઊભો રહેશે. તમે તમારી કઇ સંપન્નતા સમજો છો? દરેકની પાછળ ભય રહેલો છે. તો બહુ ખજાનો હશે તો ચોર સરકાર એ બધાનો ભય લાગશે, કયાં જઇ ને ઊભા રહેશો? તો ભય તો બધે જ છે. થોડું ઘણું પણ સંગ્રહ્યું પાછળ બીક લાગે, કે શું થશે? બેંકમાં મૂકી આવું, સેફ ડિપોઝીટ વોલ્ટમાં મૂકી આવું, નિરાંત થાય, પણ ત્યાં પણ વહીવટદારો એવા હોય, વિશ્વાસ ક્યાં રાખવો, તો શરીરની અંદર પણ મૃત્યુનો ભય. આટલી બધી સંપન્નતામાં, દરેકમાં કોઇપણ સંપન્નતા સંપૂર્ણ સુખ આપવાવાળી તો નથી જ. જ્યારે આટલો બધો ત્યાગનો વૈભવ છે એને સંપૂર્ણ નિરાંત છે, કે આપણે શું વાંધો છે. તો ઉપનિષદના ઋષિઓ ત્યાગને પણ વૈભવ કહે છે, કે તમે ત્યાગી અને ભોગવો. કોઇ વસ્તુ હોય અને છાનામાના એકલા ખાઇ જાવ, બે ચાર દિવસ સુધી એકલા જ ખાધા કરીએ, તો

આપણે એકલા જ જાણીએ કે હું માંદો પડ્યો કેમ, પેલી વસ્તુ બે ચાર પાંચ દહાડા એકની એક ખાધી એટલે, પણ એ વસ્તુ તમે એક જ વાર ખાઇ અને બધાને વહેંચી દીધી હોત તો? ઓહો તમે આપી હતી તે બહુ જ સરસ હતી હોં, કેટલા બધાને આપી? બધાને ખૂબ જ આનંદ આવ્યો, બહુ જ સરસ હતી, ક્યાંથી લાવ્યા હતા? પાંચ-છ દિવસ એકલા ખાધા કરીએ તો માદાં પડાય અને દુ:ખી થવું પડે, અને બધાને વહેંચીને આપ્યું તો, મેં કેટલા બધાને આપ્યું, તો ત્યાગી અને ભોગવી જાણો એમ આપણા ઉપનિષદના ઋષિઓ કહેતા હોય, તો જય મહારાજ તો એક દિવ્ય ચેતના, અવધૂત છે, કે ત્યાગી છે છતાં સંપન્નતા છે, કે આટલું બધું મહારાજ? આપની પાસે આટલી બધી શક્તિઓ છે? આપ આટલા બધાને આશીર્વાદ આપો છો, વરદાન આપો છો, સંતોષ આપો છો, સંયમ આપો છો, સદાચાર આપો છો, આ બધાના કોઠાર ક્યાં ભરેલા છે? મોટાને મોટા કોઠારો છે, ક્યારેય ખૂટે નહિ એવા, એને માટે એક કહ્યું કે આપ તો પરમ છો.

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

એક ઘર નિભાવવું હોય તો કેટલી બધી મુશ્કેલી થાય, એને બદલે આ ત્યાગી સમસ્ત સૃષ્ટિનું ભરણપોષણ કરવાવાળા છે, અને છતાં પણ મસ્ત આનંદ, બધા જ લઇ જાય તો પણ એના મનમાં કોઇપણ જાતનો ઉદ્વેગ કે કેટલું બચ્યું, હવે કેટલું રહેશે, એ ભાવ નહીં, તો વિશ્વનું સર્જન કરનારને વિશ્વનું પાલન કરવાની શક્તિ એમની પાસે હોય જ. પરિવારની અંદર, પોતાના પરિવારનું સર્જન કર્યુ, તો એમને ભણાવવાના, રાખવાના, ખવડાવવા પીવડાવવાના, સાજા માદા વખતે બધાયનું પાલન કરવાની જવાબદારી એની, એની ક્ષમતા હતી એટલે તો પોતાના પરિવારનું એણે સર્જન કર્યું, એમ પરમાત્મા પણ, જય મહારાજ

પણ, યતો જાયતે કહી દીધું, પણ પછી કહે છે કે

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

જ્યાંથી બધું ઉદ્ભવે છે, અને એ જ પોતાની શક્તિ વડે બધાનું પાલન-પોષણ કરે છે, કોઇ આંચ નથી આવતી, કે જેની પાસે અવ્યય ભંડાર છે, ખૂટે જ નહીં, ખૂટે જ નહીં એનું નામ અવ્યય. ગમે તેટલું વહેંચવામાં આવે તો પણ ના ખૂટે. આશીર્વાદ આપ્યા જ કરે આપ્યા જ કરે, ખુંટે જ નહીં, એ છે એમનું તપ, તપોબળ એટલું કામ કરતું હોય છે. સહસ્ત્રાર્જુન, વિશ્વામિત્રને ત્યાં ગાય જોઇ, અને એમ થયું કે આ ગાય લઇ જવું. વિશ્વામિત્રની ઇચ્છા ન હતી ગાય આપવાની, ગાયને પણ ઇચ્છા ન હતી કે રાજાને ત્યાં જાઉ, પણ રાજાને એમ હતું કે આ ગાય તો મારે ત્યાં જ શોભે, લેવા માટે ગયો. વિશ્વામિત્રે ગાયની મરજી જોઇ લીધી, અને ગાય પણ વિશ્વામિત્રની મરજી જોઇ લીધી, તો એ કામધેનુ ગાયના શરીરમાંથી કેટલાય સૈનિકો ઊભા થઇ ગયા, વિશ્વામિત્રનું તપોબળ, તો તપ શું નથી કરી શકતું? જય મહારાજ આ સૃષ્ટિનું સર્જન કરવાવાળા છે, પાલન કરવાવાળા પણ છે, છતાં પણ ત્યાગી છે, એ ત્યાગની અંદર પણ આટલી મોટી મહાન શક્તિ છે. જેમ વિશ્વામિત્રે અનેક ફોજ ઊભી કરી, અને સહસ્ત્રાર્જુનને પરાસ્ત કર્યો, ત્યાંથી ભગાડી મૂકયો, અને તપસ્વીઓ આ બધું કયાંથી લાવતા હશે?

''યતઃ પાલ્યતે યેન વિશ્વમ્''

એનું ભરણ પોષણ કેવી રીતે કરતા હશે? મહારાજને ત્યાં આટલી બધી સેવાઓ થાય, અને નહીં ફંડ ફાળો કરવાનો, નહિ કોઇની પાસે માગવાનું, નહિ ભેગું કરી રાખવાનું, કે ચાલો આટલા કરોડ ભેગા કરી રાખીએ, છતાં પણ આટલા બધા કરોડોનું

કામકાજ ચાલ્યા કરે, મોટા મોટા સાધુ સંતો પણ પૂછે, આપણા વિચરણ કાળની અંદર મોટા સાધુ આપણને પૂછતા હતા, અગ્રગણ્ય સાધુઓ પૂછે કે મહારાજ આ તમારે સંતરામ મહારાજને ત્યાં નથી કોઇની પાસેથી માંગણી થતી, નથી ફંડફાળા થતાં, નથી ભાડાં આવતા, નથી કોઇ બીજી આવક, છતાં પણ આટલો બધો કરોડોનો આ બોજ કેવી રીતે ચાલે છે.

**''યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્''**

બસ જય મહારાજ સમર્થ બેઠા છે, સર્વેશ્વર છે, પરબ્રહ્મ છે પરમ તત્ત્વ છે, એમને કયાં વાર લાગવાની હતી? જે બાર-પંદર વર્ષ પહેલા સૌરાષ્ટ્રનો દુકાળ પડ્યો હતો, ત્યારે આપણા નારાયણદાસજી મહારાજે આપણને સ્પષ્ટ કહ્યું હતું કે, રામ મહારાજ ખેડૂતોએ મહારાજને ખૂબ જ આપ્યું છે, ખૂબ જ આપ્યું છે વર્ષો સુધી, આજે એક અવસર મળ્યો છે કે એમને આપત્તિઓમાં આપણે સામેથી જવાનું છે, અને એવું બોલ્યા હતા કે કદાચ આપણે દેવું કરવું પડશે તો દેવું કરીશું, પણ આ દુકાળમાં આપણા ખેડૂતો સુધી ઘાસ અને અનાજ પહોંચાડવાનું છે.

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

અને એ પણ જોયું, કે રોજ વપરાય રોજ વપરાય પણ એક મહારાજશ્રીની શક્તિ કામ કરતી હતી, આવતીકાલે સવારે જે કાંઇ આખા દિવસનું જોઇતું હોય, વાપરવાનું હોય, ચૂકવાનું હોય, એ આજની સાંજ સુધી ગમે ત્યાંથી આવી જાય, કોઇને કહીને નહીં સાહજિક રીતે. આવતી કાલના દુકાળનો ખર્ચ આખા દિવસનું આગલા દિવસની સાંજ સુધીમાં આવી જાય. સહકારી બેંકના બધા ડાયરેકટરો સંચાલકોએ પણ કહ્યું કે, મહારાજ દુકાળના કાર્યમાં અમને સેવા આપજો, આપને જેટલું ધિરાણ જોઇએ એટલું વગર

વ્યાજે અમે આપીશું, બેંકોવાળાઓએ વગર વ્યાજે જેટલું જોઇએ એટલું, મહારાજને કહ્યું હતું, કે કેવી મહારાજની ફકીરી, આવતી કાલનું જે જરૂરનું હોય તે આજ સાંજ સુધીમાં આવી જાય. એકવાર જામનગરમાં વાવાઝોડું આવ્યું હતું, અને લોકોના ઘરના છાપરા ઉડી ગયા હતા, તો કહે કે શું કરવું? તો દેવપ્રકાશજી મહારાજ કહે કે બધાને નળિયા આપણે આપીશું, તો જેટલા ત્યાંથી નળીયા માગે એટલા અહીંથી ટ્રકોને ટ્રકોમાં જાય. તો મહારાજશ્રી એ લોકોને નળિયા આપ્યા, અને મહારાજને ત્યાં તળિયા આવ્યા. ત્યાં નળીયા ઢાંક્યા અને અહીંયા તળિયા ઉઘાડા કર્યા, પણ ચાલ્યા કરે, કહ્યુંને કે દુકાળની અંદર તો આવતીકાલે જે જોઇતું હોય, તે આજે સાંજ સુધીમાં આવી જાય, કોઇ ફંડ કે એવું કશું તો હતું જ નહીં, લાવવાનું ક્યાંથી? પણ સાહજિક રીતે લોકોના તરફથી મહારાજશ્રીનો પ્રેમને ખેંચી લાવે, કે લો આટલા લાખ, પચાસ હજાર આ દુષ્કાળ માટે, સાંજ સુધીમાં આવી જાય, તો આ છે કે ત્યાગનો, જય મહારાજનો વૈભવ.

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

પોતાની પાસે તો કશું પણ ન દેખાય, પણ એ વૈભવ તપનો વૈભવ છે, જેને અવ્યય ભંડાર કહેવાય. આટલું બધું ખર્ચે ખર્ચે ખર્ચે, પણ ચાલ્યા જ કરે, ખૂટે જ નહીં, ચાલ્યા કરે, કાંઇ સંઘરી રાખ્યુ હોય એમ નહીં, નદીમાં પાણી આવે અને પાછળ વહેતું જાય,

**''જો જલ બાઢે નાવમેં ઘરમેં બાઢે દામ**
**દોનો હાથ ઉલેચિયે યહિ સયાનો કામ''**

જો નાવમાં ભરેલું પાણી ઉલેચીએ નહીં તો નાવ ડૂબી જાય, અને બહુ પૈસો ઘરમાં ભેગો થાય તો ઘર પણ ડૂબે, ખોટા

સંસ્કાર, ખોટી ટેવ તરફ જતો રહે માણસ.

**''યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્''**

જય મહારાજનું સર્જન, જય મહારાજની પરમ ચેતના, એ વ્યાપક સૃષ્ટિની પરમ શક્તિ શું નથી કરતી? એટલે આપણને પ્રતીતિ થવી જોઇએ કે આ શ્લોકની સ્તુતિના જે શબ્દો છે, એ કેવા છે? આટલું બધું ચાલ્યા કરે, બધાને આશ્ચર્ય થાય, મોટા મોટા સંતોને, કે કેવી રીતે આ બધો ખર્ચો પૂરો થાય છે. તો આપણે તો એમ જ કહેતા હતા, કે એ તો મૂળ પુરુષ જય મહારાજના, પરંપરાના સંતો મહાપુરુષોના તપ છે. અયાચક વૃત્તિનું એ વ્રત છે, અને જે મળે તે, લોકોનું લોકો માટે વાપરી નાખવાનું, એ નિયમ છે એટલે, જે લોકો પાસેથી આવે છે તે લોકો માટે વાપરીએ છીએ, ખૂટતું નથી, કહે કે આટલો બધો ખર્ચો? એ તો ભગવાન જાણે, ઘણા બધા આપણે નામ દઇએ એવા માણસો, કે સંપ્રદાયના અધ્યક્ષો હોય, એ પૂછે કે આ બધું ચાલે છે કેવી રીતે તમારે ત્યાં? એ જ મહાપુરુષોનું દિવ્ય તપ છે, એને ચમત્કાર કહો તો ચમત્કાર અને પોતાના ક્ષેત્ર નીચે એક શક્તિ કામ કરી રહી છે તે શક્તિ, પણ

**''પાલ્યતે યેન વિશ્વ''**

આટલા બધા ભૂકંપની અંદર નગરો પણ ઊભા કર્યા તો કરોડો વાપર્યા, લોકો એ આપ્યા અને વપરાઇ ગયા, તો પરમશક્તિ જે કામ કરી રહી છે, એની અંદર કોઇ ચમત્કાર નહીં પણ એ દિવ્ય ચેતના, સાહજિકતાથી લોક પ્રેરણા અને લોક સદ્‌ભાવના એ સામે ચાલીને. આજે પણ કાંઇ પણ એવું થયું હોય, જો રેલ આવી હોય અને ચારે બાજુ પાણી હોય, રસોડું ખોલ્યું ત્યાં, એની જાતે જ મોકલાવી દે લોકો વેપારીઓ, મહારાજ રેલ

આવી છે, ને આ પચાસ હજાર મોકલાવું છું આ વાપરવાના છે આ રેલને માટે મોકલ્યું છે.

ત્યાગની અંદર જ વૈભવ રહલો છે.

**''ઉદ્યમ કરી કરીને શ્રી મિલે કીર્તિ ત્યાગે હોય''**

ત્યાગના વૈભવમાં જ લોકોની શ્રદ્ધા વધતી હોય છે. મહારાજ કોઇને પણ બોલાવવા જાય છે? છતાં પણ આ માનવ પ્રવાહ સવારથી સાંજ સુધી ચાલ્યા જ કરતો હોય, ચાલ્યા જ કરતો હોય. બીજા કોઇ પણ મંદિરમાં નહીં હોય, અમુક સમયે જ હશે, પછી ખાલી હશે, આ તો સતત સવારથી સાંજ સુધી ચાલ્યા જ કરે, અટકે જ નહીં. જેમ ગંગા નદી સુકાય નહીં એમ જય મહારાજને ત્યાં આ માનવનો પ્રવાહ સુકાય નહીં. એની જરૂરિયાતની જે પણ કાંઇ સેવાઓ મળતી હોય ભોજન છે, દયા છે, દુવા છે, દવા છે, લીધા કરતા હોય, બધાને એમ થાય કે જય મહારાજ આપણા કેવા સરસ છે, આપણા મહારાજને ત્યાં બધું જ ખુલ્લું મળે, લો લો, લાવો નહીં કશું પણ, તમે લાવો તમે લાવો એવું નહીં, લો, બસ એક જ વાત, તો જગતનું પાલન કરવું એ પરમશક્તિ એક જ એ કરી શકે, બીજા કોઇનું કામ નથી હોતું. પોતાના ઘરનું નિભાવવાનું હોય તો પણ કેટલી બધી મુશ્કેલીઓ પડતી હોય? ભલેને વીસ હજાર કમાતા હોય, પણ ક્યાંય ચટણી થઇ જતા હોય તો પણ ખબર પડે નહીં, ઘર ન ચાલી શકે, પંદર વીસ હજાર સહેજ પણ જોઇએ. તો આ ઉપનિષદના ઋષિઓએ આ તારણ ક્યાંથી આવ્યું હશે?

**''તેત ત્યક્તેન ભુંજિથાઃ''**

કે ત્યાગમાં જ વૈભવ રહેલો છે તે આનું નામ. જયારે જય મહારાજ અહિયાં પહેલા વહેલા બિરાજ્યા ત્યારે શું હતું?

આંબાના વૃક્ષ નીચે એક પર્ણ કુટીર બાંધી હતી, જળ સેવાની માટે વ્યવસ્થા ન હતી એટલે એક કુવો મહારાજે તૈયાર કર્યો, અને તે વખતે એ પર્ણકુટીરની અંદર કેટલી સુવિધા હોય? વરસાદ તાપ ટાઢ આ બધા, પણ એ ત્યાગની અંદરનો એમનો વૈભવ આજે જોઇએ તો, તો એ છે ત્યાગનો વૈભવ, ત્યાગનો વૈભવ નાનોસૂનો નથી હોતો, એ ત્યાગી તપસ્વી વનની અંદર એક કોપીન પહેરીને વૃક્ષની નીચે બેઠો હોય ને, તો રાજા મહારાજાઓ આવી અને એના પગમાં પડે, મહારાજ કોઇ સેવા? હું આપની શું સેવા કરું? હવે આવડો મોટો રાજા થઇને, લોકો એની સેવા કરતા હોય પણ એ અવધૂતની સેવા મહારાજની સેવા માંગતો હોય, કે હું આપની શું સેવા કરું ? આ ત્યાગનો વૈભવ છે, કે એ ભાવને કારણે કેટલાયના ઘરના નળીયા ઢાંક્યા, દુકાળની અંદર કેટલાયના પશુઓને પાળ્યા અને કેટલાયને મજુરીમાં અનાજ પણ વહેંચ્યા, આ છે ત્યાગનો વૈભવ, સંગ્રહ કરવાનું નહીં, જય મહારાજનો નિયમ છે. જય મહારાજનો આદેશ છે, મૂળ પુરુષનો, કે કોઇની પાસે માંગવુ નહીં, અને કશાનો પણ સંગ્રહ કરવો નહીં, તો જે આવ્યું લોકોનું તે લોકો માટે.

**''યતો પાલ્યતે યેન વિશ્વમ્''**

આ રીતે સમસ્ત વિશ્વનું ભરણપોષણ કરવાવાળા છે જય મહારાજ, સામર્થ્ય છે એમનું, અને એ સામર્થ્યને કારણે જ

**''ગુરુદેવ પરબ્રહ્મ''**

સાક્ષાત પરબ્રહ્મ સ્વરૂપ પોતે જ છે, એ જ મારા શિવ, શ્રાવણ મહિનામાં મારે બીજા કોઇ શિવ મંદિરમાં નથી જવું, એ જ મારા જય મહારાજ, વિષ્ણુસ્વરૂપ, મારે કોઇ તીર્થમાં જવું નથી.

**''ત્વમેવ માતા ચ પિતા''**

એ જ મારી માતા, મારે અંબાજી એ પણ જવું નથી, મારું બધું જ અહિયાં જ છે.

**''ત્વમેવ સર્વ મમ દેવદેવ''**

એ ભાવથી ભજીયે કે, મા પણ તમે અને બાપ પણ તમે, જન્માવ્યા પણ તમે અને પાલવ્યા પણ તમે, તો એ ભાવ સતત બન્યો રહે, અને જય મહારાજની અંદર આપણને એ જ દર્શન થયા કરે, પેપર અનુભવ હોય ત્યાગ અને તપનું ક્યાં જશે, તો સામે આવી અને ઊભું રહેશે, માગેથી ભાગે, અરે માંગવા આવ્યા છે પેલા, ચલો ચલો ચલો અહીંથી, એટલે ત્યાગની મહત્તા, ત્યાગની કિંમત કેટલી બધી મહાન છે, કેટલી અમૂલ્ય છે, એની કોઇ ગણતરી ન હોય, એનું કોઇ માપ ન હોય. બસ ત્યાગની અંદર મહાનતા છે એટલા માટે જ,

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

આ શબ્દો સાથે જય મહારાજને અહીંયા આગળ પ્રાર્થ્યા છે, અને એ સાર્થક પણ છે. જય મહારાજની ભૂમિકા આજે સાર્થક છે, એ પાલન કરે છે બધાનું, તો

**''યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્ જનેભ્યઃ પરં લીયતે યત્ર વિશ્વમ્''**

**''ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્નુ ર્ગુરુર્દેવો મહેશ્વરઃ''**

બધું જ મારા સદ્‌ગુરુ ભગવાન છે, એમનાથી કશું પણ અલગ નથી, કશું પણ જુદું નથી, સર્વ મારા ગુરુ ભગવાનની અંદર જ સમાયેલું છે.

|| જય મહારાજ ||

# ‘તું ઓળખ તારી જાત’

પરબ્રહ્મ પરમાત્મા સ્વયં યોગીરાજ અવધૂત,

**“તમ્ ગુરુમ્ ભજેહમ્”**

એવા સુખસાગર સદ્‌ગુરુ મહારાજનું હું ભજન કરું છું. ભજન કરવાનું છે શાંતિ માટે ભગવદ્ ભજન કરવાનું છે ભગવાને પ્રાપ્ત કરવા માટે. તો અહીંયા આગળ કહ્યું કે જે ગુરુ મહારાજ મને પ્રાપ્ત થયા છે એમને હું ભજું છું.

**“ભજે તમ્ ગુરુમ્”**

કેવા, કે જેની પાસે આવું સામર્થ્ય છે. જે ગુરુ મહારાજ ઉદારતાથી, પૂર્ણભાવથી આવેલ કોઇપણ દુઃખીને આર્તનાદ કરીને આવેલાને જય મહારાજ એને શરણે રાખે જ છે, અને આવા ઉદાર છે, આવા કૃપાળુ છે, સૌનું પાલન પોષણ કરે છે, દુઃખીનું પણ, અનાથનું પણ. તો એવા ઉદાર મનના આવા, ભગવાન વિષ્ણુની શક્તિ જેની પાસે, જે પોતે જ છે, એવા ગુરુ ને,

**“ભજે તમ્ ગુરુમ્”**

એવા જય મહારાજનું ભજન કરું છું, જય મહારાજ અવશ્ય મારો ઉદ્ધાર કરવાના જ છે, મને કહ્યું કે હે શિષ્ય તું તત્ ત્વમ અસિ જે તત્ત્વ છે તે તું પોતે જ છું, આમ ગુરુ મહારાજે પ્રત્યક્ષ રીતે

આત્મદર્શન કરાવ્યું. તો ગુરુ મહારાજ પ્રત્યક્ષ રીતે આત્માનું દર્શન કરાવી આપે, એ શિષ્યને માટે એક લહાવો છે, બસ એવી આજ્ઞા કરી કે બેટા તું પરબ્રહ્મનો જ અંશ છું. તારામાં એ સર્વશક્તિમાન પરમાત્મા બિરાજે છે, જય મહારાજ તારામાં નિત્ય બેઠેલા જ છે. જયારે પણ સ્મરણ કરીએ અને યાદ કરીએ, તો જય મહારાજનું સ્વરૂપ ત્યાંને ત્યાં જ પ્રગટ થાય, મારામાં જય મહારાજ છે તેથી મારે બોલાવવા જવા પડતા નથી, સ્વપ્નમાં જ આવે છે, જો દૂર હોય તો બોલાવવા જવું પડે કે મહારાજ સ્વપ્નમાં આવજો, પણ વગર બોલાવ્યે જો સ્વપ્નમાં હાજર થઇ જતા હોય તો ક્યાં બેઠા છે? આપણા પોતાનામાં જ, આપણા શરીર ઘરની અંદર, એ તો દરેકના હૃદયમાં બેઠેલા છે. વાલ્મીકીજીને ભગવાને પૂછયું કે હું કયાં રહું?

**''તિન્હકે હિય તુમ્હ કહુ ગૃહ સરે''**

અરે આ બધાંના હૃદયમાં બેસવું એ જ તમારું ઘર છે.

**''તાકે ગૃહ તુમ રહહુ રઘુરાયા''**

એના હૃદયરૂપી ઘરની અંદર આપ બીરાજો. આપણા જ અંતઃકરણની અંદર હૃદયની અંદર બિરાજેલા જય મહારાજ હોય, પછી ક્યાં શોધવા જવાના હતા? અરે બૂમો પણ ન પાડવી પડે, છે અંદર જ છે, સતત પ્રતીતિ રહેવી જોઇએ કે મારામાં જય મહારાજ બિરાજેલા જ છે, અને હું એમના સ્વરૂપમાં ભળી ગયો છું, જીવાત્મા તરીકે એમના અંશ તરીકે, એટલે ગુરુ ભગવાન અને મારામાં કોઇ પણ દ્વૈત રહેતું જ નથી.

**''અદ્વૈતાનંદ રૂપાત્ પ્રણતજનગણાઃ''**

અદ્વૈત સ્વરૂપ થઇ ગયું, કોઇ ભેદ નહીં, મારા જય

મહારાજ મારા પોતામાં જ, ક્યાં રહ્યું જુદું? દૂધમાં સાકર ભળી રહી પછી એને શું થવું જોઇએ, એમ આપણું સ્વરૂપ આપણી વૃત્તિઓ જય મહારાજમાં પ્રવેશી જાય, અને જેમ દૂધમાં સાકર અને સાકરમાં દૂધ બે એક થઇ જાય, એમ શિષ્ય અને ગુરુ, સદ્‌ગુરુ અને શિષ્ય બંને એકબીજામાં સંપૂર્ણ ભળી જાય, એનું તત્ત્વ એક જ છે, અને એક તત્ત્વ થઇ જાય ત્યાર પછી કશું પણ જુદું રહેતું નથી.

''અદ્વૈતાનંદ રૂપાત્ ''

**''રહેતી નથી જુદી જાત તું ઓળખ તારી જાત''**

આમ જય મહારાજ જ્યાં સર્વને એક જ બોધ આપે કે, જો તું બેટા મારું જ સ્વરૂપ છું, તું મારામાં અને હું તારામાં આટલું સ્પષ્ટ ભાવ કહી દીધું,

**''તત્ત્વમસ્યાદિ જન્યં વિબોધમ્''**

એનાથી વિશેષ બોધ વિશેષ જ્ઞાન કર્યું, કે જેણે આપણને આપણું પોતાનું આત્મસ્વરૂપ જ ઓળખાવી દીધું. જીવનભર આપણા આત્મસ્વરૂપને ન જોઇ શકતા હોઇએ, અને ગુરુ મહારાજ શરણ આપે, આશરો આપે, શેનાથી આશ્રય આપે?

''સોહં શબ્દે શરણું દેશે''

સો અહમ્, ક્યાં રહેવાનું તારે? કોઇ ઓરડો નહીં આપે, કોઇ આસાન નહીં આપે, કોઇ ઘર નહીં આપે એને,

**''સોહં શબ્દે શરણું દેશે''**

બસ તને તારા પોતામાં જ આશ્રય આપી દેશે, કે લે બીજે ક્યાંય રહેવા નહીં જવાનું, કશું પણ શોધવાનું નહીં, તને તારામાં જ નિવાસ આપી દેશે. કોઇકને ઘરે જઇએ તો નિવાસ તો માગીએને, બેસવા ઊઠવાનું સૂવાનું, પણ જય મહારાજને શરણે

ગયા કે બાપજી આપની શરણે છું, દયા કરો, તો કહે કે ચલ, તને આશ્રય આપી દઉં પહેલા,

**''સોહમ્ બ્રહ્મરૂપ તારું''**

તું પોતે જ બ્રહ્મરૂપ છું, અને તું તારા માં જ બેસી જા, તારામાં જ નિવાસ કરી દે, બીજે કયાં શોધવા જોવાનું કહું, ઘર ભાડે રાખવા જવાનું ક્યાંય બીજે નહીં, તું જ તારામાં,

**''પોતે પોતામાં ભળી રહ્યા''**

એ તત્ત્વ સુધી લઇ જાય, ચાલો આપણે આ ઘરમાં જ રહેવાનું છે, અને એનો પાછો બોધ આપી દે,

**''તત્ત્વમસ્યાદિજન્યમ્ વિબોધમ્''**

એટલો સરસ બોધ આપે, એટલું સરસ સમજાવી દે, કે બસ આ શરીરરૂપી ઘરમાં રહેવાવાળો છે, હું પોતે છું. વિશેષ પ્રકારનો બોધ, સમજણપૂર્વકનો કેટલી સહજતાથી સમજાય કે આખુ શરીર એ હું નથી, આ શરીર તો એક ઘર છે, એક કપડું છે, કપડાં બદલીએ છીએ, ઘર બદલીએ છીએ, એમ આ શરીર પણ બદલાતા રહે છે, એટલા માટે આશ્રય આપ્યો આધાર આપ્યો, તત્ ત્વમ્ અસિ, જેને તું ભગવાન કહે છે, બ્રહ્મ પરમાત્મા કહે છે, તે જ તું પોતે છું, તત્ ત્વમ્ અસિ, બીજો નહીં. તો આટલું બધું સરળ, સરળ એટલે કેવું? માળામાં નાના નાના બચ્ચા હોય, અને પક્ષી બહારથી ખાવાનું લાવે, એ પાછું જીણું જીણું કતરી કરીને પછી બાળકના મોઢામાં મૂકે, બચ્ચાના મોઢામાં મૂકે, એમ જય મહારાજ પણ તત્ ત્વમ્ અસિ કહીને એટલું સુપાચ્ય બનાવી દીધું, એટલું સરસ સ્વાદિષ્ટ બનાવી દીધું કે એને કશી પણ મહેનત ન કરવી પડે, લે

''પાલ્યતે યેન વિશ્વમ્''

કે જે આવી રીતે પાલન પોષણ કરે છે, પાલન પોષણ કેવી રીતે કરે છે? ભાગવતમાં બહુ જ સરસ સ્તુતિ છે, વૃત્રાસુરે સ્તુતિ કરી છે કે પ્રભુ હું કેવો છું. વૃત્રાસુર રાક્ષસ છે, પણ આખા ભાગવતમાં ઊંચામાં ઊંચી સ્તુતિ કરી હોય તો વૃત્રાસુરે કરી છે. વૃત્રાસુર એક અભિશાપિત જીવ હતો, રાક્ષસ હોવા છતાંય ભગવદ્ ભકત હતો. પરમાત્મા, માતા-પિતા અને સદ્ગુરુ, સદ્ગુરુ પોતાના શિષ્યનું, માતા-પિતા પોતાના બાળકોનું કેવી રીતે પોષણ કરે છે, કેવી રીતે પાલન કરે છે?

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

વૃત્રાસુર શું કહે છે કે,

''અજાત પક્ષા ઇવમાતરં ખગાઃ ક્ષુન્યમ યથા વત્સરા સુધાર્તાઃ''

અત્યંત ભુખ્યું પક્ષીનું બચ્ચું છે, માળામાં બેઠું બેઠું રહા જોઇ રહ્યું છે દૂર દૂર સુધી, કે કઇ બાજુથી આવશે મારી મા, કયાંથી આવશે, શું લઇને આવી હશે અને કેવું ખાવાનું આપશે.

''ક્ષુધાર્તાઃ''

ભૂખ્યું બચ્ચું, અને જેવું પક્ષી ઉડતું આવ્યું તેની સાથે અરે આવી ગયું,

''સ્તન્યમ્ યથા''

પછી એને ખવડાવી, સ્તન્ય એટલે ખવડાવે ખવડાવે,

''યથા વત્સતરા''

વાત્સલ્યપૂર્વક અને શ્રેષ્ઠ વાત્સલ્ય પાછું, વાત્સલ્યપૂર્વ અને એ પાલન-પોષણ કરે એના બચ્ચાનું, એને ઉડતા શીખવાડે,

એને બોલતા શીખવાડે, આ છે પક્ષીનું પાલન પોષણ. વૃત્રાસુર કહે છે કે મારું પણ આવી રીતે પાલન પોષણ કરો,

**''યતો જાયતે પાલ્યતે યેન વિશ્વ''**

જેમ વૃત્રાસુરે કહ્યું કે પક્ષી એના બચ્ચાનું પાલન પોષણ કરે છે, એમ પ્રભુ આપ પણ, અને બચ્ચું કેવું છે ?

**''અજાત પક્ષા ઈવ''**

હજુ તો પાંખો પણ નથી ફૂટેલી, અજાતપક્ષા, પણ ભૂખ લાગી છે, રાહ જોવે છે, અને એના મોઢામાં મૂકે હાશ, એમ જય માહરાજ પણ તત્ત્વમસિ વાક્ય વડે,તે બ્રહ્મત્વ પોતે જ તું છું, એમ કહીને એ જ્ઞાનનું એ પોષણ, તત્ ત્વમ અસિ, લે તારા હૃદયમાં, તારા મગજની અંદર મૂકી દીધું, તું આ છું. જેમ કોઇ કઠણ વસ્તુ હોય, તો પોતાના મોઢામાં ચાવી અને પછી ખોળામાં સુવાડીને બાળકના મોઢામાં મૂકે, એમ જય મહારાજ પણ મા છે.

**''ત્વમેવ માતા''**

તો જેમ મા બાળકને સચાવે અને પાલવે, એમ આપ પણ ભગવાન અમને તત્ત્વમસિ વાક્ય વડે એટલો સરસ પોષણનો ખોરાક આપી દીધો, કે સંસારના બીજા કોઇ ભોગોની સહેજ પણ ભૂખ લાલસા રહી નહીં, સહેજ પણ લાલચ ન રહી બસ ગુરુ ભગવાન આટલું સરસ જમાડે છે બ્રહ્મ તત્ત્વના સ્વરૂપે તત્ ત્વમ અસિ,

''વિબોધમ્''

વિશેષ જ્ઞાનપૂર્વક, તારું અને મારું સ્વરૂપ કોઇ જુદું નથી. માં મદાલસા પોતાના બાળકને પારણામાં ઝુલાવતાં ઝુલાવતાં કહે કે,

**''શુદ્ધોસિ બુદ્ધોસિ નિરંજનોસિ**

**સંસારમાયાપરિર્વજીતોસિ**

**સંસાર સ્વપ્નમ્ ત્યજ મોહનિદ્રામ્**

**મદાલસા વાક્યમ્ ઉવાચ પુત્રમ''**

આને મા કહેવાય. આ શરીર એ તું નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ તું છું, આ તારી મા મદાલસા તને આ ખોરાક આપે છે. જે સંતાનોને હિંચાવતા હિંચાવતા આ રીતનો બોધ આપ્યો, એ બધા જ જ્યાં સમજણા થયા ત્યાં જંગલમાં, જ્યાં સમજણ થયા ત્યાં જંગલમાં તપોવનની અંદર, આશ્રમની અંદર, અને મદાલસા ને હતું કે મારી કૂખે જે જન્મ્યો તેણે બીજી મા ન કરવી પડે.

**''શુદ્ધોસિ બુદ્ધોસિ''**

તું શુદ્ધ ચૈતન્ય છું, તત્ ત્વમ્ અસિ, ક્યાં શોધવા જવાનું? અને એ ઉપદેશ જય મહારાજે બિલકુલ સરળ કરી આપી દીધો, જેમ મા બાળકને શીરો ખવડાવે, પોચું કરીને ખવડાવે, એમ ગુરુ મહારાજ જય મહારાજે, આ વેદનું વાક્ય છે વેદનો સાર જેને કહેવાય, નિચોડ, તે છે આ, તત્ ત્વમ્ અસિ, અને એ તત્ત્વમસિ વડે આપણને બધાને કહ્યું, તમે આ જગતના આ સંસારના કોઈ સ્થૂળ પદાર્થ નથી, આ સંસારની અંદર શુદ્ધ બુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તું છું.

**''સંસારસ્વપ્નમ્''**

આ સંસાર તો એક સ્વપ્ન છે. સ્વપ્ન સાચું હોય ખરું? અને એટલા માટે મદાલસા એ કહ્યું કે છોડ આને.

**''સંસારસ્વપ્નમ્ ત્યજ મોહનિદ્રામ્''**

''માયામોહૌ તથા મે સપદિ વિગલિતૌ નષ્ટસંદેહવૃતિઃ''

જેમના સ્મરણ માત્રથી આશ્રય માત્રથી બધું જ છૂટી જાય.

**''માયામોહૌ તથા મે સપદિ વિગલિતૌ''**

નષ્ટ થઇ ગયા અને

**''વૈરાગ્યં ભક્તિયુક્તમ્ ભજનસુખકરમ્''**

શેના થી?

**''યત્ સંગાત્ સુપ્રસન્નં મનો મે''**

આટલી બધી શક્તિ જેમાં રહેલી છે, ગુરુ મહારાજમાં માત્ર એમના શરણથી ત્યાં વૈરાગ્ય ભજન શાંતિ બધું જ મળી જાય, પ્રસાદના સ્વરૂપે. જય મહારાજને એમ થાય, કે મારે શરણે, મારે ત્યાં શિષ્ય થઇને આવ્યો છે, ને એને ભૂખ્યો કેમ રહેવા દેવાય? તો એને બધું જ આપે.

''માયામોહૌ તથા મે સપદિ વિગલિતૌ નષ્ટસંદેહવૃત્તિઃ''

આપે શું ?

**''વૈરાગ્યં ભક્તિયુક્તમ્ ભજનસુખકરમ્ સુપ્રસન્નં મનો મે''**

આટલું બધું આપી દે, પણ અન્ય ભાવ મૂકીને, અનન્ય ભાવથી જય મહારાજનું શરણું સ્વીકારી લેવું પડે. કરવાનું ન કરીએ તો એની અંદર ફસાવું પડે, બંધાવું પડે, પણ કરીએ જ નહીં તો ફસાવવાનું છે જ નહીં. આમ તત્ત્વમસિ કહીને તે તું પોતે જ છું જેનું ભજન કરું છું ભગવાનનું, જે ભગવાનને દૂર સમજે છે,

**''નમો નેદિષ્ઠાય''**

ઘણા બધા દૂર, પણ જો ગુરુ જ્ઞાનથી, સમજણની ઉપાસના વડે જો તારે જોઇએ છે.

**''નમો નેદિષ્ઠાય''**

આ નજીકમાં નજીક બેઠેલા છે, કયાંય દૂર નથી, બહાર

નથી, તે તું પોતે જ છું, બીજે પણ શોધવા જવાનું નથી, એટલે પુષ્પદંત જેવાએ પણ કહ્યું કે

**''નમો નેદિષ્ઠાય''**

અહીંયા જ બેઠેલા છો ને પ્રભુ મારે ક્યાં બૂમો પાડવાની રહી? મારે ક્યાં પોકાર કરવાનો રહ્યો. ગજેન્દ્રને હતું કે ભગવાન વૈકુંઠમાં રહે છે ને, હે પ્રભુ તું આવજે, એટલે વાર તો લાગેને આવતા? દ્રૌપદી એ પણ પોકાર કર્યો, કે હે કૃષ્ણ દ્વારકાવાસીન, પોતે હતા જ એમાં જોડે જ હતા, પણ દ્વારકાવાસીન કહ્યું, એટલે દ્વારકા જવું પડ્યું અને ત્યાંથી પાછા આવાવનું, પણ કહી દીધું હોત કે

**''પ્રભુ મારા રુદિયા કમળ વચ્ચે રહો છો''**

તો પછી ત્યાં જ પ્રગટ થઇ ગયા હોત, વાર ના થાય. દ્રૌપદીએ પૂછયું, કે પ્રભુ આટલી બધી વાર કેમ? તો કહ્યું કે તેં મને દ્વારકાથી બોલાવ્યોને. જો પોતાની પાસે જ હતા, અને કહ્યું હોત કે પ્રભુ કયાં છો? પ્રગટ થાવ, તો તરત જ મળી ગયા હોત. તો જય મહારાજ તો આપણા પોતાના સ્વરૂપમાં જ ભગવાનના દર્શન કરાવે છે, જય મહારાજના દર્શન કરાવે છે, આ છે સામર્થ્ય, ગુરુતત્ત્વનું સામર્થ્ય છે. તમે જ્યાં હો ત્યાં જ ભગવત ચેતના, આત્મ ચેતના, બ્રહ્મ ચેતનાને તમને ત્યાં ને ત્યાં જ પ્રગટ કરી આપે કે લો તમે પોતે જ છો ને.

**''અજ્ઞાનં ચ નિહત્ય વેદવચસા દિપપ્રકાશઃ કૃતઃ''**

અજ્ઞાનનો નાશ કરી નાખે, ખતમ કરી નાખે.

''નિહત્ય''- હણીને

શેના થી?

**''વેદવચસા''**

તત્ ત્વમ્ અસિ, વેદનું આ વાક્ય છે. પ્રજ્ઞાનંબ્રહ્મ, તત્ત્વમસિ, આ બધા વેદ વાક્યો વડે જે કાંઇ અજ્ઞાન છે, જે કાંઇ અણસમજ છે એ બધું જ કાઢી નાખે.

**''ગુરુજીએ સમજણ આપી સમજાવ્યા રે**

**ગુરુજી એ આતમ સુખ આપ્યાં**

**આપ સરીખા કરી દીધાં''**

પોતાના બરાબર મૂકી આપ્યા, કે લો, કોઇ ભેદ નહીં. સદ્ગુરુનું સામાર્થ્ય કે એ પોતાના આશ્રયે આવેલાને પોતાના સ્વરૂપમાં જ સમાવી દે, પોતાના રૂપ જ કરી દે.

**''પારસ મેં અરુ સંત મેં બડો આંતરો જાન**

**વો લોહા કંચન કરે વો કરે આપ સમાન''**

પોતના બરાબર કરી આપે, પારસમણીને પારસમણિ જ બનાવી દે, તત્ત્વમસિ.

**''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

આપ આ રીતે શરણાર્થીને, શરણે આવેલાને વિશેષ પ્રકારનો બોધ-ઉપદેશ આપીને પોતાના સ્વરૂપ જ બનાવી દો છો.

**''તમારે શરણે જે કોઇ આવે છે**

**તેને સદાય શિર પર ગાજો છો''**

કેટલો સરસ ભાવ છે, કે સતત ભગવાન માથા ઉપર જ હોય, કયાં જવાનું અને કયાં શોધવાના, કે મારી જોડે જ છે. જો એ ભાવથી સદ્ગુરુને શરણે જઇ અને ગુરુ મહારાજને જો નિતાંત ભજતા રહીશું ને, તો ગુરુ મહારાજ આપણું શરણ માન્ય રાખશે,

આપણને સદાયને માટે પોતાના જ બનાવી દેશે, પોતાના સ્વરૂપ બનાવી દેશે, જુદા નહીં રાખે.

''ભજેતમ્ ગુરુમ્''

એવા ગુરુ મહારાજ, એવા જય મહારાજનું અમે ભજન કરવાવાળા છીએ. અમે કાંઇ નાનાસુના નથી, જય મહારાજ એ અમને એટલું બધું આપ્યું છે કે ક્યાંય બહાર શોધવા જવાનું જ નથી, ને કેટલું બધું? લક્ષ્મણદાસજી મહારાજને પણ પોતાના સ્વરૂપ બનાવી દીધા.

**''જેને સમર્થ સતગુરુ મળ્યા**

**એના ચરણ સેવા ના ફેરા ફળ્યા**

**બાબો વિદેહી કહે શબ્દે ગળ્યા''**

એ શબ્દની અંદર ઓગળી જાય, તત્ત્વમસિ, ભળી જાઓ, એની અંદર જુદું ન રહે કશું. પણ જેમ લોટમાં ગોળ અને ઘી પડી ગયું, એટલે લાડુ થઇ ગયો, એમ અંદર ભળી જવાનું, આનું નામ છે સમજણ, આનું નામ છે જ્ઞાન, અને એ જ્ઞાન વડે જય મહારાજ સર્વનો ઉદ્ધાર કરે છે, અને એવા જય મહારાજને અમે ભજીએ છીએ.

**''ભજે તં ગુરું ચાત્મનસ્તસ્ય યો વૈ''**

અમે અને એ

**''ચાત્મનસ્તસ્ય''**

આત્મસ્વરૂપ જ છીએ, અમે સહેજ પણ અલગ નથી. બોલો આ વેદાંત જય મહારાજે બધાયને આપ્યું, આનું નામ કહેવાય ગુરુગમ.

**''ગુરુવેણને ગુરુની ભકિત સમજાવી મને કહેજો**
**શરણ તમારે જે આવે તેને સદાય શિર પર રહેજો''**

બસ, બાપજીને એટલી જ પ્રાર્થના કરીએ, સદાય આવાને આવા હૈયામાં બેઠેલા રહેજો, અમારાથી ક્યાંય તમે દૂર ન થશો, અને અમારી વૃત્તિઓ તમારાથી દૂર ન થાય.

''ભજે તં ગુરું ચાત્મનસ્તસ્ય યો વૈ''

|| જય મહારાજ ||

# સત્સંગ-૧૦૩

# 'ભજે તમ્ ગુરુમ્'

સમસ્ત આ શ્રુષ્ટિ પરમાત્માને આધીન છે. આ જગતનો આધાર એ પરમાત્મા છે. પરબ્રહ્મ પરમતત્ત્વ યોગીરાજે એ શક્તિને 'પાલ્યતે' કહી દીધું. એટલે પાલન કરનાર છે. ભગવાનના હજારો નામ છે, હજાર એટલે માત્ર હજાર જ નહીં પણ હજારો નામ છે... એમાંનુ વિષ્ણુસહસ્ત્ર એ એક છે, જે પરમાત્માની શક્તિનું કેન્દ્ર કહેવામાં આવે છે, અને સમસ્ત સૃષ્ટિનું ત્યાંથી જ સર્જન, પાલન અને વિસર્જન થાય છે. તો એ શક્તિને 'નક્ષત્રનૈમી' કહ્યું, 'ગભસ્તનૈમિ' કહ્યું, આમ ચાર વખત ભગવાનના હજાર નામની અંદર નૈમી કહ્યું. પાલન પોષણ કરનાર, તો સમસ્ત સૃષ્ટિનું કેન્દ્ર પરમાત્મા છે. જેમની ચારેબાજુ આ સૃષ્ટિ ભમ્યા કરે છે. એને કહ્યું કે 'નક્ષત્રનૈમિ.' આકાશની અંદર એક માત્ર ભગવદ્ તત્ત્વ જ એવું સ્થિર છે, બાકી આખી સૃષ્ટિ, તારાઓ, જંગલો, બધુ જ એની આજુબાજુ ફર્યા જ કરે છે. આમ 'નૈમિ' એટલે દરેકે દરેકની જે પાલનશક્તિ છે, કે જેને 'ધરી' કહેવાય છે. આખી સૃષ્ટિની ધરી એ પરમાત્મા છે, જેને કહેવાય કે,

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

આધાર વગર પાળી શકાય? ભગવાનના આવા અનંત

નામોની અંદર જ્યાં જ્યાં 'નેમિ' શબ્દનો ઉપયોગ થયો છે, ત્યાં ત્યાં તેનો અર્થ થાય કે, એનું ધારણ કરનાર, એ પાલન કરનાર છે ત્યાં ત્યાં આવી શક્તિ અને સામર્થ્ય ધરાવે છે, એને 'પાલ્યતે' કહેવાય. આ શરીર છે એને કોણ ધારણ કરી રાખે છે!

**''ધારણ શક્તિ જે હરિ ધરી રહ્યો સંસાર''**

જેની ધારણ શક્તિ છે, એનાથી જ આ સમગ્ર સૃષ્ટિ ટકી રહી છે. આ શરીરની ધારણશક્તિ છે આત્મા, એ શરીરનું પાલન કરે છે.

**''પાલ્યતે યેન વિશ્વમ્''**

એને 'લીયતે' પણ કહી દીધું છે. તો જ્યારે શરીર પર લેવાતું હોય, જીવિત હોય, એને સતત ધબકતું રાખનાર હોય તો એ આત્મા છે. તો આત્મા છે એ આ શરીરનું કેન્દ્ર છે કે જેનાથી આ શરીર પોષાય છે. જેને આપણે આયુષ્ય અને જીવન કહીએ છીએ. એ તો જય મહારાજની એ ધારણ શક્તિ અને પાલન શક્તિ છે, કે જે આ સમગ્ર સૃષ્ટિનું પાલન કરે છે, અને ધારણ કરી રાખે છે. તો આવી મહાન શક્તિનો ધારણકર્તા કેવો હશે? એમની શક્તિનો પરિચય થાય કે, ''ઓહો! આટલી બધી મહાન શક્તિ છે! તો આટલી બધી મહાન શક્તિવાળા એ શક્તિને ધારણ કરનાર કેવા હશે! જગત આટલું સુંદર છે, તો એ જગતને બનાવનાર કેટલો બધો સુંદર હશે?''

સૃષ્ટિમાં કેટકેટલાય આશ્ચર્યો છે! કેટલી બધી અદ્‌ભુત વાર્તા છે! ઓહો આટલું સરસ, આવું આનું સર્જન કરનાર કોણ? આપણા શરીરની અંદર જે પણ કંઇ રચનાઓ છે, એક ફેકટરીની માફક છે. જુદાજુદા વિભાગો એની અંદર સુવ્યવસ્થિત રીતે કામ

કરે છે અને શરીરની અંદર વિભાગો તે પાચનતંત્ર છે, જ્ઞાનતંત્ર છે, શ્વસનતંત્ર છે, હૃદયતંત્ર છે, આ બધા જ જુદા જુદા ગોઠવાય તો એક ગામ જેટલી જગ્યા જોઇએ, તો આટલી મોટી ફેકટરી આ આટલા નાના શરીરમાં કેવી રીતે સમાવી?

**''જાયતે યેન વિશ્વમ્''**

આટલી મોટી પૃથ્વીનું કેવી રીતે સર્જન કર્યું હશે? અને આ સૃષ્ટિનું સર્જન કરનાર કેવો હશે? આટલા મોટા વૃક્ષો, વૃક્ષોની ઉપરના પાંદડા, દરેક વૃક્ષે વૃક્ષે ડાળે ડાળે એનો આકાર જુદો, એની અંદરની કોતરણીથી માંડી બધું જ જુદું જુદું...

**''યતો જાયતે''**

કેવી કળા હશે? આજે આ પૃથ્વી ઉપર સાડા આઠસો કરોડ માણસો છે, એમાં બધી જ રીતે એક સરખા એવા માણસને શોધી લાવો જોઇએ તો...

**''યતો જાયતે''**

જેમાંથી આ સૃષ્ટિ ઉત્પન્ન થઇ છે, જે આ સૃષ્ટિનું સર્જન કરનારો છે, એક કારખાનાની અંદરથી એકની એક વસ્તુ તો ઘણી જ કાઢયા કરે લાખો-કરોડો નીકળે, પણ ભગવાને સર્જન કેવું કર્યું? કે સાડા આઠસો કરોડ માણસો છે, પણ એક પણ એકસરખા નહીં, જેને કહેવાયને 'સિમિલર,' એવું એક તો શોધી લાવો, મળે છે? આ સૃષ્ટિનું સર્જન ઇશ્વરે જ્યારથી કર્યું ત્યારથી લઈ આજ સુધી અનેક જુદા જુદા માણસો આવ્યા. જન્મ્યા અને ગયા, આપણે ભગવાનને પ્રાર્થીએ કે હે કૃષ્ણ ભગવાન! તમે પાછા આવો અને અમારો ઉદ્ધાર કરો, હે રામ ! તમે પણ પાછા આવો અને આ રાક્ષસોમાંથી બચાવો, એવાને એવા જ રામ ફરી આવ્યા ખરા?

એવા ને એવા જ કૃષ્ણ કે ચાણક્ય ફરી આવ્યા ખરા? કેવી અદભૂત લીલા છે! એકનું એક તો કેટલું બધુ નીકળી જાય કારખાનામાં, જો એક ભૂલ થઇ જાય તો એ ભુલવાળા કેટલાય દાગીના નીકળી જાય પણ, આ તો એક-પ્રત્યેક એકની અંદર જુદાપણું અને એમનું વર્ગીકરણ પણ કરી શકાય એમ છે.

**''યતો જાયતે''**

સૃષ્ટિને ઉદ્ભવ કરવાની, એ ઉદ્ભવ શક્તિ કેવી હશે? આપણે તો એમ કહીએ છીએ પશુઓ ગાયો, કૂતરા, ભેંસ, બિલાડા) બધા જ એક સરખા જ દેખાય છે. આપણને તો સરખાં દેખાતા હશે, પણ એમનો સમાજ એકબીજાને ઓળખતા જ હશે, એમની વિભિન્નતા જોવી હોય તો કોઇ જંગલમાં ફરો, કોઇ નર્સરીમાં ફરો, જુદી-જુદી વનસ્પતિઓ હોય, જુદા છોડવા હોય, આશ્ચર્ય થાય કે ઓહો! આ કેવું સર્જન ?

''યતો જાયતે''

જમીનના એક ટુકડાની અંદર શેરડી વાવી હોય, તો બધા સાઠાના સ્વાદ અલગ અલગ હોય જમીનનો ટુકડો એક જ છે, પણ એની અંદર તમે એના ફળ ખાવ તો, એક ખાટું લાગે, એક તીખું લાગે, એક ગળ્યું લાગે, આ બધું કેવી રીતે સર્જન કર્યું હશે એ પાલન કરનારે? એ સર્જનશક્તિને ધારણ કરનાર કેવો મહાન હશે! એ આખુંય જોવા જઇએ તો જય મહારાજે આપણને આવિર્ભાવ કરાવી, દર્શન કરાવ્યા.

**''યતો જાયતે પાલ્યતે યેન વિશ્વમ્''**

સર્જન-વિસર્જન અને પાલન કરવાવાળી જે શક્તિ છે, એ પોતે જય મહારાજ જ છે, એ આત્મતત્ત્વ છે. તો હવે પ્રશ્ન એ

થાય કે જય મહારાજની મહાનતા માટે આપણા મગજમાં કેવું સ્થાન છે? કેવો ખ્યાલ છે? કોઇ સંત જાણો છો? લક્ષ્મણદાસજી મહારાજે તો પરિચય આપ્યો કે જય મહારાજનો ''વંદે અમૃત લક્ષ્મણદાસ શિષ્ય'' કહીને કે સ્તુતિ કરનાર હું છું, પણ એ સ્તુતિની અંદર આપણે જોઇએ, કે આટલી મહાન શક્તિઓ અને આ બધું સર્જનપણું કયાંથી પ્રગટ થયું? અને આ વિભૂતિઓ આવી દિવ્ય ચેતનાઓ ક્યાંથી લઇ આવી હશે? **કરી લીધું ને, એને એ પરમતત્ત્વ પરમાત્માની બધી જ શક્તિઓનો આવિર્ભાવ આધાન એમનામાં થઇ જ જાય, સાહજિકતાથી,** એમણે શોધવા જવું ન પડે. એમની વાણીમાં, એમની દ્રષ્ટિમાં, તેમના વ્યવહારની અંદર પણ એટલી જ સૌમ્યતા, એટલો જ સરસ ભાવ હશે, કે જેની અદર આ દર્શન થયા કરે,

**''યતો જાયતે પાયતે યેન વિશ્વમ્**
**જનેભ્ય પરં લીયતે યેન વિશ્વમ્''**

આ જગત એક જ તત્ત્વનું, એક જ પરમાત્માનું સર્જન છે, તેમજ એ પરમતત્ત્વ પરમાત્માથી જ બધું ઊભું થાય છે, અને પાછું એમાં જ સમાઇ જાય છે. એ આ શ્લોકની અંદર આપણને દર્શન કરાવ્યું જેમ કોઇક યાત્રામાં ગયા હોય, અને એનો માર્ગદર્શક આપણને બધે જ ફેરવે, અને બતાવે, જુઓ આ બધું ! આ તીર્થો જુઓ, આ યાત્રાધામ જુઓ, જોઇને કહીએ કે ઓહો ! આટલું બધું! એમ લક્ષ્મણદાસજી મહારાજ જાણે આપણને આ સૃષ્ટિનું દર્શન કરાવતા હોય કે ''જુઓ આપણા ગુરુ મહારાજના દર્શન કરો. એ તો વિરાટ વૈભવ છે, એ વિરાટ વૈભવને જોવા આપણી આંખો ઊંચી કરીએ તો આપણી દૃષ્ટિ પણ ન પહોંચે,'' તો કહે છે કે,

**''ભજે તમ્ ગુરુમ્''**

એવા ગુરુ મહારાજને આપણે ભજીએ છીએ, જેમનું આટલું મોટું સામર્થ્ય છે. કેવી વિભૂતિ? અને એ વિભૂતિનું આપણને શરણ મળ્યું છે, આશ્રય મળ્યો છે, આપણા જેવા ભાગ્યશાળી પુણ્યશાળી બીજા કોણ? પણ આ બધું મહાત્મ્ય છે ને, કોઇપણ તીર્થ કે મહાપુરુષના સમીપમાં જઇએ તે પહેલાં એમનું મહત્ત્વ સમજી લેવાનુ, એ મહાપુરુષની કેવી ઊંચાઇ છે એ સમજી લેવાની અને પછી એમની પાસે જાવ, તો આનંદ આવશે. લોકો તો રોજ જાય છે, દર્શન કરે છે, જઇ આવ્યા મંદિર જઇ આવ્યા પણ ત્યાં આગળ કઇ સર્જન શક્તિ વિરાજે છે એનું કયારેય ચિંતન મનન કર્યું? એનો કયારેય વિચાર પણ કર્યો? જેમ આપણા શરીરનું બધું જ પાલન પોષણ આત્મા કરે છે, જીવનનું આયુષ્ય બધું જ એક માત્ર આત્મા જ છે, શરીર કેટલાય વર્ષો જીવે છે આયુષ્ય તરીકે, કેટલા બધા કાર્યો કરીએ છીએ, પણ આત્મા તરફ કયારેય પણ દૃષ્ટિ ગઇ ખરી? એ મુખ્ય આધાર છે, બધું સર્જન એમાંથી જ છે, અને છતાંય એનાથી અનભિજ્ઞ! અરે, જેનો આધાર છે, જેનાથી તમે પોષાઈ રહ્યા છો, એ જ છો તમે, અને તમે પોતે જ છો આત્મા ચેતન્ય! એને બદલે બહાર નીકળી કંઈક આડે રસ્તે ચઢી અને ભૂલા પડ્યા છીએ, આ શરીરને આપણું માની બેઠા છીએ. આ શરીરથી ક્યાં સુધી રખડ્યા કરીશું? ઇન્દ્રિયો તેમજ એના ભોગો, એના વિષયો મન આ બધું જ આપણને લઇ જાય, ચાલો ચાલો ફરવા! બસ તૈયાર જ છે અને ઉપડે છે, એમ કરી અને લઇ જાય, લો ફર્યા કરો ને જોયા કરો, ઘરે જવાની કશી પણ જરૂર નથી. પોતાનું ઘર એટલે આત્મા... ''ગયા હવે ઘરમાં, ત્યાં છે શું! ચાર દીવાલો છે અને બેસી રહેવાનું છે થોડુંક ફરી લો ને એ

જે બાહ્ય વૃત્તિ છે એને કારણે આ સૃષ્ટિની પરમશિક્તને તો જાણી શકતા નથી કે ઓળખી શકતા નથી, અરે મહારાજ ! તમે આ બધું શું કહો છો? પરમશક્તિ! અમારું કામકાજ તો કરીએ જ છીએ, અને અમારી શક્તિથી... શરીરની શક્તિથી કરીએ છીએ. શરીરની શક્તિથી ભલે તમે કામ કરી શકતા હોવ, પણ શરીર કોની શક્તિથી કામ કરે છે એ તો જુઓ, તો એના માટે કહ્યું,

**''હૃદા તત્ત્વમસ્યાદિજન્યં વિબોધમ્''**

જે 'તત્ત્વમસિ' નો તમને બોધ આપવામાં આવે છે, એમાંથી ઉત્પન્ન થતી જે સમજ, કે એના માટે તમને અહીં આગળ જાગ્રત કરવામાં આવે છે કે જાગો, આ વસ્તુ છે. જય મહારાજ ગુરુ ભગવાન આપણને આપણા નિજ સ્વરૂપ તરફ લઇ જવા માટે જાગ્રત કરે છે, જે બહાર રખડો છો ને ફરો છો, પાછા ફરો એમ ભીતર પાછા આવી જાઓ. ને ઘરમાં જુઓ, ઘરમાં શું નથી ? અને બહાર શું લેવા માટે દોડો છો? જે આખી દુનિયામાં રખડતા કશું પણ નહીં મળે એ અંદર જશો એટલે તરત મળી જશે. આપણું પોતાનું જ છે. આપણા ઘરમાં જ છે. પણ ના બાપજી, અમને બહાર ફરવા દો ને... શા માટે ના પાડો છો? આમ અનેક બાબતોથી આપણે પોતે જ પોતાની જાતને રખડતી કરી મૂકીએ છીએ. પોતાના આત્માના નિજ સ્વરૂપથી જોજનો દૂર... લો અહીંયા રખડ્યા કરો હવે, કદાચ આપણી વૃત્તિઓ અને મન એમ કહેશે કે ''આત્મા કોણે જોયો? ખાવું-પીવું અને લ્હેર કરોને... બળી ગયા પછી પાછા આવ્યા કે ન આવ્યા, કોને ખબર? આ બહિર્વૃત્તી છે. જયારે ઉપનિષદના ઋષિઓ તો કહે છે કે ''અયમ્ આત્મા બ્રહ્મ,'' આવો, જુઓ આ આત્મા એ જ પરબ્રહ્મ છે. પછી કહે છે કે એ જ, 'તત્ ત્વમ્ અસિ,' એ જ તુ છું. બસ એ આત્મા

'તત્ત્વમસિ' વડે તું જ છું, તું ક્યાં પછી આગળ જઇશ? સમજાવ્યું ત્યારે કહે છે કે અહમ્ બ્રહ્માસ્મિ, પહેલું 'પ્રજ્ઞાન બ્રહ્મ' પછી 'અયમ્ આત્મા બ્રહ્મ' પછી કહ્યું કે તત્ત્વમસિ અને છેલ્લે કહી દીધું કે 'અહમ્ બ્રહ્માસ્મિ' તે જ હું છું. પણ આ ક્રમ જયારે પોતે જ પોતાના સ્વરૂપની અંદર ઉતરે ત્યારે, અને એના માટે જ ગુરુ મહારાજે આપણને જાગ્રત કરે છે.

**''મારા મેલ મટ્યા જડ જાગ્રત થયું''**

હું તો જડ હતો. ગુરુ મહારાજે મને જાગૃત કર્યો. અરે, મારા મનમાં જે કંઇ મેલ હતા તે ગુરુ મહારાજે દૂર કર્યા. આ બધું જયારે સમજાય અને એના ઊંડાણમાં ઊતરીએ ત્યારે એમ થાય કે ઓહો! આપણે તો કેવા છીછરા હતા? અત્યાર સુધી જીવનમાં કયારે પણ પ્રયાસ કર્યો ખરો? ચાલો થોડા ઊંડા ઊતરીએ આપણા પોતાનામાં... અરે! આત્મતત્ત્વને તો આપણે માળીયે ચડાવી દીધું છે. તો ગુરુ મહારાજ ત્યાંથી ઉતાવડાવે કે અને ત્યારે થાય કે અરે અરે આ તો કયારેય જોયુ નથી અને ઓળખાયું નથી, ત્યારે થાય ... હા, એ જ છે તું વાપર. અરે, આ તો હું પોતે જ! મારું જ છે. મારી જ માલિકીનું છે. લે ''તત્ ત્વમ્, અસિ''

**''તત્ત્વમસ્યાદિજન્ય વિબોધમ્''**

આ રીતે ગુરુ મહારાજ આપણને વિશેષ રીતે બોધ આપે કે, જો તું આત્મા છું, તું આ શરીર નથી કે તું આ જીવ નથી, તું આત્મા છું. તો આત્માનો વૈભવ તો કેટલો બધો છે અનંત...

**''એ આતમ પદ આનંદકારી''**

એ જે આત્મપદ એટલે આત્માનુભૂતિ. એ જ સાચો આનંદ આપવાવાળું છે. ગુરુ મહારાજને માટે પણ કેટલી સરસ

વાત કરી.

''આનંદમાનંદ કરમ્''

આપ તો આનંદસ્વરૂપ જ છો, અને આનંદને સર્જનારા પણ આપ જ છો.

''આનંદમાનંદ કરમ્ પ્રસન્નમ્''

આનંદ પણ આપ છો, આનંદનું સ્વરૂપ પણ આપ છો, અને આનંદને ઉત્પન્ન કરનારા અને જાગ્રત કરનારા પણ આપ જ છો... અને એ આનંદ ક્યાંથી લાવવાનો?

**''નિજબોધયુકતમ્''**

આત્મસ્વરૂપ એ તું જ છું, એવી સ્વાનુભુતી કરાવે, એ જ આનંદ અને એમાંથી જ આનંદ ઊભો થાય છે, બીજેથી નહિ.

**''જ્ઞાનસ્વરૂપમ્''**

આપ તો જ્ઞાનસ્વરૂપ છો, અને એ જ્ઞાન, એ જ હું આત્મા પોતે બીજો નહીં. ''હું જ્ઞાનસ્વરૂપ છું? હા દીકરા, તું જ્ઞાનસ્વરૂપ છું.'' શિષ્યને એને પોતાનો આત્મબોધ કરાવી દે.

જો આટલી મોટી વિભૂતિ હોય અને આપણને આટલા જાગ્રત કરતા હોય ને ઉંઘમાંથી ઉઠાડતા હોય કે ઉઠો... ગુરુ મહારાજ શિષ્યને ઉઠાડે અને જાગ્રત કરે. જાગ્રત કરી તેને આત્માનો બોધ કરાવે, કે તારું આ સ્વરૂપ છે.

**''ભજે તમ્ ગુરુમ્ ચાત્મનસ્તસ્ય યો વૈ''**

આત્મા, અને તારામાં અને મારામાં જે છે તે બધું જ, આપણે બધા એક જ તત્ત્વ છીએ, એવા ગુરુ મહારાજને અમે ભજીએ છીએ. ગુરુ મહારાજ અમારામાં છે અને અમે એમનામાં જ છીએ, ઓતપ્રોત એક જ સ્વરૂપ બની ગયા. આમ, આ મંત્રની

અંદર ગુરુ મહારાજના દર્શન કરાવ્યા એ અદ્ભૂત દર્શન છે એક અનંત શક્તિના એમના દર્શન કરાવ્યા, અને એ અનંત શક્તિ પણ આપણા પોતાનામાં જ બિરાજેલી છે, એ બીજે કયાંય શોધવા જવાની જરૂર નથી.

|| જય મહારાજ ||